# નવતત્વ ચિંતન ભાગ-૩

## (પુણ્યતત્વ ચિંતન ભાગ-૨)

લેખક-સંપાદક

પરમપૂજ્ય આચાર્ય વિજય નરવાહનસૂરિ

પદાર્થ દર્શન ગ્રંથમાળા પુસ્તક-૭૫

# નવતત્વ ચિંતન ભાગ-૩

## (પુણ્યતત્વ ચિંતન ભાગ-૨)

**પ્રવચનકાર**

પરમ પૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

**સંકલનકાર**

કર્મ સાહિત્ય નિષ્ણાત સિધ્ધાંત મહોદધિ, સચ્ચારિત્ર ચૂડામણિ સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર, પરમશાસન પ્રભાવક, પરમતારક, સૂરિચક્ર ચક્રવર્તિ, સુવિશાળ ગચ્છાધિપતિ, પ્રચંડ પૂણ્ય અને પ્રૌઢ પ્રતિભાના સ્વામી, વ્યાખ્યાન વાચસ્પતિ, દિક્ષાના દાનવીર સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટ પ્રભાવક કર્મ સાહિત્યના જ્ઞાતા પરમ પૂજ્ય આચાર્ય વિજય નરવાહનસૂરિ મહારાજ.

**સહાયક**

પૂજ્ય મુનિરાજ શ્રી દર્શનશીલ વિજયજી

**પ્રકાશક**

પદાર્થ દર્શન ટ્રસ્ટ
૧૧૯૮, લક્ષ્મીનારાયણની પોળ,
રાજામહેતાની પોળમાં,
કાળુપુર-અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન નં- ૯૩૭૬૧૬૭૮૮૮

પુસ્તક-૭૫મું

**નવતત્વ ચિંતન ભાગ-૩**

**(પુણ્યતત્વ ચિંતન ભાગ-૨)**

વીર સં-૨૫૩૫

સને-૨૦૦૯

સંવત-૨૦૬૫

વૈશાખ સુદ-૭

કિંમત

**રૂા ૮૦.૦૦**

સર્વહક્ક પ્રકાશકને સ્વાધિન

ટાઈપ સેટીંગ

**દિવ્યેશ શાહ**

મુદ્રક

**નવપ્રભાત**

**પ્રીન્ટીંગ પ્રેસ**

ઘીકાંટા રોડ

અમદાવાદ-૩૮૦૦૦૧.

ટે.ન.-૨૫૫૦૮૬૩૧

## પ્રાપ્તિ સ્થાનો

**ભરતભાઇ બી.શાહ**

૪૦૧/૪૦૨, સરિતા કોમ્પલેક્ષ, પ્રવિણ એપાર્ટમેન્ટની સામે, સેંટ ઝેવીયર્સ કોલેજ રોડ,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯. ● ફોન નં- ૨૬૫૬૩૪૩૧-૨૬૫૬૩૪૩૨
મોબાઇલ નં. ૯૩૭૭૭૯૬૮૬૭ ● ઇ મેઇલ - bshah@metrotelworks.com

:----:

**નૌતમભાઇ આર. વકીલ (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)**

૧૬, ન્યુ આશિષ ફ્લેટસ્, શેફાલી સેન્ટરની સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન નં : ૨૬૫૭૫૮૨૩ મોબાઇલ નં- ૨૧૯૫૨૨૬, ૯૮૨૫૧૫૯૬૧૭.
ઇ મેઇલ - nautam@nautam vakil.Com.
વેબસાઇટ - www.nautam vakil.Com.

:----:

**અશ્વિનભાઇ એસ.શાહ**

૨૪, સ્નાત્ર ફ્લેટસ, ૩, જૈનનગર, સંજીવની હોસ્પીટલની સામે, પાલડી, અમદાવાદ-૭.
ફોન: ૨૬૬૦૦૮૭૫, મો.૯૩૭૪૨૧૨૨૦

:----:

**ચંદ્રેશભાઇ રસીકલાલ દોશી**

૫/૧૨, દામુભાઇ કોલોની, જવાહરનગર, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન: ૨૬૬૩૨૯૬૦

:----:

**હિંમતભાઇ બી. શાહ**

૨, ચેતન સોસાયટી, અકોટા રોડ, વડોદરા-૩૯૦૦૨૦.
ફોન: ૨૩૧૦૩૪૩, ૨૩૨૨૮૬૨

:----:

**ડૉ હસમુખભાઇ આર. શાહ**

બી-૭, વિનીત, મજીઠીયાનગર, એસ.વી.રોડ, કાંદીવલી (વેસ્ટ), મુંબઇ નં-૪૦૦૦૬૭.
ફોન નં-૨૮૦૭૩૦૪૬, ૨૮૦૫૨૩૭૫, ૨૮૬૨૨૪૬૭

:----:

**પન્નાબેન ચંદ્રકાંતભાઇ કાપડીયા**

C/O ચંદ્રકાંતભાઇ કાપડીયા ૩૦૧, બીલેશ્વ ટાવર, મહાત્માગાંધી રોડ,
પાંચ રસ્તા, મુલુંડ (વેસ્ટ) મુંબઇ નં-૪૦૦૦૮૦.
ફોન નં-ઘર-૨૫૬૯૪૭૬૬, ૨૫૬૧૩૬૭૪.
મોબાઇલ - ૯૮૨૧૧૬૦૯૪૨ (ચંદ્રકાંતભાઇ) ● ડૉ. જોલી - ૯૮૯૨૧૩૨૨૧૦

:----:

**આશીતભાઇ વી. ચોક્સી**

૧/૨૦૬, રામનગર-પાટકર કોલેજ સામે, એસ.વી.રોડ,
ગોરેગાંવ (વેસ્ટ), મુંબઇ નં-૪૦૦૦૬૨.
ફોન નં-૨૮૭૨૩૪૭૨ મોબાઇલ નં-૯૮૨૧૧-૧૭૬૪૯

## આર્થિક સહયોગ

**શ્રી આંબાવાડી**

**શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ**

(અમદાવાદ)

# પુણ્યતત્વ

## પુણ્યપ્રકૃતિના નામકર્મના ૩૭ ભેદોનું વર્ણન

જૈનશાસનમાં નામકર્મને ચિત્રકાર જેવું કહેલું છે. જેમ સારું ચિત્ર દોરનાર એવુંજ સુંદર ચિત્ર દોરીને બતાવે કે એ ચિત્રને જોતાની સાથેજ હમણાંજ મારી સાથે બોલશે એવું જોનારને લાગે છે અને ખરાબમાં ખરાબ ચિત્ર એવું દોરીને બતાવે કે જોતાની સાથે આત્મામાં અનેક પ્રકારના ભય પેદા કરાવે. એટલે કે એ ચિત્રને જોતાની સાથેજ જીવ ભયભીત થતો જાય છે. એ ચિત્રમાં એવું રૌદ્ર સ્વરૂપ આલેખેલું હોય છે કે જેના પ્રતાપે જોવાની ઇચ્છા

પણ પેદા થઇ શકે નહિ. એના જેવું નામકર્મ અનેક ભેદવાળું જ્ઞાની ભગવંતોએ કહેલું છે અને એ અનેક ભેદવાળું હોવાછતાં એક એક ભેદને વિષે પુણ્યની સાથેને સાથે પાપના ઉદયના પ્રતાપે એના રસની તરતમતાના કારણે અનેક પ્રકારની વિચિત્રતા પેદા કરતું જાય છે. એ વિચિત્રતાનો અનુભવ જીવને સુખરૂપે પણ પેદા કરે અને મોટાભાગના જીવોને દુઃખરૂપે પણ અનુભવ પેદા કરતો જાય છે. જેમકે મનુષ્યગતિમાં રહેલા જીવોને ઔદારિક શરીરનો ઉદય ઔદારિક અંગોપાંગનો ઉદય છેવઠ્ઠુ સંઘયણનો ઉદય આ કાળમાં એક સરખો રહેલો હોવાછતાં દરેક જીવોના શરીરની શક્તિઓ સરખી હોતી નથી. દરેક જીવોના અંગોપાંગની રચના પણ એક સરખી હોતી નથી. દરેક જીવોના શરીરમાં છેવઠ્ઠ સંઘયણની રચના હોવાછતાં પણ એટલે કે હાડકાના રચનાવાળું શરીર દરેકને પ્રાપ્ત થયેલું હોવાછતાં પણ દરેક જીવોના હાડકાની રચના એક સરખી હોતી નથી. આ દરેકમાં જે જે જીવોએ જે જે રીતે રસબંધ કરેલો હોય તે રસબંધની તીવ્રતા તીવ્રતરતા મંદતા, મંદતરતા, જે પ્રમાણે રસ બાંધેલો હોય એ પ્રમાણે એ ઉદયમાં આવીને જીવોના શરીરને વિષે અંગોપાંગાદિને વિષે અને હાડકાની રચનાને વિષે વિચિત્રતા પેદા કરે છે. જેમકે મસલ્સ દુઃખે ત્યાંસુધી જીવોને કામ કરવામાં બહુ વાંધો આવતો નથી પણ હાડકાનો દુઃખાવો શરૂ થાય એટલે એને મસલ્સના દુઃખાવા કરતાં વિશેષ રીતે દુઃખાવો પેદા થતો હોવાથી એ કામ કરી શકતો નથી. પછી તે હાડકાને દબાવે, માલીશ કરાવે અને વારંવાર એ રીતે દબાવવા અને માલીશાદિ કરવાથી દુઃખાવો ઓછો થાય ત્યારે ભાઇ કામ કરવાને માટે તૈયાર થાય છે.

મનુષ્યગતિમાં રહેલા પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળા જીવો જે હોય છે એ જીવોને મનુષ્યગતિની સાથે ઔદારિક શરીર, ઔદારિક અંગોપાંગ અને પહેલું સંઘયણ એટલે કે વજ્ર ઋષભ નારાચ સંઘયણ પ્રાપ્ત થાય છે. એ વજ્ર ઋષભનારાચ સંઘયણના ઉદયકાળમાં પણ અનેક પ્રકારની વિચિત્રતા રહેલી હોય છે. કારણ કે દરેક જીવોએ પુણ્યાનુબંધી પુણ્ય રૂપે સંઘયણનો રસ એક સરખો બાંધેલો હોતો નથી. હાડકાની મજબુતાઇ હોવાછતાં પણ

પોતાના શરીર અને અંગોપાંગને વિષે કાંઇક ને કાંઇક તકલીફ વગેરે પ્રાપ્ત થતી હોવાથી એ રસની તીવ્રતા, મંદતા આદિના કારણે એ જીવોને પણ શક્તિ એક સરખી રહેતી નથી.

સામાન્ય રીતે નામકર્મની વિશેષતામાં પુણ્ય અને પાપ બંન્ને પ્રકારના ભેદોનો સમાવેશ થાય છે. આ કારણથી નામકર્મના ઉદયમાં પણ પુણ્ય અને પાપ બંન્ને પ્રકારના ભેદોની પ્રકૃતિઓનો ઉદય જીવોને એક સાથે રહેલો હોય છે. એકલી પુણ્યપ્રકૃતિનો ઉદય કોઇકાળે કોઇ જીવોને હોતો નથી અને એકલી પાપપ્રકૃતિઓનો ઉદય પણ કોઇકાળે કોઇ જીવોને હોતો નથી. એકમાત્ર ચૌદમા ગુણસ્થાનકે રહેલા જીવોને નામકર્મની એકલી પુણ્યપ્રકૃતિઓનો ઉદય હોઇ શકે છે. તેમાં મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, જીનનામકર્મ, ત્રસ, બાદર, પર્યાપ્ત, શુભક્, આદેય અને યશ આ નવ પ્રકૃતિઓ જે જીવો તીર્થંકરપણે રહેલા હોય અને ચૌદમા ગુણસ્થાનકને પ્રાપ્ત થયેલા હોય એમને ઉદયમાં હોય છે. તીર્થંકર સિવાયના સામાન્ય કેલળી જીવોને જીનનામકર્મ સિવાય આઠ પુણ્યપ્રકૃતિઓનો ઉદય ચૌદમા ગુણસ્થાનકે હોય છે. જેમકે મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, શુભક્, આદેય અને યશ આ સિવાય બાકીના એકથી તેર ગુણસ્થાનકને વિષે પુણ્ય પ્રકૃતિઓ અને પાપ પ્રકૃતિઓ બંન્ને એક સાથે ઉદયમાં રહેલી હોય છે. તેરમા ગુણસ્થાનકમાં રહેલા કેવલી ભગવંતોને પાપ પ્રકૃતિઓ રૂપે અસ્થિર નામકર્મ, અશુભ નામકર્મ ઉદયમાં રહેલું હોય છે. માટે જ્ઞાની ભગવંતો કહે છે કે પંચેન્દ્રિયની પૂર્ણતાવાળો મનુષ્યગતિમાં રહેલો જીવ સારોકાળ હોય તો પુરૂષાર્થ કરીને જો એને દર્શન મોહનીય કર્મ નિકાચીત ન હોય અને ચારિત્ર મોહનીય કર્મ પણ નિકાચીત ન હોય તો ક્ષપક શ્રેણિ માંડીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી શકે છે. પણ એ જીવોને પંચેન્દ્રિયની પૂર્ણતા હોવા છતાંય સ્વર નામકર્મ બરોબર ન હોય એટલે કે દુષ્વર નામકર્મ ઉદયમાં હોય તો પણ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી શકે છે. એટલે પુણ્ય પ્રકૃતિઓ અને પાપ પ્રકૃતિઓ બંને પ્રકારની પ્રકૃતિઓનો ઉદય તેરમા ગુણસ્થાનકમાં રહેલા જીવોને એક સાથે એક સમયે હોય છે. આવીજ રીતે

બાકીના ગુણસ્થાનકમાં પાપ પ્રકૃતિઓનો ઉદય કોઇને વિશેષ હોય અને પુણ્ય પ્રકૃતિઓનો ઉદય ઓછો હોય એટલે કે પ્રકૃતિઓની સંખ્યામાં ફેરફાર થઇ શકે છે. કોઇકવાર કેટલાક જીવોને પુણ્ય પ્રકૃતિઓની સંખ્યા વધારે ઉદયમાં હોય અને તે વખતે પાપ પ્રકૃતિઓની સંખ્યા ઓછી ઉદયમાં હોય એવું પણ બની શકે છે. આથી જીવનો પરિણામ એકથી દશ ગુણસ્થાનક સુધીમાં રહેલા જીવોને પુણ્ય અને પાપના મિશ્રણવાળો હોય છે. જ્યારે જીવને પાપના ઉદયની પ્રધાનતા તીવ્રરૂપે હોય છે ત્યારે પુણ્યનો ઉદય મંદરૂપે રહેલો હોય છે અને જ્યારે જીવોને પુણ્યના ઉદયની પ્રધાનતા તીવ્રરૂપે રહેલી હોય ત્યારે પાપનો ઉદય મંદરૂપે રહેલો હોય છે. આથી નિશ્ચિત થાય છે કે તીવ્રભાવે સંકલેશ અવસ્થામાં રહેલા જીવો અશુભ પ્રકૃતિઓનો તીવ્રરસ બાંધતો હોય તો તે વખતે નામકર્મની પુણ્યપ્રકૃતિઓ મંદરસે બંધાતી જ હોય છે. જેમકે નરકગતિનો બંધ કરનાર જીવ તે સમયે તેની સાથે પંચેન્દ્રિય જાતિ, વૈક્રીય શરીર, તૈજસ શરીર, કાર્મણ શરીર, વૈક્રીય અંગોપાંગ ઇત્યાદિ પુણ્યપ્રકૃતિઓનો મંદરસે બંધ કરે છે અને નરકગતિની સાથે બીજી બંધાતી અશુભ પ્રકૃતિઓ તીવ્રરસે બાંધે છે.

અનાદિકાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવો શુભ અને અશુભ બંન્ને પ્રકારના એકસાથે પરિણામવાળા રહેલા હોવાથી નામકર્મની શુભ અને અશુભ બંને પ્રકારની પ્રકૃતિઓનો બંધ એકસાથે એક સમયે કરે છે. એકેન્દ્રિયથી શરૂ કરીને પંચેન્દ્રિય સુધીના સઘળાય જીવો આઠમા ગુણસ્થાનક સુધીમાં રહેલા હોય ત્યાં સુધીના જીવો પોતાના પરિણામ વિશેષથી શુભ પ્રકૃતિઓ અને અશુભ પ્રકૃતિઓ બંન્ને પ્રકારની પ્રકૃતિઓનો સમયે સમયે બંધ કર્યા જ કરે છે. સાતમા ગુણસ્થાનકે દર્શનમોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય કરીને ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ કરે અને ચારિત્ર મોહનીય કર્મનો નાશ કરવા માટે ક્ષપક શ્રેણિની શરૂઆત કરે તો પણ નામકર્મના એકે શુભ પ્રકૃતિઓનો બંધ થતો નથી. પણ શુભ અને અશુભ બંને પ્રકારની નામકર્મની પ્રકૃતિઓનો બંધ કર્યા કરે છે. એ જીવોને પણ શુધ્ધ પરિણામની વિશુધ્ધિ

રહેલી હોવાછતાંય સમયે સમયે અનંતગુણ વિશુધ્ધ પરિણામને પ્રાપ્ત કરતો હોવાછતાંય કાંઇક ને કાંઇક આત્માને વિષે એટલે કે અંતરમાં અશુધ્ધ પરિણામ ચાલ્યા કરતો હોય છે કે જેના કારણે એ પરિણામની તરતમતાથી જીવ નામકર્મની અશુભ પ્રકૃતિઓનો પણ બંધ કરી શકે છે. અસ્થિર અને અશુભ નામકર્મ છઠ્ઠા ગુણસ્થાનક સુધી અશુભ રૂપે બંધાય છે. જ્યારે ઉપઘાત નામકર્મ આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી અશુભ રૂપે બંધાય છે. એ અનંતગુણ વિશુધ્ધિમાં રહેલો હોવાછતાંય એ જીવો શુભ પ્રકૃતિઓ નામકર્મનો બંધ કરે છે એ તીવ્રરસે બાંધે છે અને અશુભ પ્રકૃતિઓ રૂપે ઉપઘાત નામકર્મનો બંધ કરે છે તે મંદરસે બાંધે છે. આ રીતે શુભાશુભ પ્રકૃતિઓ આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી જીવોને બંધાયાજ કરે છે. કયા કયા જીવો કેટલી કેટલી પ્રકૃતિઓ કેવી કેવી રીતે કયા કયા ગુણસ્થાનકે બાંધતા હોય છે તેનું વિસ્તારથી વર્ણન બંધ પ્રકરણમાં કરવામાં આવેલું છે અને તે પાચમા અને છઠ્ઠા કર્મગ્રંથનો વિષય ગણાય છે.

જેમ જેમ જીવ શુધ્ધ પરિણામમા આગળ વધતો જાય છે તેમ તેમ નામકર્મની અશુભ પ્રકૃતિઓ મંદરસે બાંધતો જાય છે અને તે વખતે બંધાતી નામકર્મની શુભ પ્રકૃતિઓ તીવ્રરસે બાંધતો જાય છે. અશુધ્ધ પરિણામ સંકલેશ અવસ્થામાં રહેલો જીવ હોય ત્યારે અશુભ કર્મની પ્રકૃતિઓ તીવ્રરસે બાંધે છે અને શુભ કર્મની પ્રકૃતિઓ મંદરસે બાંધે છે. આ પ્રકૃતિઓની સ્થિતિ ગમે તેટલી બંધાય એની સાથે કોઇ મહત્તા નથી. સૌથી વધારે મહત્તાની વાત અથવા મહત્વ રસબંધની સાથે છે. સ્થિતિબંધ એકલું ગ્રંથીદેશે આવવા માટે છે. એ ગ્રંથીદેશે ઉત્કૃષ્ટ સ્થિતિ કર્મોની જે કહેલી છે એમાંથી ઓછી કરીને એક કોટાકોટી સાગરોપમથી ક્યાંક ન્યૂન સ્થિતિ સત્તા જીવ પ્રાપ્ત કરે એટલે કે મોહનીય કર્મની સિત્તેર કોટાકોટી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ કહેલી છે. એમાંથી જીવ અકામ નિર્જરા કરતો કરતો દુઃખ ભોગવતો ભોગવતો ૬૯ કોટાકોટી સાગરોપમ જેટલી સ્થિતિ નાશ કરે અને બાકીની એક કોટાકોટી સાગરોપમની સ્થિતિ જે રહેલી હોય છે એમાંથી પલ્યોપમના અસંખ્યાતમા

ભાગ જેટલી સ્થિતિ ઓછી કરે ત્યારે એ સ્થિતિ સત્તા અંતઃકોટાકોટી સાગરોપમ જેટલી કહેવાય છે. એવી જ રીતે જ્ઞાનાવરણીય કર્મ, દર્શનાવરણીય કર્મ, વેદનીય કર્મ અને અંતરાય કર્મ આ ચારેય કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ કોટાકોટી સાગરોપમની કહેલી છે. તેમાંથી અકામ નિર્જરા કરતો કરતો દુઃખ ભોગવતો ભોગવતો ૨૯ કોટાકોટી સાગરોપમ જેટલી સ્થિતિ ભોગવીને નાશ કરે અને બાકીની એક કોટાકોટી સાગરોપમ જેટલી સ્થિતિમાંથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી ઓછી કરે ત્યારે એ સ્થિતિ સત્તા અંતઃકોટાકોટી સાગરોપમ જેટલી કહેવાય છે. એવી જ રીતે નામકર્મ અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ કોટાકોટી સાગરોપમ જેટલી કહેલી છે. તેમાંથી જીવ અકામ નિર્જરા કરતો કરતો અને દુઃખ ભોગવતો ભોગવતો ૧૯ કોટાકોટી સાગરોપમ જેટલી સ્થિતિનો નાશ કરી બાકીની એક કોટાકોટી સાગરોપમ જેટલી સ્થિતિ સત્તામાંથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી સ્થિતિસત્તા ઓછી કરે ત્યારે એ કર્મોની અંતઃકોટાકોટી સાગરોપમ જેટલી સ્થિતિ સત્તા કહેવાય છે. આ રીતે સાતે કર્મોની અંતઃકોટાકોટી સાગરોપમ જેટલી સ્થિતિસત્તા જીવને પ્રાપ્ત થાય અથવા પ્રાપ્ત કરે ત્યારે એ જીવ ગ્રંથીદેશે આવેલો છે એમ કહેવાય છે. આ ગ્રંથીદેશે તો અભવ્યજીવો પણ આવી શકે છે, દુર્ભવ્યજીવો પણ આવી શકે છે, ભારેકર્મી ભવ્ય જીવો પણ આવી શકે છે, લઘુકર્મીભવ્ય જીવો પણ આવી શકે છે અને એકવાર સમકીત પામીને, વમીને દુર્લભબોધિ થયેલા જીવો ગ્રંથીદેશે રહેલા હોય છે. માટે ગ્રંથીદેશે આવવું એ સ્થિતિસત્તા ઓછી કરીને આવવા માટે જણાવેલ છે. એટલા પૂરતુંજ એનો ઉપયોગ થાય છે. બાકીની સાતે કર્મોની અંતઃકોટાકોટી સાગરોપમની સ્થિતિ સત્તા જીવ પુરૂષાર્થ કરતો કરતો ગ્રંથીદેશથી આગળ વધે એવો લઘુકર્મીભવ્ય જીવ સ્થિતિસત્તાનો નાશ કરી શકે છે અને જે ગ્રંથીદેશે આવેલા જીવો આગળ વધવામાં પોતાનો પુરૂષાર્થ ન કરે તો ગ્રંથીદેશે અસંખ્યાત કાળ સુધી પણ રહી શકે છે અથવા ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ કરીને પાછો સંસારમાં પરિભ્રમણ કરવા માટે ચાલતો થાય છે. માટે જ્ઞાની ભગવંતોએ એ સ્થિતિસત્તાની કિંમત બહુ ગણેલી નથી. જેટલી

કિંમત રસબંધની ગણેલી છે એની અપેક્ષાએ સ્થિતિબંધની કિંમત જ્ઞાનીઓને મન કાંઇજ ગણાતી નથી. આથી નિશ્ચિત એ થાય છે કે કદાચ સ્થિતિ વિશેષ રીતે બંધાતી હોય તો ભલે બંધાય પણ એની સાથે તીવ્રરસ ન બંધાય એની સતત કાળજી રાખવી જોઇએ. જો સ્થિતિ ઓછી બંધાતી હોય અને અશુભ પ્રકૃતિઓનો તીવ્રરસ સાથે બંધાતો હોય તો એ રસબંધને ભોગવતા ભોગવતા જીવને સંસારમાં જન્મ મરણની પરંપરા કરતાં કરતાં અનંતોકાળ અથવા અસંખ્યાતોકાળ અથવા સંખ્યાતોકાળ દુઃખ ભોગવીનેજ જીવન જીવવું પડે છે.

એવીજ રીતે નિશ્ચિત એ થાય છે કે અશુભ પ્રકૃતિઓનો તીવ્રરસ બાંધેલો હોય એ જો ઉદયમાં આવે તો લાંબાકાળ સુધી જીવોને પુરૂષાર્થ કરીને શુધ્ધ પરિણામ પેદા કરેલો હોય એ શુધ્ધ પરિણામને લાંબાકાળ સુધી ટકાવી શકતો નથી. એટલે કે ટકાવવામાં સહાયભૂત થવા દેતો નથી અને એ કાળમાં જીવ ઝાઝી નિર્જરા કરી શકતો નથી એટલે કે અશુભ પ્રકૃતિઓ તીવ્રરસે બંધાયેલી હોય છે એને મંદરસે કરી શકતો નથી. જેમ અત્યારે આપણે જે રીતે ધર્મઆરાધના કરીએ છીએ એ રીતે ઝાઝી નિર્જરા કરી શકતા નથી અને અત્યારે જે પ્રમાણે નિર્જરા થાય છે એ નિર્જરામાં સંપૂર્ણ કર્મો ખપી જવાના નથી. એટલે કે અશુભ કર્મો પણ સંપૂર્ણ નાશ પામવાના નથી. પણ માત્ર અશુભ કર્મોનો રસ ઘટાડી શકાય એટલી સામગ્રી આજે આપણી પાસે પુણ્યોદયથી પ્રાપ્ત થયેલી છે. સકામ નિર્જરામાં પણ આપણને નિર્જરા થાય તે નિર્જરા આપણે કેટલી કરી શકીએ કે જે અશુભ પ્રકૃતિઓ તીવ્રરસે બંધાયેલી સત્તામાં હોય એને મંદરસે કરી શકીએ અને શુભ પ્રકૃતિઓ મંદરસે સત્તામાં બંધાયેલી હોય એને તીવ્રરસે કરી શકીએ અને સાથે સાથે બંધાતી નામકર્મની શુભ પ્રકૃતિઓ તીવ્રરસે બાંધતા જઇએ અને સાથે બંધાતી અશુભ પ્રકૃતિઓ મંદ રસે બાંધતા જઇએ આટલુંજ આપણે કરી શકીએ છીએ એનાથી વિશેષ આપણે કરી શકીએ એવી આપણી તાકાત નથી. બાકી કર્મના નાશ કરવા માટે જે નિર્જરા જોઇએ તે નિર્જરા તો ક્ષપક શ્રેણિમાં રહેલા આત્માઓજ પ્રાપ્ત કરી શકે છે. આ કાળમાં ક્ષપક શ્રેણિ મંડાતી નથી કારણ કે સાતમા

ગુણસ્થાનકથી આગળના ગુણસ્થાનકના પરિણામને પામી શકીએ એવી આપણી શક્તિ નથી. માત્ર અત્યારે વર્તમાનમાં અશુભ કર્મો શિથિલ કરી શકીએ અને શુભ કર્મો શિથિલ બાંધેલા છે એને મજબૂત કરી શકીએ એટલી જ આપણી શક્તિ છે. નવતત્વ ભણેલા હોઇએ અને એ પદાર્થો બરાબર યાદ હોય તો આ અર્થ રોજ વિચારણામાં પેદા કરવાનો છે. દરેક ક્રિયાની અંદર કેવા પરિણામ રાખવા તે પરિણામ રાખવા માટે કેટલો કેટલો પ્રયત્ન કરે તો તેવા પરિણામ લાંબાકાળ સુધી રહી શકે અને સાથે સાથે કેટલી નિર્જરા જીવ કરી શકે એનું વર્ણન શાસ્ત્રમાં કરેલું છે. એ વિષય અત્યારે લેવા જઇએ તો વર્તમાનમાં ચાલતો વિષય બાંધીને મૂકી દેવો પડે. આગળના જ્ઞાની ભગવંતો કરતાં અત્યારે આપણી પાસે જ્ઞાન કાંઇ જ નથી એમ કહીએ તો ચાલે તો પણ જે જ્ઞાન વર્તમાનમાં આપણી પાસે છે એ એટલું બધું છે કે આયુષ્ય પૂર્ણ થાય તો પણ બધું આપણે ભણી શકીએ એવી આપણી શક્તિ નથી અને આ જ્ઞાન પણ ધીરે ધીરે કરતાં કરતાં દિવસે દિવસે ઘટતું જવાનું છે અને સાથે સાથે જીવોનો ક્ષયોપશમ ભાવ પણ ઘટતો જવાનો છે. જેમકે અત્યારે ૪૫ આગમ વિદ્યમાન છે તે જેમ જેમ કાળ પસાર થતો જશે તેમ તેમ આગમોના ગ્રંથો ઓછા થતાં થતાં એટલે વિચ્છેદ પામતાં પામતાં છેલ્લે એટલે પાંચમા આરાના છેલ્લે ચાર આગમ રહેશે. તે વખતે દશ વૈકાલિક સૂત્રના ચાર અધ્યયન ભણશે એ ગીતાર્થ કહેવાશે. તે વખતના કાળમાં જન્મેલા જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૨૦ વર્ષનું હશે અને તે વખતે ક્ષયોપશમ ભાવ કેટલો અલ્પ હશે એ આના ઉપરથી વિચારીએ તો ખ્યાલ આવે.

એ અપેક્ષાએ આજે આપણી પાસે ઘણું છે આજે લોકોનું લક્ષ પણ ઘટ્યું છે માટે આજે આ વિષયો ખાસ લેવાતા નથી. વ્યક્તિગત રીતે જેને આ વિષયો જાણવાની ઇચ્છા હોય તે તે તે વિષયવાળા ગુરૂ જે ભણેલા હોય એમની પાસે જઇને જાણી શકે છે અને ભણી પણ શકે છે. કર્મના સંપૂર્ણ નાશરૂપ નિર્જરા આજે આપણે કરી શકીએ એમ નથી જ. પણ ચારેગતિના સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા જીવો ક્ષયોપશમ સમકિતના કાળમાં અનંતાનુબંધી ક્રોધ,

માન, માયા અને લોભ એ ચારે પ્રકારના કષાયોને સત્તામાંથી સંપૂર્ણ નાશ કરવા હોય તો કરી શકે એમ જ્ઞાની ભગવંતો કહે છે. એટલે કે વર્તમાનમાં જે જીવો ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ કરે અને એ ક્ષયોપશમ સમકીતના કાળમાં પરિણામની વિશુધ્ધિ પ્રાપ્ત કરતો જાય તો એ પરિણામની વિશુધ્ધિથી અનંતાનુબંધી ચાર કષાયનો ક્ષય સંપૂર્ણ કરી શકે એવા પરિણામને પ્રાપ્ત કરી શકે છે. મહાવિદેહ ક્ષેત્રની અપેક્ષાએ વિચારીએ તો આજે આપણી પાસે મળેલી ધર્મની સામગ્રી અને પરિણામો બહુજ અલ્પરૂપે છે. છતાં પણ જે કંઇ વર્તમાનમાં ધર્મની સામગ્રી અને એની આરાધના કરતાં કરતાં પરિણામની વિશુધ્ધી પ્રાપ્ત કરી શકીએ તો આત્મકલ્યાણ માટે ઘણું ઉપયોગી બને એમ છે. માટે જ્ઞાનીઓ કહે છે કે આજે વર્તમાનમાં મળેલું ઔદારિક શરીર આત્મકલ્યાણમાં ઉપયોગી બનાવવું હોય તો બની શકે એટલી સામગ્રી આપણી પાસે છે અને જે સકામ નિર્જરા આરાધના કરતાં કરતાં કરીએ તેનાથી સંસારનું પરિભ્રમણ પણ ઘટાડી શકીએ એટલી સામગ્રી આપણી પાસે છે. આથી નિશ્ચિત એ થાય છે કે જ્યાંસુધી જીવો મિથ્યાત્વની મંદતા ન કરે ત્યાંસુધી એ ગમે તેટલો સારામાં સારો ધર્મની આરાધનાનો પુરૂષાર્થ કરે તો પણ એ જીવ સકામ નિર્જરાને સાધી શકતો નથી.

ગાઢ મિથ્યાત્વના ઉદયકાળમાં પણ નિઃસ્વાર્થભાવે માતા-પિતાની સેવા કરે તો તેનાથી જીવો પુણ્યાનુબધી પુણ્ય બાંધી શકે છે. પણ એ પુણ્યાનુબંધી પુણ્ય કેવું ? તો ધર્મની સામગ્રી બીજા ભવમાં પ્રાપ્ત કરાવવામાં સહાયભૂત થાય એવું પુણ્યાનુબંધી પુણ્ય બંધાય પણ મિથ્યાત્વમોહનીય કર્મને મંદ પાડી શકે એવું પુણ્યાનુબંધી પુણ્ય બંધાતુ નથી. આથી પુણ્યાનુબંધી પુણ્યના પણ અનેક ભેદો પડી શકે છે. અશુભ કર્મોને શુભમાં સંક્રમીત કરી શકે, શુભ પ્રકૃતિઓના તીવ્રરસને બાંધી ન શકે એવીજ રીતે મહાપુરૂષો કહે છે કે પ્રાણીઓ પ્રત્યે નિઃસ્વાર્થભાવે દયાભાવ રાખવામાં આવે તે પણ પુણ્યાનુબંધી પુણ્ય બાંધવાનું કારણ કહેલું છે. આથી પહેલા ગુણસ્થાનકના ગુણહીન મિથ્યાત્વ અને ગુણયુક્ત મિથ્યાત્વ એમ બે ભેદ પડે છે. ગુણહીન મિથ્યાત્વમાં

પણ અનેક ગુણોની પ્રાપ્તિ પેદા થાય ત્યારપછીજ જીવ ગુણયુક્ત ગુણસ્થાનકને પ્રાપ્ત કરી શકે છે અને એ ગુણયુક્ત ગુણસ્થાનકમાં ક્રમસર આગળ વધતો જાય તો પ્રયત્ન કરીને જીવ સમકીતની પ્રાપ્તિ કરી શકે છે.

## નામકર્મના બંધનું સંક્ષિપ્ત વિવેચન

પૃથ્વીકાયના ચારભેદ (સૂક્ષ્મ અપર્યાપ્તા, સૂક્ષ્મ પર્યાપ્તા, બાદર અપર્યાપ્તા, બાદર પર્યાપ્તા) આ રીતે અપકાયના ચાર ભેદ, સાધારણ વનસ્પતિકાયના ચાર ભેદ, પ્રત્યેક વનસ્પતિકાયના બે ભેદ એમ એકેન્દ્રિયના ૨૨ ભેદોમાંથી તેઉકાયના ચાર ભેદ અને વાઉકાયના ચારભેદ સિવાયના ચૌદ ભેદવાળા જીવો તેમજ બેઇન્દ્રિયના બે ભેદ, તેઇન્દ્રિયના બે ભેદ, ચઉરીન્દ્રિયના બે ભેદ, અસન્ની પંચેન્દ્રિય અપર્યાપ્તાના પાંચ ભેદ, અસન્ની પંચેન્દ્રિય અપર્યાપ્તા મનુષ્યના ૧૦૧ ભેદ, તેમજ પાંચ ગર્ભજ અપર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચના ભેદ અને સન્ની પંચેન્દ્રિય અપર્યાપ્તા મનુષ્યના ૧૫ કર્મભૂમિના ૧૫ ભેદ. એમ કુલ ૧૪૬ ભેદવાળા જીવો નીચે પ્રમાણે નામકર્મની પ્રકૃતિઓનો બંધ કરી શકે છે.

(૧) અપર્યાપ્તા એકેન્દ્રિય જીવોને લાયક નામકર્મની ૨૩ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૨) પર્યાપ્તા એકેન્દ્રિય જીવોને લાયક નામકર્મની ૨૫ પ્રકૃતિઓનો બંધ કરી શકે છે.

(૩) અપર્યાપ્તા બેઇન્દ્રિય જીવોને લાયક નામકર્મની ૨૫ પ્રકૃતિઓનો બંધ કરી શકે છે.

(૪) અપર્યાપ્તા તેઇન્દ્રિય જીવોને લાયક નામકર્મની ૨૫ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૫) અપર્યાપ્તા ચઉરીન્દ્રિય જીવોને લાયક નામકર્મની ૨૫ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૬) અપર્યાપ્તા અસન્ની પંચેન્દ્રિય તિર્યંચને લાયક નામકર્મની ૨૫

પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૭) અપર્યાપ્તા સન્ની પંચેન્દ્રિય તિર્યંચને લાયક નામકર્મની ૨૫ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૮) અસન્ની પંચેન્દ્રિય અપર્યાપ્તા મનુષ્યને લાયક નામકર્મની ૨૫ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૯) સન્ની પંચેન્દ્રિય અપર્યાપ્તા મનુષ્યને લાયક નામકર્મની ૨૫ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૧૦) પર્યાપ્તા એકેન્દ્રિય જીવોને લાયક નામકર્મની ૨૬ પ્રકૃતિઓનો બંધ કરી શકે છે.

(૧૧) પર્યાપ્તા બેઇન્દ્રિય જીવોને લાયક નામકર્મની ૨૯ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૧૨) પર્યાપ્તા તેઇન્દ્રિયને લાયક નામકર્મની ૨૯ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૧૩) પર્યાપ્તા ચઉરીન્દ્રિય જીવોને લાયક નામકર્મની ૨૯ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૧૪) પર્યાપ્તા અસન્ની તિર્યંચને લાયક નામકર્મની ૨૯ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૧૫) પર્યાપ્તા સન્ની તિર્યંચને લાયક નામકર્મની ૨૯ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૧૬) પર્યાપ્તા સન્ની મનુષ્યને લાયક નામકર્મની ૨૯ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૧૭) પર્યાપ્તા બેઇન્દ્રિયને લાયક નામકર્મની ૩૦ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૧૮) પર્યાપ્તા તેઇન્દ્રિયને લાયક નામકર્મની ૩૦ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૧૯) પર્યાપ્તા ચઉરીન્દ્રયને લાયક નામકર્મની ૩૦ પ્રકૃતિઓનો બંધ

કરે છે.

(૨૦) પર્યાપ્તા અસન્ની તિર્યંચને લાયક નામકર્મની ૩૦ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૨૧) પર્યાપ્તા સન્ની તિર્યંચને લાયક નામકર્મની ૩૦ પ્રકૃતિઓનો બંધ કરે છે.

આ રીતે ૧૪૬ પ્રકારના જીવો નામકર્મના આ ૨૧ બંધસ્થાનકોમાંથી કોઇને કોઇ એક બંધસ્થાન રૂપે સમયે સમયે નામકર્મની પ્રકૃતિઓનો બંધ કરતાં જાય છે. તેઉકાયના ચાર જીવભેદ અને વાઉકાયના ચાર જીવભેદ મનુષ્યગતિને લાયક પ્રકૃતિઓનો બંધ કરતાં ન હોવાથી ૨૧ બંધસ્થાનોમાંથી એક અસન્ની પંચેન્દ્રિય અપર્યાપ્તા મનુષ્યના ૨૫ પ્રકૃતિઓનો બંધસ્થાનક, બીજું નામકર્મની સન્ની પંચેન્દ્રિય અપર્યાપ્તા ૨૫ પ્રકૃતિઓનું બંધસ્થાન અને ત્રીજું નામકર્મની ૨૯ પ્રકૃતિઓનું બંધસ્થાન, સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તાને લાયક કહેલું છે. એ ત્રણ બંધસ્થાનોનો બંધ કરતાં નથી. બાકીના ૧૮ બંધસ્થાનકોમાંથી કોઇને કોઇ બંધસ્થાન રૂપે સમયે સમયે નામકર્મની પ્રકૃતિઓનો બંધ કરતાં જાય છે.

અસન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચો, સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચો અને સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા મનુષ્યો, આ ત્રણ પ્રકારના જીવો ઉપરના ૨૧ બંધસ્થાનોમાંથી કોઇપણ બંધસ્થાન તેમજ

(૨૨) નરકગતિને લાયક નામકર્મની ૨૮ પ્રકૃતિઓનો બંધ કરી શકે છે.

(૨૩) દેવગતિને લાયક નામકર્મની ૨૮ પ્રકૃતિઓનો બંધ કરે છે.

આ રીતે ૨૩ બંધસ્થાનોમાંથી કોઇને કોઇ બંધસ્થાનોનો બંધ પોતપોતાના અધ્યવસાય મુજબ જીવો કર્યા કરે છે.

એકથી છ નારકીના જીવો (૧) સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચને લાયક નામકર્મની ૨૯ પ્રકૃતિઓનો બંધ કરી શકે છે. (૨) સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચને લાયક નામકર્મની ૩૦ પ્રકૃતિનો બંધ કરી શકે છે. (૩)

સન્ની પર્યાપ્તા મનુષ્યને લાયક નામકર્મની ૨૯ પ્રકૃતિઓનો બંધ કરી શકે છે. આ રીતે ત્રણ બંધસ્થાનમાંથી કોઇને કોઇ બંધસ્થાન સમયે સમયે કર્યા કરે છે.

સાતમી નારકીમાં રહેલા જીવો પહેલા અને બીજા ગુણસ્થાનકે (૧) સન્ની પર્યાપ્તા તિર્યંચને લાયક નામકર્મની ૨૯ પ્રકૃતિઓનો બંધ કરે છે અને (૨) સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચને લાયક નામકર્મની ૩૦ પ્રકૃતિઓનો બંધ કરે છે. સાતમી નારકીમાં રહેલા ત્રીજા અને ચોથા ગુણસ્થાનકમાં રહેલા જીવો સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા મનુષ્યને લાયક ૨૯ પ્રકૃતિઓનો બંધ કરે છે.

એક થી ત્રણ નારકીના જીવો કે જે જીવો મનુષ્યપણામાંથી તીર્થંકરનામકર્મ નિકાચીત કરીને નરકગતિમાં ઉત્પન્ન થયેલા હોય તે જીવો ચોથા ગુણસ્થાનકમાં ક્ષયોપશમ સમકીતના કાળમાં અથવા ક્ષાયિક સમકીતના કાળમાં સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા મનુષ્યને લાયક તીર્થંકરનામકર્મ પ્રકૃતિની સાથે નામકર્મની ત્રીશ પ્રકૃતિઓનો બંધ સમયે સમયે કર્યા કરે છે.

ભવનપતિના દેવો, વ્યંતરના દેવો, અને જ્યોતીષના દેવો

(૧) પર્યાપ્તા એકેન્દ્રિય જીવોને લાયક નામકર્મની ૨૫ પ્રકૃતિઓનો બંધ કરે છે. આ ૨૫ પ્રકૃતિઓમાં બાદર જીવોને લાયક, પર્યાપ્તા જીવોને લાયક અને પ્રત્યેક નામકર્મને લાયક પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૨) પર્યાપ્તા એકેન્દ્રિય જીવોને લાયક નામકર્મની ૨૬ પ્રકૃતિઓનો બંધ કરે છે. એમાં પણ બાદર નામકર્મને લાયક, પર્યાપ્તા નામકર્મને લાયક અને પ્રત્યેક નામકર્મને લાયક પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૩) સન્ની પર્યાપ્તા તિર્યંચને લાયક નામકર્મની ૨૯ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૪) સન્ની પર્યાપ્તા મનુષ્યને લાયક નામકર્મની ૨૯ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૫) સન્ની પર્યાપ્તા તિર્યંચને લાયક નામકર્મની ૩૦ પ્રકૃતિઓનો બંધ કરે છે.

આ રીતે આ પાંચ બંધસ્થાનમાંથી સમયે સમયે કોઇપણ બંધસ્થાનની પ્રકૃતિઓ બાંધ્યા કરે છે.

વૈમાનીક દેવલોકના પહેલા બીજા દેવલોકના દેવો

(૧) પર્યાપ્તા એકેન્દ્રિય જીવોને લાયક નામકર્મની ૨૫ પ્રકૃતિઓનો બંધ કરે છે. આ ૨૫ પ્રકૃતિઓમાં બાદર જીવોને લાયક, પર્યાપ્તા જીવોને લાયક અને પ્રત્યેક નામકર્મને લાયક પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૨) પર્યાપ્તા એકેન્દ્રિય જીવોને લાયક નામકર્મની ૨૬ પ્રકૃતિઓનો બંધ કરે છે. એમાં પણ બાદર નામકર્મને લાયક, પર્યાપ્તા નામકર્મને લાયક અને પ્રત્યેક નામકર્મને લાયક પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૩) સન્ની પર્યાપ્તા તિર્યંચને લાયક નામકર્મની ૨૯ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૪) સન્ની પર્યાપ્તા મનુષ્યને લાયક નામકર્મની ૨૯ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૫) સન્ની પર્યાપ્તા તિર્યંચને લાયક નામકર્મની ૩૦ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૬) જે જીવો તીર્થંકરનામકર્મ નીકાચીત કરીને વૈમાનિક દેવલોકમાં ઉત્પન્ન થયેલા હોય એ દેવો ક્ષયોપશમ સમકીતના કાળમાં અથવા ક્ષાયિક સમકીતના કાળમાં તીર્થંકર નામકર્મની સાથે મનુષ્યગતિને લાયક ૩૦ પ્રકૃતિઓનો બંધ કરે છે. (નામકર્મની)

વૈમાનીકના ત્રીજા દેવલોકથી આઠમા દેવલોક સુધીના દેવો (૧) સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચને લાયક નામકર્મની ૨૯ પ્રકૃતિઓનો બંધ કરી શકે છે. (૨) સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચને લાયક નામકર્મની ૩૦ પ્રકૃતિનો બંધ કરી શકે છે. (૩) સન્ની પર્યાપ્તા મનુષ્યને લાયક નામકર્મની ૨૯ પ્રકૃતિઓનો બંધ કરી શકે છે. આ રીતે ત્રણ બંધસ્થાનમાંથી કોઇને કોઇ બંધસ્થાન સમયે સમયે કર્યા કરે છે. (૪) જે જીવો મનુષ્યગતિમાં તીર્થંકર નામકર્મ નિકાચીત કરીને ક્ષયોપશમ સમકીત અથવા ક્ષાયિક સમકીત લઇને

આ દેવલોકમાં ઉત્પન્ન થયેલા હોય એ જીવો તીર્થંકર નામકર્મની સાથે મનુષ્યગતિને લાયક નામકર્મની ૩૦ પ્રકૃતિઓનો બંધ પણ કરે છે.

વૈમાનીકના નવમા દેવલોકથી નવા ગ્રૈવેયક સુધીના દેવો

(૧) સન્ની પર્યાપ્તા મનુષ્યને લાયક નામકર્મની ૨૯ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૨) મનુષ્યગતિમાં રહીને ક્ષયોપશમ સમકીતના કાળમાં મનુષ્યગતિમાં તીર્થંકર નામકર્મ નિકાચીત કરીને ક્ષયોપશમ સમકીત અથવા ક્ષાયિક સમકીત લઇને આ દેવલોકમાં ઉત્પન્ન થયેલા હોય એ જીવો તીર્થંકર નામકર્મની સાથે મનુષ્યગતિને લાયક નામકર્મની ૩૦ પ્રકૃતિઓનો બંધ પણ કરે છે.

પાંચ અનુત્તરના દેવો નિયમા સમકીતી હોવાથી (૧) સન્ની પર્યાપ્તા મનુષ્યને લાયક નામકર્મની ૨૯ પ્રકૃતિઓનો બંધ કરે છે. (૨) મનુષ્યગતિમાં રહીને ક્ષયોપશમ સમકીતના કાળમાં મનુષ્યગતિમાં તીર્થંકર નામકર્મ નિકાચીત કરીને ક્ષયોપશમ સમકીત અથવા ક્ષાયિક સમકીત લઇને આ દેવલોકમાં ઉત્પન્ન થયેલા હોય એ જીવો તીર્થંકર નામકર્મની સાથે મનુષ્યગતિને લાયક નામકર્મની ૩૦ પ્રકૃતિઓનો બંધ પણ કરે છે. આ રીતે પાંચ અનુત્તરમાં રહેલા દેવો ક્ષયોપશમ સમકીતના કાળમાં અને ક્ષાયિક સમકીતના કાળમાં મનુષ્યગતિને લાયક ૨૯ પ્રકૃતિઓ અથવા ૩૦ પ્રકૃતિઓનો સમયે સમયે બંધ કરતા હોય છે.

સન્ની પર્યાપ્તા ૧૫ કર્મભૂમિમાં રહેલા ગર્ભજ મનુષ્યો આ પ્રમાણે બંધસ્થાન કરે છે.

(૧) અપર્યાપ્તા એકેન્દ્રિય જીવોને લાયક નામકર્મની ૨૩ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૨) પર્યાપ્તા એકેન્દ્રિય જીવોને લાયક નામકર્મની ૨૫ પ્રકૃતિઓનો બંધ કરી શકે છે.

(૩) અપર્યાપ્તા બેઇન્દ્રિય જીવોને લાયક નામકર્મની ૨૫ પ્રકૃતિઓનો બંધ કરી શકે છે.

(૪) અપર્યાપ્તા તેઇન્દ્રિય જીવોને લાયક નામકર્મની ૨૫ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૫) અપર્યાપ્તા ચઉરીન્દ્રિય જીવોને લાયક નામકર્મની ૨૫ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૬) અપર્યાપ્તા અસન્ની પંચેન્દ્રિય તિર્યંચને લાયક નામકર્મની ૨૫ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૭) અપર્યાપ્તા સન્ની પંચેન્દ્રિય તિર્યંચને લાયક નામકર્મની ૨૫ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૮) અસન્ની પંચેન્દ્રિય અપર્યાપ્તા મનુષ્યને લાયક નામકર્મની ૨૫ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૯) સન્ની પંચેન્દ્રિય અપર્યાપ્તા મનુષ્યને લાયક નામકર્મની ૨૫ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૧૦) પર્યાપ્તા એકેન્દ્રિય જીવોને લાયક નામકર્મની ૨૬ પ્રકૃતિઓનો બંધ કરી શકે છે.

(૧૧) પર્યાપ્તા બેઇન્દ્રિય જીવોને લાયક નામકર્મની ૨૯ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૧૨) પર્યાપ્તા તેઇન્દ્રિયને લાયક નામકર્મની ૨૯ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૧૩) પર્યાપ્તા ચઉરીન્દ્રિય જીવોને લાયક નામકર્મની ૨૯ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૧૪) પર્યાપ્તા અસન્ની તિર્યંચને લાયક નામકર્મની ૨૯ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૧૫) પર્યાપ્તા સન્ની તિર્યંચને લાયક નામકર્મની ૨૯ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૧૬) પર્યાપ્તા સન્ની મનુષ્યને લાયક નામકર્મની ૨૯ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૧૭) પર્યાપ્તા બેઇન્દ્રિયને લાયક નામકર્મની ૩૦ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૧૮) પર્યાપ્તા તેઇન્દ્રિયને લાયક નામકર્મની ૩૦ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૧૯) પર્યાપ્તા ચઉરીન્દ્રયને લાયક નામકર્મની ૩૦ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૨૦) પર્યાપ્તા અસન્ની તિર્યંચને લાયક નામકર્મની ૩૦ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૨૧) પર્યાપ્તા સન્ની તિર્યંચને લાયક નામકર્મની ૩૦ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૨૨) નરકગતિને લાયક નામકર્મની ૨૮ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૨૩) દેવગતિને લાયક નામકર્મની ૨૮ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૨૪) દેવગતિને લાયક તીર્થંકર નામકર્મ સાથે નામકર્મની ૨૯ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૨૫) દેવગતિને લાયક આહારક શરીર અને આહારક અંગોપાંગ નામકર્મની સાથે નામકર્મની ૩૦ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૨૬) દેવગતિને લાયક તીર્થંકર નામકર્મ આહારક શરીર, આહારક અંગોપાંગ એ ત્રણ પ્રકૃતિઓ સાથે તેમજ દેવગતિની ૨૮ પ્રકૃતિઓ સહીત નામકર્મની ૩૧ પ્રકૃતિઓનો બંધ કરે છે.

(૨૭) કોઇપણ ગતિને લાયક વિના અપ્રાયોગ્ય એક પ્રકૃતિનો બંધ એટલે કે યશ નામકર્મનો બંધ આઠમા ગુણસ્થાનકના સાતમા ભાગથી દશમા ગુણસ્થાનક સુધીમાં રહેલા જીવો કરે છે. આ રીતે ગર્ભજ મનુષ્યો પોતપોતાના ગુણસ્થાનકની પ્રાપ્તિના અધ્યવસાયને પ્રાપ્ત કરતાં કરતાં નામકર્મના બંધસ્થાનોમાં ફેરફાર કરતાં કરતાં આ ૨૭ બંધસ્થાનોમાંથી કોઇને કોઇ બંધસ્થાન સમયે સમયે બાંધ્યાજ કરે છે. આથી જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે હંમેશા અશુભ વિચારોનો ત્યાગ કરી શુભ વિચારોમાં રહેવાનો પ્રયત્ન કરો

અને શુભ વિચારોમાં રહેતા રહેતા શુધ્ધ પરિણામને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરતા રહો.

શુભ વિચારોમાં રહેલા જીવો શુભ ક્રિયા કરતા હોય અથવા અશુભ ક્રિયા કરતા હોય તો પણ એ જીવોને શુભ કર્મનો બંધ થયા કરે છે અને અશુભ વિચારોમાં રહેલા જીવો શુભક્રિયા કરતા હોય અથવા અશુભ ક્રિયા કરતા હોય તો પણ એ જીવોને અશુભ કર્મબંધ થયા કરે છે. એટલે કે અશુભ વિચારોમાં રહેલા જીવો સામાયિક કરતો હોય, પ્રતિક્રમણ કરતો હોય, ભગવાનની ભક્તિ રૂપે પૂજા કરતો હોય તો તે વખતે પણ અશુભ કર્મબંધ કર્યા કરતો હોય છે. શુભ વિચારોમાં રહેવા માટે સ્વાર્થને ગૌણ કરી દયાના પરિણામ જાળવવા એટલે કે દયાના પરિણામમાં તેમજ ધ્યાનના પરિણામમાં રહેવા પ્રયત્ન કરવો. ક્યારે સારી રીતે વર્તન કરતો થાઉં ક્યારે કષાયોને મંદ કરૂ, સંસાર તરફની બુધ્ધિનો નાશ કરી એટલે કે એનો ત્યાગ કરતાં કરતાં ધર્મમાર્ગ તરફની બુધ્ધિને પેદા કરીને એ બુધ્ધિને સ્થીર કરતો થાઉં.

અનાદિકાળથી જીવ અશુભ વિચારોમાં ઓતપ્રોત રહેલો છે. વર્તમાનમાં પણ વિચાર કરીએ તો આખા દિવસમાં વાતો ચીતો પણ અશુભ વિચારોનીજ પેદા થતી જાય છે અને એ વાતોચીતોથી અશુભ પ્રવૃત્તિમાં જીવને ઝટ દઇને મન લાગી જાય છે. એટલે કે અશુભ પ્રવૃત્તિ કરવામાં એને રસ એવો પડે છે કે સાંભળતાની સાથેજ એ પ્રવૃત્તિ કરવાનો વેગ એને મળતો જાય છે. એવી રીતે શુભ વિચાર કે શુભ વિચારને સાંભળતાં શુભ વિચારની પ્રવૃત્તિઓ જીવનમાં ઝટ દઇને થતી નથી અને કદાચ શુભ પ્રવૃત્તિઓ જીવનમાં કરતો હોય તો એની સાથે શુભ વિચારો ઝાઝા કાળ સુધી ટકતા નથી. કદાચ શુભ ક્રિયા લાંબાકાળ સુધી ચાલે પણ તે વખતે મનમાં વિચારો તો અશુભ પણ ચાલ્યા કરતા હોય છે. આ રીતે રોજ વિચારણા કરતાં રહીએ અને અશુભ વિચારોને કાઢવાનો પ્રયત્ન કરતા રહીએ તો ધીરે ધીરે કરતાં શુભ વિચારો પેદા થતાં જાય અને લાંબાકાળ સુધી શુભ વિચારો શુભ ક્રિયાઓમાં અને અશુભ ક્રિયાઓમાં ટકતા થઇ શકે છે. માટે આ અભ્યાસ પાડવા માટે જાગૃતતા

પૂર્વક ઉપયોગ રાખીને શુભક્રિયા કરતાં હોઇએ તો જરૂર મન શુભ વિચારોમાં ઉપયોગપૂર્વક સ્થિર રહી શકે છે. એવી રીતે અશુભ પ્રવૃત્તિઓમાં પણ જો અભ્યાસ પાડવામાં આવે તો શુભ વિચારો પેદા કરતાં કરતાં લાંબાકાળ સુધી ટકી શકે છે. બોલો આખા દિવસમાં અશુભ વિચારો વધારે પેદા થાય છે કે શુભ વિચારો વધારે પેદા થાય છે ? એમાંય અશુભ વિચારો તીવ્રરસપૂર્વક થાય છે કે મંદરસે પેદા થાય છે ? અને શુભ વિચારો તીવ્રરસે પેદા થાય છે કે મંદરસે પેદા થાય છે એનું રોજ નિરીક્ષણ કરતાં રહેવું જોઇએ. આ રીતે દરેક જીવો પોતપોતાના અધ્યવસાયોને દરેક પ્રવૃત્તિમાં જોતા થાય અને એનું વિશ્લેષણ કરતાં થાય તો એના ઉપરથી પોતે જાતેજ નક્કી કરી શકે કે હું કયા પ્રકારના કર્મના બંધ કરી રહેલો છું અને એમાં નામકર્મ સમયે સમયે હું કયા બંધસ્થાનરૂપે બાંધી રહેલો છું એની ખબર પણ પડતી થાય. કારણ કે સમયે સમયે કર્મ તો ચોંટતુંજ જાય છે. જેમકે બજારમાંથી મનગમતી રસપૂર્વક કોઇપણ ચીજ ખરીદીને ઘરે લાવતા હો તે વખતે રસ્તામાં કયા વિચારો ચાલતા હોય ? જો તે વખતે આ ચીજનો લાભ બીજા કોઇનો મળે તો સારું અથવા કોઇ સાધર્મિકના ઉપયોગમાં આવે તો જરૂર મને ભક્તિનો લાભ મલે આવો વિચાર રસ્તામાં ચાલતા ચાલતા જો આવે તો એ વિચાર શુભ ગણાય છે અને પોતાના ઉપયોગમાં લેવા માટેના વિચારો અને પોતાના પરિવારને માટે ઉપયોગમાં લેવાના વિચારો ચાલતા ચાલતા આવે અને એનો આનંદ અંતરમાં પેદા થતો જાય તો એ વિચારો અશુભ ગણાય છે. બોલો તમે શુભ વિચાર વિશેષ આવે કે અશુભ વિચાર વિશેષ રીતે પેદા થતા જાય ? જો તે વખતે અશુભ વિચારો અંતરમાં ચાલતા હોય અને એ વિચારો કરતો કરતો એ ચીજ ઘરે લઇને આવે તો એનાથી અશુભ કર્મોનો બંધ જીવો તીવ્રરસે બાંધતો બાંધતો ઘરે આવે છે એમ કહેવાય છે અને જો શુભ વિચાર કરતો કરતો ઘરે આવે તો તે વખતે બંધાતા કર્મોમાં શુભ કર્મોનો બંધ કરતો કરતો અને શુભ કર્મોને તીવ્રરસે બાંધતો બાંધતો ઘરે આવે છે એમ કહેવાય છે. આ વાત કેવળી ભગવંતોએ કહેલી છે અને જો આપણે એનો અભ્યાસ કરતાં થઇએ તો ધીમે

ધીમે અશુભ વિચારો કરવાના સંસ્કારો જે પડેલા છે એ દૂર થતાં થતાં શુભ વિચારો કરતાંપણ થઇ શકીએ એમાં કોઇ અશક્ય ચીજ નથી કારણ કે કેવલી ભગવંતોએ કહેલું કોઇકાળે અશ્કય હોય જ નહિ. એવી શ્રધ્ધા અંતરમાં પૂરેપૂરી પેદા થવી જોઇએ.

અનાદિકાળથી જગતમાં રહેલા જીવો અશુભ પરિણામના રસવાળા વિશેષ રીતે રહેલા હોવાથી જીવોનો વિશેષ કાળ અશુભ પરિણામમાં પસાર થતો જાય છે. અને એ અશુભપરિણામના કાળમાં તીવ્રરસનો જીવનો વિશેષ રીતે રહેલો હોવાથી રાગાદિ પરિણામ અશુભ વિચારોમાં, અશુભ પ્રવૃત્તિઓમાં જીવોને સહજ રીતે પેદા થતો જાય છે એમાં વળી જે જે ભવોને વિષે જન્મ પામ્યા પછી શુભ વિચારોના સંસ્કારો એ ભવ પૂરતાં સામાન્ય રીતે કરતાં જાય અને જીવનમાં થોડીઘણી શુભ પ્રવૃત્તિઓ પણ થતી જાય એના પ્રતાપે કોઇકોઇવાર શુભ પરિણામ વિચારરૂપે પેદા થતાં થોડાકાળમાં તરતજ નાશ પામે છે અને એ શુભ વિચારો લાંબાકાળ સુધી ટકી શકતા નથી. કારણ કે અશુભ પરિણામોનું જોર વિશેષ રીતે રહેલું હોય છે. આ કારણથી મોટેભાગે જીવો બંધાતી અશુભ પ્રકૃતિઓનો તીવ્રરસ બાંધતો જાય છે અને સાથે સાથે અનુબંધ રૂપે પણ બાંધતો જાય છે અને એની સાથે બંધાતી શુભ પ્રકૃતિઓ મંદરસે બંધાતી જાય છે અને અનુબંધ વગરની બંધાતી જાય છે.

આજે જીવો અશુભ પરિણામોથી મોટેભાગે શુભ ક્રિયાઓ કરે છે, દુઃખને દૂર કરવાનો હેતુ હોય છે, આ લોકમાં સુખને મેળવવાનો હેતુ હોય છે અને પરલોકમાં પણ આના કરતાં વધારે મને સુખની સામગ્રી મળે એય પરિણામ પણ અંતરમાં રહેલો હોય છે. આ પરિણામોને અશુભ પરિણામ કહેવાય છે. આ કારણથી અનુકૂળ પદાર્થોને દુઃખરૂપ લગાડવાનો પ્રયત્ન અને પાપના ઉદયથી આવેલા દુઃખને સમાધિપૂર્વક ભોગવી લેવાનો પ્રયત્ન મોટેભાગે જીવો સારી પ્રવૃત્તિ કરતાં કરતાં પણ કરતાં નથી. જો ભગવાન પાસે અથવા ધર્મપ્રવૃત્તિ કરતાં કરતાં માંગવાની ઇચ્છા થાય તો જ્ઞાની ભગવંતો કહે છે કે સુખમાં અનાદિકાળથી જે લીન પરિણામ પડેલો છે એ પરિણામ

મારો નાશ પામો અને સુખમાં અલીન થતો જાઉં કે જેના પ્રતાપે વૈરાગ્યભાવ અંતરમાં સહજ રીતે પેદા થતો જાય એવી જ રીતે દુ:ખમાં અસમાધિભાવ અનાદિકાળથી બેઠેલો છે એ મારો નાશ પામો અને સમાધિભાવ પેદા થતો જાય એવી માંગણી ભગવાન પાસે કરી શકાય છે. આ માગણી કરવી એને શુભ પરિણામ કહેવાય છે. શુભ ક્રિયાઓ કદાચ ઘણી કરી, શુભ ક્રિયાઓનો સંસ્કાર પણ જીવનમાં ઘણો કાઢ્યો પણ સાથે સાથે શુભ પરિણામની ટેવ પાડી નથી માટે શુભ ક્રિયાઓ કરવા છતાં પણ લાંબાકાળ સુધી એ ક્રિયાઓ જીવનમાં ચાલુ રાખવા છતાં પણ શુભ પરિણામનો સંસ્કાર પડતો નથી એનું કારણ મુખ્ય એજ છે કે અશુભનો સંસ્કાર અનાદિકાળથી સેવન કરતાં કરતાં મજબૂત રીતે રહેલો છે તે જરાય ઢીલો પડતો નથી. માટે શુભનો પરિણામ આ ભવમાં વિશેષ રીતે પ્રયત્ન કરીને પાળતા થઇએ તોજ આવતા ભવે એ સંસ્કાર સાથે લઇને જઇએ તો તેના કારણે અધુરી આરાધના ત્યાં રહીને આગળ કરતાં કરતાં થોડાકાળમાં એવો એક ભવ આવે કે જેના પ્રતાપે આત્માનુ સંપૂર્ણ શુધ્ધ સ્વરૂપ પેદા કરી શકીએ.

ભગવાનની પૂજા કરવા માટે પૂજાની સામગ્રીની ડબ્બી લઇને ઘરેથી નીકળતા રસ્તામાં કોઇપણ મળે તેની સાથે તે વખતે કેવી અને કેટલા ટાઇમ સુધીની વાતો હોય છે એ તમારી જાતેજ તમે વિચારી જુઓ. એ વાતોમાં ભગવાનની ભક્તિની વાતો આવે ખરી ? કે મોટેભાગે સંસારનીજ વાતો હોય છે. પૂજા કરવા જતાં મારે આવી વાતો કરાય ? આવી વાતો જો કરતો રહીશ તો તે વખતે જો મને આયુષ્યનો બંધ પડતો હોય અથવા જે કંઇ ગતિ નામકર્મ બંધાતુ હોય તો હું કઇ ગતિ બાંધુ છુ અને આયુષ્ય બંધાય તો કયુ આયુષ્ય બંધાય એની વિચારણા કરવાનું પણ મન થાય છે ખરું ? જ્ઞાની ભગવંતો કહે છે કે જે સ્થાનેથી પૂજા કરવા માટે નીકળે અને જેની પૂજા કરવા માટે નીકળ્યો હોય એના ગુણગાનની વિચારણા એ ગુણોની પ્રાપ્તિ એમણે કેવી રીતે કરી એની વિચારણા એ ગુણોને પ્રાપ્ત કરવા માટે કયા કયા દોષોને એમણે દૂર કર્યા એ દોષોને દૂર કરવા માટે કેટલો કેટલો પ્રયત્ન કર્યો, મારે પણ એવા

ગુણોને પ્રાપ્ત કરવા માટે અને મારામાં રહેલા દોષોને દૂર કરવા માટે મારે કેટલો પ્રયત્ન કરવો પડશે અને એ પ્રયત્ન હું કેવી રીતે ચાલુ કરતો થાઉં આવી વિચારણા કરતાં કરતાં મંદીરે થાય, સેવા-ભક્તિ કરે અને ત્યાંથી નીકળીને જે સ્થાને નીકળ્યો હોય ત્યાં પાછો ના આવે ત્યાં સુધી એનીજ વિચારણા કર્યા કરે તે શુભ પરિણામની પ્રવૃત્તિ કહેવાય છે. આથી નિશ્ચિત એ થાય છે કે પ્રભુભક્તિ સિવાયની કોઇપણ વિચારણા અને કોઇપણ વાતોચીતો રસ્તામાં કરવી અને મંદિરેથી પાછા આવતા જે કોઇ સાવધ પ્રવૃત્તિ કાયાથી કરવી એ બધી અશુભ પરિણામવાળી પ્રવૃત્તિઓ કહેવાય છે. આજે લગભગ વિચાર કરીએ તો રસ્તામાં જે કોઇ મળે એની સાથે સંસારની જે વાતોચીતો થાય છે એ વાતોચીતોમાં રસ કેટલો અને ત્યાંથી ભગવાન પાસે જાય સેવા-પૂજા કરે એમાં રસ કેટલો ? આ બેમાંથી કયો રસ વધે એ તમારી જાતે વિચારી જોજો. આથી જ્ઞાનીઓ કહે છે કે દર્શન કરવા જતાં, પૂજા કરવા જતાં કોઇપણ ધર્મની આરાધના કરવા જતાં જે સ્થાનેથી નીકળે તે સ્થાનેથી મૌન રીતે નીકળીને ઇર્યાસમિતિનું પાલન કરતાં કરતાં આરાધના કરવાના સ્થાને પહોંચે અને આરાધના કરીને પાછા નીકળતાં જે સ્થાનેથી નીકળ્યો હોય તે સ્થાને પહોંચવા માટે મૌનપણે એ સ્થાને પહોંચે આ રીતે કરીને જો ક્રિયા કરવામાં આવે તો રસ્તામાં જે કોઇ બીજી વ્યક્તિ મળે એ તમને બોલાવશે નહિ. આજે તમે મહાવરો એવો રાખ્યો છે કે કોઇ મળે એટલે વાતોચીતો કરીને પછીજ જવું. એના કારણે જો તમે અત્યારે રસ્તામાં બોલવાનું બંધ કરો તો સામી વ્યક્તિ શું વિચાર કરે એ તમને ખ્યાલ આવે છે ખરો ને ? પણ એ ગમે તેવા વિચાર કરે તો પણ તમને એની સાથે બોલવાની ઇચ્છા થાય નહી ને ? તમને એની ચિંતા વધારે થાય કે તમારા આત્માની ચિંતા વધારે થાય ? જો એ રીતે મૌનપણે રહીને ક્રિયા કરતા થશો તો બે ત્રણ દિવસ સુધી એ જરા બીજા વિચારમાં રહેશે પણ પછી પાછળથી જેમ જેમ ખબર પડશે તેમ તેમ એના અંતરમાંથી એ વિચારો નીકળી જશે. આથી તમે જ્યારથી બીજાઓની દયાનો વિચાર કરતાં થયા અને બીજાની દયા કરતાં બન્યા ત્યારથી તમે

તમારા આત્માનું ખોઇ રહેલા છો. તમને એ વાત સહજ લાગે છે પણ તેમાં આંતર અવલોકન કરો તો તેમાં આપણો અશુભ રસ પોષાય છે એ આપને દેખાતું નથી. પણ જો વિચાર કરવા માંડો તો તમને ખ્યાલ આવતો થાય. પૂજા, સામાયિક, દર્શન માટે નીકળ્યા હો તેમાં રસ્તામાં આવા અશુભ વિચારો કરવાનું શીખવાડ્યું કોણે ? આ વિચારોને કાઢવા માટે તો ઇરિયા સમિતિનું પાલન કરવાનું કહેલું છે અને સાથે સાથે ભગવાનના ગુણોનું ચિંતન કરવું પડે માટે ચિંતન કરવાનું કહેલું છે. પ્રતિક્રમણ કરવા માટે જે સ્થાનેથી નીકળીને આવતા હો તો તે વખતે રસ્તામાં વિચારણા એ કરવાની છે કે આખા દિવસમાં જ્યાં જ્યાં હું ફર્યો, જે જે સ્થાને ગયો તે તે સ્થાને મારાથી કેટલા કેટલા પાપો થઇ ગયા એ બધા યાદ કરીને એને મનની અંદર સ્થિર કરીને એ પાપનો પશ્ચાતાપ કરવા માટે અને એ પાપથી પાછા ફરવા માટે હું આ પ્રતિક્રમણ કરવા માટે જઇ રહેલો છું અને પ્રતિક્રમણમાં એવો સારો ભાવ પેદા કરું કે જેના કારણે વીર્યોલ્લાસ પૂર્વક પાપનો પશ્ચાતાપ કરતાં કરતાં કરેલા પાપોને નાશ કરી નાખું. આવા વિચારો રસ્તામાં આવતા આવતા કરી શકાય. આને શુભ વિચારો કહેલા છે. જૈનકુળમાં જન્મી ગયા માટે દર્શન,પૂજા આદિના સંસ્કાર કુલના પ્રતાપે પેદા થયેલા છે. પણ એની સાથે જો પરિણામની ધારા નહિ હોય અને શુભ પરિણામ ટકાવી રાખળાનો પરિણામ નહિ હોય તો સારા પરિણામનો સંસ્કાર જીવનમાં પડશે નહિ અને એ સંસ્કાર નહિ પડવાથી અહીંથી બીજા ભવમાં જઇશું તો અનાદિના સંસ્કાર મુજબ અશુભ પરિણામના સંસ્કારો સાથે લઇને જવાનું થશે. પણ શુભ પરિણામના સંસ્કારો સાથે આવશે નહિ અને ત્યાં કદાચ દેવાદિ મળશે તો હું આવી રીતે એમની ક્રિયા કરતો હતો એ ક્રિયાના સંસ્કાર કદાચ સાથે આવશે પણ આત્માનું કલ્યાણ કરવા માટે કલ્યાણના માર્ગે આગળ વધવા માટે દોષોને નાશ કરીને ગુણોની પ્રાપ્તિ કરવા માટે જે સંસ્કાર જોઇએ એ સંસ્કાર સાથે આવી શકશે નહિ અને ત્યાં પણ દેવાદિના દર્શન કરતાં કરતાં અશુભ પ્રકૃતિઓનો તીવ્રરસ બાંધતો જશે અને શુભ પ્રકૃતિઓનો મંદરસ બાંધતો બાંધતો જન્મ મરણની પરંપરા વધારતો

જશે. જૈનશાસનમાં કહેલું છે કે કુળ પરંપરાથી દેવાદિના દર્શન કરતાં કરતાં દેવની આકૃતિનો સંસ્કાર અંતરમાં જો દ્રઢ થાય તો એ આકૃતિના પ્રતાપે પણ જીવ વિચારણા કરતો કરતો પાપનો પશ્ચાતાપ કરી લઘુકર્મી થઇ અને પોતાના આત્માનું કલ્યાણ સાધી શકે છે. જેમકે શ્રાવકકુળમાં શેઠને ત્યાં દીકરા તરીકે જન્મ પામેલો જીવ એ જેમ જેમ મોટો થતો જાય છે તેમ તેમ ભારેકર્મો લઇને આવેલો હોવાથી એને દેવાદિ દર્શન આદિ ગમતું નથી. બાપ જ્યારે દેવ દર્શન કરવા જાય દેવની પૂજા કરવા જાય ધર્મની આરાધના કરે ત્યારે એ દીકરો મશ્કરી કરતો થાય છે. ગામની અંદર જે જે સાધુ ભગવંતો આવે એ બધાને બાપ દીકરાને સુધારવા માટે વાત કરીને પ્રયત્ન કરવા માટેની વાત કરે છે. બધા એ પ્રયત્ન કરવા છતાં પણ દીકરો સુધરતો નથી. એમાં એકવાર કોઇ એકવાર ગીતાર્થ જ્ઞાની ભગવંત પધાર્યા પોતાના ઘરે લઇ ગયા, દીકરાની સાથે વાતચીત કરી સમજાવવા પ્રયત્ન કર્યો પણ એ સમજ્યો નહિ. મકાનમાં આવ્યા પછી ગીતાર્થ ગુરૂ ભગવંતે બાપને કહ્યું કે જો દીકરાને સુધારવો હોય તો એ આ ભવમાં સુધરી શકે એણ લાગતું નથી. છતાં પણ ઘરમાં જે બારણું છે એ નીચું કરી નાંખ એટલે અંદર પેસતા ઘુંટણીયા તાણીનેજ અંદર જવાય એવી રીતનો દરવાજો રાખ કે જેના કારણે અંદર ગયા પછી માથું ઉંચુ કરે તો તે વખતે સામે દીવાલમાં મંગલમૂર્તિ તરીકે ભગવાનની એક મૂર્તિ રાખી લે. આ રીતે કરવાથી એને ભગવાનના દર્શન વારંવાર થશે અને એ સંસ્કાર એને પડશે. એ ભગવાનની મૂર્તિના આકૃતિના સંસ્કાર શેઠના દીકરાના ભવમાં અંતરમાં પેદા કરીને સ્વયંભૂ રમણ સમુદ્રમાં માછલા તરીકે ઉત્પન્ન થયો. ત્યાં ભગવાનની મૂર્તિના આકારવાળા અનેક માછલાઓ જોતાં અંતરમાં વિચારણા કરતાં કરતાં જાતિસ્મરણજ્ઞાન પેદા થયું અને તે વખતે પોતે મનુષ્યભવમાં કશું કર્યું નહિ અને ઉપરથી અશુભ પરિણામોનીજ તીવ્રતા પેદા કરીને અહીં હું આવ્યો છું એનો પશ્ચાતાપ કરતાં કરતાં અનશન કરી દેવલોકનું આયુષ્ય બાંધી, દેવલોકમાં ઉત્પન્ન થયો અને ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યરૂપે ઉત્પન્ન થઇ અને મોક્ષે જશે. તો એક આકૃતિના સંસ્કારથી જીવ ભારેકર્મનો

નાશ કરી લઘુકર્મી બની પોતાના આત્માનું થોડાકાળમાં કલ્યાણ સાધી શકે છે. અત્યારે એ આત્મા દેવલોકમાં છે અને ત્યાંથી મનુષ્યમાં જઇને મોક્ષે જશે.

શુભ પરિણામ માટે પ્રયત્ન નહી કરીએ તો અશુભનું જોર આત્મા ઉપરથી ઘટી શકવાનું નથી અને એ ક્રિયા માત્રથી ઘટી શકશે નહિ. પરિણામ પૂર્વકની ક્રિયા થશે તોજ એ અશુભનું જોર ઘટી શકશે અને અશુભ ક્રિયાઓ કરતાં શુભ ક્રિયાઓ અધિક જોરથી જોશથી, ઉલ્લાસથી, ઉમંગથી અને રસપૂર્વકના પરિણામપૂર્વકની હશે તોજ અશુભ પરિણામોનું જોર ઘટી શકશે. બહાર ગાડી ચાલુ રાખીને કે રીક્ષા વગેરે ઉભી રાખીને ઉતાવળા પગલે ભગવાનના મંદિરમાં જાય અને દર્શન કરે તો દર્શન કેવા કરવાનો ? એ દર્શન કરતાં એને અશુભ કર્મ તીવ્રરસે બંધાય અને શુભકર્મ મંદરસે બંધાતા જાય છે. અને પાછા એમ માનતા જાય કે અમે આમાં ખોટું શું કરીએ છીએ ? ભગવાનના દર્શન કરવા એ તો સારુંજ છે ને ? જ્યારે આગળના કાળમાં જે ઘરડાઓ હતા અને એ જ્યારે પેઢી ઉપર બેસતા હતા અને જ્યારે ઉઘરાણી જવાનો ટાઇમ આવે ત્યારે મુનિમ દિવસના યાદ કરે કે આજે ઉઘરાણી જવાનું છે. ત્યારે એ શેઠીયો કહેતો હતો કે ટીકીટ લઇ આવજો આપણે જઇશું. મુનિમને ખબર છે કે મારો શેઠ ઉઘરાણી જતા પહેલાં ભગવાનના દર્શન કરવા જશે અને એ દર્શન કરતાં કરતાં ભગવાનમાં ખોવાઇ જશે અને ગાડીનો ટાઇમ પણ ભૂલી જશે માટે અત્યારે ટીકીટ લાવવી નથી. સાંજે સાથે જઇશ અને વહેલા જઇને ટીકીટ લઇ લઇશ. જ્યારે સાંજ પડે, પેઢી બંધ કરીને ગાડીએ જવા નીકળી અને રસ્તામાં મંદિર આવે તો તે વખતે શેઠીયો મુનિમને કહે કે તુ ઉભો રહે હું દર્શન કરીને આવું છું. એ શેઠ દર્શન કરવા જાય અને ભગવાનની સ્તુતિ કરતાં કરતાં અંતરમાં વીર્યોલ્લાસ પેદા થઇ જાય તો એ સ્તુતિના શબ્દોની એકાગ્રતામાં ખોવાઇ જાય છે અને જ્યારે દર્શન કરીને બહાર નીકળે અને મુનિમને ઉભેલો જુએ એટલે પૂછે કે કેમ અહીં ઉભો છે ? ત્યારે મુનિમ તે વખતે કહે કે શેઠ ઉઘરાણી જવા નીકળ્યા છીએ અને ગાડીએ જવાનું છે. ત્યારે શેઠ કહે કે ચાલો જલ્દી આપણે ગાડીએ

પહોંચી જઇએ. ત્યારે મુનિમ કહે કે આજની ગાડી તો ગઇ. તે વખતે શેઠ મુનિમને કહે છે કે કાલે જઇશું. આ બધાને ભગવાનના દર્શનમાં ઉલ્લાસ કેટલો હશે, વીર્યેલ્લાસ કેટલો પેદા થતો હશે કે જેના કારણે ગાડીએ જવાનું પણ ભૂલી જાય છે. અત્યાર સુધી આવો કોઇ દિવસ તમારા જીવનમાં નોંધાયેલો છે કે દર્શન કરતાં કરતાં તમે સંસારના અનુકૂળ પદાર્થોની વિચારણાઓ ભૂલી ગયા હોવ એવું બન્યું છે ખરું ? તો વિચાર કરો કે ઘરડાઓના દર્શન અને તમારા દર્શન એ બંનેમાં ફેર કેટલો ? એવું દર્શન કરવાની ભાવના પણ થાય છે ખરી ? એવીજ રીતે મયણા જ્યારે ઉમરાણાને લઇને ભગવાનના મંદિરે ગઇ છે તે વખતે ભગવાનના ગભારા પાસે બંને ઉભા રહે છે. મયણા સ્તુતિ બોલે છે, ઉમરાણો જમણી બાજુ ઉભો રહે છે અને સ્તુતિના શબ્દો સાંભળ્યા કરે છે અને મયણા પણ સ્તુતિ એવી એકાગ્રતાથી બોલે છે કે સાથે કોણ ઉભું છે એ પણ એને ખબર રહેતી નથી. તો વિચારો કે કયા ભાવથી એ દર્શન કરતા હશે અને ભગવાનની સ્તુતિ બોલતા હશે. આવી રીતે શાંતીથી જીવનમાં કોઇ દિ' ભગવાનના દર્શન અહીં થયા હોય અથવા કોઇ તીર્થે ગયા હોય ત્યાં પણ એવી રીતે દર્શન થયા હોય અને ભગવાનની સ્તુતિના શબ્દોમાં ખોવાઇ ગયા હોઇએ એવું બન્યું છે ખરું ? માટે રોજ દર્શન, પૂજા આદિ કરતાં કરતાં આપણે પણ એવો પ્રયત્ન કરતાં રહીએ કે વિશેષ કાળ સુધી શુભ પરિણામ અને શુધ્ધ પરિણામની ધારા લાંબાકાળ સુધી ટકી રહે. જ્યારે આવી રીતે પ્રયત્ન કરવામાં આવશે ત્યારે અશુભ પરિણામની તીવ્રતા ઘટતી જશે અને શુભ પરિણામની તીવ્રતા વધતી જશે. આ રીતે પ્રયત્ન કરવાનો સંકલ્પ પણ કર્યો છે ખરો ? પૂજામાં આવે, શાંતિસ્નાત્રમાં આવે, કોઇપણ મોટા પૂજનોમાં આવે તો પણ તે વખતે ત્યાં બેઠા બેઠા એકબીજાની સાથે વાતોચીતો કઇ ચાલે છે ? અહીંથી ક્યાં જવાના છો એનો પણ વિચાર આવે છે ખરો ? અશુભ પરિણામને મંદ કર્યા વગર આવા ભાવ અંતરમાં પેદા થઇ શકશે નહિ. આના કારણે જો વિચાર કરીએ તો સારા વિચારો પેદા કરવાનો પ્રયત્ન નથી અને સારા વિચારોને લાંબાકાળ સુધી ટકી રહે એવો પણ પ્રયત્ન જીવનમાં

નથી. અરે કેટલીકવાર કોઇ જગ્યાએ સારા પરિણામ પેદા કરવા માટેની એની વિચારણાઓ અને વાતોચીતો ચાલતી હોય અને એના શબ્દો કાને પડતા હોય તો જરાકવાર સાંભળીને મનમાં વિચાર કરી કે આમાં આપણું કામ નહી એમ વિચારી તરતજ ત્યાંથી ચાલતો થાય છે અને જો કોઇની કુથલીની અથવા નિંદાની વાત હોય તો એ વાતોચીતો કાને પડે અને ત્યાં ઉભો રહે તેમાં રસ પડતાં લાંબાકાળ સુધી ઉભો રહે છે. આજ સ્વભાવ આપણો છે ને ? આ અનાદિકાળનો સ્વભાવ છે. આ સ્વભાવને ટકાવીનેજ આપણે મોક્ષ મેળવવા પ્રયત્ન કરીએ છીએ ને ? જો આ સ્વભાવ મજબૂતજ રહેશે તો શાસનમાં જન્મેલા હોવાછતાંય શાસનની આરાધનાની પ્રવૃત્તિ કરવા છતાંય શાસનને પામી શકીશું નહિ. જ્ઞાની ભગવંતો કહે છે કે અશુભ પરિણામના વિચારોની તીવ્રતા અશુભ અનુબંધ પેદા કરે છે અને અશુભ અનુબંધનો બંધ પાડે છે. શુભ વિચાર આપણને ટકતાં નથી એનો કોઇ વિચાર કરીએ છીએ ખરા ? શુભ ક્રિયાનો સમય વધે એ ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ ભાવ અથવા ઉદયભાવ ગણાય છે. પરિણામનો કાળ વધે એ દર્શન મોહનીયનો ક્ષયોપશમ ભાવ ગણાય છે. જૈનશાસનમાં પરિણામ પૂર્વકની ક્રિયાની કિંમત છે. પણ પરિણામ વગરની ક્રિયા લાંબાકાળ સુધીની હોય તો પણ એની કિંમત જૈનશાસનમાં ગણેલી નથી.

અધ્યવસાય અથવા પરિણામ ચાર પ્રકારના જ્ઞાની ભગવંતોએ કહેલા છે. (૧) અશુધ્ધ અધ્યવસાય, (૨) અશુભ અધ્યવસાય, (૩) શુભ અધ્યવસાય અને (૪) શુધ્ધ અધ્યવસાય.

**(૧) અશુધ્ધ અધ્યવસાય અથવા અશુધ્ધ ઉપયોગ :-** રૌદ્ર ધ્યાનના પરિણામ અને તીવ્ર ક્રોધાદિ વિચારો એ વિચારો મુજબ વર્તન ઇત્યાદિ અશુભ અશુધ્ધ પ્રવૃત્તિ કહેવાય છે કે જેના પ્રતાપે અઢાર પાપસ્થાનકમાંથી કોઇપણ પાપસ્થાનકનું સેવન તીવ્રભાવે જીવનમાં રહેલું હોય છે. તેમજ દ્વેષબુધ્ધિનો પરિણામ ઇર્ષાનો પરિણામ એ પણ તીવ્રરૂપે પોતાના જીવનમાં ચાલુને ચાલુ હોય છે કે જેના કારણે એ જીવો અશુભ પ્રકૃતિઓનો તીવ્રરૂપે બંધ કરતા

જાય છે અને તીવ્રરસ બાંધતા બાંધતા જો તે વખતે આયુષ્યનો બંધ પડે તો એ જીવો મોટેભાગે નરકનું આયુષ્ય બાંધ્યા વગર રહેતા નથી. કોઇપણ જીવની હિંસા કરવી હોય તો એ હિંસા કરવામાં અંતરમાં એ જીવને માટે કેટલાય દિવસોથી કેટલાય મહિનાઓથી એને ખતમ કરવા માટેની વિચારણા અંતરમાં ચાલ્યા જ કરતી હોય છે. એવીજ રીતે કોઇપણ જીવનું ખરાબ કરવું હોય, પોતાનાથી આગળ આવેલો હોય અને ઉંચો ચડેલો હોય તો કેમ એને પટકીને નીચે પાડવો અને પોતાનાથી નીચો કેમ રહે એવી વિચારણા રાખીને એ જીવ પ્રત્યે જે દ્વેષબુધ્ધિનો પરિણામ અંતરમાં ચાલતો હોય છે તેને અશુધ્ધ પરિણામ કહેવાય છે.

**(૨) અશુભ પરિણામ અથવા અશુભ ઉપયોગ :-** પાંચે ઇન્દ્રિયના વિષયો કે જે સ્પર્શેન્દ્રિયનો આઠ સ્પર્શ રૂપે વિષયો કહેલા છે. રસનેન્દ્રિયના પાંચરસ રૂપે વિષયો કહેલા છે. ઘ્રાણેન્દ્રિયના બે વિષયો કહેલા છે, ચક્ષુરીન્દ્રિયના પાંચ વર્ણાદિ રૂપે વિષયો કહેલા છે અને શ્રોત્રેન્દ્રિયના શબ્દ રૂપે ત્રણ વિષયો કહેલા છે. આ રીતે ૨૩ વિષયોમાંથી અનુકૂળ વિષયો પ્રત્યે ઇન્દ્રિયોને જોડવી અને પ્રતિકૂળ વિષયો પ્રત્યે ઇન્દ્રિયોને પાછી ખસેડવી તેમજ એ પાંચે ઇન્દ્રિયોના ૨૩ વિષયોના ૨૫૨ વિકારો થાય છે. એ ૨૫૨ વિકારોમાં અનુકૂળ વિકારોમાં ઇન્દ્રિયોને જોડવા માટેની વિચારણાઓ કર્યા કરવી અને પ્રતિકૂળ વિકારોમાં ઇન્દ્રિયોને પાછી ખસેડવાની વિચારણાઓ કર્યા કરવી અને પ્રતિકૂળ વિષયોને વિકારોમાં ઇન્દ્રિયો ન જાય એની કાળજી રાખ્યા કરવી અનુકૂળ વિષયો અને વિકારોમાં ઇન્દ્રિયો કેમ જોડાતી થાય એની વિચારણાઓ કર્યા કરવી આ બધા અશુભ ઉપયોગ રૂપે અને અશુભ પરિણામ રૂપે અધ્યવસાયો કહેવાય છે. આ અધ્યવસાયોથી પણ જીવોને પાપ કર્મનો બંધ એટલે કે અશુભ પ્રકૃતિઓનો બંધ તીવ્રરસવાળો થાય છે અને આર્તધ્યાનના પરિણામ લગભગ મોટેભાગે પોતાના અંતરમાં ચાલુને ચાલુજ રહે છે. એના કારણે તિર્યંચગતિનો બંધ અને તિર્યંચગતિને યોગ્ય એવી નામકર્મની અશુભ પ્રકૃતિઓનો બંધ તીવ્રરસવાળો થતો જાય છે માટે એને અશુભ પરિણામરૂપે વિચારો ગણાય છે.

તેમજ પાંચે ઇન્દ્રિયના અનુકૂળ વિષયોને આ લોકમાં મેળવવા આદિ માટે ધર્મક્રિયાઓ કરવી એટલે કે દેવ, ગુરૂ અને ધર્મની આરાધનાઓ કરવી એવીજ રીતે પરલોકમાં પણ આના કરતા સારી સામગ્રી મને મળે એવી વિચારણાઓથી દેવ, ગુરૂ, ધર્મની આરાધનાઓ કર્યા કરવી અને આ લોકમાં જે કંઇ પ્રતિકૂળતાઓ આવે, પાપના ઉદયથી દુઃખ આવે તે આવેલા દુઃખોને અને પ્રતિકૂળતાઓને દૂર કરવા માટે દેવ, ગુરૂ, ધર્મની આરાધનાઓ કરવી, એની માનતાઓ માનવી એને અશુભ પરિણામ કહેવાય છે. એ અશુભ પરિણામથી પણ આર્તધ્યાન અંતરમાં પેદા થતું જાય છે. ભગવાનના ગુણોની વિચારણાઓ, પોતાના આત્મામાં રહેલા દોષોને દૂર કરવાની વિચારણાઓ એમાં અંતરાયભૂત આ પરિણામો થતા હોવાથી એને અશુભ પરિણામ કહેવાય છે. માટે એનાથી પણ તિર્યંચગતિ આદિ અશુભ પ્રકૃતિઓ નામકર્મની બંધાતી જાય છે અને જેટલી પરિણામની તીવ્રતા એ પ્રમાણે એ અશુભ પ્રકૃતિઓનો તીવ્રરસ જીવ બાંધતો જાય છે.

**(૩) શુભ ઉપયોગ અથવા શુભ પરિણામ :-** સારા વિચારો કરવા, કોઇનું પણ ભલું થાય એવા વિચારોમાં રહેવું, એ વિચારો કરતાં કરતાં પોતાની શક્તિ મુજબ એવી પ્રવૃત્તિઓ કરતાં રહેવી તેમજ દેવ, ગુરૂ અને ધર્મ આદિની આરાધના સારા પરિણામ રાખીને જીવનમાં કરતાં રહેવી અને સાથે સાથે શુધ્ધ ઉપયોગ પેદા કરવાનું લક્ષ રાખીને દેવ, ગુરૂ અને ધર્મની આરાધના અને એના પરિણામો જીવનમાં કરતો રહે તો એ જીવ શુભ અધ્યવસાય વાળો અથવા શુભ પરિણામવાળો અથવા શુભ ઉપયોગવાળો કહેવાય છે. હજી આ જીવોને અનુકૂળ પદાર્થોની વિચારણાઓ દુઃખ આપનારી છે, દુઃખનું ફળ આપનારી છે, દુઃખની પરંપરા વધારનારી છે એ એને ખબર નથી પણ શુધ્ધ પરિણામ લાવવાનું લક્ષ રહેલું હોવાથી સદ્‌ગુરૂનો ભેટો થતાં એના અંતરમાં ભગવાનની વાણીના શબ્દો સાંભળતા સાંભળતા એની વિચારણા વારંવાર કરતો થાય તો અનુકૂળ પદાર્થોની સામગ્રી એની વિચારણાઓ એજ મને વાસ્તવિક રીતે દુઃખ આપનાર અને દુઃખ વધારનાર છે એવી બુધ્ધિ પેદા થઇ

શકે છે. આ કારણથી શુભ પરિણામવાળી ક્રિયાઓ શુધ્ધ પરિણામ પેદા કરવાના લક્ષવાળી હોવાથી એ શુભ પરિણામ પ્રશંસનીય અને આચરણીય કહેલા છે. આર્તધ્યાનની પ્રધાનતા અને રૌદ્રધ્યાનની પ્રધાનતા આમાં રહેલી નથી. માત્ર ધર્મધ્યાનના સંકલ્પ વિકલ્પરૂપ વિચારો અંતરમાં રહેલા હોય છે. એવીજ રીતે અભવ્યજીવો, દુર્ભવ્યજીવો, ભારેકર્મીભવ્ય જીવો અને એકવાર સમકીત પામીને વમીને દુર્લભબોધિ થયેલા જીવો મનુષ્યપણું પામીને, સાધુપણું લઇ નિરતિચાર ચારિત્રનું પાલન કરે અને સાથે સાથે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી મહેનત કરીને સાડા નવ પૂર્વ સુધીનું જ્ઞાન ભણે અને એનો રોજ એકવીશ કલાક સુધી સ્વાધ્યાય કરે, દેશનાલબ્ધિ પેદા કરે પણ એ જીવોના અંતરમાં નવમા ગ્રૈવેયકના સુખને મેળવવાની બુધ્ધિ રહેલી હોવાથી એ જીવોના શુભ પરિણામ શુભ આર્તધ્યાન રૂપે ગણાય છે, પણ ધર્મધ્યાનને પેદા કરવામાં, ધર્મધ્યાનના સંકલ્પ વિકલ્પ રૂપ વિચારો રૂપે શુભ પરિણામ ગણાતા નથી. આ શુભ આર્તધ્યાનમાં રહેલા જીવો નિરતિચાર ચારિત્રના પાલનમાં જે કંઇ કષ્ટ આવે તે કષ્ટ વેઠીને અને સાથે સાથે વ્યવહારમાં મોક્ષ પ્રત્યેનો અદ્વેષભાવ દેખાડીને નવમા ગ્રૈવેયકનું આયુષ્ય બાંધી શકે છે. માટે વ્યવહારથી આ જીવો આટલો ધર્મ કરે છે અને જ્ઞાનનો પરાવર્તનરૂપે સ્વાધ્યાય કરે છે એટલા પૂરતું એને શુભ ઉપયોગ કહેવાય છે. પણ આત્માને માટે આત્મિક ગુણને પેદા કરવામાં સહાયભૂત થતું ન હોવાથી જ્ઞાની ભગવંતોએ એના પરિણામોને અપ્રશંસનીય રૂપે કહેલા છે અને અનાચરણીય એટલે કે આચરવા લાયક નથી એમ કહેલું છે.

**(૪) શુધ્ધ ઉપયોગ અથવા શુધ્ધ પરિણામ :-** પહેલા ગુણસ્થાનકમાં રહેલા જીવો ગ્રંથીદેશે આવ્યા પછી ભગવાનની વાણીના શબ્દો સાંભળતાં સાંભળતા લઘુકર્મીભવ્ય જીવોને ભગવાનની વાણીના શબ્દો ગમી જતાં એ શબ્દો પ્રત્યે બહુમાન અને આદરભાવ પેદા થતો જાય છે અને એ બહુમાન અને આદરભાવ પેદા થતાં યાદ રહેલા શબ્દોને વારંવાર વિચારણા કરતાં કરતાં પોતાના આત્મામાં રહેલા રાગાદિ પરિણામો એને ઓળખવાનું મન

થાય છે એટલે કે પોતાના આત્મામાં રહેલી જે ગ્રંથી એ ગ્રંથીને ઓળખવાની ઇચ્છા પેદા થાય એને જ્ઞાની ભગવંતોએ શુધ્ધ પરિણામ પેદા કરવાનું કારણ હોવાથી શુધ્ધ ઉપયોગવાળો વિચાર કહેલો છે. અભવ્યજીવો, દુર્ભવ્યજીવો, ભારેકર્મીભવ્યજીવો અને દુર્લભબોધિજીવો સાડાનવ પૂર્વ સુધીનું જ્ઞાન ભણવા છતાં પણ નવમા ગ્રૈવેયકના સુખને આપનાર ભગવાનની વાણીના શબ્દો છે એવી શ્રધ્ધા અંતરમાં પેદા થાય છે પણ પોતાના આત્મામાં રહેલા રાગાદિ પરિણામરૂપ ગ્રંથી એને ઓળખવાનું કદી મન થતું નથી. જ્યારે જે લઘુકર્મી આત્માને પોતાની ગ્રંથીને ઓળખવાની ઇચ્છા પેદા થાય અને એ માટે પ્રયત્ન કરવાનું મન થાય એને જ્ઞાની ભગવંતોએ એ જીવ મોક્ષના અભિલાષવાળો અથવા મોક્ષની રૂચિવાળો થયો એમ કહેવાય છે. આ મોક્ષની રૂચિ મોક્ષનો અભિલાષ એનેજ જ્ઞાની ભગવંતોએ શુધ્ધ પરિણામની રૂચિ કહેલી છે. આ શુધ્ધ પરિણામની રૂચિ પેદા થતાં થતાં આંશિક એ શુધ્ધ પરિણામની અનુભૂતિ અંતરમાં પેદા થતાં થતાં એ જીવ અત્યાર સુધી અનુકૂળ પદાર્થોમાં જે સુખની અનુભૂતિ પેદા થતી હતી એના કરતાં ચઢીયાતા સુખની અનુભૂતિ આંશિક શુધ્ધ પરિણામમાં છે એવો વિશ્વાસ પેદા થાય છે એના કારણે અનુકૂળ પદાર્થોની સુખની અનુભૂતિ એ એને સહજ રીતે દુ:ખરૂપે લાગે છે. આ રીતે આંશિક શુધ્ધ પરિણામની અનુભૂતિ પેદા કરતો કરતો જીવ એમાં આગળ વધતો જાય છે ત્યારે એને ક્રમસર અનુકૂળ પદાર્થો માટે અત્યારસુધી તીવ્રભાવે પાપ કરવાનો પરિણામ અંતરમાં વિચારણા રૂપે ચાલતો હતો એ નાશ પામી જાય છે. એટલે અંશે સુખનો રાગ એટલે કે અનુકૂળ પદાર્થોનો રાગ એનો નાશ પામતો જાય છે. એના પ્રતાપે અત્યારસુધી અનુકૂળ પદાર્થોના રાગના કારણે એ રાગના પદાર્થોમાં સુખની બુધ્ધિના કારણે પોતાના જીવનમાં સ્વાર્થી વ્યવહાર ચાલતો હતો એ નાશ પામતાં પામતાં ઉચિત વ્યવહારનું પાલન શરૂ થતું જાય છે અને એની જે અનુભૂતિ પેદા થાય છે એને જ્ઞાની ભગવંતોએ શુધ્ધ પરિણામ અથવા શુધ્ધ અધ્યવસાય કહેલો છે. આ ઉપયોગમાં રહીને જીવ આગળ વધતો વધતો ગ્રંથીભેદ કરી સમકિતની પ્રાપ્તિ કરે ત્યારે એને શુધ્ધ

પરિણામની કાંઇક વિશેષ રીતે અનુભૂતિ અંતરમાં પેદા થતી જાય છે એના પછી સર્વવિરતિને પ્રાપ્ત કરે, અપ્રમત્તભાવ પેદા કરે અને અપ્રમત્તભાવ પેદા કરીને નિર્વિકલ્પ એવા શુધ્ધ પરિણામ પોતાના આત્મામાં જે રહેલા છે એની અનુભૂતિ કરતો કરતો જો સારો કાળ હોય તો ક્ષપકશ્રેણી માંડી, મોહનો નાશ કરી, વીતરાગ દશાને પ્રાપ્ત કરી, જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય અને અંતરાય કર્મોનો સંપૂર્ણ નાશ કરી જીવ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે છે અને તેરમા ગુણસ્થાનકના અંતે મન, વચન, કાયાના યોગનો સંપૂર્ણ નિરોધ કરીને અયોગી અવસ્થાને પ્રાપ્ત કરી જીવ વેદનીય કર્મ, નામકર્મ, ગોત્રકર્મ, આયુષ્યકર્મનો સંપૂર્ણ નાશ કરી સિધ્ધિગતિને પામે છે એટલે કે પોતાના આત્માનું સંપૂર્ણ શુધ્ધ સ્વરૂપ પેદા કરે છે આને શુધ્ધ ઉપયોગ અથવા શુધ્ધ પરિણામ કહેવાય છે.

અશુધ્ધ પરિણામમાં રૌદ્રધ્યાનની પરિણામની પ્રધાનતા હોય છે, અશુભ પરિણામમાં અશુભ આર્તધ્યાનની પ્રધાનતા હોય છે, શુભ પરિણામમાં શુભ આર્તધ્યાનની પ્રધાનતા હોય છે તેમજ શુધ્ધ પરિણામના લક્ષની પ્રધાનતા રહેલી હોય છે. આ ત્રણે પરિણામોમાંથી આખા દિવસમાં કયા પરિણામમાં આપણે રહીએ છીએ એની વિચારણા રોજ કર્યા કરવાની છે. ચોથો શુધ્ધ પરિણામ પેદા થયો છે કે નહિ એ પણ રોજ જોતા જવાનું છે. આ બધું જાણીને સંસ્કાર એ પાડવાનો છે કે શુભ પરિણામમાંથી આત્માને શુધ્ધ પરિણામ કેમ પેદા થાય એનું લક્ષ રાખી શુધ્ધ પરિણામનું તાળું મારેલું છે એ તાળું ખોલવાનો પ્રયત્ન કરતા જવાનો છે.

જ્યાંસુધી જીવોના અંતરમાં મોહનીયકર્મનું જોર વિશેષ રીતે રહેલું હોય છે ત્યાંસુધી અશુભ વિચારોનું જોર અંતરમાં સદા માટે રહેલું હોય છે. આથી નિશ્ચિત એ થાય છે કે જીવો પ્રયત્ન કરીને મોહનીય કર્મનું જેટલું જોર ઘટાડે અર્થાત્ ઘટાડતો જાય અને મોહનીય કર્મની તીવ્રતાને બદલે મંદતાને પ્રાપ્ત કરતો જાય એટલે સહજ રીતે અશુભ વિચારોનું જોર નાશ પામતું જાય અને શુભ વિચારોનું જોર એટલે કે શુભ ભાવના પરિણામો સહજ રીતે પેદા

થતા જાય આ રીતે પ્રયત્ન અભવ્ય જીવો દુર્ભવ્ય જીવો, ભારેકર્મીભવ્યજીવો અને લઘુકર્મીભવ્યજીવો ગ્રંથીદેશે આવવા માટે અશુભ વિચારોનું જોર ઘટાડીને શુભ વિચારોને પ્રાપ્ત કરતો કરતો ગ્રંથીદેશને પ્રાપ્ત કરી શકે છે. એ ગ્રંથીદેશે આવ્યા બાદ અભવ્યજીવો, દુર્ભવ્યજીવો અને ભારેકર્મીભવ્ય જીવો, મોહનીય કર્મમાં અનંતાનુબંધી કષાયને મંદ કરીને એટલે કે અનંતાનુબંધી સંજ્વલન જેવા કષાયો બનાવીને ચારિત્રને ગ્રહણ કરી નિરતિચાર ચારિત્રનું પાલન કરતાં જાય છે અને શુભ વિચારમાં રહેવા છતાં પણ કોઇકાળે શુધ્ધ પરિણામ પેદા કરવાનું લક્ષ એ જીવોને પેદા થતું નથી અને દેવલોકનું આયુષ્ય બાંધી, દેવલોકમાં ઉત્પન્ન થાય તો ત્યાં ઉત્પન્ન થતાની સાથેજ આજુબાજુમાં રહેલા બીજા દેવોને જોતાં અંતરમાં અશુભ વિચારોના સંસ્કારો પડેલા હોવાથી આ સુખ મને એકલાને મલવાનું હતું, મહેનત મે કરી છે તો આ બધાને શા માટે મળ્યું એવી વિચારણા કરીને એકત્રીશ સાગરોપમના કાળ સુધી ઇર્ષા ભાવનો વિચાર પેદા કરતાં કરતાં દેવલોકના સુખને સુખરૂપે ભોગવી શકતો નથી અને એ ઇર્ષા ભાવ પેદા કરીને અનાર્યક્ષેત્રનું મનુષ્યાયુષ્ય બાંધી અનાર્યક્ષેત્રમાં મનુષ્યપણે ઉત્પન્ન થઇ અનેક પ્રકારના પાપો કરી નરકાદિ દૂર્ગતિમાં ભટકવા માટે ચાલ્યા જાય છે. જ્યારે લઘુકર્મીભવ્ય આત્માઓ ગ્રંથીદેશે આવ્યા પછી ભગવાનની વાણીના શબ્દો સાંભળતાં જીંદગીમાં કોઇવાર ન સાંભળ્યું હોય એવું મને સાંભળવા મળ્યું એવો સહજ રીતે અહોભાવ પેદા કરીને વાણી પ્રત્યે ગમો પેદા કરતો જાય છે અને એ ગમો પેદા કરતાં કરતાં મોક્ષની રૂચિ પેદા કરી પોતાના જીવનમાં આગળ વધતો શુધ્ધ પરિણામના સુખની અનુભૂતિ કરતો એમાં સ્થિરતા મેળવી મોહનીય કર્મને મંદ કરતો જાય છે અને જેમ જેમ મોહનીય કર્મની મંદતા પેદા થતી જાય તેમ તેમ ચિત્તની પ્રસન્નતા જે આત્માનો ગુણ કહેલો છે તે સહજ રીતે પેદા થતો જાય છે. માટે પોતાના જીવનમાં થતી શુભ ક્રિયાઓ ચિત્ત પ્રસન્ન પૂર્વક કરતાં કરતાં જે વીર્યોલ્લાસ પેદા થતો જાય છે એના આનંદની અનુભૂતિ પેદા થતી જાય છે એના પ્રતાપે એ સકામનિર્જરા કરતો કરતો અશુભ કર્મોની થોકની થોક નિર્જરા વિશેષ

રીતે કરતો જાય છે અને શુભ પ્રકૃતિઓ તીવ્રરસે બાંધતો જાય છે અને બંધાતી અશુભ પ્રકૃતિઓ મંદરસે બાંધતો જાય છે અને જેમ જેમ આ અનુભૂતિ પેદા થતી જાય અને અંતરમાં આનંદ વધતો જાય તેમ તેમ એ આનંદને સ્થિર કરવા માટે અનુભૂતિને લાંબાકાળ સુધી ટકાવવા માટે જીવનમાં પ્રયત્ન કરતો જાય છે એ પ્રયત્ન કરવા માટે સાચા સુખની એટલે કે ઇષ્ટસુખની તાલાવેલી વધતી જાય છે અને જેટલી તાલાવેલી ઇષ્ટસુખની વધતી જાય એટલી અનુકૂળ પદાર્થો પ્રત્યેની અત્યાર સુધીની જે તાલાવેલી પેદા થતી હતી એ નાશ પામતી જાય છે. એટલે કે ઇચ્છિત પદાર્થો પ્રત્યે નફરતભાવ વધતો જાય છે. આ નફરતભાવ વધતાં વધતાં જીવ પ્રયત્ન કરીને ગ્રંથીભેદ સુધી પહોંચી જાય છે અને ગ્રંથીભેદ કરી પોતાના આત્મામાં રહેલા રાગાદિ પરિણામને ભેદીને એને એવા દબાવે છે કે જ્યારે એને જે પદાર્થમાં રાગ કરવા જેવો લાગે ત્યાંજ રાગ થાય અને જે પદાર્થમાં દ્વેષ કરવા જેવો લાગે ત્યાંજ દ્વેષ પેદા થાય. અત્યાર સુધી રાગાદિ પરિણામની વિચારણાને આધીન થઇ થઇને જીવન જીવતો હતો એ જીવન નષ્ટ થાય છે અને એની બદલીમાં પોતાનું જીવન એવી રીતે જીવાય છે કે હવે રાગાદિ પરિણામ પોતાના કબજામાં આવેલા છે. એટલે કે પોતાને આધીન થઇને રાગાદિ પરિણામ પેદા થયા કરે. આ રીતે જીવન જીવતાં જીવતાં લાંબાકાળ સુધી આવું જીવન જીવાયા કરે એવો સંસ્કાર પાડવાનો પ્રયત્ન કરતો જાય છે. એના પ્રતાપે જીવ સમકીતની પ્રાપ્તિ કરી એ સમ્યક્ત્વને ૬૬ સાગરોપમ કાળ સુધી ટકાવી શકે છે. એ ૬૬ સાગરોપમ કાળ સુધીમાં મનુષ્યપણામાં પ્રયત્ન કરી જો પોતાના આત્માનું સંપૂર્ણ શુધ્ધ સ્વરૂપ પેદા કરી દે તો તો એને સંસારમાં રહેવું પડતું નથી. પણ જો એ ૬૬ સાગરોપમ કાળ સુધીમાં પોતાનું સંપૂર્ણ સ્વરૂપ શુધ્ધ ન કરી શકે તો સંસારમાં રહીને પોતે એવી રીતે જીવન જીવતો થાય છે કે જેમ બને તેમ વહેલામાં વહેલું સિધ્ધિગતિમાં જવાય એવો પ્રયત્ન કરતો જાય છે. આથી દુર્ગતિના દ્વાર બંધ થાય છે અને જ્યાંસુધી સિધ્ધિગતિને પ્રાપ્ત ન કરે ત્યાંસુધી સદ્‌ગતિને પ્રાપ્ત કરતો કરતો આરાધનામાં આગળ વધતો વધતો સંખ્યાતા ભવોમાં જીવ પોતાના આત્માનું

સંપૂર્ણ શુધ્ધ સ્વરૂપ પેદા કરી શકે છે.

અનુકૂળ પદાર્થોમાં સુખની બુધ્ધિવાળા જીવો કષાયની મંદતા કરતાં કરતાં શુભ પ્રવૃત્તિવાળા બને છે. શુભ વિચારો કરતાં થાય છે, શુભ વચનો બોલતાં થાય છે અને કાયાથી શુભ પ્રવૃત્તિઓ નિરતિચારભાવે કરતાં કરતાં નવમા ગ્રૈવેયકના સુખને પ્રાપ્ત કરી શકે છે તો પણ એમના અંતરમાંથી વિષય અને કષાયનો રસ અલ્પ થતો ન હોવાથી અલ્પ કરવાની ભાવના પણ પેદા થતી ન હોવાથી એ જીવોને અશુભ ભાવો વિષયના અને કષાયના વિચારોના સુખને વિષે સ્થિર થતાં જાય છે કે જેના પ્રતાપે આટલી સુંદર આરાધના કરવા છતાં પણ શુધ્ધ પરિણામ પેદા કરવાની ભાવના પણ પેદા થઇ શકતી નથી તેમજ શુધ્ધ પરિણામ પેદા કરીને આત્માના સુખની અનુભૂતિ ક્યારે કરતો થાઉં આવી વિચારણા પણ પેદા થઇ શકતી નથી માટે જ જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે એટલે કે શ્રવણ ભગવાન મહાવીર મહારાજાએ નિર્વાણ સમયે સોળ પ્રહર સુધી સળંગ દેશના આપી એ દેશનામાં છેલ્લે છેલ્લે કહ્યું કે હવે પાંચમા આરામાં મારા શાસનમાં એકવીશ હજાર વરસ સુધીમાં ૫૫,૫૫,૫૫,૫૫૫ આટલા આચાર્યો નરકે જવાના છે. કારણ કે શાસનમાં સંયમ લઇને આરાધના કરતાં કરતાં આચાર્યપદ સુધી પહોંચશે પણ અંતરમાંથી વિષય અને કષાયનો રસ મંદપડેલો ન હોવાથી એની લાલસાના પ્રતાપે શુધ્ધ પરિણામ પેદા કરવાની ઇચ્છા પેદા થશે નહિ. એના પ્રતાપે આટલા આચાર્યો નરકે જવાના છે. માટે જ્ઞાનીઓએ આજ્ઞામાંજ ધર્મ કહ્યો છે. એવીજ રીતે ૬૬,૬૬,૬૬,૬૬૬ એટલા સાધુઓ નરકે જવાના છે. ૭૭,૭૭,૭૭,૭૭૭ એટલા સાધ્વીઓ નરકે જવાના છે. ૮૮,૮૮,૮૮,૮૮૮ એટલા શ્રાવકો નરકે જવાના છે. અને ૯૯,૯૯,૯૯,૯૯૯ એટલી શ્રાવીકાઓ નરકે જવાની છે. જૈનશાસનમાં આજ્ઞા મુજબ ધર્મ કહેલો હોવાથી અહિંસા એ ધર્મ છે એમ કહેવાય નહિ, અપરિગ્રહમાં ધર્મ છે એમ પણ કહેવાય નહિ પણ ભગવાનની આજ્ઞા એજ ધર્મ એમ કહેલું છે. કારણ કે કેટલાક અનુષ્ઠાનોને વિષે હિંસા પણ રહેલી હોય છે છતાં પણ એ અનુષ્ઠાનો શુધ્ધ પરિણામ પેદા કરવામાં સહાયભૂત થતાં હોવાથી એને ઉપાદેય તરીકે

પણ કહેલા છે અને કેટલાક અનુષ્ઠાનો અહિંસાવાળા હોવાછતાંય અપરિગ્રહ રૂપે હોવાછતાંય એને ધર્મરૂપે પણ કહેલો નથી. કારણ કે એવી અહિંસા અને એવો અપરિગ્રહ હેય રૂપે પણ કહેલો હોય છે. માટે જૈનશાસનને સમજવા માટે સૂક્ષ્મ બુધ્ધિ પેદા થાય તોજ સારી રીતે સમજી શકે. આથી જ્ઞાની ભગવંતો કહે છે કે એકલી શુભ ક્રિયાઓ કરવી તે આત્મકલ્યાણનું કારણ બનતી નથી પણ પુણ્યબંધનું કારણ બને છે. પણ એ શુભ ક્રિયાઓ કરતાં કરતાં શુધ્ધ પરિણામ પેદા કરવાની ઇચ્છા હોય અને એનું લક્ષ અંતરમાં બેઠેલું હોય તો જે દિવસે ક્રિયા કરતાં કરતાં શુધ્ધ પરિણામની સ્પર્શના થાય ત્યારે સમજવું કે આ ક્રિયા મને આત્મકલ્યાણમાં સહાયભૂત થઇ રહેલી છે. માટે કોઇની ક્રિયાઓને જોઇને કે આપણી ક્રિયાઓના વખાણ કરવાના નથી. આંતરિક અહોભાવ કે અનુમોદના પણ કરવાની નથી એના પરિણામોને જાણવાનો પ્રયત્ન કરવો જોઇએ. જ્યાંસુધી એ પરિણામોને સમજવાનો પ્રયત્ન કરવામાં નહિ આવે ત્યાંસુધી સાચા સુખની રૂચિ અંતરમાં પેદા થઇ શકશે નહિ. જે જીવો શુધ્ધ પરિણામ પામવાની ઇચ્છાથી શુભ પ્રવૃત્તિઓ કરી રહેલા હોય છે અને શુધ્ધ પરિણામની આંશિક અનુભૂતિ કરી રહેલા હોય છે એવા જીવોને પણ મિથ્યાત્વ ગુણસ્થાનકમાં મૂકેલા છે. કારણ કે હજી એ જીવોને છોડવાલાકચ પદાર્થોમાં છોડવાલાયકની બુધ્ધિ પેદા થયેલી નથી. માત્ર અનુકૂળ પદાર્થોની સામગ્રીજ અથવા ઇચ્છિત પદાર્થોની સામગ્રી દુઃખરૂપ છે એવો પ્રયત્ન કરી રહેલા છે. હજી એ સુખોને છોડવાની વાત એમના અંતરમાં નથી માટે મિથ્યાત્વ ગુણસ્થાનકમાં એ જીવોને મૂકેલા છે. સમકિતી જીવોની કક્ષા છોડવાલાયક પદાર્થોમાં છોડવાલાયક બુધ્ધિ પેદા થયેલી હોવાથી એ જીવોને સાધુપણું પામવાની ઇચ્છા અંતરમાં પેદા થયેલી હોય છે માટે એવા જીવોને કેજીના ક્લાસની કક્ષાવાળા કહેવાય છે. આટલું પણ તમને અંતરમાં લાગ્યું છે ખરું ? અત્યારે અમારે પણ રોજ વિચાર કરવાનો છે કે સાધુપણું લઇને બેઠા છીએ પરંતુ હજી સાધુપણું આપણામાં છે કે નહિ એની રોજ વિચારણા કરવાની છે અને એથી સાધુપણું નથી પણ એ સાધુપણાને લાવવાનો અભ્યાસ કરું છું એની સાધના

કરું છું, એમ અમારે માનવાનું છે અને તમારે પણ એજ રોજ વિચારવાનું કે ભગવાને કહેલું શ્રાવકપણું હજી અમારામાં આવ્યું નથી એ શ્રાવકપણાને લાવવા માટેનો અભ્યાસ કરું છું અને એની સાધના કરી રહેલો છું એ રીતની રોજ વિચારણા કરવાની કહેલી છે.

(૧) એકેન્દ્રિયજીવોથી શરુ કરીને અપર્યાપ્તા અસન્ની પંચેન્દ્રિય જીવો સુધીના જીવો તેમજ સન્ની પંચેન્દ્રિય અપર્યાપ્તા જીવો સામાન્ય રીતે સમયે સમયે નામકર્મની પ્રકૃતિઓનો બંધ કર્યાજ કરે છે. તેમાં જે પુણ્યપ્રકૃતિઓ બાંધે છે તે પુણ્યપ્રકૃતિઓ નીચે જણાવેલી પુણ્યપ્રકૃતિઓમાંથી કોઇને કોઇ પુણ્યની પ્રકૃતિઓનો બંધ બંધરૂપે અનુબંધ રૂપ સમયે સમયે કર્યા જ કરે છે. એ પ્રકૃતિઓના નામો ૩૦ છે. મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, ઔદારિક શરીર, તૈજસ શરીર, કાર્મણ શરીર, ઔદારિક અંગોપાંગ, પહેલું સંઘયણ, પહેલું સંસ્થાન, શુભ વર્ણ, શુભ ગંધ, શુભ રસ, શુભ સ્પર્શ, શુભ વિહાયોગતિ, મનુષ્યાનુપૂર્વી, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉધોત, અગુરુલઘુ, નિર્વાણ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, સુખ, શુભક, સુસ્વર, આદેય અને યશ. પરંતુ આ જીવો આ પુણ્યપ્રકૃતિઓ અનુબંધરૂપે બાંધી શકતા નથી. કારણ કે આ જીવોને અનાદિકાળથી અશુભ પ્રકૃતિઓનો તીવ્રરસ ઉદયમાં રહેલો હોય છે અને એના પ્રતાપે અશુભ પ્રકૃતિઓ અનુબંધરૂપે બાંધી શકે છે પણ શુભ પ્રકૃતિઓને અનુબંધ રૂપે બાંધી શકતા નથી કેમકે એનો પરિણામ પ્રાપ્ત થઇ શકતો નથી. આથી નિશ્ચિત એ થાય છે કે આ જીવો સમુર્ચ્છિમ રૂપે રહેલા હોવાથી પાપપ્રકૃતિઓ અનુબંધ રૂપે બાંધી સંસારમાં ભટક્યાજ કરે છે. જ્યારે એમાંથી એ જીવો સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તપણાને પ્રાપ્ત કરે અને પુણ્યાનુબંધી પુણ્ય બાંધે ત્યારપછીજ એટલે કે ધર્મ પામવાની ઇચ્છા પેદા કરે ત્યારે પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. એટલે કે શુભ પ્રકૃતિઓ અનુબંધ રૂપે બાંધી શકે છે અથવા માતા-પિતાની નિઃસ્વાર્થ ભાવે સેવા કરવાથી જીવો પુણ્યાનુબંધી પુણ્ય બાંધી શકે છે. તેમજ નિઃસ્વાર્થ ભાવે પ્રાણીઓની દયા કરવાથી અને જ્ઞાન ગર્ભિત વૈરાગ્યભાવ પેદા કરવાથી જીવો શુભ પ્રકૃતિઓને અનુબંધ રૂપે

બાંધી શકે છે. આથી એ નિશ્ચિત થાય છેકે ધર્મ પામવા માટે પુણ્યાનુબંધી પુણ્ય ઉદયમાં જોઇએ જ. કારણ કે સુખ દુઃખરૂપ લાગે તોજ ધર્મ પામવાનો અધ્યવસાય પ્રાપ્ત થઇ શકે. જ્યાંસુધી ઇચ્છિત પદાર્થોનું સુખ દુઃખરૂપ લાગે નહિ ત્યાંસુધી ધર્મક્રિયાઓ થઇ શકે પરંતુ ધર્મ પામવાની ઇચ્છા પેદા થઇ શકતી નથી.

(૨) સન્ની પર્યાપ્તા મનુષ્યો પુણ્યની ૩૭ પ્રકૃતિઓમાંથી કોઇને કોઇ પ્રકૃતિઓનો બંધ સમયે સમયે કર્યા કરે છે.

(૩) સન્ની પર્યાપ્તા તિર્યંચો નામકર્મની ૩૭ પ્રકૃતિઓમાંથી તીર્થંકરનામકર્મ આહારક શરીર અને આહારક અંગોપાંગ આ ત્રણ પ્રકૃતિ સિવાયની બાકીની ૩૪ પ્રકૃતિઓમાંથી કોઇને કોઇ પ્રકૃતિઓનો બંધ અનુબંધ વગર અથવા અનુબંધપૂર્વક કર્યા કરે છે.

(૪) નારકીના જીવો અને દેવોના જીવો નામકર્મની ૩૦ પ્રકૃતિઓમાંથી કોઇને કોઇ પ્રકૃતિઓનો બંધ બંધરૂપે અથવા અનુબંધ રૂપે સમયે સમયે કર્યા કરે છે. તે ૩૦ પ્રકૃતિઓના નામ આ પ્રમાણે છે. મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, ઔદારિક શરીર, તૈજસ શરીર, કાર્મણ શરીર, ઔદારિક અંગોપાંગ, પહેલું સંઘયણ, પહેલું સંસ્થાન, શુભ વર્ણ, શુભ ગંધ, શુભ રસ, શુભ સ્પર્શ, મનુષ્યાનુપૂર્વી, શુભવિહાયોગતિ, પરાઘાત, ઉચ્છવાસ, ઉદ્યોત, અગુરુલઘુ, જિનનામ અને નિર્વાણ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, શુભક, સુસ્વર, આદેય અને યશ. જે જીવોએ મનુષ્યગતિને વિષે ક્ષયોપશમ સમકિતના કાળમાં અથવા ક્ષાયિક સમકિતના કાળમાં જીનનામકર્મ નિકાચીત કરેલ હોય અને એ જીનનામની નિકાચનાની સાથે નરકગતિમાં ઉત્પન્ન થતાં હોય તો નરકગતિને વિષે એ જીવો જીનનામકર્મ સમયે સમયે બાંધ્યાજ કરે છે. એવા જીવોને આશ્રયીને જીનનામકર્મનો બંધ સમજવો. ક્ષયોપશમ સમકિતી જીવો જીનનામકર્મની નિકાચના કરી નરકમાં જતા હોય ત્યારે મનુષ્યગતિમાં પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકને પ્રાપ્ત કરી મિથ્યાત્વ ગુણસ્થાનક લઇ નરકમાં ઉત્પન્ન થાય છે અને એક અંતર્મુહૂર્તમાં પર્યાપ્ત થતાની સાથેજ મિથ્યાત્વ

ગુણસ્થાનકમાંથી ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ કરે છે. માટે આવા જીવોને એક અંતર્મુહૂર્ત સુધી જીનનામકર્મનો બંધ ચાલુ રહેતો નથી. ત્યારપછીના બાકીના બધા કાળમાં સમયે સમયે જીનનામકર્મનો બંધ ચાલુજ હોય છે અને ક્ષાયિક સમકીતી જીવો જીનનામકર્મની નિકાચના કરેલી હોય એ જીવો ક્ષાયિક સમકીત સાથે નરકગતિમાં ઉત્પન્ન થતા હોવાથી અને ચોથા ગુણસ્થાનકથી નીચે ઉતરતા ન હોવાથી સમયે સમયે જીનનામકર્મનો બંધ ચાલુને ચાલુજ હોય છે. દેવગતિને વિષે જે જીવોએ મનુષ્યગતિમાં જીનનામની નિકાચના કરેલી હોય એવા ક્ષયોપશમ સમકિતી અને ક્ષાયિક સમકીતી જીવો વૈમાનિક દેવલોકમાં ઉત્પન્ન થાય છે અને એ વૈમાનિક દેવલોકમાં સમકીત સાથે ઉત્પન્ન થતા હોવાથી એ જીવોને સમયે સમયે જીનનામકર્મનો બંધ ચાલુને ચાલુ જ હોય છે. જીનનામકર્મની નિકાચનાવાળા જીવો નરકમાં ઉત્પન્ન થાય તો એકથી ત્રણ નરક સુધી ઉત્પન્ન થાય છે પણ એનાથી આગળની નરકગતિને વિષે ઉત્પન્ન થઇ શકતા જ નથી. દેવલોકને વિષે વૈમાનિક દેવલોક સિવાય બીજા દેવલોકને વિષે જિનનામની નિકાચના વાળા જીવો ઉત્પન્ન થતા જ નથી. કોઇકવાર કોઇક અપવાદ એવો બને છે કે કોઇ જીવોએ ભવનપતિનું આયુષ્ય બાંધી દીધેલું હોય અને પછી ક્ષયોપશમ સમકિતના કાળમાં જીનનામની નિકાચના કરેલી હોય તો ક્ષયોપશમ સમકીત સાથે ભવનપતિ દેવમાં ઉત્પન્ન થઇ શકે છે પણ ત્યાં જીનનામકર્મનો બંધ હોતો નથી માટે ત્યાં જીનનામકર્મ બંધાતુજ નથી.

## પ્રકૃતિઓનું વર્ણન

**(૧) મનુષ્યગતિ :-** જે જીવોને મનુષ્યના આયુષ્યના ઉદયની સાથે મનુષ્યક્ષેત્ર તરફ લઇ જાય અને મનુષ્યના ક્ષેત્રમાં સુખ અને દુઃખનું વેદન કરાવતાં કરાવતાં જીવન જીવાડવામાં સહાયભૂત થાય એને મનુષ્યગતિ નામકર્મ કહેવાય છે.

સામાન્ય રીતે તેઉકાય, વાઉકાય અને સાતમી નારકીના જીવો

સિવાયના બાકીના કોઇપણ જીવ મનુષ્યાયુષ્યનો બંધ કરીને જ્યારે પોતાનું ભોગવાતું આયુષ્ય પૂર્ણ થાય ત્યાર પછી તે ક્ષેત્રને વિષે મનુષ્યાયુષ્યનો ઉદય શરૂ થાય છે. એ મનુષ્યાયુષ્યનો ઉદય શરૂ થતાં જીવને એ આયુષ્યને ભોગવવા માટે મનુષ્યક્ષેત્ર તરફ લઇ જાય એટલે કે ૪૫ લાખ યોજન મનુષ્ય ક્ષેત્રને વિષે ૧૦૧ ક્ષેત્રો જે આવેલા છે એમાંના કોઇપણ ક્ષેત્રને વિષે જીવને લઇ જવામાં સહાયભૂત થાય એ મનુષ્યગતિ નામકર્મ કહેવાય છે અને એની સાથેને સાથેજ મનુષ્યાનુપૂર્વી પણ એ તરફ લઇ જવામાં સહાયભૂત બને છે. આ મનુષ્યગતિમાં એટલે કે એક ક્ષેત્રમાં આવ્યા પછી જીવને સુખનુ કે દુઃખનું વેદન પેદા કરાવતાં કરાવતાં જીવન જીવાડવામાં સહાયભૂત થતાં થતાં પોતાના ક્ષેત્રમાંથી બીજા ક્ષેત્રમાં લઇ જવામાં સહાયભૂત ન થાય એને મનુષ્યગતિ નામકર્મ કહેવાય છે.

કેટલાક જીવોને મનુષ્યાયુષ્યનો બંધ કરતાં કરતાં મનુષ્યાયુષ્યના બંધની સાથેજ તિર્યંચગતિ નામકર્મનો બંધ પડેલો હોય તો જેટલા કાળ સુધી તિર્યંચગતિ ભોગવવા લાયક બાંધેલી હોય એટલા કાળ સુધી વચમાં મનુષ્યાયુષ્યના ઉદયકાળમાં એ તિર્યંચગતિ નામકર્મને અવશ્ય ભોગવવી જ પડે છે. જેમકે ચંદરાજા કુકડો થયો એ કુકડાના અવતારમાં એમનું શરીર કુકડા રૂપે બન્યું તે વખતે મનુષ્યાયુષ્યનો ઉદય ચાલુ હોય છે. એ ચંદરાજાના જીવે પૂર્વભવે મનુષ્યાયુષ્યનો બંધ કરતાં વચમાં મનુષ્યગતિને બદલે તિર્યંચગતિ નામકર્મ અઢાર વર્ષ સુધી ભોગવવા લાયક બાંધી એના પ્રતાપે અઢાર વર્ષ સુધી કુકડા રૂપે મનુષ્યાયુષ્યના ઉદયકાળમાં એટલો કાળ પસાર કર્યો. એવી રીતે જીવો મનુષ્યાયુષ્યનો બંધ કરતાં કરતાં વચમાં તિર્યંચગતિ નામકર્મ બાંધે તો આ રીતે તિર્યંચગતિ નામકર્મ મનુષ્યાયુષ્યની સાથે અવશ્ય ભોગવવી જ પડે છે.

મનુષ્યગતિનો બંધ ચારેગતિના જીવો કરે છે. એકમાત્ર તેઉકાય વાઉકાયના જીવો અને સાતમી નારકીમાં રહેલા પહેલા અને બીજા ગુણસ્થાનકમાં રહેલા જીવો મનુષ્યગતિ નામકર્મનો બંધ કરતા જ નથી.

જ્યારે બાકીના બધાજ જીવો મનુષ્યગતિનો બંધ કર્યાજ કરે છે. એટલે કે સમયે સમયે જે જે ગતિનો બંધ ચાલતો હોય તે તે ગતિના બંધની સાથે પરાવર્તમાન રૂપે મનુષ્યગતિનો બંધ થયા જ કરે છે. સામાન્ય રીતે મનુષ્યગતિનો બંધ એકથી ચાર ગુણસ્થાનક સુધી કહેલો છે. એમાં પહેલા અને બીજા ગુણસ્થાનક સુધી ચારેગતિના જીવો મનુષ્યગતિનો બંધ કરી શકે છે. જ્યારે ત્રીજા અને ચોથા ગુણસ્થાનકમાં રહેલા મનુષ્ય અને તિર્યંચો મનુષ્યગતિનો બંધ કરતા જ નથી. કારણ કે એ જીવોને પરિણામ એવા વિશુધ્ધ રૂપે બનેલા હોય છે કે જેના પ્રતાપે દેવગતિ સિવાય બીજી ગતિનો બંધ એ ગુણસ્થાનકમાં હોતો જ નથી. માટે ત્રીજા અને ચોથા ગુણસ્થાનકમાં મનુષ્ય અને તિર્યંચો મનુષ્યગતિનો બંધ કરતાં જ નથી. જ્યારે દેવતા અને નારકીના જીવો દેવગતિના બંધને યોગ્ય અધ્યવસાય પ્રાપ્ત થતા ન હોવાથી એ જીવોને જે વિશુધ્ધિ રહેલી હોય છે એ વિશુધ્ધીના કાળમાં મનુષ્યગતિનો જ બંધ થયા કરે છે. એટલે કે દેવતા અને નારકીના જીવો ત્રીજા અને ચોથા ગુણસ્થાનકમાં જેટલા કાળ સુધી રહેલા હોય એટલા કાળ સુધી સતત મનુષ્યગતિનોજ બંધ કરે છે. મનુષ્યગતિનો ઉદય એકથી ચૌદગુણસ્થાનક સુધી હોય છે. ચૌદમા ગુણસ્થાનકે રહેલા જીવો ચાર અઘાતી કર્મોનો સંપૂર્ણ નાશ કરે તેમાં મનુષ્યગતિનો ઉદય પણ નાશ પામી જાય છે. માટે એ જીવ સિધ્ધિ ગતિને પામે છે. એટલે કે ગતિરહિત બનીને સિધ્ધિગતિ નામની પાંચમી ગતિને પ્રાપ્ત કરે છે કે જ્યાં ગયા પછી જીવને કોઇકાળે સંસારમાં પાછું આવવાનું બનતું નથી. જે સમયથી સકલકર્મથી રહિત જીવ બને છે તે સમયથી સાદી અનંતકાળ સુધી સિધ્ધિગતિ રૂપે જીવ સદા માટે રહેલો હોય છે. મનુષ્યગતિની સત્તા ચૌદમા ગુણસ્થાનકના અંત સમય સુધી હોય છે. એ પણ જીવો જ્યારે ચાર અઘાતીકર્મોનો ચૌદમા ગુણસ્થાનકે અંત કરતા હોય તે વખતે નામકર્મનો અંત થતાં મનુષ્યગતિનો પણ સત્તામાંથી સંપૂર્ણ અંત થાય છે. માટે ત્યાંસુધી એની સત્તા ગણેલી છે. વર્તમાનમાં પાંચમો આરો ચાલે છે માટે પાંચ ભરત અને પાંચ ઐરવત ક્ષેત્રને વિષે મનુષ્યગતિને પામેલા જીવો વધારેમાં વધારે

સાતમા ગુણસ્થાનક સુધીજ મનુષ્યગતિના ઉદયને ભોગવી શકે છે. જ્યારે પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં રહેલા જીવો મનુષ્યગતિનો ઉદય ચૌદમા ગુણસ્થાનક સુધી પણ ભોગવી શકે છે. બાકીની ત્રીશ અકર્મભૂમિ અને ૫૬ અંતરદ્વીપ એ ૮૬ ક્ષેત્રનો વિષે રહેલા મનુષ્યો મનુષ્યગતિનો ઉદય ચાર ગુણસ્થાનક સુધી ભોગવી શકે છે. કારણ કે એ જીવોને પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનકનો પરિણામ પ્રાપ્ત થઇ શકતો જ નથી. વધારેમાં વધારે એ જીવો સમકિતની પ્રાપ્તિ કરી શકતા હોવાથી ચોથા ગુણસ્થાનક સુધીજ મનુષ્યગતિના ઉદયને ભોગવી શકે છે.

**(૨) દેવગતિ નામકર્મ :-** દેવાયુષ્યના ઉદયની સાથે મોટેભાગે સઘળાય શુભ પુદ્ગલોનો ઉદય જીવને પ્રાપ્ત થાય એને દેવગતિ નામકર્મ કહેવાય છે. આ દેવગતિ નામકર્મનો ઉદય અનેક પ્રકારના તરતમતાના રસવાળી હોય છે. ભવનપતિ વ્યંતરના દેવો કરતાં જ્યોતિષી દેવોની દેવગતિ કાંઇક વિશેષ રસવાળી ગણાય છે એના કરતાં વૈમાનિક દેવોમાં રહેલા દેવોની દેવગતિ એનાથી વિશેષ રસવાળી ગણાય છે. એ વૈમાનિકના દેવોમાં ક્રમસર ઉર્ધ્વલોકમાં અધિક અધિક એક એક દેવલોકને વિષે દેવો રહેલા હોય છે. એ દેવોની દેવગતિ નામકર્મના ઉદયનો રસ વિશેષ વિશેષ તરતમતા વાળો રહેલો હોય છે અને છેલ્લામાં છેલ્લી દેવગતિનો ઉત્કૃષ્ટ રસ અનુત્તરમાં રહેલા દેવોને વિષે રહેલો હોય છે. એ પાંચ અનુત્તરમાં પણ સૌથી વિશેષ સારામાં સારી રસવાળી દેવગતિ સર્વાર્થ સિધ્ધ વિમાનમાં રહેલા દેવોને ઉદયમાં હોય છે. માટે દેવગતિનો ઉદય એનો રસ તરતમતા વાળો હોવાથી એના અસંખ્યાતા ભેદ પડે છે.

દેવગતિનો બંધ અસન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચો બાંધી શકે છે. તેમજ સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચો અને સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા મનુષ્યો એનો બંધ કરે છે. પહેલા ગુણસ્થાનકમાં આ ત્રણે પ્રકારના જીવો દેવગતિનો બંધ બાકીની ગતિઓની સાથે પરાવર્તનરૂપે બાંધી શકે છે. બીજા ગુણસ્થાનકે સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચો દેવગતિનો બંધ મનુષ્યગતિ અને તિર્યંચગતિની

સાથે પરાવર્તમાનરૂપે બાંધી શકે છે. ત્રીજાથી પાંચમા ગુણસ્થાનક સુધી સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચો દેવગતિનો બંધ સતત નિયમા બાંધે છે. સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા મનુષ્યો પહેલા ગુણસ્થાનકે દેવગતિનો બંધ બાકીની ત્રણગતિની સાથે પરાવર્તમાન રૂપે બાંધે છે. બીજા ગુણસ્થાનકે રહેલા સન્ની પર્યાપ્તા મનુષ્યો તિર્યંચગતિ અને મનુષ્યગતિની સાથે પરાવર્તમાનરૂપે દેવગતિનો બંધ કરે છે અને ત્રીજા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી દેવગતિનો બંધ સતત બાંધ્યા કરે છે. જેમ જેમ ઉપરના ગુણસ્થાનકે જીવ ચઢતો જાય છે તેમ તેમ પરિણામની વિશુધ્ધિ પેદા થતી હોવાથી એ દેવગતિનો બંધ પુણ્યાનુબંધી પુણ્યરસે તરતમતા રૂપે બાંધ્યા કરે છે.

નરકગતિમાં રહેલા જીવો અને દેવગતિમાં રહેલા જીવો પોતાના ભવ પ્રત્યયથી દેવગતિનો બંધ કરતાં જ નથી માટે એ જીવોને દેવગતિ બંધાતી નથી.

**દેવગતિનો ઉદય :-** દેવગતિનો ઉદય એકથી ચાર ગુણસ્થાનક સુધી જ હોય છે કારણ કે આ જીવોને અવિરતિનો ઉદય એટલો બધો ગાઢ પેદા થયેલો હોય છે કે જેના કારણે દેશવિરતિનો પરિણામ પણ પ્રાપ્ત કરી શકતા જ નથી. કદાચ દેશવિરતિના પરિણામને પામવામાં નજીકના કાળ સુધી પહોંચવાનો પ્રયત્ન કરે તો છેલ્લે અંતર્મુહૂર્તે પણ ફરીથી પાછી અવિરતિ એવી જોરદાર રસે બંધાય છે કે જેના કારણે એ દેશવિરતિના પરિણામને પ્રાપ્ત કરી શકતા જ નથી. માટે આ જીવોને એકથી ચાર ગુણસ્થાનક સુધીજ ઉદય કહેલો છે. દેવગતિની સત્તા એકથી ચૌદમા ગુણસ્થાનકના ઉપાન્ત્ય સમય સુધી અથવા દ્વિચરમ સમય સુધી સત્તા હોય છે. એટલે કે ચૌદમા ગુણસ્થાનકના અંત સમયે દેવગતિની સત્તા હોતીજ નથી.

ચારગતિમાંથી નરકગતિ અને તિર્યંચગતિ મોટેભાગે દુઃખ ભોગવવા લાયક રૂપે રહેલી હોવાથી કે જ્યાં દુઃખ ઘણું હોય છે અને સુખ ક્વચિત જ હોય છે માટે એ બે પ્રકૃતિઓને પાપપ્રકૃતિઓ રૂપે કહેલી છે જ્યારે મનુષ્યગતિને વિષે મોટેભાગે દુઃખ પણ હોતું નથી અને મોટેભાગે સુખ પણ હોતું નથી.

કોઇવાર સુખ પણ હોય કોઇવાર દુઃખ પણ હોય કેટલીક વાર કોઇને દુઃખ વધારે હોય તો સુખ ઓછું હોય કેટલીક વાર કોઇને સુખ વધારે હોય તો દુઃખ ઓછું હોય છે. માટે સુખનો ભોગવટો તિર્યંચગતિની અપેક્ષાએ લાંબાકાળ સુધી રહેલો હોવાથી મનુષ્યગતિને પુણ્યપ્રકૃતિ રૂપે કહેલી છે. જ્યારે દેવગતિને વિષે મોટેભાગે શુભ પુદ્‌ગલોનોજ ઉદય રહેલો હોવાથી એને પુણ્યપ્રકૃતિ રૂપે કહેવાય છે. આ રીતે પુણ્યપ્રકૃતિ રૂપે એ બે પ્રકૃતિઓ ચારગતિમાંથી કહેલી છે અને જીવ મનુષ્યગતિમાં પુરૂષાર્થ કરીને જો સારો કાળ હોય તો ક્રમસર ગુણસ્થાનકની વિશુધ્ધિને પ્રાપ્ત કરતો કરતો ક્ષપકશ્રેણિ માંડી મોહનો નાશ કરી વીતરાગ દશાને પામી ક્ષાયિક ચારિત્રની પ્રાપ્તિ કરી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મનો સંપૂર્ણ ક્ષય કરીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે છે અને એ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કર્યા પછી તેરમા ગુણસ્થાનકના અંતે યોગનિરોધ કરીને અયોગી અવસ્થાને પ્રાપ્ત કરે છે. એ અયોગી અવસ્થામાં વેદનીય કર્મ, નામકર્મ, ગોત્રકર્મ અને આયુષ્યકર્મ આ ચારે કર્મોનો સંપૂર્ણ નાશ કરીને જીવ પાંચમી સિધ્ધિ ગતિને પ્રાપ્ત કરી શકે છે. આ રીતે મનુષ્યગતિને વિષે જીવ જો ધારે તો પોતાના સંપૂર્ણ શુધ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરીને સાદી અનંતકાળને પ્રાપ્ત કરી શકે છે.

**(૩) પંચેન્દ્રિય જાતિ :-** અનાદિકાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવો મોટેભાગે એક ઇન્દ્રિયના ઉપયોગવાળાજ હોય છે. એટલે કે એક સ્પર્શેન્દ્રિય ઉપયોગ રૂપે રાખીને અનંતોકાળ પસાર કરે છે. સામાન્ય રીતે અવ્યવહાર રાશિથી શરુ કરીને સંસારમાં રહેલા સઘળાય જીવોને પાંચે ઇન્દ્રિયનો ક્ષયોપશમ ભાવ લબ્ધિરૂપે સત્તામાં રહેલો હોય છે એમાંથી જ્યારે જીવ જેમ જેમ વ્યવહાર રાશિને પ્રાપ્ત કરીને અકામ નિર્જરા કરતો કરતો અને પુણ્યનો બંધ કરતો કરતો એકઠા કરેલા પુણ્યથી ક્રમસર એક એક ઇન્દ્રિયને વિશેષ રીતે પ્રાપ્ત કરતો જાય છે એટલે કે એક ઇન્દ્રિયના ઉપયોગવાળા જીવોને એક સ્પર્શેન્દ્રિય ઉપયોગરૂપે હોય છે અને લબ્ધિરૂપે પણ રહેલી હોય છે. બાકીની ચાર ઇન્દ્રિયો જે રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય,

ચક્ષુરીન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય આ ચાર ઉપયોગરૂપે કદી હોતી નથી. પણ લબ્ધિરુપે સત્તામાં રહેલીજ હોય છે. જ્યારે એ જીવ અકામ નિર્જરા કરતો કરતો અનંતુ પુણ્ય ભેગું કરે ત્યારે બીજી રસનેન્દ્રિયને પ્રાપ્ત કરી શકે છે. એના કરતાં અનંતુ પુણ્ય અધિક ભેગુ કરે ત્યારે એ જીવ ત્રીજી ધ્રાણેન્દ્રિયને પ્રાપ્ત કરી શકે છે. એવીજ રીતે એનાથી અનંતુ પુણ્ય અધિક બાંધીને ભેગુ કરે ત્યારે એ જીવ ચઉરીન્દ્રિયપણા એટલે કે ચાર ઇન્દ્રિયો ઉપયોગ રૂપે પરાવર્તમાન કરી શકે એવો ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત કરી શકે છે અને જ્યારે એના કરતા અનંતગણુ અધિક પુણ્ય જીવ પ્રાપ્ત કરે એટલે કે બાંધીને એકઠું કરે ત્યારે એ જીવ શ્રોત્રેન્દ્રિયને પ્રાપ્ત કરે છે. એટલે પાંચે ઇન્દ્રિયનો ક્ષયોપશમ ભાવ ઉપયોગ રૂપે પરાવર્તમાન થઇ શકે એવી શક્તિ પ્રાપ્ત કરી શકે છે. એનાથી અનંતુ પુણ્ય અધિક બાંધીને ભેગુ કરે ત્યારે એ જીવ પાંચ ઇન્દ્રિયના ઉપયોગની સાથે દ્રવ્યમન પ્રાપ્ત કરી શકે છે. એટલે કે જગતમાં રહેલા મનોવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી મનરૂપે એટલે વિચાર રૂપે પરિણમાવી વિસર્જન કરવાની શક્તિ જીવ પ્રાપ્ત કરી શકે છે. આવી શક્તિવાળા જીવોને સન્ની જીવો કહેવાય છે. આ રીતે પાંચે ઇન્દ્રિયનો ક્ષયોપશમ ભાવ ઉપયોગરુપે પ્રાપ્ત થવો એને પંચેન્દ્રિય જાતિ પણ પ્રાપ્ત થયેલું છે એમ કહેવાય છે. એકેન્દ્રિયથી માંડીને ચઉરીન્દ્રિય સુધીના જીવો અને મન વગરના પંચેન્દ્રિય જીવો એ બધા જીવો જગતમાં રહેલા મનોવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી મન રૂપે એટલે વિચાર રૂપે પરિણમાવવાની શક્તિ પ્રાપ્ત કરતા ન હોવાથી એ જીવોને સમુર્ચ્છિમ જીવો કહેવાય છે. જ્યાંસુધી જીવો સમુર્ચ્છિમ પણે રહેલા હોય છે ત્યાંસુધી એ જીવોને સમજાવવા માટે અને આત્મકલ્યાણ કરવાના લક્ષ માટે તીર્થંકરો પણ કાંઇજ કામ કરી શકતા નથી. એટલે કે તીર્થંકરોની વાણીના શબ્દો એ જીવોને પણ કોઇપણ જાતિની અસર કરી શકતી નથી. માત્ર સન્ની પંચેન્દ્રિયપણું પ્રાપ્ત કરેલું હોય એવા પંચેન્દ્રિય જાતિમાં રહેલા જીવોનેજ તીર્થંકર પરમાત્માની વાણીના શબ્દો જો એનામાં યોગ્યતા હોય તો એ શબ્દોથી જીવ પોતાના આત્માના ગુણોને પેદા કરવા માટે પ્રયત્ન કરતો જાય છે. એ ગુણોને દૂર

કરવા અથવા એને ઢાંકવામાં ઉપયોગી જો કોઇપણ ચીજ હોય તો મોહનીય કર્મોનો ઉદય એ જ વિશેષ રીતે કામ કરતો હોય છે. એ મોહનીય કર્મમાં વિશેષ રીતે ગાઢ મિથ્યાત્વ મોહનીય કર્મ કામ કરતું હોય છે. આ બધી ઓળખાણ જો જીવ પ્રાપ્ત કરી શકે તો પંચેન્દ્રિય જાતિપણું પ્રાપ્ત કરીને એની સાથે સન્નીપણું પ્રાપ્ત કરેલું હોય તોજ એ જીવ એ ઓળખાણને ઓળખી શકે છે અને એની ઓળખાણ કર્યા પછી જીવ યોગ્યતા પેદા કરતો કરતો મોહનીય કર્મને દબાવવા માટે સૌથી પહેલો પ્રયત્ન કરતો જાય છે.

એકેન્દ્રિયથી શરુ કરીને પંચેન્દ્રિય સુધીના સઘળાય જીવો ઉપયોગથી સદા માટે એકેન્દ્રિયજ કહેવાય છે. કારણ કે એક અંતર્મુહૂર્ત સુધી કોઇપણ જીવને કોઇપણ એક ઇન્દ્રિયનોજ ઉપયોગ રહી શકે છે પણ અધિક ઇન્દ્રિયોનો ઉપયોગ રહેતો નથી. જેમકે એકેન્દ્રિય જીવોમાં એક ઇન્દ્રિય ઉપયોગ રૂપે સ્પર્શેન્દ્રિય રહેલી હોવાથી એ જીવોને તો એક સ્પર્શેન્દ્રિયનો ઉપયોગ સદા માટે રહેલો ગણાય છે. બેઇન્દ્રિય જીવોને સ્પર્શેન્દ્રિય અને રસનેન્દ્રિય આ બે ઇન્દ્રિયનો ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત થયેલો હોવાથી ઉપયોગ રૂપે એક એક અંતર્મુહૂર્તે સ્પર્શેન્દ્રિય અને રસનેન્દ્રિય પરાવર્તમાનરૂપે થયા કરતો હોય છે એટલે કે જ્યારે બેઇન્દ્રિય જીવોને સ્પર્શેન્દ્રિયનો ઉપયોગ ચાલતો હોય છે ત્યારે રસનેન્દ્રિયનો ઉપયોગ હોતો નથી જ્યારે રસનેન્દ્રિયનો ઉપયોગ ચાલતો હોય છે ત્યારે સ્પર્શેન્દ્રિયનો ઉપયોગ હોતો નથી. એવીજ રીતે તેઇન્દ્રિય જીવોને વિષે સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય આ ત્રણ ઇન્દ્રિયનો ક્ષયોપશમ ભાવ ઉપયોગરૂપે પ્રાપ્ત થયેલો હોય છે. એમાં એક એક અંતર્મુહૂર્તે ત્રણે ઇન્દ્રિયનો ક્ષયોપશમ ભાવ પરાવર્તમાનરૂપે ચાલ્યા કરતો જ હોય છે એટલે કે જ્યારે એ જીવોને સ્પર્શેન્દ્રિયનો ઉપયોગ હોય ત્યારે રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિયનો ઉપયોગ હોતો નથી. રસનેન્દ્રિયનો ઉપયોગ ચાલતો હોય ત્યારે સ્પર્શેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિયનો ઉપયોગ હોતો નથી અને ઘ્રાણેન્દ્રિયનો ઉપયોગ ચાલતો હોય ત્યારે સ્પર્શેન્દ્રિય અને રસનેન્દ્રિયનો ઉપયોગ રહેતો નથી આ રીતે એક એક અંતર્મુહૂર્તે ત્રણે ઇન્દ્રિયનો ક્ષયોપશમ ભાવ પરાવર્તમાન

રૂપે ચાલ્યા જ કરતો હોય છે. એજ રીતે ચઉરીન્દ્રિય જીવોને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરીન્દ્રિય આ ચારે ઇન્દ્રિયો ક્ષયોપશમ ભાવે ઉપયોગ રુપે એક એક અંતર્મુહૂર્તે પરાવર્તમાન થયા કરે એવો ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત થાય છે. એટલે આ જીવોને જ્યારે સ્પર્શેન્દ્રિયનો ઉપયોગ ચાલતો હોય ત્યારે રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરીન્દ્રિયનો ઉપયોગ હોતો નથી. રસનેન્દ્રિયનો ઉપયોગ ચાલતો હોય ત્યારે સ્પર્શેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરીન્દ્રિયનો ઉપયોગ હોતો નથી. જ્યારે ઘ્રાણેન્દ્રિયનો ઉપયોગ ચાલતો હોય ત્યારે સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય અને ચક્ષુરીન્દ્રિયનો ઉપયોગ હોતો નથી અને જ્યારે ચક્ષુરીન્દ્રિયનો ઉપયોગ ચાલતો હોય ત્યારે સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિયનો ઉપયોગ હોતો નથી. અસન્ની પંચેન્દ્રિય જીવોને વિષે પાંચે ઇન્દ્રિયનો ક્ષયોપશમ ભાવ જીવોને પ્રાપ્ત થાય છે પણ એ ક્ષયોપશમ ભાવ એક એક અંતર્મુહૂર્તે પરાવર્તમાન રૂપે પ્રાપ્ત થઇ શકે એવો ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત થયેલો હોય છે. એટલે કે આ જીવોને સ્પર્શેન્દ્રિયનો ઉપયોગ હોય ત્યારે બાકીની ચાર ઇન્દ્રિયનો ઉપયોગ હોતો નથી. રસનેન્દ્રિયનો ઉપયોગ ચાલતો હોય ત્યારે સ્પર્શેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરીન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય આ ચાર ઇન્દ્રિયનો ઉપયોગ હોતો નથી. ઘ્રાણેન્દ્રિયનો ઉપયોગ ચાલતો હોય ત્યારે સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ચક્ષુરીન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય આ ચારનો ઉપયોગ હોતો નથી. ચક્ષુરીન્દ્રિયનો ઉપયોગ ચાલતો હોય ત્યારે સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિયનો ઉપયોગ હોતો નથી અને જ્યારે શ્રોત્રેન્દ્રિયનો ઉપયોગ ચાલતો હોય ત્યારે બાકીની ચાર ઇન્દ્રિયનો ઉપયોગ હોતો નથી. આ રીતે એક એક અંતર્મુહૂર્તે પાંચે ઇન્દ્રિયનો ઉપયોગ પરાવર્તમાન રૂપે ચાલતો રહેતો હોવાથી ઉપયોગથી જીવો એકેન્દ્રિયજ કહેવાય છે. સન્ની પંચેન્દ્રિય જીવોને પાંચે ઇન્દ્રિયનો ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત થયેલો હોય છે તે પણ ઉપયોગથી એક એક અંતર્મુહૂર્તે પરાવર્તમાન રૂપે એકજ ઇન્દ્રિયનો ઉપયોગ રહેલો હોય છે. ક્રિયા પાંચે ઇન્દ્રિયની ચાલતી હોય પણ ઉપયોગ તો પાંચમાંથી કોઇપણ એકમાંજ રહેલો હોય છે. જેમકે સુગંધી દ્રવ્યો નાંખીને મસાલાથી ભરપૂર

સ્વાદમાં અનુકૂળ રહે એવી અને સ્પર્શેન્દ્રિયને સ્પર્શ ગમે એવી સુગંધથી ઘ્રાણેન્દ્રિયને ગમે એવી ચક્ષુરીન્દ્રિયથી જોવી ગમે એવી અને શ્રોત્રેન્દ્રિયથી એ જે પૂરી અથવા તલપાપડી, તલસાંકળી જે બનાવેલી હોય એનો અવાજ ખાતા ખાતા પેદા થાય એવી બનાવેલી હોય તો તે વખતે સ્પર્શેન્દ્રિયને સ્પર્શ પણ થાય છે, રસનેન્દ્રિયથી સ્વાદ અનુભવાય છે, ઘ્રાણેન્દ્રિયથી ગંધ પરખાય છે. ચક્ષુરીન્દ્રિયથી એ પદાર્થ જોવો ગમે છે અને શ્રોત્રેન્દ્રિયથી બલુકા બોલે છે. આ રીતે પાંચેની ક્રિયા એકસાથે રહેલી હોવાછતાંય જે જે જીવોને જે જે ઇન્દ્રિયોમાં અનુકૂળતા વિશેષ લાગે એ ઇન્દ્રિયોનો ઉપયોગ એક એક અંતર્મુહૂર્તે પરાવર્તમાન થયાજ કરતો હોય છે. જેમકે સ્પર્શ જેને સારો લાગતો હોય એને તે વખતે પદાર્થ ખાતા ખાતા જીભની સાથે સ્પર્શ થતાં એ સ્પર્શના ઉપયોગમાં આનંદ આવતો હોય છે. કેટલાક જીવો સ્વાદવાળા હોય અને સ્વાદમાં આનંદ આવતો હોય તો આ પદાર્થ કેવો સરસ બન્યો છે એમ રસનેન્દ્રિયના ઉપયોગમાં રહેલો હોય છે. કેટલાક જીવો ગંધ સુંદર રીતે આવતી હોય એના કારણે ગંધના ઉપયોગમાં રહીને એ પદાર્થનો ખાવામાં ઉપયોગ કરતો હોય તો એના વખાણ કરે છે. કેટલાક જીવો એ પદાર્થને જોવામાં આનંદ માનતા હોય તો એને તે વખતે ચક્ષુરીન્દ્રિયનો ઉપયોગ છે એમ કહેવાય છે અને કેટલાક જીવોને એનો જે શબ્દનો અવાજ આવતો હોય એ પદાર્થના અવાજથી આનંદ અનુભવતા હોય તો એ જીવોને તે વખતે શ્રોત્રેન્દ્રિયનો ઉપયોગ છે એમ કહેવાય છે. આ રીતે ક્રિયા પાંચે ઇન્દ્રિયની એક સાથે ચાલુ હોવાછતાંય ઉપયોગ એક એક અંતર્મુહૂર્તે ઇન્દ્રિયોનો ફરતો રહેતો હોવાથી પાંચમાંથી કોઇપણ એક ઇન્દ્રિયનોજ ઉપયોગ એકસાથે એકજીવને રહી શકે છે. માટે જ્ઞાની ભગવંતોએ ઉપયોગથી જગતના સંસારી સઘળાય જીવોને એકેન્દ્રિય કહેલા છે.

દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી એમાં ચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી ચઉરીન્દ્રિયજીવોથી શરુ કરીને ચઉરીન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોને ચક્ષુનો ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત થાય છે. એ પણ સંપૂર્ણ ક્ષયોપશમ

ભાવ પ્રાપ્ત થતો નથી. એવીજ રીતે અચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી એકેન્દ્રિય જીવોને એકેન્દ્રિયનો, બેઇન્દ્રિય જીવોને બેઇન્દ્રિયનો, તેઇન્દ્રિય જીવોને ત્રણ ઇન્દ્રિયોનો ક્ષયોપશમ ભાવ ઉપયોગથી પરાવર્તમાનરૂપે ચાલ્યા કરે એવો પ્રાપ્ત થાય છે. ચઉરીન્દ્રિય જીવોને પહેલી ત્રણ ઇન્દ્રિયનો ક્ષયોપશમ ભાવ એજ રીતે પ્રાપ્ત થાય છે. પંચેન્દ્રિય જીવોને પહેલી ત્રણ ઇન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય એમ ચાર ઇન્દ્રિયનો ક્ષયોપશમ ભાવ ઉપયોગ રુપે પરાવર્તમાન કરી શકે એવો ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત થાય છે.

સંસારી જીવોને સંસારમાં પરિભ્રમણ કરતા કરતા અનંતુ પુણ્ય ભેગુ થયેલું હોય તો સન્નીપણાની સાથે પાંચ ઇન્દ્રિયની પૂર્ણતા પ્રાપ્ત થઇ શકે છે. એ સન્નીપણાની સાથે પાંચ ઇન્દ્રિયની પૂર્ણતા પ્રાપ્ત થવી એને જ્ઞાની ભગવંતોએ પુણ્યપ્રકૃતિ રૂપે કહેલી છે. કારણ કે જ્યાંસુધી પંચેન્દ્રિયની પૂર્ણતા જીવને પ્રાપ્ત ન થાય ત્યાંસુધી એ જીવો અનાદિકાળથી સંસારને વિષે પરિભ્રમણ કરતાં કરતાં અનુકૂળ પદાર્થોના ગાઢ રાગ અને પ્રતિકૂળ પદાર્થોના ગાઢ દ્વેષના વિચારોનેજ આજ ખરેખરું સુખ છે એજ મેળવવા યોગ્ય છે એને માટે જેટલી મહેનત કરીશું તો આપણે જરૂર એ સંપૂર્ણ સુખને પ્રાપ્ત કરી શકીશું આવી વિચારણા કરતો કરતો પોતાનો જીવનકાળ પસાર કરતો જાય છે. પણ એ જે સુખ જરૂર પ્રાપ્ત કરીશું અને એજ સુખ ખરેખરું સર્વસ્વ સુખ છે આ બુધ્ધિ એજ આત્માને દુઃખ પેદા કરાવનારી છે, દુઃખ આપનારી છે અને દુઃખની પરંપરા વધારનારી આજ વિચારસરણી છે એ રીતની ઓળખ સન્નીપણાની સાથે પંચેન્દ્રિયની પૂર્ણતા પ્રાપ્ત થાય અને જીવ જો પુરુષાર્થ કરે અને યોગ્યતા પેદા કરતો જાય તોજ એ ઓળખ પ્રાપ્ત કરીને એનાથી ચઢીયાતુ સુખ બીજું જગતમાં છે એવો એને ખ્યાલ આવે છે. એ ખ્યાલ આવતા એ સુખને ઓળખવા માટે, ઓળખીને એને મેળવવા માટે, મેળવીને એની અનુભૂતિ પેદા કરવા માટે પુરુષાર્થ એ સન્નીપણાની સાથે પાંચે ઇન્દ્રિયની પૂર્ણતા પ્રાપ્ત થયેલી હોય તોજ જીવો કરી શકે છે. માટે જ્ઞાની ભગવંતોએ પાંચે ઇન્દ્રિયની પૂર્ણતા એ પુણ્યપ્રકૃતિ રૂપે કહેલી છે. આજે આપણને પાંચે ઇન્દ્રિયની પૂર્ણતા પ્રાપ્ત થયેલી

છે. એની સાથે સાથે લાંબુ આયુષ્યપણ પ્રાપ્ત થયેલું છે. શક્તિ મુજબ આપણે સૌ આરાધના પણ કરીએ છીએ એ આરાધના કરતાં કરતાં ઇચ્છિત પદાર્થોનું સુખ એટલે કે અનુકૂળ પદાર્થોનું સુખ એજ મારા આત્માને માટે દુ:ખરૂપ છે, દુ:ખને પેદા કરાવનારું છે અને દુ:ખની પરંપરા મારા આત્માની જો વધારનાર હોય તો આજ ઇચ્છિત પદાર્થો છે એવું આપણને લાગે છે ખરું ? આ જ્યારે આપણને અંતરમાં લાગે ત્યારે સહજ રીતે વિચાર આવે કે આનાથી ચઢીયાતુ સુખ બીજુ જગતમાં જરૂર હોવું જોઇએ અને એ સુખ મારા આત્મામાં રહેલું છે એ ઇષ્ટ પદાર્થનું સુખ કહેવાય છે. એ ઇષ્ટ પદાર્થનું સુખ મેળવવા માટે એની અનુભૂતિ આંશિક પેદા કરવા માટે ઇચ્છિત પદાર્થોનું સુખ જરૂર વિઘ્નરૂપે બને છે. માટે મારે ઇચ્છિત પદાર્થોના સુખની ઇચ્છાઓને સંયમીત કરતા થવું જોઇએ. જેટલી હું સંયમીત કરતો થઇશ એટલું ઇષ્ટ પદાર્થનું સુખ મેળવવા માટેની ઇચ્છા એની રુચિ એનો અભિલાષ અંતરમાં સહજ રીતે વધતો જશે અને ખરેખરું સુખ એ ઇષ્ટપદાર્થનુંજ છે એવું અંતરમાં વિશ્વાસપૂર્વક બરોબર લાગશે. જ્યાંસુધી આ રીતે ઇચ્છિત પદાર્થોના સુખની ઓળખ પેદા કરીએ નહિ ત્યાંસુધી ઇષ્ટપદાર્થના સુખને મેળવવાની ઇચ્છા પણ અંતરથી પેદા થશે નહિ. આ રીતે જ્યારે ઇષ્ટપદાર્થના સુખને મેળવવાની ઇચ્છાવાળો જીવ બને ત્યારે એ જીવ મોક્ષની રૂચિવાળો, મોક્ષના અભિલાષવાળો, શુધ્ધયથાપ્રવૃત્તકરણના પરિણામને પ્રાપ્ત થયેલો અપુર્નબંધકદશાના પરિણામને પ્રાપ્ત થયેલો છે એમ કહેવાય છે. આ બધા એકાર્થવાચી શબ્દો છે. આ રીતે જ્યારે ઇષ્ટપદાર્થના સુખના અભિલાષવાળો જીવ થાય ત્યારપછી ક્રમસર એ સુખને મેળવવાની મહેનત કરતો કરતો આગળ વધતો વધતો અનુકૂળ પદાર્થોના ગાઢ રાગની અને પ્રતિકૂળ પદાર્થોના ગાઢ દ્વેષની આત્મામાં જે ગ્રંથી રહેલી છે એ ગ્રંથીનો ભેદ કરે છે. એ ભેદ થાય એટલે ભગવાને કહેલા જગતમાં રહેલા તત્વોને સૂક્ષ્મ બુધ્ધિથી જાણવાનો ક્ષયોપશમ ભાવ અંતરમાં પેદા થાય છે અને એ જાણતો જાણતો જીવ આત્મામાં રહેલા ક્ષયોપશમ ભાવે [illegible]ામના ગુણને એક અંતર્મુહૂર્તમાં પ્રાપ્ત કરે છે. જે ઉપશમ સમકિત

અથવા ક્ષયોપશમ સમકિત આ બે સમકીતમાંથી કોઇપણ સમકીતની પ્રાપ્તિ કરી શકે છે. જ્યારે આ સમકીતની પ્રાપ્તિ થાય છે ત્યારે એ જીવના અંતરમાં છોડવાલાયક પદાર્થો પ્રત્યે છોડવા લાયકની બુધ્ધિ અને ગ્રહણ કરવાલાયક પદાર્થો પ્રત્યે ગ્રહણ કરવા લાયકની બુધ્ધિ સ્થિર થતી જાય છે. આથી આત્મિક ગુણને પેદા કરવામાં સહાયભૂત થનાર જે જે ગુણો જે જે પ્રવૃત્તિઓ જેમ જેમ જાણતો જાય છે તેમ તેમ એ ગુણોને પેદા કરવા માટે કઇ કઇ પ્રવૃત્તિઓ કરતો રહુ તો એ ગુણોની પ્રાપ્તિ જલ્દી થાય એવો અભિલાષ સદા માટે રહેલો હોય છે અને આ રીતે એ પરિણામની સ્થિરતા પ્રાપ્ત કરતો કરતો ક્ષયોપશમ સમકીતને લાંબાકાળ સુધી સાચવીને, ટકાવતો જાય ત્યાર પછી સારોકાળ આવે અને એ સારાકાળમાં મનુષ્યગતિને વિષે પંચેન્દ્રિયની પૂર્ણતા પ્રાપ્ત કરી ક્ષયોપશમ સમકીતના કાળના પરિણામમાં આગળ વધતો વધતો જો બીજા કોઇ નિકાચીત કર્મો બાંધેલા ન હોય તો જીવ પુરુષાર્થ કરતો કરતો અનંતાનુબંધી ચાર કષાયોનો નાશ કરે છે. એટલે કે પોતાના અસંખ્ય આત્મપ્રદેશો ઉપર અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભના જે જે પુદ્‌ગલો રહેલા હોય એ બધા પુદ્‌ગલોનો સંપૂર્ણ નાશ કરે છે, ત્યારપછી મિથ્યાત્વમોહનીય સંપૂર્ણ પુદ્‌ગલોનો નાશ કરે છે, ત્યાર પછી મિશ્રમોહનીયના સંપૂર્ણ પુદ્‌ગલોનો નાશ કરે છે, ત્યારપછી સમ્યક્ત્વ મોહનીયના પુદ્‌ગલોનો સંપૂર્ણ નાશ કરવાની તૈયારી કરતો કરતો ઉદયમાં ભોગવતો ભોગવતો સંપૂર્ણ નાશ કરે ત્યારે એ જીવ ક્ષાયિક સમકીતની પ્રાપ્તિ કરે છે. આ ક્ષાયિક સમકીતની પ્રાપ્તિ થયે જો પૂર્વભવનું આયુષ્ય બંધાયેલું ન હોય અથવા તીર્થંકર નામકર્મ નિકાચીત કરેલું ન હોય તો એજ ભવમાં ચારિત્ર મોહનીય કર્મની એકવીશ પ્રકૃતિઓનો નાશ કરવા માટે ક્ષપક શ્રેણિની શરુઆત કરે છે. એટલે જીવ સાતમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે અને ત્યારપછી આઠમા અપૂર્વકરણ નામના ગુણસ્થાનકને પ્રાપ્ત કરી જે ક્રમ મુજબ ચારિત્ર મોહનીય કર્મની પ્રકૃતિઓનો નાશ કરવાનો હોય છે એ પ્રકૃતિઓનો એજ ક્રમ મુજબ ગોઠવવાની તૈયારી કરે છે. આ રીતે ગોઠવીને તૈયાર કરેલી પ્રકૃતિઓને નવમા ગુણસ્થાનકમાં

જીવ પ્રાપ્ત થઇ ત્યાં વીશ પ્રકૃતિઓનો નાશ કરે છે અને છેલ્લી સંજ્વલન લોભ ખપાવવાની બાકી હોય છે એને ખપાવવા માટે એટલે કે નાશ કરવા માટે જીવ દશમા ગુણસ્થાનકના પરિણામને પ્રાપ્ત કરી સંજ્વલન લોભના સઘળાય પુદ્ગલોનો સંપૂર્ણ નાશ કરે છે. ત્યારે એ જીવ બારમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે અને ત્યાં ક્ષાયિક ચારિત્રની પ્રાપ્તિ કરે છે. એ ગુણસ્થાનકમાં રહીને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયકર્મના સઘળાય પુદ્ગલોનો નાશ કરી જીવ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે છે. એટલે કે તેરમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે. એ તેરમા ગુણસ્થાનકના અંતે મન, વચન, કાયાના યોગના સંપૂર્ણ વ્યાપારનો નાશ કરી એટલે કે યોગનિરોધ કરીને ચૌદમા અયોગી ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે ત્યાં એ જીવ વેદનીય કર્મ નામકર્મ, ગોત્રકર્મ, અને આયુષ્યકર્મનો સંપૂર્ણ નાશ કરી જીવ અનીદ્રિય એટલે ઇન્દ્રિયરહિતપણું પ્રાપ્ત કરે છે જેને સિધ્ધિગતિ કહેવાય છે અથવા મોક્ષ કહેવાય છે. આ રીતે પંચેન્દ્રિય જાતિને પ્રાપ્ત કરીને જીવ પહેલા ગુણસ્થાનકથી એનો સદુપયોગ કરતો કરતો યાવત્ સારાકાળમાં ચૌદમા ગુણસ્થાનક સુધી પહોંચીને જાતિ રહિત એટલે કે અનીદ્રિયપણાને પ્રાપ્ત કરી શકે છે અથવા ઇન્દ્રિયરહિત બની શકે છે. કારણ કે અનાદિકાળથી જગતમાં રહેલા સંસારી જીવો ઇન્દ્રિયરહિત હોતાજ નથી. એક ઇન્દ્રિયતો સદા માટે જીવોને રહેલીજ હોય છે માટે સંપૂર્ણ ઇન્દ્રિયરહિત થવું હોય એ થવા માટે પ્રયત્ન કરવો હોય તો પંચેન્દ્રિયપણું સન્નીપણાની સાથે પ્રાપ્ત થયેલું હોય અને પાછો સારોકાળ હોય તોજ જીવ પ્રયત્ન કરીને આગળ વધી શકે છે અને ઇન્દ્રિયરહિતપણું પ્રાપ્ત કરી શકે છે.

[ સન્નીપણાની સાથે પાંચ ઇન્દ્રિયની પૂર્ણતા પ્રાપ્ત થતાં જો એનો આત્મિક ગુણ પેદા કરવામાં અને સંપૂર્ણ શુધ્ધ સ્વરૂપ પેદા કરવાનું લક્ષ રાખીને ઉપયોગ કરવામાં ના આવે તો એ પાંચે ઇન્દ્રિયનો જીવ દુરુપયોગ કરતો કરતો પોતાના હાથેજ પોતાનો સંસાર વધારતો જાય છે] એટલે કે પંચેન્દ્રિયપણું સન્નીની સાથે એને મળવું દુર્લભ થઇ જાય છે. દુરૂપયોગ કરનાર જીવોને સંખ્યાતા કાળ સુધી અથવા અસંખ્યાતા કાળ સુધી અથવા અનંતા કાળ સુધી સન્નીપણાની સાથે

પાંચે ઇન્દ્રિયોની પૂર્ણતા મળવી દુર્લભ થઇ જાય છે અને પાંચ ઇન્દ્રિયનો દુરૂપયોગ કરતા કરતા એજીવ સંસારમાં દુઃખ ભોગવવા માટે, દુઃખનું ઉપાર્જન સંખ્યાતા કાળ સુધી અસંખ્યાતા કાળ સુધીનું નારકીના દુઃખોને ભોગવવા માટેનું ઉપાર્જન કરે છે અર્થાત્ દુઃખોને પેદા કરે છે. તે આ રીતે- સન્નીની સાથે પંચેન્દ્રિયપણું પ્રાપ્ત થતાં એ જીવ સ્પર્શેન્દ્રિયના આઠ વિષયો કે જે જ્ઞાની ભગવંતોએ ગુરૂસ્પર્શ, લઘુસ્પર્શ, શીતસ્પર્શ, ઉષ્ણસ્પર્શ, સ્નિગ્ધસ્પર્શ, રુક્ષસ્પર્શ, મૃદુસ્પર્શ અને કર્કશસ્પર્શ આ આઠ સ્પર્શના જે જે અનુકૂળ પદાર્થો પ્રાપ્ત થાય તેમાં રાગાદિ પરિણામ કરવો એ એનો દુરૂપયોગ કહેવાય છે. એજ રીતે પ્રતિકૂળ સ્પર્શવાળા પદાર્થો પ્રાપ્ત થતાં એમાં નારાજી પેદા કરવી એ પણ દુરૂપયોગ કહેવાય છે. આ રીતે રાજીપો અને નારાજી પેદા કરતો કરતો જીવ પોતાના આત્માનો સંસાર વધારતો જાય છે. એ આઠ સ્પર્શના ૯૬ વિકારો જ્ઞાની ભગવંતોએ કહેલા છે. સચિત્ત પદાર્થ, અચિત્ત પદાર્થ અને મિશ્ર પદાર્થ એ ત્રણ પ્રકારના પદાર્થો એમાં રાગ પૈદા કરવો અને દ્વેષ પેદા કરવો એ રીતે ત્રણને બેએ ગુણાકાર કરતાં ૬ ભેદ થાય છે અને એ ૬માં રાજીપો કરવો અને નારાજી કરવી એ બે એ ગુણાકાર કરતાં ૧૨ ભેદ થાય છે. આઠ સ્પર્શેન્દ્રિના વિષયોના ભેદની સાથે આ ૧૨ને ગુણાકાર કરીએ એટલે ૯૬ ભેદ એ સ્પર્શેન્દ્રિના વિકારો રૂપે કહેવાય છે. આ ૯૬ ભેદોમાંથી કોઇને કોઇ ભેદોને વિષે રાગાદિ પરિણામ કરવા સારાપણું અને ખરાબપણું વિચારણા રૂપે પેદા કર્યા કરવું એને સ્પર્શેન્દ્રિયનો દુરૂપયોગ કહેવાય છે. સન્નીપણાને પ્રાપ્ત કર્યા પછી પણ આ રીતે સ્પર્શેન્દ્રિનો દુરૂપયોગ જીવ જેટલો વધારેકાળ કરતો જાય છે એટલો જ એ જીવ પોતાના હાથેજ પોતાના આત્માને દુઃખ ભોગવવા લાયક સંસાર વધારતો જાય છે અને એ રીતે દુરૂપયોગ કરતાં કરતાં રાગાદિ પરિણામની તીવ્રતા પેદા કરતાં કરતાં ઉત્કૃષ્ટ રસબંધ અને ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પણ સાથે સાથે કરતો જાય છે કારણ કે સન્નીપણાની સાથે ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ જીવોને વિશેષ રીતે પેદા થતો જાય છે. આજ રીતે રસનેન્દ્રિયના પાંચ વિષયો - કડવો, તીખો, તુરો, ખાટો અને મીઠો એ પાંચ રસ એ રસનેન્દ્રિયના પાંચ વિષયો ગણાય છે. તેને રાગાદિ પરિણામથી

સચિતાદિ ત્રણ ભેદથી અને સારાપણા અને નરસાપણાથી એમ બાર ભેદે ગુણાકાર કરતાં ૬૦ ભેદ વિકારોના પેદા થાય છે. એની સાથે સાથે લવણ એટલે મીઠું સબરસમાં ગણાય છે. એના પણ બારભેદ સાથે ઉમેરતા વીકારોના ૭૨ ભેદો થાય છે. આ ૭૨ ભેદોના કોઇપણ ભેદના વિચારોમાં જેટલો પોતાનો કાળ પસાર કરે છે અને એનાં રાગાદિ પરિણામ કરતો જાય છે તેનાથી જીવ પોતેજ પોતાના આત્માની સાથે રહેલા કર્મોને વિશેષ રીતે બાંધતો જાય છે અને અશુભ કર્મો તીવ્રરસે અને ઉત્કૃષ્ટ સ્થિતિથી બંધાતા જાય છે. આ રીતે રસનેન્દ્રિયના પાંચ વિષયો અને તેના ૭૨ વિકારો જ્ઞાની ભગવંતોએ કહેલા છે. ત્રીજી ઇન્દ્રિય ઘ્રાણેન્દ્રિય, એ ઘ્રાણેન્દ્રિયના વિષયો બે ભેદ રૂપે છે. સુગંધ અને દુર્ગંધ. એ બે વિષયોમાં રાગ કરવો અને દ્વેષ કરવો સચિત પદાર્થ અચિત પદાર્થ અને મિશ્ર પદાર્થ રૂપે એની વિચારણાઓ કરવી આ રીતે બે વિષયોને છએ ગુણાકાર કરતાં ૧૨ ભેદ વિકારોના થાય છે. આ સુગંધ અને દુર્ગંધના પદાર્થોમાં જીવ રાગાદિ પરિણામ કરતો કરતો પોતાના આત્માનો સંસાર વધારતો જાય છે એને ઘ્રાણેન્દ્રિયનો દુરૂપયોગ કહેવાય છે. ચોથી ચક્ષુરીન્દ્રિય જેના પાંચ વિષયો કાળો વર્ણ, નીલો વર્ણ, લાલ વર્ણ, પીળો વર્ણ અને સફેદ વર્ણ આ પાંચ વર્ણવાળા જેટલા જેટલા પદાર્થો જગતને વિષે રહેલા છે એ પાંચે વર્ણો ચક્ષુરીન્દ્રિયના વિષયો કહેવાય છે. એ વિષયોને વિષે અનુકૂળ અને પ્રતિકૂળ રાગાદિ પરિણામ કર્યા કરવા અને તે સચિત્ત પદાર્થ પણ હોય અચિત્ત પદાર્થ પણ હોય અને મિશ્ર પદાર્થ પણ હોય આ રીતે બાર ભેદે પાંચે વિષયોને ગુણાકાર કરતાં ૬૦ ભેદ વિકારોના થાય છે. એ વિકારોને વિષે અને ચક્ષુરીન્દ્રિયના વિષયોને વિષે જીવો અનેક પ્રકારના રાગાદિ પરિણામ કરતાં કરતાં પોતેજ પોતાના આત્માનો સંસાર વધારતો જાય છે અને એ ચક્ષુરીન્દ્રિયથી સંખ્યાતા ભવો, અસંખ્યાતા ભવો કે અનંતા ભવો પોતાના આત્માના અનુબંધ રૂપે બાંધતો બાંધતો સંસારમાં પરિભ્રમણ કરવા માટે ચાલતો થાય છે. એટલે કે પોતાને મળેલું પંચેન્દ્રિયપણું દુર્લભ કરતો જાય છે. આ રીતે ચક્ષુરીન્દ્રિયના પાંચ વિષયો અને તેના ૬૦ વિકારોને વિષે જીવો મોટેભાગે એમાં

ગુંથાયેલા હોય છે. એ ચક્ષુરીન્દ્રિયનો દુરૂપયોગ કહેવાય છે. ત્યારપછી શ્રોત્રેન્દ્રિય એના ત્રણ વિષયો છે. સચિત્ત શબ્દો, અચિત્ત શબ્દો અને મિશ્ર શબ્દો. આ ત્રણે પ્રકારના શબ્દો રૂપે જીવોને વિષય શ્રોત્રેન્દ્રિયના જ ગણાય છે. આ ત્રણેને વિષે અનુકૂળ અને પ્રતિકૂળપણાને પેદા કરવું, રાગાદિ પરિણામ પેદા કરવા આથી ચારે ગુણાકાર કરતાં ૧૨ ભેદ શ્રોત્રેન્દ્રિયના વિકારોના થાય છે. આ રીતે કુલ સ્પર્શેન્દ્રિયના આઠ વિષય, રસનેન્દ્રિયના પાંચ વિષય, ઘ્રાણેન્દ્રિયના બે વિષય, ચક્ષુરીન્દ્રિયના પાંચ વિષય અને શ્રોત્રેન્દ્રિયના ત્રણ વિષય એમ ૨૩ વિષયો થાય છે. એ ૨૩ વિષયોના ૨૫૨ વિકારો થાય છે. સ્પર્શેન્દ્રિયના ૯૬ વિકારો, રસનેન્દ્રિયના ૭૨ વિકારો, ઘ્રાણેન્દ્રિયના ૧૨ વિકારો, ચક્ષુરીન્દ્રિયના ૬૦ વિકારો અને શ્રોત્રેન્દ્રિયના ૧૨ વિકારો એમ કુલ ૨૫૨ વિકારો થાય છે. આ રીતે સન્નીપણાને પ્રાપ્ત કરેલા જીવો પંચેન્દ્રિયની પૂર્ણતાવાળા જો પાંચે ઇન્દ્રિયનો ઉપયોગ આત્મિક ગુણ પેદા કરવામાં કરે નહી એટલે કે આત્મિક ગુણ પેદા કરવા માટે પ્રયત્નના ઉપયોગમાં લે નહિ તો અનાદિના સ્વભાવ મુજબ એ પાંચે ઇન્દ્રિયો જે પ્રાપ્ત થયેલી છે તે ૨૩ વિકારો અને ૨૫૨ વિકારોમાંથી જે જે અનુકૂળ વિષયોને વિકારો લાગે એની વિચારણાઓમાં, એના વચનો બોલવામાં અને કાયાથી એને મેળવવા આદિની પ્રવૃત્તિમાં પ્રવૃત્તિ કરતો જાય છે. સતત એની પ્રવૃત્તિ અનુકૂળ કેમ મેળવવું, ભોગવવું અને વધારવું એની વિચારણામાંજ રહેલો હોય છે. એવીજ રીતે પાંચે ઇન્દ્રિયના ૨૩ વિષયોમાંથી અને ૨૫૨ વિકારોમાંથી જે જે વિષયો અને વિકારો પ્રતિકૂળ લાગે એને મને પેદા ન થઇ જાય એની કાળજી રાખવામાં પેદા થયેલા હોય એવા પદાર્થોને દૂર કરવામાં અને ફરીથી ભવિષ્યમાં એવા પ્રતિકૂળ પદાર્થો પેદા ન થાય એની કાળજી રાખવામાં એના વિચારો કર્યાજ કરે છે. જરૂર પડે તો એના વચનો પણ બોલ્યાજ કરે છે અને કાયાથી એ પ્રતિકૂળતાઓ ના આવે એને માટે આવેલી હોય તો દૂર કરવા માટે પ્રયત્ન જીવ કરતો જ જાય છે. આ રીતે કાચી ઇન્દ્રિયનો અનુકૂળ અને પ્રતિકૂળ રૂપે વિચારોથી વચનોથી અને કાયાની પ્રવૃત્તિઓથી જે કાંઇ પ્રયત્ન કરવો એ ઇન્દ્રિયોનો દુરૂપયોગ

કહેવાય છે. એ દુરૂપયોગ જેટલો રસપૂર્વક જીવ કરતો જાય એનાથીજ એ જીવ એ પાંચે ઇન્દ્રિયની પૂર્ણતાને જલ્દી પ્રાપ્ત ન થાય એવા અનુબંધ રૂપે કર્મબંધ કરતો જાય છે અને પોતેજ પોતાના આત્માનો દુઃખરૂપ સંસાર, દુઃખનું ફળ આપનારો સંસાર અને દુઃખની પરંપરા વધારનારો સંસાર વધારતો જાય છે. આથી જો વર્તમાનમાં આપણને પાંચે ઇન્દ્રિયની પૂર્ણતા પ્રાપ્ત થયેલી છે તો એનાથી દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરતાં કરતાં દુરૂપયોગ ન થાય એની કાળજી રાખવાનું લક્ષ રાખીને કદાચ દુરૂપયોગ કરવો પડે તો જરૂર પૂરતો દુઃખતે હૈયે કરતાં કરતાં ક્યારે એવી તાકાત આવે કે મળેલી પંચેન્દ્રિયની પૂર્ણતાનો આત્મિક ગુણ પેદા કરવામાં પ્રયત્ન કરતો કરતો મારા આત્માનું સંપૂર્ણ શુધ્ધ સ્વરૂપ હું પેદા કરી એની અનુભૂતિ કરતો થાઉં. આવી ભાવના અને વિચારણા રૂપે લક્ષ રાખીને જો કદાચ પાંચે ઇન્દ્રિયનો દુરૂપયોગ જીવનમાં કરવો પડતો હશે તો દુઃખતે હૈયે કરતાં કરતાં એવી તાકાત આવશે કે દુરૂપયોગ બંધ કરીને સદ્ઉપયોગ કરતાં કરતાં અનીદ્રિયપણું વહેલામાં વહેલી તકે પ્રાપ્ત કરી શકીશું. બોલો વર્તમાનમાં જે કંઇ આરાધના કરી રહેલા છીએ એ પાંચે ઇન્દ્રિયના ૨૩ વિષયો અને ૨૫૨ વિકારો એના વિચારાદિથી છૂટવા માટેની વિચારણા ખરી ? જ્યાંસુધી આ વિચારણા અંતરમાં પેદા નહી થાય ત્યાંસુધી જે રીતે દુરૂપયોગ કરી રહેલા છીએ એનો રસ જરાય ઓછો થશે નહિ અને એ રસ ઓછો નહી થાય ત્યાંસુધી આત્મિકગુણ તરફનું લક્ષ પણ પેદા થઇ શકશે નહિ. માટે આરાધના કરતાં કરતાં જે કંઇ દુરૂપયોગ ઇન્દ્રિયોનો થઇ રહેલો છે એનો રસ કેમ ઘટતો જાય એવો પ્રયત્ન કરતાં શીખવું જોઇએ. તોજ ઇષ્ટપદાર્થના સુખને અથવા સાચા સુખની ઇચ્છા જીવને અંતરથી પેદા થતી જશે. એનેજ જ્ઞાની ભગવંતોએ મોક્ષનો અભિલાષ અને મોક્ષની રૂચિ કહેલી છે.

## શરીર નામકર્મ

**૪. શરીર :-** સમયે સમયે ક્ષીણ થયા કરે એટલે કે નાશ પામ્યા કરે તેને શરીર કહેવાય છે. અથવા ચય એટલે નાશ પામવું અને ઉપચય એટલે

પ્રવેશ કરવો. જેને વિષે સમયે સમયે અનંતા પુદ્ગલો બહાર નીકળીને નાશ પામતા જાય છે અને અનંતા પુદ્ગલો પ્રવેશ કરીને દાખલ થાય છે એવીજ એક પ્રક્રિયા જેને વિષે પેદા થાય એને શરીર કહેવાય છે.

અનાદિકાળથી સંસારમાં રહેલા જીવો સદા માટે શરીરથી યુક્તજ હોય છે. કોઇપણ સંસારી જીવ કોઇકાળે શરીર વગરનો હોતોજ નથી. જ્યારે એ જીવો પ્રયત્ન કરી શરીરમાં આવતા પુદ્ગલોને અટકાવે ત્યાર પછી શરીર રૂપે રહેલા પુદ્ગલોનો સંપૂર્ણ નાશ કરી શકે છે એટલે કે ત્યાર પછી જ એ જીવ અશરીરી બની શકે છે. જ્યાંસુધી શરીરને વિષે આવતા પુદ્ગલોનો અટકાવવાનો પ્રયત્ન ન કરે ત્યાંસુધી શરીર રૂપે રહેલા પુદ્ગલોનો સંપૂર્ણ નાશ જીવો કોઇકાળે કરી શકતા જ નથી. આથી તેરમા ગુણસ્થાનકના અંતે યોગ નિરોધ કરે ત્યારે શરીરમાં આવતા અનંતા પુદ્ગલોને એ જીવ રોકે છે અર્થાત્ પ્રવેશ અટકાવે છે. આ રીતે તેરમાના અંતે પ્રવેશ અટકે એટલે ચૌદમા ગુણસ્થાનકમાં રહેલા જીવો અયોગીપણાને પ્રાપ્ત કરે છે એ અયોગીપણામાં જે પોતાનું શરીર રહેલું છે એ શરીરના પુદ્ગલોનો નાશ કરે છે અને એની સાથે સાથે અઘાતી કર્મોનો સંપૂર્ણ નાશ કરીને જીવ અશરીરીપણાને પ્રાપ્ત કરે છે. આ અશરીરીપણું એજ આપણું મૂળ સ્વરૂપ છે. એ સ્વરૂપને અનાદિકાળથી શરીરના પુદ્ગલોએ દબાવેલું છે માટે સંસારી સઘળાય જીવો સશરીરી કહેવાય છે કે જે શરીરના પુદ્ગલો દ્વારા પોતાના સઘળા આત્મપ્રદેશો ઉપર આવરણ કરીને પોતાના સ્વરૂપને દબાવેલું છે. આથી નિશ્ચિત એ થાય છે કે વર્તમાનમાં આપણને મળેલું શરીર એ વાસ્તવિક રીતે આપણું પોતાનું સ્વરૂપ નથી. એ શરીર દ્વારા જ્યારે જીવ પોતાનું સ્વરૂપ સંપૂર્ણ પ્રગટ કરે ત્યારે એ જીવ સિધ્ધિ ગતિને પામે છે. એટલે કે અત્યાર સુધી એક સ્થાનેથી બીજે સ્થાને એમ ચૌદ રાજલોકને વિષે પરિભ્રમણ કરતો હતો તે પરિભ્રમણ એનું સંપૂર્ણ અટકી જાય છે.

વર્તમાનમાં જીવ મરણ પામીને એક સ્થાનેથી બીજે સ્થાને જાય તે વખતે પણ એ જીવ શરીર વગરનો કોઇકાળે હોતો નથી કારણ કે જીવની

સાથે તૈજસ શરીર અને કાર્મણ શરીર એ બંન્ને શરીરો સાથેને સાથે જ જાય છે. તૈજસ શરીર આહારના પુદ્‌ગલોને પચાવવામાં સહાયભૂત થાય છે અને કાર્મણ શરીર કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરીને કર્મરૂપે બનાવવામાં સહાયભૂત થાય છે. જ્યાંસુધી જીવો પોતાનું જીવન જીવવા માટે આધારરૂપ આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરીને ખલ અને રસરૂપે બનાવે છે અને એમાંથી રસવાળા પુદ્‌ગલોને ગ્રહણ કરી સંગ્રહ કરતો જાય છે તેમાંથી શક્તિ પેદા કરતો કરતો ઔદારિક શરીર અથવા વૈક્રીય શરીર બનાવતો જાય છે. એ ઔદારિક શરીર પોતેજ પોતાના પ્રયત્નથી બનાવેલું હોવાથી શરીર પ્રત્યેનું મમત્વ એ જીવને વિશેષ રીતે રહેલું હોય છે અને એ શરીર પ્રત્યેના મમત્વના કારણે શરીર પ્રત્યેનો રાગ જીવોને જગતમાં રહેલા બીજા અનુકૂળ પદાર્થો કરતાં વિશેષ રીતે રહેલો હોય છે. મારું શરીર પ્રતિકૂળ ન થઇ જાય, મારા શરીરમાં કોઇ રોગાદિ પેદા ન થઇ જાય, મારે જે રીતે એને કામે લગાડવું છે એ રીતે સારી રીતે કામે લગાડી શકાય અને કામે લગાડીને મને સારી રીતે ઉપયોગમાં આવે એવું મારું શરીર સદા માટે રહેવું જોઇએ. એ માટે એ જીવને પોતાના શરીરને સાચવવા માટે, ટકાવવા માટે, બગડી ન જાય એની કાળજી રાખવા માટે સતત અંતરમાં એની વિચારણા ચાલ્યાજ કરે છે. આ શરીરનો રાગ અનાદિકાળથી જીવને જ્યાં જ્યાં જે જે ગતિને વિષે જે શરીર પ્રાપ્ત કર્યા હોય તે શરીર પ્રત્યે બેઠેલો જ હોય છે અને એ રાગના પ્રતાપે બીજા બધા પદાર્થો કરતાં શરીરનું મમત્વ અંતરમાં વિશેષ રીતે રહેલું હોય છે અને જ્યાંસુધી આ રીતે શરીર પ્રત્યેનો રાગ અને મમત્વ રાખીને જીવન જીવતાં જીવતાં વચમાં વચમાં સારા અનુષ્ઠાનોનું સેવન પણ કરતા છતાં પણ આ મારું શરીર એ મારું પોતાનું સ્વરૂપ નથી પણ મારું પોતાનું સ્વરૂપ તો અશરીરીપણા રૂપે રહેલું છે એટલું પણ એ જીવને એ શરીરના રાગના કારણે યાદ આવવા દેતું નથી. એના કારણે જ્યારે જ્યારે કર્મ ખપાવવા માટે શરીરને કષ્ટ આપીને કર્મોની નિર્જરા કરવામાં સહાયભૂત થાય એવું હોય તે વખતે એ શરીરના રાગના કારણે જીવ પાછો પડે છે. કારણ કે અત્યારે ગમે તેટલું શરીરને કષ્ટ

આપીશ તો કંઇ સંપૂર્ણ કર્મ ખપવાના નથી. જ્યારે સારોકાળ આવશે અને એ કાળમાં સંપૂર્ણ કર્મો ખપી શકે એવી તાકાત આવશે તે વખતે શરીરને કષ્ટ આપીને કર્મને ખપાવીશું. માટે વર્તમાનમાં એવી કંઇ જોરદાર નિર્જરા આપણે કરવી નથી કે જેથી શરીરને દુઃખી કરતાં જઇએ આવી વિચારણા કરતો કરતો જીવ સત્વરહિત થતો જાય છે. એ શરીરના રાગ અને મમત્વના કારણે આત્માનું સત્વ ખીલવવાને બદલે આત્માની શક્તિ અને સત્વ દબાતું જાય છે અને જીવને કર્મનિર્જરા કરવામાં સહાયભૂત એ શરીરને થવા દેતું નથી. આથી શરીરના રાગના પ્રતાપે સારામાં સારા અનુષ્ઠાનોનું સેવન કરવા છતાં પણ શરીરને વધારે કષ્ટ ન પડે, શરીર દુઃખી ન થઇ જાય એની કાળજી રાખીને અનુષ્ઠાનોનું સેવન કરતો જાય છે. જેમકે દાન દે તો દાન દેતાં દેતાં પણ જો હું બધું આપી દઇશ તો ભવિષ્યમાં હું શું કરીશ, મારા શરીરને અને કુટુંબના શરીરને પણ હું કેવી રીતે જીવાડી શકીશ. આ વિચારણાના પ્રતાપે શરીરના રાગથી પોતાની શક્તિ મુજબનું દાન પણ કરી શકતો નથી. માટે દાન દેતા દેતા ધનની મૂર્છા જે ઘટવી જોઇએ અને એ ધનની મૂર્છા ઘટતા ઘટતા શરીરના રાગાદિ પરિણામ પણ ઘટવા જોઇએ એ ઘટી શકતા નથી. એવીજ રીતે શીલ પાલન કરતાં કરતાં ભોગાદીની લાલસાઓ અંતરમાંથી નાશ પામતી નથી. કારણ કે રોજ ભોગાદિ કરતાં રહીએ તો શરીર બગડી જાય, ખલાસ થઇ જાય અને હાવ નબળું થયેલું શરીર મારે જે રીતે અનુકૂળતાઓને ભોગવવી છે તે રીતે ભોગવવામાં સહાયભૂત થઇ શકે નહિ એટલા પૂરતું જ એ શીલનું પાલન કરતો જાય છે. આ રીતે દાન દેતા અને શીલ પાલન કરતાં કરતાં પોતાના હાથેજ પોતાના આત્માની જન્મ મરણની પરંપરા વધારતો જાય છે કે જેના કારણે સંખ્યાતા શરીરો પ્રાપ્ત કરવા પડે અથવા અનંતા શરીરો પ્રાપ્ત કરવા પડે અથવા અસંખ્યાતા શરીરો પણ પ્રાપ્ત કરવા પડે એવા અનુબંધો બાંધતો જાય છે. એવી જ રીતે પોતાનું જીવન જીવવામાં સહાયભૂત આધાર રૂપે રહેલું પોતાનું શરીર એના રાગના કારણે શરીરને જે જે અનુકૂળ પદાર્થો ઉપયોગમાં આવી શકે એવા હોય એ પદાર્થોને

મેળવવામાં, ભોગવવામાં, વધારવામાં, ગમે તેટલું કષ્ટ પડે તો પણ એ કષ્ટ વેઠવા માટે તૈયાર થઇ જાય છે અને એ વેઠાતુ કષ્ટ કષ્ટ લાગતું નથી. ઉપરથી આનંદ પેદા થાય છે કે હાશ આટલું કષ્ટ વેઠીને આટલા અનુકૂળ પદાર્થોની મેં પ્રાપ્તિ કરી. એ અનુકૂળ પદાર્થો સારી રીતે ભોગવાય એવો પ્રયત્ન કરતો જાય છે. આના કારણે સુંદર રીતે આરાધના કરવા છતાં પણ એના અંતરમાં અશરીરીપણાનું લક્ષ પેદા થતું નથી. એટલે કે અશરીરીપણાનું લક્ષ પેદા થવાને બદલે શરીરની સુખાકારીનું લક્ષજ અંતરમાં રહ્યા કરે છે. આના કારણે ધર્મક્રિયાઓ કરવાછતાં પણ એ ધર્મક્રિયાઓથી સંખ્યાતા શરીરોની અસંખ્યાતા શરીરોની અથવા અનંતા શરીરોની અનુબંધ પ્રાપ્તિ કરવા માટે પેદા કરતો જાય છે અને પોતાના આત્માની રખડપટ્ટી કરતો જાય છે. બોલો વર્તમાનમાં જે કંઇ તમે તમારી શક્તિ મુજબ ધર્મક્રિયાઓ કરો છો એનાથી તમારું ધ્યેય કયું છે ? એ ધર્મક્રિયાઓથી શરીરનો રાગ પોષાય છે કે અશરીરી પેદા કરવાનું લક્ષ છે ? નવકારશીનું પચ્ચક્ખાણ કેટલાય વર્ષોથી કરીએ છીએ એ નવકારશી કરતાં કરતાં હું પોરશી કરતો ક્યારે થાઉં એવું લક્ષ પેદા થાય છે ખરું ? નવકારશી કરવી પડે છે માટે કરું છું ધર્મની આરાધનામાં પ્રસન્નતા અને સમાધિ નથી ટકતી માટે નવકારશી કરું છું એટલીયે જાગૃતિ અંતરમાં છે ? કે શરીરની પુષ્ટિ માટે અને જીભના સ્વાદ માટે મોટેભાગે નવકારશી થાય છે ? આજે અંતરમાં પૈસાના લક્ષની જાગૃતિ કેટલી છે ? પૈસા કમાવવાનું લક્ષ અંતરમાં કેટલું છે ? એવીજ રીતે આ શરીરથી આરાધના કરતાં કરતાં અશરીરીપણું ક્યારે પ્રાપ્ત કરું એવું લક્ષ અંતરમાં પેદા થયેલું છે ખરું ? એ અશરીરીપણાનું લક્ષ વધે કે પૈસાનું લક્ષ વધે ? કયું લક્ષ વધે છે એનો વિચાર કોઇદિ કર્યો છે ખરો ? અને જેમ જેમ પૈસા વધતા જાય તેમ તેમ પૈસાનું મમત્વ વધતું જાય છે એ તો તમારા અનુભવમાં છે ને ? એવીજ રીતે દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરતાં કરતાં જેમ જેમ જીવનમાં આરાધનાની ક્રિયાઓ વધતી જાય તેમ તેમ તમારું લક્ષ કયું વધતું જાય છે એનો રોજ વિચાર કરતા શીખવું જોઇએ. અશરીરીપણાનું લક્ષ અને

મમત્વ આપણા અંતરમાં કેટલું ? જ્ઞાની ભગવંતો કહે છે કે લક્ષ વગર ગમે તેટલું તપ કરે, ઉપવાસ કરે, આયંબિલ કરે એથી શું ? જ્યાંસુધી અશરીરીપણાનું લક્ષ પેદા ન થાય, પેદા કરવા માટેની ભાવના પણ પેદા ન થાય અને એ લક્ષ પેદા ન થતું હોય એનું દુઃખ પણ ન હોય ત્યાંસુધી ગમે તેટલી ભક્તિ કરે કે જીવનમાં અભ્યાસ પાડીને ગમે તેટલો તપ કરે એનાથી એનું ફળ શું ? એટલે કે એનાથી જીવને શું ફળ પ્રાપ્ત થાય એ તમે તમારી જાતે વિચારી લેજો. જ્ઞાની ભગવંતોએ તો કહ્યું છે કે જીવનમાં એકલાખ આયંબિલ કરે અને પારણામાં પા કલાક એટલે કે પંદર મિનિટ પદાર્થોમાં સ્વાદ કરે તો એકલાખ આયંબિલથી જે પુણ્ય બંધાય એના કરતા વિશેષ પંદર મિનિટ સ્વાદના કારણે અશુભ કર્મો વિશેષ રીતે બંધાય છે. એવી રીતે જીવનમાં દશ ઉપવાસ કરે અને જેટલું પુણ્ય બંધાય એના કરતાં પારણામાં દશ મિનિટ સ્વાદ કરે તો દશ ઉપવાસના પુણ્ય કરતાં સ્વાદથી અશુભ કર્મો વિશેષ રીતે બંધાતા જાય છે. આટલી આટલી ભક્તિ કરવા છતાંય કોઇ દિવસ અશરીરી હું બનું એવો આનંદ અંતરમાં પેદા થયો છે ખરો ? આ શરીરથીજ અશરીરી બનવાનું છે. શરીરધારી જીવોજ અશરીરી બની શક્વાના છે. તમને ભક્તિ કરતાં આનંદ આવે છે, મજા આવે છે, આજે ખુબ આનંદ આયો એમ તમે જે બોલો છો એ આનંદ કયો ? કોઇ દિ' વિચાર કર્યો છે ખરો ? એ જે આનંદ પેદા થાય છે અને મજા આવે છે એ અશરીરીપણાને પ્રાપ્ત કરવામાં સહાયભૂત થાય એવો આનંદ છે ખરો ? એ આનંદથી એક સ્ટેપ આગળ વધો તોજ તમને ખ્યાલ આવશે કે આ મારી મજા અને આ મારો આનંદ બહુ બહુ તો મને પુણ્યબંધ કરાવશે પણ એ આનંદ જન્મ મરણની પરંપરા નાશ કરવામાં સહાયભૂત થશે નહિ. માટે એ આનંદ અને મજા મારા આત્માને મારનારી બનશે એવું તમને લાગે છે ખરું ? ભગવાનના દર્શન કરતાં કરતાં એમની મૂર્તિને જોવામાં એકાગ્ર થઇ ગયા હોઇએ એમના ગુણોની વિચારણામાં એકાગ્રતા પ્રાપ્ત થયેલી હોય અને એના સિવાય બીજું કશુજ આપણને યાદ આવે નહિ એવી રીતે દર્શન કરતાં કરતાં પોતાનો આત્મા

પોતાના શરીરમાંથી નીકળીને એટલે કે અશરીરી એવો આત્મા શરીરમાંથી નીકળી ભગવાન પાસે જતો હોય એવો ભાસ તમને કોઇ દિ' થાય છે ખરો ? અને એવો જતો દેખતા હોઇએ એનો આનંદ અંતરમાં કોઇ દિ' પેદા થયો છે એવું અનુભવેલું છે ખરું ? જુઓ આવુ કંઇ પેદા થતું ન હોય તો લક્ષ વિનાની ગમે તેટલી સારામાં સારી ક્રિયાઓ કરવામાં આવે તો પણ એ ક્રિયાઓ અગ્નિમાં ઘી હોમવા જેવી છે એમ જ્ઞાની ભગવંતો કહે છે. કેટલીક વાર ભક્તિની કડીઓ બોલતા બોલતા બોલો તો છો અને એક એક કડી બબ્બે વાર, પાંચ-પાંચ વાર પણ તમે બોલો છો પણ એ બોલતાં બોલતાં કોઇવાર તમને અંતરમાં સારો ભાવ પેદા થતો હોય અને એનો આનંદ પેદા થતો જાય એવો અનુભવ થયો છે ખરો ? જેમકે ખાવુ ભૂલ્યા, પીવું ભૂલ્યા, ઉંઘ અને આરામ ભૂલ્યા ઇત્યાદિ કડીઓ વારંવાર બોલવા છતાં પણ જેવી પૂજા પૂરી થાય કે તરતજ ખાવા ઉપર તૂટી પડાય છે. એ ખાવાનો આનંદ દૂર થયો હોય એવો અનુભવ થયો છે ખરો ? ભલે બહાર નીકળીને તમે ખાતા હો સારી ચીજ પણ ખાવા મલતી હો અને એ પણ તમે ખાવાના ઉપયોગમાં લો પણ તમને તે વખતે ખાતા ખાતા અંતરમાં શું થાય ? એ શુ બતાવે છે એનો વિચાર કરો. આનો અર્થ એ થાય કે અશરીરીપણું પ્રાપ્ત કરવા માટે એ આ ભક્તિ કરે છે એવું કહી શકાય ખરું ? અશરીરીપણું પ્રાપ્ત કરવા માટે એની ભાવના રાખીને ભક્તિ કરતો હોય એ ભક્તિ કર્યા પછી બહાર નીકળીને અને એને શરીરના કોઇપણ અનુકૂળ પદાર્થો પ્રાપ્ત થાય તો એનો ઉપયોગ કરતાં એને અંતરમાં વિચારણા શું આવે ? એ વિચારો. આજે ભૂખ વગર ખાવા-પીવાના પદાર્થોની ઇચ્છા થાય છે. ભૂખ લાગે ત્યારેજ જમવું એવો કોઇ નિયમ છે ખરો ? અને ભૂખ વગર ખાવા-પીવાના પદાર્થોની ઇચ્છા અને જમવા બેસવું એ શરીરનો રાગ સૂચવે છે. એવું તમને લાગે છે ખરું ? તપ કરતાં કરતાં પારણાની ઇચ્છા પેદા કરવી પારણાની ઇચ્છા થવી એ જ આહાર સંજ્ઞા કહેલી છે અને એ આહારસંજ્ઞાને પુષ્ટ બનાવવા માટેની ક્રિયા કહેવાય છે. લક્ષ વિનાની ક્રિયા એટલે જીવતું જાગતું મડદું છે એમ જ્ઞાની ભગવંતોએ કહ્યું છે અને આવા મડદાની કિંમત

દુર્ગતિમાં ભટકવા માટે લઇ જવામાં સહાયભૂત થનારું છે એમ કહેલું છે. માટે દેવ, ગુરૂ અને ધર્મની આરાધનાના અનુષ્ઠાનો કરતાં કરતાં અશરીરી બનવા માટે હું આ કરું છું એમ સતત યાદ રાખવાનું છે અને અશરીરીપણાનું લક્ષ અંતરમાં પેદા થાય તોજ શરીરનું ભેદજ્ઞાન પેદા થતું જાય અને એ ભેદજ્ઞાન પેદા થાય એટલે શરીરનો એટલે અંશે રાગ અને મમત્વ દુર થતું જાય. માટે આ શરીર તો ગધેડા જેવું છે એના વખાણ કરવાની જરૂર નથી. જો એના વખાણ કરશો તો એ મંગલ ઘોડા રૂપે શરીર થઇ જશે અને મંગલ ઘોડા રૂપે એકવાર એ શરીર બને એટલે શરીર પાસેથી જે કામ લેવું છે તે કામ આપણે લઇ શકીશું નહિ. માટે શરીરને ગધેડા જેવું માનીને ગધેડા પાસે કુંભાર જેમ કામ લે છે એવી રીતે આપણે શરીર પાસેથી કામ લેતા શીખવું જોઇએ. તો જ અશરીરીપણું જલ્દી પ્રાપ્ત થઇ શકે.

**૪. ઔદારિક શરીર :-** જગતમાં જીવોને ગ્રહણ કરવા લાયક વર્ગણાઓનાં પુદ્ગલો આઠ પ્રકારના હોય છે એમાંની સૌથી પહેલી વર્ગણાના પુદ્ગલો, ઔદારિક ગ્રહણ યોગ્ય વર્ગણાના પુદ્ગલો કહેવાય છે. એ વર્ગણાઓના પુદ્ગલોને ગ્રહણ કરી-ઔદારિક શરીર રૂપે પરિણમાવી-વિસર્જન કરવાની જે શક્તિ ઔદારિક શરીર નામ કર્મના ઉદયથી પેદા થાય છે તે ઔદારિક શરીર કહેવાય. શરીરની અપેક્ષાએ શ્રી જિનેશ્વર દેવોનું શરીર મનોહર પુદ્ગલોનું બનેલું સર્વોત્તમ શરીર હોય છે માટે આ શરીરને પહેલું કહેલું છે. જગતમાં સૌથી ઉંચામાં ઉંચુ મનોહર પુદ્ગલોવાળું શરીર હોય તો તે શ્રી તીર્થંકર પરમાત્માઓનું હોય છે. એમનું રૂપ-બલ આદિ ઉત્તમ કોટિનું હોય છે. એ તીર્થંકર પરમાત્માઓ કરતાં અનંત ગુણ હીન શરીર ગણધર ભગવંતોના આત્માઓનું હોય છે. એમના કરતાં અનંત ગુણ હીન શરીર અનુત્તરવાસી દેવોનું હોય છે. આથી સર્વશ્રેષ્ઠ શરીર શ્રી તીર્થંકર પરમાત્માઓનું ગણાય છે.

આ ઔદારિક શરીર કેવા પ્રકારનું હોય છે ?

આ ઔદારિક શરીર, ધર્મ અને અધર્મ ઉપાર્જન કરવામાં સમર્થ હોય

છે એટલે કે જો જીવો આ શરીરથી ધર્મ ઉપાર્જન કરવા ધારે તો સારી રીતે ધર્મ ઉપાર્જન (મેળવી) કરી શકે છે. પોતાના આત્મામાં રહેલો સંપૂર્ણ ધર્મ આ શરીરથી જ ઉપાર્જન થઇ શકે છે. બાકી કોઇ શરીર ધર્મ ઉપાર્જન કરવામાં સહાયભૂત થતું જ નથી. એવી રીતે કોઇ જીવો જીવનમાં અનેક પ્રકારના પાપોનું આચરણ કરી અધર્મ ઉપાર્જન કરવા ધારે તો અધર્મ પણ આ શરીરથી જ પેદા થઇ શકે છે. એમાં વૈક્રીય આદિ શરીરો કામ કરી શકતા નથી કારણ કે કહ્યું છે કે આ શરીરથી અધર્મ ઉપાર્જન કરીને જીવો જગતમાં રહેલા ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ કોટિનાં દુઃખોને એટલે સાતમી નારકીને ઉપાર્જન કરી શકે છે. જ્યારે વૈક્રીય શરીરવાળા જીવો ઔદારિક શરીર વાળાની જેમ ધર્મ ઉપાર્જન કરી શકે તો અનુકૂળ પદાર્થોની ઓળખ કરીને એનાથી સાવચેતી રાખીને સુખમાં લીન ન બને અને દુઃખમાં દીન ન થાય એટલો જ ધર્મ પામી શકે છે અને એજ વૈક્રીય શરીરથી અધર્મ ઉપાર્જન કરીને એ શરીરવાળા જીવો એકેન્દ્રિયપણામાં ઉત્પન્ન થઇ શકે એટલું પાપ ઉપાર્જન કરી શકે છે. માટે સર્વોત્કૃષ્ટ ધર્મ અને સર્વોકૃષ્ટ અધર્મ ઔદારીક શરીર વાળા જીવો જ પ્રાપ્ત કરી શકે છે માટે પહેલું કહેલું છે.

ઔદારિક શરીર દ્વારા જીવો સુખ અને દુઃખ બંન્નેનો અનુભવ કરી શકે છે. સદા માટે સુખનો અનુભવ થતો નથી. થોડોક કાળ સુખનો અનુભવ થાય અને ઘણો કાળ દુઃખનો અનુભવ આ ઔદારિક શરીરથી જીવો કરી શકે છે. જ્યારે વૈક્રીય આદિ શરીર દ્વારા સુખ દુઃખ બન્નેનો અનુભવ થઇ શકતો નથી. વૈક્રીય શરીરથી જીવોને સુખ મલ્યું હોય તો સુખનો અનુભવ કરે છે અને દુઃખ મલ્યું હોય તો દુઃખનો અનુભવ કરે છે પણ એ અનુભવ કરતાં જીવો પોતાના ધર્મને પ્રાપ્ત કરી શકતા નથી. જ્યારે ઔદારિક શરીરવાળા સુખ અને દુઃખનો અનુભવ કરતાં કરતાં પોતાના સંપૂર્ણ ધર્મને પેદા કરી શકે છે એ એની વિશેષતા છે.

કેવલજ્ઞાનની પ્રાપ્તિ પણ જીવો આ ઔદારિક શરીરથી જ કરી શકે છે અને મોક્ષની પ્રાપ્તિ પણ આ શરીરથી જ થઇ શકે છે અર્થાત્ સકલ કર્મોથી

રહિતપણું કરવું હોય તો ઔદારિક શરીર જ જોઇએ. આત્માની સાથે અનાદિ કાળથી લાગેલા જે કર્મો છે. એ કર્મોના પુદ્‌ગલોનો સંપૂર્ણ નાશ કરવા માટે મનોબલની મજબુતાઇ આ શરીર દ્વારા જ પ્રાપ્ત થાય છે માટે જ્ઞાનીઓએ ઔદારિક શરીરને સર્વશ્રેષ્ઠ, પ્રધાન, ઉદાર, આદિ વિશેષણો આપેલા છે. આ ઔદારિક શરીર સાત ધાતુઓનું બનેલું હોય છે. તે કઇ રીતે બને છે અને જીવ આ શરીરને બનાવવા-પ્રાપ્ત કરવા કેવા કેવા પ્રયત્નો કરે છે એ જણાવાય છે કે આ શરીરમાં શું શું રહેલું છે ?

અન્ય ગતિમાંથી મનુષ્યગતિમાં આવનાર જીવ, પોતાની સાથે માત્ર બે જ વસ્તુ લઇને આવે છે-એક કાર્મણ શરીર અને બીજું તૈજસ શરીર. પૂર્વભવોમાં ઉપાર્જન કરેલાં શુભાશુભ કર્મપુદ્‌ગલોનો સમૂહ તે કાર્મણ શરીર છે અને આહારની અભિલાષા ઉત્પન્ન કરનાર એક પ્રકારનો અગ્નિ તે તૈજસ શરીર છે. શરીરનું આદ્ય કારણ આહાર છે. એ આહારની અભિલાષા તૈજસ શરીરના પ્રતાપે થાય છે અને એ બધાનું મૂળ કારણ કાર્મણ શરીર છે.

મનુષ્યગતિમાં આવવાની સાથે, જીવ પ્રથમ જે કાર્ય કરે છે, તે આહારગ્રહણ કરવાનું હોય છે. માતાનું રૂધિર અને પિતાનું શુક્ર, એ બેના મિશ્રણથી થયેલ પુદ્‌ગલોનો આહાર, જે સમયે જીવ ગ્રહણ કરે છે, તે જ સમયે જીવનો મનુષ્ય તરીકે જન્મ થયો ગણાય છે. ગર્ભ તૈયાર થઇને નવ માસ પછી માતાના ઉદરમાંથી બહાર આવે છે, તે વ્યવહારિક જન્મ છે, પણ નિશ્ચયથી મનુષ્યનો જન્મ માતાના ઉદરમાં, અન્ય ગતિમાંથી આવ્યા બાદ પ્રથમ આહારગ્રહણકાળે થાય છે તે જ છે. એ આહારગ્રહણમાંથી શરીર બનવા લાગે છે અને શરીરમાંથી ઇન્દ્રિયો આદિ આપોઆપ નિષ્પન્ન થાય છે.

મનુષ્યશરીરની આ રચના ક્રમશઃ કેવી રીતે થાય છે, તે સમજવા જેવી હોય છે. એ સમજવાથી, શરીર ઉપરનો અસત્ય મોહ ઓગળી જાય છે અને એમાંથી સારભૂત તત્ત્વ ગ્રહણ કરવા માટેની ઉત્કંઠા જાગ્રત થાય છે. 'તંદુલ વૈતાલિક પ્રકીર્ણક' અને 'ભવ ભાવના' આદિ શ્રી જિનાગમગ્રન્થોમાં એનું વિસ્તારપૂર્વક સ્વરૂપ વર્ણવેલું છે. અહીં તો તેનું માત્ર ટૂંકમાં જ દિગ્‌દર્શન

કરાવવામાં આવે છે.

માતાના રૂધિર અને પિતાના શુક્રનાં અશુચિમય પુદ્‌ગલોનો આહાર પ્રથમ સમયે ગ્રહણ કર્યા બાદ, તેમાંથી શરીરરચનાનો પ્રારંભ થાય છે. પ્રતિસમય આહારનાં પુદ્‌ગલોનું ગ્રહણ પણ ચાલુ રહે છે અને શરીર રચનાનું કાર્ય પણ ચાલુ રહે છે. ગતિ, જાતિ, ઔદારિક અને અંગોપાંગાદિ નામકર્મના આધારે શરીરની રચના થાય છે. તેમાં પ્રથમ સાત દિવસે ગર્ભ, કલલ (એક પ્રકારનો પ્રવાહી રસ) રૂપ થાય છે. બીજા સાત દિવસે ગર્ભ, અર્બદ (એક પ્રકારના પરપોટા) રૂપ થાય છે. પછી સાત દિવસે ગર્ભ, માંસની પેશી રૂપ બને છે અને ત્યાર પછીના સાત દિવસે ગર્ભ, માંસની કઠણ પેશી રૂપ બને છે. એ રીતિએ પ્રથમ મહિને એક કર્ષ (પૈસાભાર) ઓછું એક પલ (અધોળ ભાર) વજન થાય છે. બીજે મહિને એ જ પેશી વધારે કઠણ બને છે. ત્રીજે મહિને વધેલા ગર્ભના પ્રતાપે માતાને દોહદો ઉત્પન્ન થાય છે. ચોથે મહિને માતાનાં અંગોપાંગ પુષ્ટ બને છે. પાંચમે મહિને ગર્ભને હાથનાં, પગનાં અને માથાનાં એમ પાંચ અંકુરો ફુટે છે. છઠ્ઠે મહિને પિત્ત અને શોણિત ઉત્પન્ન થાય છે. સાતમે મહિને અનુક્રમે (૭૦૦) નસો, (૫૦૦) માંસ પેશીઓ, (૯) મોટી ધમનીઓ અને (૯૯ લાખ) રોમકૂપો ઉત્પન્ન થાય છે. દાઢી, મૂછ અને શરીરની મળી કુલ ગણીયે તો (૩।। ક્રોડ) રોમકૂપો તૈયાર થાય છે. આઠમે મહિને ગર્ભ સંપૂર્ણ અંગોપાંગવાળો બને છે અને નવમે મહિને પ્રસવ થાય છે.

એ રીતિએ ઋતુ પછી બાર મુહૂર્તે ગર્ભોત્પત્તિ, ૭ દિવસે કલલ, ૭ દિવસે અર્બુદ, ૭ દિવસે પેશી, બીજા ૭ દિવસે કઠિન પેશી, પ્રથમ માસે એકમતે ૪૮ ટાંક વજનવાળી માંસગોટી, બીજે માસે રૂધિર અને માંસની સ્વલ્પ વૃદ્ધિ, ત્રીજે માસે માતાને દોહદ, ચોથે માસે માતાના અંગોનો વિકાસ, પાંચમે માસે હાથ, પગ અને માથાનાં પાંચ અંગો, છઠ્ઠે માસે પિત્ત અને રૂધિર, સાતમે માંસે ૭૦૦ નસો, ૫૦૦ માંસ પેશીઓ, ૯ ધમણીઓ અને ૩।। ક્રોડ રોમકૂપો, આઠમે માસે સકલ શરીર તથા નવ માસ અને સાત દિવસે પ્રસવ થાય છે.

નર-નારીના સંયોગથી જેમ ઓઘાન રહે છે, તેમ કવચિત્ તેવા પ્રકારના વસ્ત્ર અને જલાદિના સંયોગથી પણ રહે છે. ગર્ભ માતાના ઉદરમાં વૃષ્ટિ આગળ બે હાથ મૂઠી વાળીને ભીચડાઇને ઉંધે મસ્તકે રહે છે. નર-ગર્ભ નાભિની જમણી બાજુએ રહે છે, નારી-ગર્ભ નાભિની ડાબી બાજુએ રહે છે અને નપુંસકગર્ભ નાભિની મધ્યમાં રહે છે. મનુષ્યનો ગર્ભ ૯ માસ ૭ દિવસ પર્યંત ઉદરમાં રહે છે અને તિર્યંચનો ગર્ભ યાવત્ ૮ વર્ષ સુધી પણ ઉદરમાં રહે છે.

જન્મ બાદ પુરૂષ શરીરનાં નવ દ્વાર અને સ્ત્રી શરીરનાં બાર દ્વાર સદા અશુચિ પુદ્ગલોથી વહેતાં રહે છે. બે કાન, બે આંખ, બે નાસિકાનાં છિદ્ર, એક મુખ, એક ગુદા અને એક પુરૂષ ચિહ્ન ઉપરાંત સ્ત્રીશરીરનાં બે સ્તન અને એક આમ્રમંજરી જેવા આકારવાળી અને જેને ફુલ કહેવામાં આવે છે તે અભ્યંતર યોનિ, જે સદા માંસભરપૂર રહે છે તે વહેતાં જ રહે છે. રૂધિરથી વહન થતી સ્ત્રીની યોનિમાં અનેક સૂક્ષ્મ જંતુઓ રહે છે તે સઘળાનો ભોગકાળે નાશ થાય છે. રૂથી ભરેલી વાંસની નળીમાં અગ્નિથી તપાવેલી લાલ વર્ણવાળી સળી નાંખવામાં આવે અને જે રીતે રૂનો નાશ થાય, તે રીતે સ્ત્રી યોનિમાં રહેલા બીજા સમૂર્ચ્છિમ જીવો ઉપરાંત ભોગકાળે ઉત્પન્ન થયેલા નવ લાખ ગર્ભજ પંચેન્દ્રિય મનુષ્યજીવોનો પણ વિનાશ થાય છે. એ કારણે શ્રી તીર્થંકરદેવો અને શ્રી ગણધરદેવો આદિએ મૈથુનક્રિયાને, ગર્હિત અને અનેક જન્મ-મરણની પરંપરાઓને, વધારનારા તરીકે બે ઓળખાવેલી છે.

મનુષ્યનો ગર્ભ કોઇ કોઇ વાર બાર વર્ષ અથવા ૨૪ વર્ષ સુધી પણ માતાના ગર્ભમાં રહે છે. ૫૫ વર્ષે સ્ત્રી અને ૭૫ વર્ષે પુરૂષ નિર્બીજ બને છે, એમ પણ પ્રતિપાદન કરેલું છે.

જન્મ થયા બાદ વૃદ્ધિ પામેલા મનુષ્ય શરીરમાં અનુક્રમે ૧૦ શેર રૂધિર, ૧૦ શેર પેશાબ, ૫ શેર ચરબી, ૨ શેર વીષ્ઠા, ૬૪ ટાંક પિત્ત, ૭૨ ટાંક શ્લેષ્મ અને ૩૨ ટાંક વીર્ય કાયમ રહે છે. ઉદરમાં પવન રહે છે, જઠરમાં અગ્નિ રહે છે, રૂધિરમાં જલ રહે છે, હાડકામાં પૃથ્વી રહે છે અને પોલાણમાં

આકાશ રહે છે. શરીરમાં એ રીતે પાંચે પ્રકારનાં ભૂતો રહેલા હોવાથી તેને પંચભૌતિક પણ કહેવામાં આવે છે.

શરીરમાં ૭ ધાતુ ઉપરાંત ૭ ત્વચા, ૭૦૦ નાડો, ૯૦૦ નાડીઓ, ૫૦૦ પેશીઓ, ૩૦૦ હાડકાં, ૧૬૦ સાંધાઓ અને ૭૭૦૦ મર્મસ્થાનો હોય છે એ કારણે મનુષ્યશરીરને એક પ્રકારનો હાડકાંનો માળખો, માંસનો લોચો, રૂધિરની કોથળી, વીષ્ઠાની ગાડી, મૂત્રની કુંડી અને ચામડાની મહેલી અશુચિની કોટડી વિગેરે ઉપમાઓ સુઘટિત થાય છે.

શરીરના અશુચિ સ્વરૂપનું દિગ્દર્શન કરાવતાં એક સ્થલે કહ્યું છે કે-

**"स्थानाद्वीजादुपष्टम्भा, निःस्यन्दानिधनाद्वपि ।**
**कायमाधेयशौचत्वात्, पण्डिता त्वशुचिं विदुः ।।१।।"**

મનુષ્યની કાયાને પંડિતપુરૂષોએ છ કારણે અશુચિ કહેલ છે.

(૧) સ્થાન - શરીરનું ઉત્પત્તિસ્થાન માતાનું ઉદર, મૂત્રાદિ કુત્સિત પદાર્થોથી ભરેલું છે.

(૨) બીજ - શરીરનું બીજ-મૂળ કારણ શુક્ર અને શોણિતનું મિશ્રણ, અતિ જુગુપ્સિત હોય છે.

(૩) ઉપષ્ટમ્ભ - શરીરને ઉપષ્ટમ્ભ-પોષણ આપનાર માતાએ ખાધેલા અન્નાદિ પદાર્થોના રસો અત્યંત અશુચિ હોય છે.

(૪) નિઃસ્યન્દ - પુરૂષનાં નવ અને સ્ત્રીનાં અગીઆર અથવા બાર દ્વાર તથા ૩।। ક્રોડ રોમકૂપોમાંથી સદા દુર્ગંધવાળું ક્ષરણ ચાલુ હોય છે.

(૫) નિધન - મરણ બાદ કાયા થોડી જ વારમાં અત્યંત દુર્ગન્ધથી ગંધાઇ ઉઠે તેવી હોય છે.

(૬) આંધેયશૌચતા - જલ, મૃત્તિકા અને તૈલાદિ સુગંધી દ્રવ્યો વડે નિત્ય શુદ્ધિ કરવા છતાં, અશુચિ કાયમ રહે છે.

એવા પણ શરીરને ધારણ કરનાર સ્ત્રીઓના રૂપ રૂપી જ્વાલામાં પતંગીયા સમાન મોહાંધ બનેલા કેટલાક કુકવિઓ સ્ત્રીશરીરને અનેક પ્રકારની ઉપમાઓ આપે છે, તે નિતાન્ત અસત્ય, ભ્રમોત્પાદક અને મોહવૃદ્ધિજનક છે.

તેને સત્ય માનવા પહેલાં, શરીરરચનાનું ઉપર્યુક્ત તથ્ય વર્ણન વારંવાર મનન કરવા યોગ્ય છે, જેથી અસત્ય મોહને આધીન થતાં બચી જવાય અને પરિણામે થતાં અનેક અકાર્ય આચરણો અને તે દ્વારા પ્રાપ્ત થતા ઘોર દુર્ગતિપાત વિગેરેથી પણ આત્માનું સંરક્ષણ થાય.

વાત, પિત્ત અને કફ : માંસ, શુક્ર અને રૂધિર : તથા વીષ્ટા, મૂત્ર અને શ્લેષ્મથી ભરેલ સ્ત્રીશરીરને રેખાની ઉપમા આપવી કે તેનાં અંગોપાંગોને ચંદ્રકિરણોથી ઘડાયેલાં કહેવાં કે તેના મુખાદિમાંથી ઝરતા અશુચિ રસોને મધુ અમૃતાદિ પદાર્થોથી ઘટાવવા એ નિતાન્ત અસત્ય છે, એમ કોઇને પણ કબૂલ કર્યા સિવાય ચાલે તેમ છે જ નહિ. એવા શરીરના હાવ-ભાવ અને લોચનકટાક્ષાદિ વડે જીવલોકને આશ્વાસન વિગેરે મળે છે, તથા બ્રહ્માએ સમગ્ર શુદ્ધ પદાર્થોનું એક જ સ્થલે પ્રદર્શન કરાવવાની બુદ્ધિએ સ્ત્રીશરીર ઘડેલું છે -એ વિગેરે વાતો જીવની અનાદિની મિથ્યા ભ્રાન્તિને વધારનાર અને કાયમ બનાવનાર છે : તેથી જ્યાં સુધી સ્ત્રીશરીરના નામે એવી રાગવાસના-ગર્ભિત સ્વકપોલકલ્પિત વાતો ચાલે છે, ત્યાં સુધી અનાદિ મોહવશ એવી વાસનાઓને આધીન ન થઇ જવાય, તે ખાતર સાચી વસ્તુસ્થિતિને પણ વારંવાર જાણવા અને મનન કરવા આત્મ હિતેષી અને પરમાર્થદર્શી પુરૂષોએ સજ્જ રહેવું, એ કર્તવ્ય છે. સુકવિ ભર્તુહરિએ એક સ્થલે કહ્યું છે કે-

**"स्तनौ मांसग्रन्थी फनककलशावित्थुपमितौ ।**
**मुखं श्लेष्मागारं तदपि शशांकेन तुलितम् ।**
**स्त्रवन्मूत्रल्लिगं करिकरस्पर्धिजधनं,**
**मुहुर्निन्धं रूपं कविजनविशे रै गुरुकृतम् ।।१।।"**

માંસની ગાંઠો સમાન બે સ્તનોને સુવર્ણ-કલશની ઉપમા, શ્લેષ્મના ભંડાર સમાન મુખને ચંદ્રમાની ઉપમા તથા ઝરતા એવા મૂત્ર વડે ભીંજાયેલા જઘનને હાથીની સૂંઢની ઉપમા આપી છે અને એમ કરીને વારંવાર નિન્દનીય એવા સ્ત્રીના રૂપને તેવા પ્રકારના કવિઓએ ફોકટ વખાણ્યું છે.

એની સામે, સ્ત્રીશરીર ઉપરના કૃત્રિમ મોહવિષનો નાશ કરવા માટે

ઉપકારી મહાપુરૂષોએ સત્ય વસ્તુસ્વરૂપનું દર્શન કરાવનાર, જાગૃતિ મંત્ર સમાન, પવિત્ર વચનોનો પ્રવાહ પણ વહેતો રાખ્યો છે. તેમાંથી શરીરના વાસ્તવિક સ્વરૂપને જણાવનાર એક જ શ્લોકને અહીં ઉતારી, મનુષ્યશરીરની રચના વિષયક આ લેખને પૂર્ણવિરામ આપીશું.

પાંચસો પ્રકરણોના રચયિતા, દશ પૂર્વધર શ્રીમદ્ ઉમાસ્વાતિ વાચકમુખ્ય, પ્રસિદ્ધ શ્રી પ્રશમરતિ પ્રકરણની અંતર્ગત એક શ્લોકમાં ફરમાવે છે કે-

**"अशुचिकरणसामर्थ्यादाद्युत्तरकारणाशुचित्वाच ।**
**देहस्याशुचिभावः स्थाने स्थाने भवति चिन्त्वः ।।१।।"**

શરીરનો અશુચિભાવ પ્રત્યેક સ્થાને ચિન્તવવા લાયક છે : કારણ કે-શરીરનું આદિ કારણ અને ઉત્તર કારણ અશુચિ રૂપ છે અને બીજા શુચિ પદાર્થોને પણ અશુચિ કરવાનું તેનામાં સામર્થ્ય છે.

શરીરનું આદિ અને ઉત્તર કારણ કેવી રીતે અશુચિમય છે અને શરીરમાં બીજા શુચિ પદાર્થોને પણ અશુચિમય કરવાનું કેવી રીતે સમર્થ્ય છે, એનું સ્પષ્ટીકરણ કરતાં સ્વરચિત તત્ત્વાર્થાસ્થયમાં તે જ મહર્ષિ ફરમાવે છે કે-

'શરીરનું આદિ કારણ શુક્ર અને શોણિત છે, તે બન્ને અશુચિ છે. ઉત્તર કારણ આહારનો પરિણામ આદિ છે, તે પણ અત્યંત અશુચિ છે. તે આ પ્રમાણે-મુખદ્વારાએ ગ્રહણ કરાતો કવલ આહાર ગ્રહણ થતાંની સાથે જ શ્લેષ્માશયને પ્રાપ્ત થાય છે. શ્લેષ્માશયને પ્રાપ્ત થતાની સાથે તે આહાર દ્રવીભૂત પ્રવાહી રૂપ બની જાય છે અને પ્રવાહી રૂપ બનેલો એ આહારનો પરિણામ અત્યંત અશુચિ હોય છે.'

ત્યાર બાદ, પિત્તાશયને પામીને તે આહાર પકાય છે. પકાતો તે ખાટા રસ જેવો બની જાય છે અને તે પણ અત્યંત અશુચિ જ હોય છે.

પકાએલો તે આહાર વાય્વાશયને પામીને વાયુ વડે બે વિભાગવાળો કરાય છે : ખલરૂપ અને રસરૂપ અને એ બંને પૃથક્ પૃથક્ વહેંચાઇ જાય છે.

ખલવિભાગથી મૂત્રવિષ્ટાદિ મલો ઉત્પન્ન થાય છે અને રસવિભાગથી અનુક્રમે શોણિત, શોણિતથી માંસ, માંસથી મેદ, મેદથી હાડકાં, હાડકાંથી મજ્જા અને મજ્જાથી શુક્ર બને છે. એ રીતે શ્લેષ્મથી માંડીને શુક્ર સુધીના સઘળા પદાર્થો અત્યંત અશુચિ હોય છે.

શરીરનું આદિ કારણ અને ઉત્તર કારણ જેમ અશુચિ છે, તેમ શરીર એ અશુચિનું જ ભાજન છે : કારણ કે-શરીરના પ્રત્યેક અંગ, કાન, નાક, આંખ, દાંત, મલ, પ્રસ્વેદ, શ્લેષ્મ, પિત્ત, મૂત્ર, વીષ્ટા, એ અશુચિના જ ઢગસ્વરૂપ છે.

શરીર, એ જેમ અશુચિનું ભાજન છે, તેમ અશુચિનું ઉદ્ભવસ્થાન પણ છે : કારણ કે-કર્ણ, નાસિકાદિના મલો શરીરમાંથી જ ઉદ્ભવ પામે છે.

શરીર, એ જેમ અશુચિનું ઉદ્ભવસ્થાન છે, તેમ શરીરનો ઉદ્ભવ પણ અશુચિમાંથી જ થયેલો હોય છે : કારણ કે-અશુચિ એવા ગર્ભમાંથી જ શરીરની ઉત્પત્તિ થયેલી હોય છે.

વળી શરીર, એ અશુભ પરિણામના પરિપાકથી અનુબદ્ધ છે.

ઋતુને વિષે બિન્દુનુ આધાન થવાથી માંડીને કલલ, અર્બુદ પેશી, કઠણ પેશી, વ્યૂહ, સંપૂર્ણ ગર્ભ, કોમાર, યૌવન, સ્થવિરભાવ પર્યતના ભાવો અશુભ પરિણામના પરિપાકથી અનુબદ્ધ છે : એટલું જ નહિ, પણ દુર્ગન્ધિ, પૂતિ સ્વભાવવાળા અને દુરન્ત છે એટલા માટે અશુચિ છે.

વળી શરીર, એ અશક્ય પ્રતીકાર છે : અર્થાત્-શરીરની અશુચિનો કોઇ પ્રતીકાર જ નથી. રૂક્ષણ, સ્નાન, અનુલેપન, પૂપન, વાસનાદિ ક્રિયાઓ વડે અને સુગન્ધિ પુષ્પમાળા આદિ દ્રવ્યો વડે શરીરની અશુચિ દૂર કરી શકાવી શક્ય નથી : કારણ કે-પોતે અશુચિમય છે, એટલું જ નહિ, પણ શુચિનું ઉપઘાતક પણ છે એટલા માટે શરીર અશુચિ છે.

સર્વસ્થાને શરીરની આ અશુચિનું ચિન્તન કરવાથી શરીર ઉપરનો મોહ ગળી જાય છે અને શરીર ઉપરનો મોહ ઓછો થઇ જવાની સાથે જ તેની દ્વારા શુભ ક્રિયાઓ કરી લેવાનો ભાવ ઉત્પન્ન થાય છે. અશુચિ એવા શરીર

પાસે પણ અત્યંત શુચિ એવા દાન, દયા, પરોપકાર તથા તપ, શીલ અને બ્રહ્મચર્ય આદિ આ લોક પરલોક અને ઉભય લોકને હિતકર, સુખકર અને ગુણકર કાર્યો કરાવી શકાય છે. યાવત્- અવ્યાબાધ સુખસ્વરૂપ મોક્ષપ્રાપ્તિને લાયક સઘળાં અનુષ્ઠાનો મનુષ્યશરીર દ્વારા સાધી શકાય છે.

મનુષ્યશરીરની રચના સંબંધી આ લેખમાં જૈનશાસ્ત્રથી વિપરીત જે કાંઇ લખાણ આવ્યું હોય, તેને સુજ્ઞોએ સુધારીને વાંચવા તેમજ લેખકને તે જણાવવા વિજ્ઞપ્તિ છે.

જૈનશાસ્ત્રોમાં મનુષ્યશરીરનો ગર્ભવાસ જીવને ઘોર નરકવાસ સમાન માનેલો છે. પ્રત્યેક રોમ ઉપર અગ્નિ વર્ણવાળી સાડા ત્રણ ક્રોડ સોયો એક સાથે ભોંકવાથી જે પીડા થાય છે, તેના કરતાં આઠગુણી પીડા ગર્ભવાસમાં વસનાર જીવને માનેલી છે. યોનિ દ્વારા બહાર નીકળતી વેળા તે જીવને જે દુ:ખ થાય છે, તે દુ:ખ ગર્ભવાસના દુ:ખ કરતાં પણ લાખ ગુણ અથવા કોઇ મતે અનંતગણું માનેલું છે. મરણ વખતની વિપત્તિ તેથી પણ અનંતગુણી માનેલી છે.

મનુષ્યની અશુચિ કાયાને મદિરાના ઘટની ઉપમા પણ આપવામાં આવી છે. મદિરાનો ઘટ જેમ ક્રોડો ઘટ વડે શુદ્ધ કરવા છતાં શુદ્ધ થતો નથી, તેમ મનુષ્યની કાયા ક્રોડો સ્નાન, વિલેપન કે અભ્યંજન વડે શુચિ થઇ શકતી નથી. આધુનિક વિજ્ઞાનશાસ્ત્રીઓ પણ શરીરને શુચિ કરવાની વસ્તુને હજુ સુધી શોધી શક્યા નથી અને તેઓએ જેટલી વસ્તુ શોધી છે તે બધીને અશુચિ કરવાનું સામર્થ્ય શરીરમાં સાબીત થયું છે. શહેરોની ગટરો કે નગરોની ખાળોનું મૂળ ઉત્પત્તિસ્થાન મનુષ્યનું શરીર જ છે, તેથી મનુષ્યના શરીરને જીવતી ગટર કે અશુચિની વહેતી ખાળ પણ કહી શકાય છે.

આપણા શરીર વિષે આપણે ક્યારેય વિચાર્યું છે ખરૂં ?

શરીરના માધ્યમથી સામાન્ય માનવી સુખ અને દુ:ખ પામે છે. યોગી એની મારફતે ગહન અનુભૂતિ કરે છે. એકને માટે કાયા એ માયા કે વિલાસનું સાધન છે તો બીજાને માટે કાયા એ અંતરાત્માનું મંદિર છે. આ કાયા વિશે

સ્વામી મુક્તાનંદજીએ ખૂબ માર્મિક ચિંતન કર્યું છે. જે ચિંતન સહુ કોઇને માર્ગદર્શક બને તેવું છે.

પ્રથમ તો પોતાને જ પૂર્ણ પ્રેમ કરો, 'આપણે મલિન, શુષ્ક, અસત્ય, અનિત્ય અથવા દુઃખમય છીએ.' એવું ગોખાવી ગોખાવીને તમે પોતાની જાતને ત્રસ્ત કરશો નહીં. કેટલાક લખાણો, સમાજ અથવા ધર્મી મનુષ્ય શરીરને અનર્થકારક અને તુચ્છ-ક્ષુદ્ર ગણાવીને તેને કોડીની કિંમતનું બનાવી દે છે. અરેરે ! એ ખરેખર અનર્થ છે.

ભગવદ્ ભજન, ધ્યાન, યોગ, ભક્તિભાવભર્યું પૂજન અને ગુરુપ્રેમ દ્વારા બ્રહ્મચર્ય બની શકતી કાયાને શું તમે પઢાવી દેવાના ? મેં કેટલાય એવા સાધકો પણ જોયા છે કે જેઓ તપસ્યાને નામે આ શરીરની એવી દુર્દશા કરી મૂકે છે કે તેમને અંતિમ પ્રાપ્તિ તો કોઇને કોઇ રોગની જ થતી હોય છે. તમારૂં ચેતન શરીર ચિતિભગવતીનું મંદિર છે. તેને સુંદર, સાદાં, સ્વચ્છ વસ્ત્રો અને ઉત્તમ સાત્ત્વિક ભોજન તેમ જ શુધ્ધ, ન્યાયોચિત્ત બ્રહ્મચર્ય દ્વારા સન્માનપૂર્વક રાખો.

કોઇ આ શરીરને તુચ્છ કહે તો ભલે કહે, પરંતુ તમે તો એ ન ભૂલશો કે એનાથી જ મોક્ષ પ્રાપ્તિ થાય છે. તમારે જો પોતાના આરાધ્ય પરમાત્માને પ્રાપ્ત કરવા હોય, પોતાના ગુરુદેવને પ્રાપ્ત કરવા હોય, પોતાની અંતરની પ્રેમકલાને વિકસિત કરવી હોય તો પ્રથમ સ્વયંને પ્રેમ કરો, પ્રેમ દ્વારા જ તમે પરમાત્મા સુધી પહોંચી શકશો.

તમે પોતાના શરીરને, શરીરની ઇંદ્રિયોને કરો છો તો ઘૃણા અને ઇચ્છો છો આત્મશાંતિ ! તમને જોઇએ છે આત્મમસ્તી અને એની સાથે દુશ્મનાવટ તો એવી રાખો છો કે તે જાણે કોઇ મહાન શત્રુ હોય!

તમે પહેલાં પોતાના શરીરનું જ્ઞાન મેળવી લો, તમે જો પોતાના અંતરતમની પૂરેપૂરી સમજણ કેળવશો તો સમજાશે કે શરીર મિથ્યા નથી. ઉલટું એક મહાન જ્ઞાન-વિજ્ઞાનમય સુંદર મંદિર છે. જેના પ્રત્યે પ્રેમ રાખવાથી તમારો પ્રેમસ્ત્રોત અખંડ બની રહેશે. ધ્યાનમાં પ્રગટ થતી, તમારા પોતાના

અંતરની જ નિત્ય નવીન મસ્તી હોય છે તે સ્વતંત્ર સ્ફુરણરૂપે હૃદયમાં નિવાસ કરે છે. ત્યાર પછી પ્રેમભાવના વધારો. એનો વિકાસ કરીને એને પોતાના શરીરની બહાર વહેવા દો.

તમારો પ્રેમ વિષયપૂર્તિ અથવા સ્વાર્થપૂર્તિ કદીય ન હોય. જો એવું થશે તો તે પ્રેમ ઇશ્વરીય પ્રેમ નહીં હોય મોહ હશે. મોહ તો મલિન છે જ, મનુષ્યને પરમેશ્વર સુધી એ પહોંચાડી શકતો નથી.

પ્રેમ તો દેવાથી વધે છે લેવાથી નહીં, પ્રેમમાં સ્વ-પરની ભાવનાઓ એ બહુ મોટું વિઘ્ન છે. પ્રેમ સમ હોવો જોઇએ. અનોખો હોવો જોઇએ. પ્રેમ પ્રાપ્ત કરવા માટે તમારામાં પ્રેમાલય સમા-શરીર વિશે ઉંડી અને શાસ્ત્રીય સમજ હોવી જરૂરી છે. એ માટે શરીરનાં તત્ત્વોનો એમના કાર્યોનો બોધ હોવો આવશ્યક છે. વળી તેમને પોતાના શરીર પ્રત્યે પવિત્ર મૈત્રીપૂર્ણ અને આદરસહિતનો સ્નેહ હોવો જરૂરી છે.

દેહ તો બહુ જન્મોની અનંત પ્રકારની યાત્રાના સુખદુઃખનો સાથી છે, મિત્ર છે. આ કાયા તો સાધનાનો આધાર-મોક્ષનગરની સોપાન શ્રેણી અંતરાત્માનું એક અદ્ભુત મંદિર છે. એ શરીરરૂપી મંદિરમાં પ્રેમનો સ્વામી પરમેશ્વર અંતરની અંતર્ગત અંતરતમ થઇને નિવાસ કરે છે. માટે જેને દેહમંદિરનો-અંતરાત્માના નિવાસ સ્થાનનો બોધ થઇ ગયો હોય તે સમજદાર વિદ્યાર્થી શરીર પ્રત્યે કુભાવ નહીં રાખે. દુષ્ટતાપૂર્ણ કે વૈમનસ્યભર્યો વ્યવહાર નહીં કરે. શરીરને નીચ કર્મોમાં પ્રયુક્ત નહીં કરે તેમ જ ભ્રષ્ટ કાર્યોમાં, કુકર્મોમાં-દુરાચારમાં કદી તેનો સમાવેશ નહીં નોતરે.

કેટલાક વિદેશી લોકો શરીરને ક્લબની માફક, હોટલની માફક, સિનેમામાં દેખાડાતાં દ્રશ્યની માફક વિલાસભૂમિ સમજીને એની પવિત્રતા નષ્ટ કરી નાખે છે. એની શક્તિને ક્ષીણ કરી નાખે છે. તેઓ શરીર પ્રત્યે ન્યાયોચિત્ત, સન્માનભર્યો વ્યવહાર નથી કરતાં, ઉલટું એનું અપમાન કરે છે એવું મારું તો માનવું છે.

દુનિયામાં એવાં ઘણાંય નાદાન માણસો છે કે જેઓ પોતાના પવિત્ર

શરીર પ્રત્યે દુર્વ્યહાર આચરે છે અને તેને પીડા આપે છે. કુદરતના નિયમ વિરૂધ્ધ એનું હિંસાભર્યું દમન કરે છે. તેઓ પોતાના હૃદયને પ્રેમપૂરિત કરવાને બદલે રૂદનથી ભરી દે છે. પોતાની કાયાને રાત-દિવસ પીડ્યા કરે છે. પરમેશ્વરને પ્રાર્થના કર્યા કરે છે 'હે ભગવાન મને આ શરીરથી મુક્ત કરી દે ! એવું જ અહર્નિશ ચિંતન કર્યા કરે છે. પરંતુ સાચી વાત તો એ છે કે શરીર દોષમુક્ત છે જ નહીં.'

શરીર પંચમહાભૂતોનું બનેલું છે. એ આત્માનું નિવાસસ્થાન છે. સુખદુઃખની ભોગભૂમિ છે. શરીર આત્માનું સેવક છે. એ આપણું પણ આજ્ઞાપાલક છે. એને જ્યાં લઇ જાઓ ત્યાં જવા તે તૈયાર રહે છે. તમે એને નરકગામી બનાવશો તો તમારા આદેશથી તે નારકીય પણ બનશે. તમે એને સ્વર્ગમાં લઇ જશો તો એ રાજીખુશીથી સ્વર્ગમાં પણ જશે. એને હાથી, ઘોડા પર બેસાડો તો ય રાજી. ખીર-પૂરી કે મીઠાઇ ખવડાવો તો ય રાજી. એટલું જ નહીં, લૂખું સુકું જમાડો તો ય એ રાજી. એ તો દરેક પરિસ્થિતિમાં રાજી રહે છે. નવરત્નોથી એને સજાવો તો પણ વાહ વાહ ! ફાટ્યાં તૂટ્યાં કપડાં કે માત્ર લંગોટીથી ઢાંકો તો ય એને તો એટલો જ સંતોષ ! દુનિયામાં શરીર જેવો કોઇ સેવક-કોઇ દાસ, કોઇ મિત્ર નથી.

એક સેવાભાવી મનુષ્ય પોતાના ગુરુ પાસે રહેતો હતો. એ ગુરુભક્ત સેવકને કોઇકે પૂછયું : 'કહો કેમ છો ? તમારી નવા જૂની સંભળાવો. ગુરુના આશ્રમમાં તમને કેવુંક ફાવે છે ? શિયાળા-ઉનાળામાં ત્યાં કેવુંક લાગે છે ?'

સેવકે કહ્યું 'ભાઇ ! મને તો નથી ઉનાળાની ગરમીની ખબર કે નથી શિયાળાની ઠંડીનો ખ્યાલ ! હું તો એક સેવક છું ફક્ત સેવા કરવામાં જ સમજું છું. મારી ઠંડી ગરમી કે મારા સુખ દુઃખ વિશે તો મારા ગુરુ જાણે. વાહ ! કેવી અદ્ભુત વાત ! તેણે ગુરુદેવની સેવામાં પોતાની જાતને સંપૂર્ણપણે અર્પણ કરી દીધી હતી. કાંઇ બાકી રાખ્યું ન હોતું. પ્રેમ એવો જ હોવો જોઇએ.

તમારો પ્રેમ સર્વત્ર દોષરહિત-ભેદરહિત-કલેશરહિત- અભિલાષારહિત રાખો. એવું કરવાથી જ પ્રેમ તમને પરમાત્મા સુધી પહોંચાડશે. અરે ! તમને

પરમાત્મા જ બનાવી દેશે.

આત્મા પોતે નિર્ગુણ, નિરાકાર અને અરૂપી છે એવું શાસ્ત્રકારોના કહેવાથી અને તેમણે આપેલા પ્રમાણોથી આપણે જાણીએ છીએ; અને એ અરૂપી આત્માને કાર્ય કરવા માટે આવિષ્કૃત થવું પડે છે, તે માટે કોઇ ને કોઇ દેહ અથવા વાહનનો આશરો લેવો પડે છે. આ માન્યતા બધા જ આર્યધર્મોની તો છે જ. પણ સાથે સાથે અનાર્ય કહેવાતા ધર્મો પણ તેવી જ માન્યતા, અન્યરૂપમાં ભલે હોય પણ માને તો છે જ. આ શરીરનો નાશ થતાં આત્માનો પણ નાશ થયો એવું નાસ્તિકો સિવાય કોઇ કહી શકતા નથી. કોઇ બ્રહ્મ અને માયા કહે કે રૂહ અને શરીરના નામથી ઓળખે અને Soul કહીને કોઇ બતાવે તેથી વસ્તુસ્થિતિમાં કાંઇ ફેર પડતો નથી. આત્મા એ અવિનાશી છે અને શરીર એ નાશવંત છે એ માન્યતામાં બધાઓ એક ભૂમિકા ઉપર આવી ઊભા રહે છે. ત્યારે નિગોદથી લગાડી એકથી પાંચ ઇંદ્રિયો દ્વારા પોતાની ઉન્નતિ અથવા વિકાસ સાધવા માટે આત્મા પ્રયત્નશીલ હોય છે. પોતાના વિકાસના વાહનો જેવા જેવા વધુ કાર્યક્ષમ હોય તેમ તેમ ઉન્નતિ સારી રીતે અને શીઘ્રતાથી થવાનો સંભવ વધુ હોય એ દેખીતું છે. માર્ગ ભૂલેલો પ્રવાસી ગમે તેવી રીતે અને ગમે તેમ અથડાતો કૂટાતો એકેક ડગ ભર્યા કરે અને ધ્યેયવિહીન આગળ આવતી અડચણ દૂર કરતો ગમે તેમ પ્રવાસ કરે ત્યારે એવો એ પ્રવાસી ફરી પૂર્વ સ્થળે આવે, અગર માર્ગ જ ન જણાય એવા પહાડની સામે આવી ઊભો રહે અથવા સમુદ્રના કિનારે આવી ઉભો રહે, આગળ ઉંડો ખાડો આવી ઉભો રહે અગર અનેક જાતના સંકટો પાસે આવી ગભરાય જાય. અકસ્માત કોઇ માર્ગ બતાવનારો મળી જાય ત્યારે એની ચાલવાની શક્તિ જ ખુટી ગએલી હોય.

આમ અનેક યાતનાઓમાંથી માર્ગ કાઢી કોઇ નક્કી કરેલી જગ્યાએ જવું કેટલું મુશ્કેલ છે એનો વિચાર કરીએ ત્યારે પ્રવાસ ચાલુ રાખવા માટે કેવા સાધનોની જરૂર હોય છે એનો વિચાર સામે આવી ઉભો રહે છે.

એક જ ઇંદ્રિય કામ કરતી હોય, શરીર તદ્દન નબળું હોય અને

વિચાર કરવાની શક્તિ પણ ન હોય તે આગળ શી રીતે વધે ? એની સામે સંકટો કેટલા ? તે પછી વધારે ઇંદ્રિયો અનુક્રમે મળે જાય અને શક્તિ ખીલતી જાય ત્યારે કાંઇક વિચારધારા વધે પણ તરતમ ભાવે વિચાર કરવાની બુદ્ધિ જ ન હોય તો એવા જીવને પ્રગતિનો માર્ગ શી રીતે સાંપડે ? મતલબ કે, વિકાસની દિશા જીવને જડી જાય તેની પાછળ અનંત ભવોની સાધના, અનંત પ્રસંગોમાંથી સહીસલામત છુટી આગળ વધવું પડે, અગણિત સંકટોનો સામનો કરવો પડે. કહેવાનો હેતુ એટલો જ છે કે, અનંત વીટંબના ભોગવ્યા પછી જ આ સાધન સંપન્ન માનવદેહ મળ્યો છે. એ દેહમાં વધુ શું છે તેનો આપણે હવે વિચાર કરીએ.

એકેંદ્રિયાદિથી લગાવી પંચેદ્રિયોની સંપત્તિ આપણે ગમે તેવા સાધનો દ્વારા મેળવી લીધેલી હોય, આપણને મન મળ્યું હોય, બુદ્ધિ મળેલી હોય છતાં એ કાંઇ પૂર્ણતા ન કહેવાય. સુંદર અને આરામ અને સુખ સગવડો સાથેની મોટર આપણને મળી હોય તેમાં પ્રવાસ કરવાની સત્તા પણ મળી હોય છતાં આપણે એ મોટર ચલાવવાનું તંત્ર પૂરેપુરૂં જાણતા ન હોઇએ અને છતાં તે ચલાવવા બેસીએ તો આપણે મોટર સાથે ખાડામાં જ જઇને પડીએ ને ! એ ઉપરથી એમ જણાય છે કે ભલે આપણને સારો એવો માનવ જન્મ મળેલો હોય, કાર્યક્ષમ ઇંદ્રિયો પ્રાપ્ત થયેલી હોય, મન સાથે બુદ્ધિ પણ મળેલી હોય છતાં સદ્‌ગુરૂનો યોગ મળ્યો ન હોય ત્યાં સુધી આ બધું મળેલું પણ નકામું થઇ જાય. કારણ વસ્તુ મળી જવાથી જ કાંઇ કાર્યસિદ્ધિ થતી નથી. તેનો ઉપયોગ કરવાનું જ્ઞાન પણ સાથે સાથે મળવું જોઇએ અને એ જ્ઞાન તો તે વિષયના જાણકાર અને અનુભવીની પાસે જ હોવાથી તેમની જરૂર હોય છે જ. એ સમજવા માટે આપણે એક દાખલો લઇએ; આપણને શીખંડ બનાવવો હોય ત્યારે તે માટે દહીં જોઇએ. તે મળી ગયું હોય ત્યારે આગળનો વિધિ બરાબર ખબર હોવો જોઇએ અને એમ હોય તો જ શીખંડ બને. એક માણસે સાંભળેલું કે દહીમાંથી પાણી નીકળી જાય તો જ શીખંડ બને. એ માટે એણે દહીનું વાસણ ઉઠાવી ચુલા ઉપર ચઢાવી દીધું. કલ્પના એવી કરી કે પાણી બળી જશે

એટલે નીચે શીખંડનું દહીં રહી જવાનું. અગ્નિનો સંયોગ દહીંને થતા શું પરિણામ આવે એનો એણે વિચાર કર્યો નહિ અને એને એનો અનુભવ ન હતો. તેથી એ બધું દહીં ખોઇ બેઠો. આપણા જીવનને એ જ કસોટી લગાવી જોતાં આપણી ખાત્રી થશે કે, સાચું જીવન જીવવા માટે પદે પદે આપણને સદ્‌ગુરુની જરૂર લાગે એ સ્વાભાવિક છે. ગ્રંથોક્ત જ્ઞાન કાંઇ ખોટું ન હોય, પણ એ જ્ઞાન સૂત્રરૂપે હોવાના કારણે એનો બોધ મેળવવો હોય તો એનો સાચો અર્થ જાણનારની જ સલાહ મેળવવી જોઇએ. એમ ન થાય તો અર્થનો અનર્થ થઇ જાય છે અને સવળાને બદલે અવળું થઇ જાય છે.

દેહ તો અનેક જાતના હોય છે અને એ બધાઓનો આપણે અનંતીવાર ઉપયોગ પણ કરી લીધેલો છે, એમાં જરાએ શંકા નથી પણ માનવેતર દેહમાં આત્માને પોતાનો વિકાસ સાધવાના સાધનો ઘણા જ તુચ્છ પ્રમાણમાં મળેલા હોય છે, તેથી આત્માનો વિકાસ થવાને અવકાશ હોતો નથી. માનવ દેહમાં ઉન્નતિ સાધવા માટે સારો જેવો અવકાશ હોય છે. માનવ દેહમાં મનનો વિકાસ થએલો હોય છે અને એ સારાસારનો વિચાર કરી શકે છે. તેમ બુદ્ધિને પણ આગળ વધવાના કારણો અને સાધનો સૂઝી આવે છે. એવા બધા સાધનો અને અવકાશ બીજા દેહમાં હોતો નથી. કુતરાને અને હાથીને પણ બુદ્ધિ હોય છે. પણ એ કેટલી હોય ? તે પ્રમાણમાં માણસ નવી સૃષ્ટિ સર્જે છે એમ કહીએ તો પણ ચાલે.

આત્મામાં અનંતી શક્તિ છે એવું શાસ્ત્રકારો પોકારી પોકારી કહે છે. એમાં જરા પણ શંકા નથી. પણ એ પ્રત્યક્ષ અનુભવમાં લાવવા માટે આપણે આપણા આત્માની સુપ્ત શક્તિઓને પ્રકાશમાં લાવવા માટે પ્રયત્ન કરવો જોઇએ. તેને પુરૂષાર્થ કહે છે. જે જે મહાપુરૂષો આ જગતમાં ચળકી ગયા અને જેમના પુરૂષાર્થનું અને નામનું સ્મરણ આપણે ભૂલી શકતા નથી, એવા પુરૂષો જ માનવ દેહની વિશિષ્ઠ ઉપયોગિતા સિદ્ધ કરી ગયા છે અને આત્મવિકાસના આ કાર્યમાં માનવ દેહ જ સંપૂર્ણ કાર્યક્ષમતા બતાવી શકે છે. દેવલોકમાં તો વૈક્રીય શરીર જ હોય છે અને તે સત્કર્મથી મળેલા પુણ્યજનિત સુખનો ઉપભોગ

લેવા માટે જ હોય છે. વ્યવહારૂ ભાષામાં કહીએ તો એ એક સુખોપભોગનું સોનેરી પાંજરૂં જ કહી શકાય. એમાં વ્રત, નિયમો, તપજપને અવકાશ હોતો નથી. જેમ કોઇ માણસને અમુક વરસનો કારાવાસ મળે અને તેટલા કાળ સુધી એને મુક્ત થવાની આશા રાખી શકાય નહીં એવો એ પ્રકાર છે. કોઇ અત્યંત સામાન્ય કોટીનો માણસ એક મહાન રાજાની કૃપાને પાત્ર થાય, રાજા તેને અત્યંત સુખસગવડોવાળા મહેલમાં મૂકે, ઘણા નોકરચાકર હાથ નીચે હોય, ખાવા પીવાની બધી જ સગવડો ઉંચા પ્રકારની હોય, એવી સ્થિતિમાં પેલા માણસને પરાવલંબી જીવન વિતાવવું પડે. કોઇ જાતની છુટ હોય જ નહીં કારણ કે જે કાંઇ જોઇએ તે સેવકો તરત લાવી આપે. એવી સ્થિતિમાં એ આત્માનો વિચાર શી રીતે કરી શકે ? એને તો જાણે સોનાના પાંજરામાં પુરાયેલું જીવન વિતાવવું પડે એવી સ્થિતિ દેવલોક કે સ્વર્ગની હોય છે. ત્યાં આત્મવિકાસ સાધવાને અવકાશ જ હોતો નથી. આત્માને ગુણસ્થાનોમાં ઉંચે ચઢાવવાનો અવકાશ ફક્ત માનવદેહમાં જ હોય છે તેથી જ માનવદેહની મહત્તા વિશેષ ગણવામાં આવે છે.

માનવદેહનો સદુપયોગ કરવામાં આવે અને સંયમપૂર્વક આત્મધર્મને અનુસરી કર્મો કરવામાં આવે તો તે માનવ મનુષ્ય દેહમાં પણ દેવતા તરીકે પૂજાય છે. પણ એ જ માનવ પોતાને મળેલી શક્તિનો દુરૂપયોગ કરે તો તે જ માણસ દાનવ પણ થઇ શકે છે અને જગતના ધિક્કારને પાત્ર બની શકે છે. પોતાના જીવનમાં પણ પોતાની ઘોર નિરાશા અને વિટંબના પોતાની સગી આંખે જોવાનો પ્રસંગ એને મળે છે. જે લોકો એની જય બોલાવતા હતા તે જ લોકો તેનો તિરસ્કાર કરતા જોવામાં આવે છે. એ ઉપરથી એમ ફલિત થાય છે કે, ભલે દુર્લભ અને સારામાં સારો એવો માનવ જન્મ મળેલો છે તો પણ જ્યાં સુધી તેનો ઉપયોગ શી રીતે કરવો એ આપણે જાણતા ન હોઇએ ત્યાં સુધી તે મળેલો માનવદેહ પણ નકામો જ વેડફી નાખવા જેવો થઇ પડે. ઘણા દાખલાઓ આપણી નજર સામે જોવામાં આવે છે કે, કોઇ તદ્દન ભીખારી જેવી હાલતમાં રહેલા માણસને અકસ્માત ઘણા ધન, માલ, મિલકતનો વારસો

મળી જાય છે, ત્યારે એને કાંઇપણ આવડત નહીં હોવાને કારણે એ હર્ષાતિરેકમાં તે ધન ગમે તેવા ખોટા માર્ગે થોડા જ દિવસમાં ઉડાડી નાંખે છે અને પાછો બાવો થઇ જાય છે. ત્યારે એને પોતાની મૂર્ખાઇનું ભાન થઇ જાય છે. પણ એ શા કામનું ?

ઉપરના વિવેચન ઉપરથી એ સિદ્ધ થાય છે કે માનવ દેહ એ અત્યંત વૈભવસંપન્ન, કાર્યક્ષમ અને આત્મોન્નત્તિના કાર્યમાં ઉપયોગી દુર્લભ એવો છે. બીજા કોઇપણ જન્મના શરીરમાં એ બધા ગુણો એકત્ર મળી આવતા નથી. તેને લીધે જ આ માનવદેહનો સદુપયોગ કરી લેવાની આપણી જવાબદારી ઘણી વધી પડે છે માટે આ દુર્લભ અવસરનો સારામાં સારો લાભ ઉઠાવવો એ આપણી ફરજ થઇ પડે છે. એ સદ્બુદ્ધિ બધાઓને સાંપડે એવી ભાવના પ્રગટ કરી અમો વિરમીએ છીએ.

આ ઔદારિક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના ઉત્સેધ અંગુલના માપે એક હજાર યોજનથી કાંઇક અધિક હોય છે અને જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ હોય છે.

આ શરીરની ઉત્કૃષ્ટ સ્થિતિ યુગલિક મનુષ્યોની અપેક્ષાએ ત્રણ પલ્યોપમની હોય છે અને જઘન્યથી એક અંતર્મુહૂર્તની હોય છે.

એક જીવની અપેક્ષાએ આ શરીરનું આંતરૂં ઉત્કૃષ્ટથી ૩૩ સાગરોપમ હોય છે. કોઇ મનુષ્ય ઔદારિક શરીરથી અનુત્તરનું કે સાતમી નારકીનું આયુષ્ય બાંધી ઉત્પન્ન થાય અને પછી ઔદારિક શરીરને પામે એ અપેક્ષાએ આંતરૂં કહેલ છે. જઘન્યથી એક અંતર્મુહૂર્ત કાળ હોય છે. કોઇ ચારિત્રવાન્ જીવ ઉત્તર વૈક્રીય શરીર કરીને અંતર્મુહૂર્તમાં ઔદારીક શરીરને ફરીથી પ્રાપ્ત કરે એ અપેક્ષાએ જાણવું.

જગતમાં આ ઔદારિક શરીરો અસંખ્યાતા હોય છે. આ શરીર, તિર્યંચો અને મનુષ્યોને જ હોય છે. આ શરીરથી ગતિ તિર્છીગણીએ તો જંઘાચારણ મહાત્માઓ રૂચક દ્વીપ સુધી જઇ શકે છે અને વિદ્યા ચારણ મુનિઓ અને વિદ્યાધરો નંદીશ્વર દ્વીપ સુધી જઇ શકે છે. ઉર્ધ્વલોકને વિષે

પાંડુક વન સુધી જઇ શકે છે.

જગતમાં રહેલા ઔદારિક વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરીને ઔદારિક શરીર રૂપે પમાડીને વિસર્જન કરવાની શક્તિ જેનાથી પ્રાપ્ત થાય તે ઔદારિક શરીર નામકર્મ કહેવાય છે અથવા જે શરીરના ઉદયકાળમાં જીવોને સુખ અને દુ:ખ બંન્ને વેઠવાની તાકાત પેદા કરાવે તેને ઔદારિક શરીર નામકર્મ કહેવાય છે. જે શરીરના ઉદયકાળમાં મોટેભાગે દુ:ખ પ્રાપ્ત થતું જાય અને થોડોકકાળ સુખની પ્રાપ્તિ કરાવવામાં સહાયભૂત થતું જાય એને ઔદારિક શરીર કહેવાય છે અથવા જે શરીરના ઉદયકાળમાં હાડકાની રચના વિશેષ રહેલી હોય તે શરીરને ઔદારિક શરીર કહેવાય છે. તે હાડકાની રચના વિશેષથી જીવો રાગાદિ પરિણામ રહિત થતાં થતાં સંપૂર્ણ કર્મથી રહિત એટલે કે આત્મપ્રદેશો ઉપર અનાદિકાળથી કર્મના પુદ્‌ગલો એકને એક થઇને રહેલા છે તે સંપૂર્ણ પુદ્‌ગલોનો નાશ કરવામાં શક્તિ પેદા કરવાની તાકાત હાડકાની રચના વિશેષથી પ્રાપ્ત થાય છે. આથી ઔદારિક શરીરના ઉદયકાળમાં જીવ રાગાદિ પરિણામ કરતો જાય તો સંસારમાં ભયંકર કોટિના દુ:ખોને ઉપાર્જન કરતો જાય છે એટલે કે બાંધતો જાય છે. અર્થાત્ એ ઔદારિક શરીરવાળો જીવ સાતમી નારકી સુધી પહોંચી શકે છે અને જો રાગાદિ પરિણામથી રહિત થતો જાય તો સંપૂર્ણ કર્મથી રહિત બનીને પોતાનું સંપૂર્ણ શુધ્ધ સ્વરૂપ પેદા કરી શકે છે આને ઔદારિક શરીર કહેવાય છે. જેમકે તીર્થંકર પરમાત્માના આત્માઓ દેવલોકમાં વૈરાગ્યભાવને ગ્રહણ કરતાં કરતાં ત્યાંથી ચ્યવન પામીને ત્રણ જ્ઞાન સહિત એટલે કે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન સહીત મનુષ્યપણાને પ્રાપ્ત કરે છે અને ઔદારિક શરીરને પ્રાપ્ત કરે છે. એવીજ રીતે નરકગતિમાંથી તીર્થંકરના આત્માઓ ત્રણ જ્ઞાન સહિત મનુષ્યગતિને પ્રાપ્ત કરે ત્યારે ઔદારિક શરીરને પ્રાપ્ત કરે છે. ચ્યવન પામીને માતાના ગર્ભમાં આવે ત્યારથી વૈરાગ્યભાવ દ્રઢ કોટિનો રહેલો હોવાથી ઔદારિક વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરતાં કરતાં અને સાથે સાથે આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરતાં કરતાં એ પુદ્‌ગલોને ખલ અને રસ સ્વરૂપે પરિણામ પમાડતાં ખલવાળા

પુદ્ગલોનો નાશ કરી અને રસવાળા પુદ્ગલોનો સંગ્રહ કરતાં કરતાં એ પુદ્ગલો પ્રત્યે રાગાદિ પરિણામથી રહિત ગ્રહણ કરતા હોવાથી ઔદારિક શરીર બનાવવા પૂરતુંજ સંગ્રહ કરે છે અને સંગ્રહાયેલા પુદ્ગલોથી ઔદારિક શરીર બનાવીને ઔદારિક શરીરવાળા કરે છે અને જ્યારે એ શ્રી તીર્થંકર પરમાત્માના આત્માઓ જન્મ પામે છે ત્યારથીજ એમનું ઔદારિક શરીર સર્વશ્રેષ્ઠ પુદ્ગલોનું બનેલું હોવાથી સમયે સમયે શ્રેષ્ઠ પુદ્ગલોને ગ્રહણ કરી ઔદારિક શરીર રૂપે પરિણમાવી વિસર્જન કરતા જાય છે એટલે કે ઔદારિક શરીર રૂપે ઔદારિક વર્ગણાના પુદ્ગલોને પરિણમાવીને એ ઔદારિક વર્ગણાના પુદ્ગલોને સાથે સાથે વિસર્જન પણ કરતાં જાય છે. આ ઔદારિક શરીર પ્રત્યે મમત્વ બુધ્ધિ કે રાગાદિ પરિણામ પેદા થતા ન હોવાથી સંસારની અવસ્થા જેટલા કાળની રહે તેટલા કાળ સુધી પણ ગમે તેટલા ઉંચી કોટિના સારા પુદ્ગલોને ગ્રહણ કરવા છતાં અને ઉત્તમ કોટિનો આહાર કરવા છતાં શરીર પ્રત્યેનું ભેદજ્ઞાન અંતરમાં સતત ચાલુ રહે છે. એટલે કે રાગાદિ પરિણામનો ઉદય હોવાછતાં પણ એ ઉદયને આધીન થયા વગર ઉત્કૃષ્ટથી ૮૩ લાખ પૂર્વવર્ષ સુધી પોતાનો જીવનકાળ પસાર કરતાં જાય છે. એ જીવનકાળ દરમ્યાન શરીર પ્રત્યેના ભેદજ્ઞાનના કારણે સમયે સમયે સાતકર્મનો બંધ કરવા છતાં એ કર્મનો બંધ સંસારની વૃધ્ધિમાં સહાયભૂત થતો નથી અને એજ ભવમાં એ બંધાયેલા કર્મોનો અને પૂર્વે બાંધેલા, સત્તામાં રહેલા કર્મોનો એમ સંપૂર્ણ કર્મોનો નાશ કરવાની શક્તિ પેદા કરીને સંપૂર્ણ કર્મો રહિત થાય છે.

જેનો બાંધો મજબૂત તેનું મન મજબૂત, જેનો બાંધો નબળો તેનું મન ચંચળ મજબૂત બાંધે મળેલું મજબૂત મનનો ઉપયોગ રાગાદિ પરિણામને જીતવા માટે કરે તો પોતાના આત્માનું કામ કાઢી જાય. ચંચળ મનોવૃત્તિને કોઇપણકાળે કામ કરવાનું આવે તો કેટલાય વિચાર આવે, કેટલાયને પૂછે, કોઇની ઉપર એને જલ્દી વિશ્વાસ પણ બેસે નહિ. ગર્ભકાળમાં પણ મનની ચંચળતા હોય છે. એની માતા ચંચળ મનવાળી હોય તો ગર્ભમાં રહેલું બાળક પણ ચંચળ મનવાળું રહે છે. શ્રી તીર્થંકર ભગવંતોને પહેલા સંઘયણમાં પણ ઉત્તમ કોટિના

પુદ્ગલો રાગરહિતપણે ગ્રહણ કરી રચેલું શરીર હોય છે. એમના અંગુઠામાં દેવતાઓ અમૃત રસ ભરી દે છે અને એ અંગુઠાને વારંવાર ચુસતા તૃપ્તિનો અનુભવ પેદા થતો જાય છે છતાં પણ તેમાં રાગ હોતો નથી અને રાગને નિષ્ફળ કરતાં જાય છે. જેના અંતરમાં વૈરાગ્યભાવ પેદા થયેલો હોય એને આંશિક વીતરાગી પણ કહેવાય છે. આ શ્રી તીર્થંકરના જીવો સંસાર માંડીને પણ સંસારનો ભોગવટો કરતા હોય તો પણ એ પોતાના ભોગાવલી કર્મોને ખપાવવા માટેજ એ સંસારને ભોગવે છે. પણ તે વખતે અંતરમાં એમને રાગ પણ હોતો નથી. આથી એમની રાગમોહનીય પોષાતી નથી. પહેલા સંઘયણ વગર જીવને ક્ષપક શ્રેણિ પ્રાપ્ત થઇ શકે જ નહિ. આ સંઘયણ બળમાં તાકાત એટલી બધી જબરી હોય છે કે જીવ જો વૈરાગ્ય પેદા કરવાનો પ્રયત્ન કરીને વૈરાગ્ય પેદા કરતો કરતો આગળ વધતો જાય તો એ જીવ પોતાના આત્મામાં રહેલા રાગાદિ પરિણામને સંપૂર્ણ નાશ કરીને સિધ્ધિગતિમાં જઇ શકે છે અને એજ પહેલા સંઘયણવાળો જીવ જો રાગાદિ પરિણામને આધીન થઇનેજ જીવન જીવે તો સાતમી નારકી સુધી પણ જઇ શકે છે. અત્યારે આપણું શરીર છેલ્લા સંઘયણવાળું હોવાથી એને માલીશ વગેરે કરી કરીને ચલાવવું પડે છે. આથી આપણા વર્તમાનના શરીરો તકલાદી રૂપે ગણાય છે. જરાક પડે અથવા આથડે તો તરતજ એને ફ્રેક્ચર થઇ જાય છે.

શ્રેણિક મહારાજાએ દર્શનમોહનીયનો ક્ષય કરી ક્ષાયિક સમકીતની પ્રાપ્તિ કરેલ છે અને હવે તીર્થંકરના ભવમાં ચારિત્ર મોહનીયનો ક્ષય કરવા માટે ક્ષપક શ્રેણિ શરૂ કરશે. જેટલા આપણે રાગાદિ પરિણામથી નિર્લેપ રહી શકીએ તેટલું આપણું સારું ભાવિ નિર્વાણ થઇ શકે છે. એ રાગાદિ પરિણામ ઉપરથી નક્કી થાય કે આપણે પેદા કરેલું શરીર એને ખોરાક આપી આપીને રષ્ટપુષ્ટ કરતાં જઇએ છીએ અને રોગાદિથી સાવચેતી રાખીને જીવન જીવીએ છીએ. એનાથી જન્મ મરણની પરંપરા આપણે વધારતા જઇએ છીએ. માટે જ્ઞાનીઓ કહે છે કે જે શરીરથી આપણે વર્તમાનમાં જીવન જીવી રહેલા છીએ એ શરીરના રાગાદિ પરિણામને કાપવાનો આશય અંતરમાં જીવંત છે ? જે

જીવોએ રાગ ઘટાડવા માટે તપ કર્યો હોય અથવા રાગાદિ પરિણામ ઘટાડવા માટે તપ કરતા હોય એ જીવોને પારણામાં જે મળે અને જેવું મળે એ એને ચાલી શકે છે. એ પદાર્થો પ્રત્યે એને અંતરથી રાગાદિ પરિણામ પેદા થતા નથી. જ્ઞાની ભગવંતો કહે છે કે રસનેન્દ્રિયને જીતવી એ દુષ્કર છે. આપણું લક્ષ રાગને ખપાવવા માટેનું હોય તોજ રાગાદિ પરિણામ ઘટી શકે અન્યથા રાગાદિ પરિણામ ઘટી શકતા નથી. પારણાના લક્ષપૂર્વક આયંબિલની ઓળી કરે તે ઓળી આહાર સંજ્ઞાના રસપૂર્વકવાળી જીવનમાં થઇ રહેલી છે એમ જ્ઞાનીઓ કહે છે. રાગાદિ પરિણામને તોડવાના લક્ષપૂર્વક ઓળી કરાય તો આહારસંજ્ઞાને તોડવાનું કામ કરે છે. રસનેન્દ્રિયને જીતવા માટે જે કંઇ અનુષ્ઠાનોનું સેવન કરીએ છીએ એ માટે કરતાં રહીશું તો જરૂર રાગાદિ પરિણામની મંદતાની અનુભૂતિ પેદા થશે. આથી આપણે રોજ શું કરવાનું અને શું વિચારવાનું એ આપણી જાતેજ આપણે વિચાર કરતા થવું જોઇએ. જૈનશાસનમાં એવો કોઇ નિયમ નથી કે આયંબિલ કરે તો નિર્જરા વિશેષ થાય. આયંબિલ કરવાવાળો આયંબિલ કરતી વખતે પણ બધી ચીજમાં રાગાદિ કર્યા કરે ગરમ અને ઠંડુ કર્યા કરે તો એ નિર્જરા શી રીતે કરે ? આ જૈન શાસન મારનારું નથી પણ તારનારું છે. વર્તમાનમાં આપણને જે શરીર મળેલું છે એનો આપણે ઉપયોગ શું કરી રહેલા છીએ ? વર્તમાનમાં શું કરીએ છીએ ? જો આપણો ઉપયોગ રાગાદિ પરિણામને પુષ્ટ કરવા માટે કરતા હો તો અર્થાત્ કરાતો હોય તો એ તપ કાયક્લેશ રૂપે ગણાય છે. બોલો આપણે કઇ રીતે જીવન જીવી રહેલા છીએ ? શરીર આદિના રાગને પૂછીને દુઃખને ઉપાર્જન કરવું છે કે રાગાદિને છોડીને આત્મિક સુખને વધારવું છે અથવા એની ઇચ્છા અંતરમાં પેદા કરવી છે ? જે જીવો આહારાદિ પુદ્ગલોને રાગાદિ પરિણામ રહિત ગ્રહણ કરે તો તેમનો વૈરાગ્યભાવ ક્રમસર ધીરે ધીરે પ્રબળ બનતો જાય છે. આ રીતે તીર્થંકરના આત્માઓ પ્રબળ વૈરાગ્યભાવ સતત ચાલુ રાખીને ૮૩ લાખ પૂર્વવરસ સુધી પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલા સુખના સાધનોને ભોગાવલી કર્મ નિકાચીત રૂપે બાંધેલા હોવાથી એ

પદાર્થોને ભોગવીને કર્મનો ક્ષય કરતા જાય છે. જ્યારે એજ ભવમાં એકલાખ પૂર્વ આયુષ્ય બાકી રહે ત્યારે સંયમનો સ્વીકાર કરી જે કંઇ પરિષહો અને ઉપસર્ગો પેદા થાય કે જે મનુષ્ય સંબંધી, દેવ સંબંધી અને તિર્યંચ સંબંધી જે કંઇ પરિષહ અને ઉપસર્ગો પેદા થતાં જાય છે એ ઉપસર્ગો અને પરિષહોને શરીરના ભેદજ્ઞાનની સ્થિરતાને પ્રાપ્ત કરતાં કરતાં સારામાં સારી રીતે ક્ષમતાથી સહન કરતાં કરતાં કેટલાય ભવોના બાંધેલા સત્તામાં રહેલા પાપકર્મોને ઉદયમાં લાવીને, ભોગવીને નાશ કરે છે. જેમ વૈરાગ્યભાવથી ભોગાવલી કર્મોને ભોગવીને નાશ કરે છે એમ સમતા ભાવથી ગમે તેટલા કષ્ટો પડે તો પણ બાંધેલા પાપકર્મોને પણ ભોગવીને નાશ કરે છે. આથી એમ કહેવાય છે કે તીર્થંકર પરમાત્માઓનું શરીર સંસારી અવસ્થામાં કોમલ હોવા છતાંય સંયમનો સ્વીકાર કરી જે તે દિવસથીજ એમનું શરીર દુઃખ ભોગવવા માટે કઠોર બને છે. આથી ઔદારિક શરીર ગમે તેટલું કોમળ મળેલું હોય પણ જો વૈરાગ્યભાવ વગર ભોગની સામગ્રીના પદાર્થોને જીવ ભોગવવામાં પડી જાય તો રાગાદિ પરિણામ કરતો કરતો મનુષ્યપણાને દુર્લભ બનાવતો જાય છે. જો વૈરાગ્યભાવ પૂર્વક ભોગ ભોગવવામાં આવે તો કર્મનો નાશ કરતો કરતો શરીર પ્રત્યેના ભેદજ્ઞાનની સ્થિરતાને પ્રાપ્ત કરતો જાય છે. એ ભેદજ્ઞાનની સ્થિરતાના પ્રતાપે છેલ્લી ઉંમરમાં પાપના ઉદયથી ગમે તેટલા કષ્ટો આવે, દુઃખો આવે તો તે કષ્ટો અને દુઃખોને સમતા ભાવપૂર્વક કોમલ શરીરને કઠોર બનાવીને ભોગવવાની શક્તિ પેદા થતી જાય છે. આ રીતે ભોગ ભોગવીને કર્મોને નાશ કરવામાં અને કષ્ટ વેઠીને પાપકર્મોને નાશ કરવામાં ઔદારિક શરીર સિવાય બીજું શરીર ઉપયોગી થઇ શકતું નથી. માટે ઔદારિક શરીરને શ્રેષ્ઠ કહેવાય છે અને પ્રધાન કહેવાય છે. એટલે કે બાકીના શરીરો કરતાં ઔદારિક શરીરને પ્રધાનરૂપે ગણીને સૌથી પહેલું મૂકેલું છે.

જેમકે રામ અને લક્ષ્મણ જ્યારે બળદેવ રૂપે અને વાસુદેવ રૂપે હયાત હતા તે વખતે બંન્નેનો રાગ એકબીજા પ્રત્યે એટલો તીવ્ર હોય છે કે એકબીજાનું જો મરણ સાંભળે તો તે વખતે મરણ પામી જાય છે. આ વાત ઇંદ્ર મહારાજાએ

દેવોની સભામાં જ્યારે કરી ત્યારે બે દેવોને એ વાત બેઠી નહી માટે એ દેવો બ્રાહ્મણનું રૂપ કરી મનુષ્યલોકમાં આવી જ્યારે લક્ષ્મણજી એકલા દીવાનખાનામાં બેઠેલા હતા તે વખતે કહે છે કે સાંભળ્યું રામચંદ્રજી ગયા. આ સમાચાર સાંભળતાની સાથેજ લક્ષ્મણજીનું આયુષ્ય પૂર્ણ થતાં ત્યાં મરણ પામ્યા છે. આ સમાચારને જાણીને લવ અને કુશ રામચંદ્રજીના બંન્ને દીકરાઓને વૈરાગ્યભાવ પેદા થયો છે. કે કાકા ગયા ? જો એ ગયા તો આપણે પણ જવુંજ પડશે. તો અહીં રહીને આપણે કરવું શું ? માટે પોતાના પિતા પાસે એટલે કે રામચંદ્રજી પાસે આવીને કહે છે કે કાકા ગયા અમે પણ કોણ જાણે ક્યારે ચાલ્યા જઇશું એ કંઇ ખબર નથી માટે અમે બંન્ને સંયમ ગ્રહણ કરવા માટે જઇએ છીએ. આ રીતે રામચંદ્રજીને કહીને એ બંન્નેએ ચાલવા માંડ્યું અને સંયમને ગ્રહણ કરી પોતાના આત્માના કલ્યાણમાં ક્રમસર આગળ વધવા માંડ્યા. હજી લક્ષ્મણનું શબ ઘરમાં પડેલું છે, રામચંદ્રજી એ મરી ગયા છે એમ માનતા નથી. એટલે એમના પૂર્વના ભવના બાંધેલા રાગના કારણે છ મહિના સુધી લક્ષ્મણના શબને ખભે ઉપાડી ગામમાં ફરે છે. સમકિત હોવાછતાંય સમકિતની હાજરીમાં બળદેવના જીવોને રાગ મોહનીય કર્મ આટલું તીવ્રરૂપે પણ પજવી શકે છે છતાં પણ એમનામાં સમકીત રહેલું છે. શરીરના ભેદજ્ઞાન વગર આટલી પ્રબળ કોટીની ઉચ્ચ ભોગની સામગ્રી અને રોગાદિ દુઃખનો સંપૂર્ણ અભાવની સ્થિતિમાં આવી નિર્લેપતા ટકી શકેજ નહિ. ભોગાવલીને ખપાવવા માટે પ્રબળ વૈરાગ્ય જોઇએ. એ વૈરાગ્યભાવ ભેદજ્ઞાનની સ્થિરતાથી પેદા થાય છે. એવીજ રીતે ઉપસર્ગો અને પરિષહોને સમતાપૂર્વક ભોગવવામાં પણ શરીરનું ભેદજ્ઞાન બળ પૂરુ પાડે છે.

તિર્યંચગતિમાં રહેલા જીવોને પહેલું સંઘયણ પ્રાપ્ત થાય તો ઔદારિક શરીરવાળા હોવાછતાં પણ એ જીવો પહેલા સંઘયણના કાળમાં ક્ષયોપશમ સમકીતથી આગળ અને દેશવિરતિપણાથી આગળ વધી શકતા નથી. જો મનુષ્યપણામાં ક્ષાયિક સમકીતની પ્રાપ્તિ કરેલી હોય અને પછી તિર્યંચગતિમાં ઉત્પન્ન થાય તો પણ એ ક્ષાયિક સમકીતના કાળમાં સર્વવિરતિને પામી શકતા

નથી.

શ્રી તીર્થંકરના જીવો સુખ અને દુઃખને વૈરાગ્ય અને સમતાપૂર્વક ભોગવતા ભોગવતા રાગાદિ પરિણામને નિષ્ફળ કરી અનંતા કર્મોનો નાશ કરી પોતાના કલ્યાણમાં આગળ વધતા જાય છે અને કલ્યાણ સાધે છે. એ પરમાત્માના દર્શન કરતાં તેમની ભક્તિ કરતાં, એમની સ્તવના કરતાં અને એમનું ધ્યાન કરતાં આપણા પરિણામ કેવા પ્રકારના ચાલે છે એની વિચારણા વર્તમાનમાં આપણે કરીએ છીએ ખરા ? એ દર્શનાદિ કરતાં કરતાં આપણો આત્મા પણ કર્મોથી કંઇક હળવો થાય છે એવું પણ જણાય છે ખરું ? દર્શનાદિ કર્યા પછી ઘરે જવાની સાવદ્ય પ્રવૃત્તિ આદિમાં અને આખો દિવસ થતી સાવદ્ય પ્રવૃત્તિઓમાં તમારો ભાવ કયા પ્રકારનો રહેલો હોય છે [આ ઔદારિક શરીરથી સાતે કર્મોનો બંધ સમયે સમયે કરીએ છીએ એમાં પાપકર્મો વિશેષ બંધાતા બંધાતા દૂર્ગતિને ઉપાર્જન કરી રહેલા છીએ કે પુણ્ય કર્મોને બાંધતા બાંધતા સદ્ગતિને ઉપાર્જન કરી રહેલા છીએ] આનો રોજ આપણે વિચાર કરવો જોઇએ. વર્તમાનમાં વૈરાગ્યભાવ પેદા કરવો એ આપણા માટે કેવળજ્ઞાન પેદા કરવા જેટલું દુષ્કર લાગે છે ને ? ભગવાનનો દાખલો આદર્શરૂપે રાખીને આપણે આપણા આત્માનો વિચાર કરવાનો છે. બોલો એ અરિહંત પરમાત્માના ધ્યાને રાગાદિ પરિણામ કેટલા નિષ્ફળ કરીએ છીએ ? પાપના ઉદયથી જે કંઇ દુઃખ આવે એ દુઃખમાં પણ અરિહંત પરમાત્માને યાદ કરીને રાગાદિ પરિણામ કેટલા નિષ્ફળ કરીએ છીએ એ પણ રોજ વિચારવાનું છે એટલે કે દુઃખના કાળમાં દ્વેષાદિ પરિણામો નિષ્ફળ થાય છે એવો અનુભવ છે ? તીર્થંકર પરમાત્માઓને જે ઔદારિક શરીર પ્રાપ્ત થયેલું હતું એ જ ઔદારિક શરીર આપણને મળેલું છે તેમના જેટલા રાગાદિ પરિણામોને નિષ્ફળ નથી કરી શકતા પણ કાંઇક રાગાદિ પરિણામ નિષ્ફળ થાય છે અને એમને બતાવેલો જે માર્ગ એ માર્ગને વિષે ક્રમસર આગળ વધી રહેલા છીએ અથવા એ માર્ગને વિષે સ્થિર થતાં જઇએ છીએ એવો અહેસાસ પણ થાય છે ખરો ? પાપના ઉદયથી વર્તમાનમાં જે કંઇ અસહ્ય પીડાઓ પેદા થાય છે એ નરકની અપેક્ષાએ

કાંઇ વિસાતમાં નથી, સહન નથી થતું, નથી થતું એમ બોલવાથી ચાલશે નહિ. સહન કરતા શીખવુંજ પડશે. આપણી જાતેજ સહન કરવાની ટેવ પાડવી પડશે. નરકમાં કોઇ આવી શીખામણ આપવા પણ આવવાનું નથી. તીર્થંકર પરમાત્માઓએ જે પરિષહો અને ઉપસર્ગો વેઠ્યા એની અપેક્ષાએ વર્તમાનમાં આપણી પીડા એ શું છે ? તમારા પગની વચ્ચે કોઇ અગ્નિ પ્રગટાવે, રસોઇ બનાવે તો સહન થઇ શકે ખરું ? જ્યારે શ્રવણ ભગવાન મહાવીર મહારાજાના બે પગની વચમાં અગ્નિ સળગાવી ગોવાળીયાઓ રસોઇ પણ કરતા હતા છતાં પણ એ વેદનાને ક્ષમતા ભાવે એમને વેઠી લીધી.

આત્માને સમજાવો કે પાપ કરતાં પાછુ વાળીને જોયું નથી તો સહન કરતાં કેમ આટલો બધો ગભરાય છે. આપણે ત્યાં દ્રઢ પ્રહારીનું પણ દ્રષ્ટાંત છે ને ? છ મહિના સારી રીતે પીડાને સહન કરતાં કરતાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી બોલો પાપના ઉદયથી આવતા દુઃખના કાળમાં દ્વેષાદિને નિષ્ફળ કરવાનું અને પુણ્યના ઉદયથી મળતી ભોગાદિની સામગ્રીમાં રાગાદિને નિષ્ફળ કરવાનો પ્રયત્ન કરો છો ખરા ? આત્મકલ્યાણના હેતુથી આ રાગ અને દ્વેષના પરિણામોનો હ્રાસ કરવાનો જીવનમાં પ્રયત્ન શું છે ? સમજણના ઘરમાં આવ્યા પછી આ રીતે રાગાદિને મહાત કરે એટલે કે મંદ પાડતાં પાડતાં સંયમીત કરીને નાશ કરવાનો પ્રયત્ન કરે પછી એ જીવોને જો કોઇ નિકાચીત કર્મ નડતું હોય તો જુદી વાત બાકી એ જીવોના ભવો ગણતરીના જ હોય છે. એટલે કે એમને હવે બહુ રખડવાનું રહેતું નથી. ગમે તેટલી વિકટ પરિસ્થિતિમાં દ્વેષ કર્યા કરતા પોતાના કર્મોને યાદ કરવા જોઇએ. સામેના જીવ સાથે અને આપણા કોઇ પૂર્વના કર્મોની સાથે ૠણાનુબંધને યાદ કરીને અંતરમાં ગુસ્સાને દાબી દેવાનો છે એટલે કે ગુસ્સો પેદા થવા દેવાનો નથી. સામેનાને હું જોઇ લઇશ મારી તાકાત આવશે તો હું પણ એને એવો પટકીશ કે ફરીથી ઉભો થઇ શકે નહિ. આવી જે વૃત્તિઓ અને પરિણામો પેદા કરીને જીવન જે જીવાય છે એનાથી તો દ્વેષાદિ પરિણામને વધારનારી અને દ્વેષાદિની પરંપરા સર્જનારી બને છે.

વર્તમાનમાં આગમથી આપણને જાણકારી મળે છે અને તેને અનુરૂપ જીવન જીવનાર તીર્થંકર પરમાત્માઓ આપણા માટે આલંબન સ્વરૂપ છે. જીવનમાં સારા પરિણામોને ટકાવવા સારા પરિણામોના લક્ષને પેદા કરવા, એને સ્થિર બનાવવા માટે અને વિશેષ શુધ્ધ કરવા આ જ્ઞાન અને આલંબન આ બંન્ને જોઇશે. બોલો ઔદારિક શરીરથી આપણે વર્તમાનમાં બંન્નેને આલંબનભૂત બનાવીને શું કરી રહેલા છીએ ? ભગવાનના દર્શનાદિ કર્યા પછી સાવધ પ્રવૃત્તિ કરતાં કરતાં આંખ સામે આ બધું યાદ આવવું જોઇએ તોજ રાગાદિને નિષ્ફળ કરવા ડગલે ને પગલે સાવચેતી રહી શકશે. કારણ કે ડગલે ને પગલે પદાર્થોનો સંયોગ અનાદિકાળથી જીવની સાથે છે. એ સંયોગને છોડી શકો તો તો ઉત્તમ આદર્શરૂપે જીવન જીવવાની તાકાત પેદા થાય અને એ કદાચ સંયોગોને છોડી ન શકાય તો જેટલે અંશે સંયોગોનો ત્યાગ થઇ શકે એટલે અંશે સંયોગોનો ત્યાગ કરતાં કરતાં બાકીના સંયોગોમાં રાગાદિ પરિણામ ન થાય, કદાચ થાય તો અલ્પ થાય એની જાગૃત અવસ્થા ઉપયોગ રૂપે રહેવી જોઇએ. એટલે કે એ સંયોગવાળા પદાર્થોમાં રાગાદિ વધી ન જાય એની સતત કાળજી રાખવી જોઇએ. વર્તમાનમાં પણ તમને જે સામગ્રી મળેલી છે એના કરતાં વધારે સામગ્રી અમને એટલે સાધુપણામાં મળેલી છે. અમે પણ એ પદાર્થોના સંયોગોમાં સાવચેત ન રહીએ તો અમારો પણ સંસાર વધી જાય. અમારે પણ તીર્થંકરનું આલંબન લઇનેજ જીવવાનું છે. આગમને આખો દિવસ ભણી નથી શકતા તો પણ અમારે તીર્થંકરના જીવનનેજ યાદ કરી આગમોના પદાર્થો તેમાં ગોઠવી ગોઠવીને પોતાના જીવનને એને અનુસાર બનાવતા જવાનું છે. તીર્થંકરના જીવનની સામે આગમ તો બીંદુ સમાન છે. રાગાદિ પરિણામોની સાથે સતત સંઘર્ષ, કજીયો, વઢવાડ કર્યાજ કરવાની છે. આ સત્વ પેદા કરવા તીર્થંકરનું આલંબન જોઇએ જ. સિંહના બચ્ચા સિંહ જેવાજ હોય પણ બકરા જેવા હોતા નથી. આપણે સિંહના બચ્ચા જેવા બનવાનું છે. રાગાદિ પરિણામની સાથે આપણે વાણીયા જેવા બનવાનું અને ધર્મમાં ક્ષત્રિય જેવા બનવાનું છે. હંમેશા શ્રાવક ધર્મમાં ધર્મના અનુષ્ઠાનોનું સેવન

કરવામાં ક્ષત્રિયજ હોય કારણ કે રાગાદિ પરિણામની સામે લડવાનું છે. જીવોની સાથે તો મૈત્રીભાવ, પ્રમોદભાવ અને કરૂણભાવના ભાવવાની છે. રાગાદિ પરિણામની સાથે પ્રશસ્ત કષાય પેદા કરવાનો છે. નાશવંત પદાર્થો માટે આપણાથી કજીયા થાય ? આપણે તીર્થંકરના સેવક અને આપણે તુચ્છ પદાર્થો માટે કદિ લડીયે એવું બને ખરું ? આખા દિવસમાં અપ્રશસ્ત કષાય કેટલા થાય છે અને પ્રશસ્ત કષાય કેટલા કરી રહેલા છીએ એની વિચારણા સતત ચાલુ જ રાખવાની છે. શાસ્ત્રે કહ્યું છે કે પાપના ઉદયથી આવેલા દુઃખો સહન ન થાય તો ભગવાનના કાનમાં જઇને કહીયાવવાનું, ગુરૂ ભગવંત હોય તો ગુરૂ ભગવંતની પાસે જઇને કહી આવવાનું. એ સિવાય કોઇને કહેવાનું નહિ કારણ કે આપણો પાપનો ઉદય હોય તો આપણી સાચી પણ વાત સામેનો સાંભળવા અને સમજવા તૈયાર ન થાય એવું પણ બને. આથી નિશ્ચિત એ થાય છે કે આપણે એકલો સંઘર્ષ કરવાનો નથી પણ રાગાદિ પરિણામની સાથે કજીયાખોર પણ બનવાનું છે. રાગાદિ પરિણામોને હવે કહી દેવાનું કે હવે હું તમને આધીન થવાનો નથી. આધીન થઇને હવે જીવન જીવવાનો નથી. આ રીતે રાગાદિ પરિણામને નિષ્ફળ કરવાનો પ્રયત્ન નહી કરીએ તો આવું શરીર ફરીથી મળશે નહિ. તીર્થંકરનું આલંબન આગમનું આલંબન જે મળ્યું છે એને સફળ બનાવવા માટે આ ઔદારિક શરીરનો જેટલો બને એટલો ઉપયોગ કરતા રહીશું તોજ આગળ આના કરતાં સારું ઔદારિક શરીર મળ્યા વગર રહેશે નહિ.

(૧) ઔદારિક શરીરનો બંધ દેવતા અને નારકીના જીવો એકથી ચાર ગુણસ્થાનક સુધીમાં કોઇપણ ગુણસ્થાનકે રહેલા હોય એ સતત બાંધ્યા જ કરે છે. કારણ કે દેવતા અને નારકીના જીવો સન્ની પર્યાપ્તા, સંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચો અને મનુષ્યોને લાયક પ્રકૃતિઓનો બંધ કરે છે એટલે કે બંધ કર્યાજ કરે છે અને તિર્યંચગતિ અને મનુષ્યગતિની સાથે નિયમા ઔદારિક શરીર જ બંધાય છે. માટે ઔદારિક શરીરનો બંધ સતત કહેલો છે. એકથી છ નારકીના જીવો પહેલા અને બીજા ગુણસ્થાનકે તિર્યંચગતિ

અને મનુષ્યગતિનો બંધ પરાવર્તમાન રૂપે કરે છે. સાતમી નારકીના જીવો પહેલા અને બીજા ગુણસ્થાનકે તિર્યંચગતિનો બંધ નિયમા કરે છે. એકથી સાતે નારકીના જીવો ત્રીજા અને ચોથા ગુણસ્થાનકે નિયમા મનુષ્યગતિનોજ બંધ કરે છે. દેવલોકને વિષે રહેલા દેવતાઓ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિકના પહેલા બીજા દેવલોકના દેવો પહેલા ગુણસ્થાનકે એકેન્દ્રિયને લાયક કર્મનો બંધ પણ કરે છે, પંચેન્દ્રિય તિર્યંચને લાયક કર્મનો બંધ કરે છે અને મનુષ્યગતિને લાયક કર્મનો બંધ પણ કરી શકે છે. માટે આ ત્રણેની સાથે ઔદારિક શરીર પરાવર્તમાનરૂપે બંધાય છે એમ કહેવાય છે. બીજા ગુણસ્થાનકમાં રહેલા આ જીવો તિર્યંચગતિ અને મનુષ્યગતિ બંન્ને ગતિનો બંધ પરાવર્તમાન રૂપે કરતા હોવાથી ઔદારિક શરીર સતત બંધાય છે. ત્રીજા દેવલોકથી આઠમા દેવલોક સુધીના દેવો પહેલા અને બીજા ગુણસ્થાનકે તિર્યંચગતિ અને મનુષ્યગતિનો બંધ પરાવર્તમાનરૂપે કરે છે માટે ત્યાં ઔદારિક શરીર પણ નિયમા બંધાય છે. ત્રીજા અને ચોથા ગુણસ્થાનકમાં રહેલા ભવનપતિથી શરૂ કરીને વૈમાનિક દેવલોકના આઠમા દેવલોક સુધીના દેવો નિયમા મનુષ્યગતિનોજ બંધ કરે છે. માટે એની સાથે ઔદારિક શરીર સતત બંધાય છે. નવમા દેવલોકથી નવ ગ્રૈવેયક સુધીના દેવો એકથી ચાર ગુણસ્થાનકમાં મનુષ્યગતિનોજ બંધ કરે છે અને પાંચ અનુત્તરમાં રહેલા દેવો નિયમા ચોથા ગુણસ્થાનકે રહેલા હોવાથી ત્યાં સતત મનુષ્યગતિનોજ બંધ કરે છે. એની સાથે સતત ઔદારિક શરીર બંધાયા કરે છે.

(૨) મનુષ્ય અને તિર્યંચો પહેલા ગુણસ્થાનકે ઔદારિક શરીર પરાવર્તમાનરૂપે બાંધે છે કારણ કે જ્યારે જ્યારે તિર્યંચગતિને લાયક અને મનુષ્યગતિને લાયક કર્મનો બંધ કરતા હોય ત્યારે ઔદારિક શરીર બંધાય છે અને નરકગતિને લાયક કે દેવગતિને લાયક બંધ કરતા હોય ત્યારે ઔદારિક શરીર બંધાતુ ન હોવાથી વૈક્રિય શરીરજ બંધાય છે. માટે અહીં પરાવર્તમાન રૂપે કહેલું છે. બીજા ગુણસ્થાનકે તિર્યંચગતિ કે મનુષ્યગતિના જીવો ઔદારિક શરીરનો બંધ પરાવર્તમાન રૂપે કરે છે. કારણ કે તિર્યંચગતિને

લાયક કે મનુષ્યગતિને લાયક કર્મનો બંધ કરતા હોય ત્યારે ઔદારિક શરીર બાંધે છે અને દેવગતિને લાયક કર્મનો બંધ કરતા હોય ત્યારે વૈક્રીય શરીર બાંધે છે માટે ઔદારિક શરીરનો બંધ પરાવર્તમાનરૂપે ગણાય છે. ત્રીજા અને ચોથા ગુણસ્થાનકમાં રહેલા મનુષ્ય અને તિર્યંચના જીવો નિયમા દેવગતિને લાયક કર્મનો બંધ કરતા હોવાથી એની સાથે વૈક્રીય શરીરનો જ બંધ કરે છે માટે ઔદારિક શરીર બંધાતુ જ નથી.

ઔદારિક શરીરનો ઉદય એકથી તેર ગુણસ્થાનક સુધી હોય છે. ઔદારિક શરીરની સત્તા એકથી ચૌદમા ગુણસ્થાનકના ઉપાંત્ય સમય સુધી અથવા દ્વિચરમ સમય સુધી હોય છે.

જૈનશાસનમાં વિધાન છે કે પૂજાનો સમય ઓછો કરીને પણ અવશ્ય જિનવાણી સાંભળવી જોઇએ. એટલે કે રોજ એક કલાક પૂજા કરવામાં કરતો હોય અને એની સાથે જિનવાણીનો સમય પણ સરખો જ હોય તો તે વખતે પૂજાનો સમય ઓછો કરીને જિનવાણી સાંભળવા માટે સમય વિશેષ કાઢવો જોઇએ તો એમાં જીવને દોષ લાગતો નથી. સામાન્ય રીતે બંન્ને સમય એવી રીતે ગોઠવે કે બંન્ને સારી રીતે સચવાય. અનિવાર્ય સંયોગોમાં પણ જો સ્નાન કરે તો ઓછામાં ઓછું એક તિલક કરી આવવાનું પણ વિધાન જૈનશાસનમાં કહેલું છે. આ કહેવાનો આશય વિશેષ લાભનું કારણ રૂપે બનતો હોવાથી જ્ઞાનીઓએ આ રીતે વિધાન કહેલું છે. કારણ કે જીનવાણી સાંભળતો થશે તોજ એને ભગવાનની ભક્તિમાં વીર્યોલ્લાસ સારી રીતે પેદા થતો જશે.

ઔદારિક શરીરનો ઉંચામાં ઉંચો એટલે કે ઉત્કૃષ્ટ રસબંધ દેવલોકમાં રહેલા જીવો અને એકથી સાત નારકીમાં રહેલા જીવો ચોથા ગુણસ્થાનકમાં રહેલા હોય એજ બાંધી શકે છે. એટલે કે પુણ્યાનુબંધી પુણ્ય રસે ઉત્કૃષ્ટ રસ ઔદારિક શરીરનો બાંધી શકે છે. તીર્થંકરના જીવો સમકીતની હાજરીમાં ઉત્તમ પ્રકારનો ઔદારિક શરીરને યોગ્ય કર્મબંધ કરે છે. દેવલોકમાં સાગરોપમ કાળ સુધી ઉત્તમ સુખની સામગ્રી મળેલી હોવાછતાં પણ વૈરાગ્યભાવના ટકાવી રાખીને ઔદારિક શરીરનો ઉત્કૃષ્ટ રસ બાંધી શકે છે અને સાતમી નારકીમાં

સાગરોપમ કાળસુધી અસહ્ય દુઃખમાં સમતાભાવ ટકાવી રાખી આવા પુણ્યાનુબંધી પુણ્યરૂપે ઉત્તમ રસવાળું ઔદારિક શરીર બાંધી શકે છે. આથી નિશ્ચિત એ થાય છે કે મનુષ્યભવમાં રહેલા જીવો ઔદારિક શરીરનો બંધ કરી શકે ખરા પણ આવા ઉત્કૃષ્ટ રસે બાંધી શકવાની તાકાત નથી કારણ કે એ બાંધવા માટે સમકીત જોઇએ. મનુષ્યપણામાં સમકીતની પ્રાપ્તિ થાય તો સમકીતની હાજરીમાં ઔદારિક શરીરનો બંધ થતો જ નથી. વૈક્રીય શરીરનો બંધ કરે છે માટે આવા ઉત્કૃષ્ટ પુણ્યાનુબંધી પુણ્યરસવાળા ઔદારિક શરીરને બાંધી શકતા જ નથી.

## આજના વૈજ્ઞાનીકની દ્રષ્ટિએ શરીરની કિંમત ૪.૫ કરોડ ડૉલર

એક રીતે જોઇએ તો શરીરને અલગ અલગ ભાગમાં વહેંચવામાં આવે તો તેની કિંમત ૪.૫ કરોડ ડૉલર (લગભગ ૨૨૦ કરોડ રૂપિયા) થી પણ વધારે થાય છે. હાલમાં થયેલા એક સર્વેક્ષણ અનુસાર સામાન્ય માણસના શરીરમાં લગભગ અઢીકરોડના મૂલ્યની અસ્થિમજ્જા હોય છે. જેની કિંમત ૨૩ હજાર ડૉલર પ્રતિ ગ્રામ હોય છે. ૧૩ લાખ ડૉલર પ્રતિગ્રામના આધારે શરીરની પ્રત્યેત કોષીકામાં પ્રાપ્ત થતા ડી.એન.એ ની કિંમત ૯૭ લાખ ડૉલરની થશે. આ પ્રમાણે શરીરમાં ૭૩ લાખ ડૉલરના એન્ટીબોડી રહેલા હોય છે. ફેફસાની કિંમત ૧૧.૬૪ લાખ ડૉલર, કીડનીની કિંમત ૯૧,૪૦૦ ડૉલર અને દિલની કિંમત ૫૭ હજાર ડૉલર નક્કી કરવામાં આવી છે. રીપોર્ટ મુજબ એક મહીલા આઠ વર્ષમાં ૨.૨૪ લાખ ડૉલરના અંડકોષ તૈયાર કરી શકે છે. જ્યારે આટલી રકમ માટે એક પુરૂષને આવનારા ૨૦ વર્ષ સુધી દર મહિને બાર શુક્રાણુ આપવા પડશે. વીરેડ પત્રિકા દ્વારા થયેલા એક સર્વેક્ષણ મુજબ વધારે વજન અથવા બેડોળ શરીરની કિંમત પણ કરોડોમાં આંકવામાં આવી છે. પત્રિકાના મુખ્ય સંપાદક ચેરીસ એન્ડ રસનના મત મુજબ શરીરના અવયવોની કિંમતના આધારે દવાઓ અને જીવવિજ્ઞાનના વધતાં મહત્વનો ખ્યાલ આવે છે. તેનાથી માનવશરીર સમરચનાની જટીલતાઓ અને તેના રહસ્યોની

જાણકારી મળે છે. આ સર્વેક્ષણમાં નવીનત્તમ વૈજ્ઞાનીક વિકાસના આધારે માનવ શરીરના અવયવોનું મૂલ્યાંકન કરાયું છે. પત્રિકાના અહેવાલ મુજબ માનવ અવયવોનું મૂલ્ય જીવીત શરીરના અવયવો માટે નક્કી કરાયું છે. જેને ત્રીજી દુનિયાના ગરીબ દેશોના માનવ શરીરની કિંમતના આધારેજ નહિ પરંતુ અમેરીકા જેવા સંપન્ન દેશોની સંપન્નતાના આધાર પર નક્કી કરાયું છે.

## મૃત્યુ પછી કોણ કેટલું જીવે ?

મગજ - દશ મિનિટ, કાન - એક મિનિટ, હાડકા - ત્રણ દિવસ, હાથ, પગ - ચાર દિવસ, આંખ - ત્રીશ મિનિટ, રક્તકણો - અઢાર મિનિટ, ચામડી - પાંચ દિવસ અને હૃદય - વીશ મિનિટ જીવતા રહે છે.

(દિવ્યભાસ્કર - કળશ, બુધવાર, ૧૪ સપ્ટેમ્બર ૨૦૦૫)

## માનવ શરીર

તમારૂં શરીર એક અવિરત કામ કરતાં મશીન જેવું છે. દરેક મશીનને સારી રીતે ચાલવા માટે સારૂં અને પર્યાપ્ત બળતણ જરૂરી છે એનો કાળજી પૂર્વકનો ઉપયોગ થાય એ પણ ખૂબ મહત્વનું છે. આપણા શરીર માટે પણ આમજ થાય છે.

આપણા શરીરમાં ઘણા બધા જુદા જુદા ભાગ અથવા અવયવ છે. જે આપણને જીવંત અને કાર્યશીલ રાખળા માટે એકબીજાના સહકારથી કામ કરે છે. આપણું મગજ આપણા શરીરનું અંકુશ કેન્દ્ર છે અને આપણા શરીરે ક્યારે શું કરવું એ સમયસર કહે છે. આપણો શ્વાસોશ્વાસ, હલન-ચલન, વિચારધારા અને લાગણીઓ વગેરે બધુંજ આપણા મગજના અંકુશમાં છે.

## હૃદય

આપણા શરીરમાં ચારેબાજુ લોહી પહોંચાડવા માટે હૃદય રોજના એકલાખ વખત ધબકારા કરે છે. આપણા હૃદયમાંથી શુધ્ધિકરણ કરાયેલું

લોહી શરીરના દરેક ભાગમાં વહેતું થાય છે. જ્યારે અશુધ્ધ લોહી હૃદય તરફ પાછું જાય છે. આ અશુધ્ધ લોહી હૃદયમાં થઇને ફેફ્સામાં જાય છે અને ત્યાં ઓક્સિજનના સંપર્કથી શુધ્ધ બને છે. આ રીતે ઓક્સિજનથી સભર બનેલું લોહી શરીરના જુદા જુદા ભાગ તરફ જાય છે અને અશુધ્ધ લોહી પાછું આવીને હૃદયમાં પ્રવેશ કરે છે.

## ત્વચા

આપણી ત્વચા આપણા શરીરને મસ્તકથી માંડીને પગના અંગુઠા સુધી બરાબર ઢાંકી રાખે છે. આપણી ત્વચા કોઇક જગ્યાએ કઠોર, કોઇક જગ્યાએ નરમ, કોઇક જગ્યાએ ખેંચીને લાંબીટુંકી થઇ શકે એવી લૌચિક અને કોઇક જગાએ તેમાં પાણી પણ પ્રવેશ ન કરી શકે એવી જળચુસ્ત હોય છે. તે આપણા સ્વાસ્થ્યને માટે નુક્શાનકારક હોય એવા જીવાણુઓને બહાર રાખે છે અને આપણા શરીરને વધારે પડતું ઠંડુ કે ગરમ થવામાંથી બચાવે છે.

## ઇંદ્રિયો

આપણા શરીરને પાંચ ઇન્દ્રિયો મળેલી છે. આપણી આસપાસ શું બની રહ્યું છે તે આપણે આ ઇંદ્રિયો મારફ્તે જાણી શકીએ છીએ. આ ઇંદ્રિયો વડે આપણે જોઇ શકીએ છીએ, સુગંધ, દુર્ગંધ અનુભવીએ છીએ. સ્પર્શની લાગણી માણીએ છીએ અને જુદી જુદી વાનગીઓના સ્વાદ માણીએ છીએ. આપણું મગજ આ બધી ઇન્દ્રિયોને સમયસર સંદેશા પહોંચાડે છે. આ ઇંદ્રિયો એટલે આપણી આંખો, નાક, કાન, ત્વચા અને જીભ. આ પાંચે ઇન્દ્રિયો એકબીજાના સહકારથી કામ કરે છે અને આપણા જીવનને જીવવા યોગ્ય બનાવે છે.

(સંદેશ - બાળસંદેશ, શનિવાર, ૧૫ ઓક્ટોબર ૨૦૦૫)

(૫) વૈક્રીય શરીર :- વૈક્રીય એટલે વિવિધ પ્રકારે. વિવિધ પ્રકારે જે શરીરના અનેક પ્રકારો પ્રાપ્ત થઇ શકે તેને વૈક્રીય શરીર કહેવાય છે. જેમકે

ક્ષણવારમાં લાખયોજનનું શરીર કરી શકે તો ક્ષણવારમાં અણુ જેટલુ નાનું પણ કરી શકે. ક્ષણવારમાં બીજા દેખી શકે એવું શરીર બનાવી શકે તો ક્ષણવારમાં બીજા જોઇ ન શકે એવું શરીર પણ બનાવી શકે. ક્ષણવારમાં આકાશમાં ચાલતું દેખાડી શકે તો ક્ષણવારમાં પાણી ઉપર ચાલતું દેખાડી શકે, તેમજ ક્ષણવારમાં જમીન ઉપર ચાલતું દેખાડી શકે. એક શરીર પણ કરી શકે અને અનેક શરીર કરતાં કરતાં એકસાથે અસંખ્યાતા શરીરો પણ કરી શકે છે. માટે વિવિધ પ્રકારવાળા વૈક્રીય શરીર કહેલા છે.

જે જીવોને વિષયાશક્તિ અથવા કામાશક્તિ અંતરમાં વિશેષ રીતે પજવતી હોય એવા જીવો દેવલોકમાં રહેલા હોય તો વિષયની તીવ્રતાના કારણે એ દેવો પોતાનાજ એક શરીરના અસંખ્યાતા શરીરો દેવીઓ રૂપે વિકુર્વે અને એક એકની સાથે ભોગ ભોગવતા હોવાછતાં પણ એમની વિષયાશક્તિ શાંત થઇ શકતી નથી. આ રીતે સંખ્યાતા વર્ષો સુધી અસંખ્યાતા વર્ષો સુધી વિષયનું સેવન કરવા છતાં પણ અંતરમાંથી વિષયાશક્તિનો પરિણામ નાશ થઇ શકતો નથી. આનાથી નિશ્ચિત એ થાય છે કે વિષયને ભોગવવાથી કોઇકાળે વિષય શાંત થઇ શકે નહિ. ઉપરથી અગ્નિમાં ઘી નાંખવા જેવું એ બને છે. અર્થાત્ વિષયાશક્તિના પરિણામો વારંવાર વિષયોને ભોગવવાથી વધતા જાય છે પણ એ પરિણામો નાશ પામી શકતા જ નથી. એ પરિણામોને નાશ કરવા હોય તો અરિહંત પરમાત્મા આદિની ભક્તિ ગુણ મેળવવાના લક્ષ પૂર્વક કરવામાં આવે તો જ વિષયાશક્તિના પરિણામો નાશ પામતા જાય. આજે વિષયાશક્તિને બહેકાવે એવા પદાર્થોને જોવામાં તમને જે રસ આવે છે એવો રસ હજી સુધી ભગવાનના દર્શનમાં પેદા થયો નથી અર્થાત્ એવો રસ દર્શન કરવામાં આવતો નથી. આવા પદાર્થોને વિષે એટલે કે વિષયાશક્તિને બહેકાવે એવા પદાર્થોની વાતો કરતાં એવા પદાર્થોને જોતાં એવા પદાર્થોને સ્પર્શ કરતાં, એવા પદાર્થોની સુગંધ મેળવતા અને એવા પદાર્થોના નામો સાંભળતાં આત્મામાં વિષયાશક્તિના પરિણામો વધતાં જાય છે. માટે એવા પરિણામો ન વધે એને માટે આત્માને સદા માટે સાવધ રાખવો જોઇએ. ઘરમાં

કોઇ નવો પદાર્થ આવે એટલે એના એવી રીતે વખાણ કરે કે જેથી પોતાનો પણ વિષયરસ પોષાય અને સાંભળનારનો પણ વિષયરસ પોષાતો જાય કે જેથી એ પદાર્થને સાંભળનારો વારંવાર ફેરવી ફેરવીને જોયા કરે એ પદાર્થનો સ્પર્શ કર્યા કરે તેમ તેમ તે પદાર્થ પ્રત્યેની આસક્તિ પોતે વધારતો જાય છે અને સાથે બીજાની પણ આસક્તિ વધારતો જાય છે. આ રીતે આસક્તિના પરિણામો જીવ દ્રઢ કરતો કરતો દેવલોકમાં ઉત્પન્ન થાય તો ત્યાં પોતેજ પોતાના શરીરના દેવીઓ રૂપે અસંખ્યાતા શરીરો બનાવી એને ભોગવવા છતાં પણ એકવાર ભોગવવા છતાં પણ નહી અનેકવાર ભોગવવા છતાં પણ તેમજ અસંખ્યાતા વર્ષો સુધી એ રીતે ભોગવવા છતાં પણ આત્મા કોઇકાળે તૃપ્ત થતો નથી. એવીજ રીતે જે પદાર્થ પ્રત્યે સ્પર્શથી આશક્તિ વધી ગઇ હોય, રસથી આસક્તિ વધી ગઇ હોય, ગંધથી આસક્તિ વધી ગઇ હોય અથવા એ પદાર્થોને વારંવાર જોવાથી આસક્તિ વધી ગઇ હોય અથવા એ પદાર્થોને સાંભળવાથી એની આસક્તિ વધી ગઇ હોય તો દેવલોકમાં પોતાને અનેક પ્રકારના વૈક્રીય શરીરો પેદા કરવાની શક્તિ મળેલી હોય છે તેના કારણે જેની પ્રધાનતા અંતરમાં પેદા થયેલી હોય એવા પદાર્થોને વિકુર્વીને એના સ્પર્શાદિ કરતાં કરતાં આસક્તિના પરિણામોને જીવ સ્થિર કરતો જાય છે અને એના પ્રતાપે વિષયાશક્તિનું મમત્વ એટલું જોરદાર કરતો જાય છે કે ભવની પરંપરા સંખ્યાતા ભવોના અનુબંધ, અસંખ્યાતા ભવોના અનુબંધ અથવા અનંતા ભવોના અનુબંધ પાડીને સંસારમાં જન્મ મરણની પરંપરા વધારતા જાય છે. જ્યારે ભગવાનની ભક્તિમાં, સાધુની સેવામાં, ધર્મની આચરણામાં ગુણોની વિચારણા કરતાં કરતાં એ ગુણોને પેદા કરવાની ઇચ્છાઓ પેદા કરતાં કરતાં એ ઇચ્છા અને વિચારણાઓના પુદ્ગલોમાં જો આસક્તિ કરીને જીવ ક્રમસર આગળ વધતો જાય તો એ આસક્તિમાં એટલી તાકાત છે કે વિષયોની આસક્તિને નાશ કરી શકે છે અને જીવ સાક્ષાત ગુણોની અનુભૂતિ આંશિક અહીં પણ બેઠો બેઠો કરી શકે છે. એ આંશિક ગુણોની અનુભૂતિથી એને દુનિયાના પદાર્થો અત્યારસુધી વિષયાશક્તિના પરિણામોથી

સુખ માનીને જે રીતે ભોગવ્યા, સાચવ્યા, વધાર્યા એનું એને અંતરમાં ભારોભાર દુ:ખ પેદા થતું જાય છે કે જેના કારણે એને પોતાના અંતરમાં અનુભૂતિ રૂપે વિચારણા પેદા થાય છે કે જે પદાર્થો સુખ આપનારા નથી પણ એકાંતે દુ:ખ આપનારા છે. એ પદાર્થોમાં આટલા વર્ષો સુધી સુખની બુધ્ધિ રાખીને મેં શા માટે એની અનુભૂતિ કરી. વાસ્તવિક સુખ તો અત્યારે મારા અનુભવમાં આવ્યું. આવી વિચારણા અંતરમાં પેદા થતાં વિષયાશક્તિના પરિણામોને મંદ કરતાં કરતાં એનો સંયમ કરવાની વિચારણાથી આગળ વધતાં વધતાં એ પરિણામોમાં સ્થિર થતો થતો આત્મિક ગુણોની અનુભૂતિ વધારતો વધારતો પોતાનો જીવનકાળ પસાર કરે છે અને એમ કરતાં કરતાં એ આત્મિક ગુણનો અનુભવ જે પેદા થાય છે એ અનુભૂતિનો સંસ્કાર જો દ્રઢ થઇ જાય તો જરૂર બીજા ભવોને વિષે વિષયાશક્તિ એને પજવી શકતી નથી. ગમે તેટલા સારામાં સારા વિષયોના સુખોને પ્રાપ્ત કરે તો પણ આત્મિક ગુણની અનુભૂતિના સંસ્કારના પ્રતાપે એ પદાર્થો સુખરૂપે લાગતા નથી પણ એકાંતે દુ:ખરૂપ લાગતા હોવાથી એ પદાર્થોમાં એને આસક્તિ પેદા કરવાનું બીલકુલે મન પેદા થતું નથી પણ એને આસક્તિ અને સંસ્કારની દ્રઢતા પેદા કરવાનું મન ગુણોને વિષે થાય છે. જે ગુણોની અનુભૂતિનો સંસ્કાર મજબૂત થતો જાય છે એના પ્રતાપે પુણ્યાનુબંધી પુણ્ય બાંધતો જાય છે અને એ પુણ્યાનુબંધી પુણ્યના ઉદયકાળમાં હેય પદાર્થમાં હેય બુધ્ધિ અને કદાચ છોડવાલાયકપણાની બુધ્ધિ પેદા થયેલી ન હોય તો એ પદાર્થો દુ:ખરૂપજ છે એવી બુધ્ધિ વૈરાગ્યભાવથી સતત ચાલુને ચાલુ રહે છે અને એની વિચારણા વારંવાર કરવાથી લાંબાકાળ સુધી વિચારણામાં રહેવાથી ભગવાનના ગુણોની વિચારણા કરતાં કરતાં એ ગુણો ભગવાનના આત્માએ પુરૂષાર્થ કરીને પેદા કરેલા છે. મેં હજુ સુધી પુરૂષાર્થ કર્યો નથી માટે મારા ગુણો દબાયેલા છે અથવા અવરાયેલા છે. ભગવાનના જે ગુણો એ મારા પોતાના જ ગુણો છે આવી બુધ્ધિ અંતરમાં પેદા થતાં એ ગુણોને પેદા કરવાની ઇચ્છા પેદા થતી જાય છે અને એને માટે પ્રયત્ન કરવાની ઇચ્છા એટલે પુરૂષાર્થ કરવાનું મન થાય છે અને પોતાની શક્તિ

મુજબ એ જીવ પુરૂષાર્થ કરતો બને છે. ભગવાનના ગુણોનું વર્ણન એટલે કે અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન નમોત્થુણંની અંદર આવે છે, નવકારમંત્રમાં પણ આવે છે એમ દરેક સૂત્રોને વિષે અરિહંતના ગુણો, સિધ્ધ પરમાત્માના ગુણો, આચાર્યના ગુણો, ઉપાધ્યાયોના ગુણો અને સાધુપણાના ગુણોનું વર્ણન જૈનશાસનમાં કહેલું છે અને ઉંચામાં ઉંચી કોટિનું સાધુપણાનું જીવન જગતને વિષે સૌથી પહેલાં અરિહંત પરમાત્માના આત્માઓએ પોતાના જીવનમાં આચરેલું છે. જ્યારે આપણે ચિંતન કરવા બેસીએ ત્યારે આ બધા ગુણો મારા પોતાના છે અને પ્રયત્ન કરીને હું કેવી રીતે એને પ્રગટ કરું એ પ્રગટ કરવામાં મને પ્રગટ નહી થવા દેવામાં વિઘ્નરૂપે કયા કયા દોષો નડી રહેલા છે અને એ દોષોને હું કેવી રીતે દુર કરતો થાઉં એ રીતે પ્રયત્નમાં આગળ વધવું જોઇએ. એ રીતે આગળ વધતાં વધતાં જેમ જેમ દોષોનો નાશ થતો જાય અને ગુણની પ્રાપ્તિ થતી જાય તેમ તેમ એ ગુણોને સ્થિર કેમ કરતો થાઉં એવી વિચારણા કરતાં રહેવાની છે. આવું ચિંતન ચાલુ કરો અને સ્થિરતા પ્રાપ્ત કરતા થાવ તો અંતરમાંથી જરૂર નવા નવા ગુણોની વિચારણા અને જુના જુના દોષોના નાશ કરવાની વિચારણા સ્ફુરાયમાન થયા વગર રહેતી નથી.

જગતમાં રહેલા વૈક્રીય વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને વૈક્રીય શરીર રૂપે પરિણમાવીને વિસર્જન કરવાની શક્તિ પ્રાપ્ત થાય તે વૈક્રીય શરીર નામકર્મ કહેવાય છે. [આ શરીરને પુણ્યપ્રકૃતિ રૂપે એટલા માટે કહેવાય છે કે જગતમાં રહેલા ઔદારિક વર્ગણાના પુદ્ગલો કરતાં વૈક્રીય વર્ગણાના પુદ્ગલો સૂક્ષ્મ રૂપે રહેલા હોવાથી એને પુણ્યપ્રકૃતિ કહેવાય છે. તેમજ આ શરીરને પ્રાપ્ત કર્યા પછી બીજા અનેક પ્રકારના વૈક્રીય શરીરને પ્રાપ્ત કરી શકાય છે માટે એને પુણ્યપ્રકૃતિ કહેવાય છે]. દેવતાના જીવોને અને નારકીના જીવોને નિયમા આ વૈક્રીય શરીરનોજ ઉદય હોય છે. દેવલોકને વિષે સમકીતી દેવો કરતાં સદા માટે મિથ્યાદ્રષ્ટિ દેવો અસંખ્યાત ગુણા અધિક હોય છે અને એ દેવો વૈક્રીય લબ્ધિથી બીજા અનેક પ્રકારના વૈક્રીય શરીરો કરીને દેવલોકમાં પણ અનેક પ્રકારના તોફાન મચાવે છે અને અનેક પ્રકારની ક્રીડાઓ કરીને

પોતાના હાથેજ પોતાનો સંસાર વધારતા જાય છે. એના કારણે મળેલી દેવલોકની સામગ્રીને દુર્લભ કરતાં જાય છે. જ્યારે સમકીતી દેવો વૈક્રીય લબ્ધિથી અનેક પ્રકારના વૈક્રીય શરીર કરીને શ્રી તીર્થંકર પરમાત્માઓની દેશના સાંભળવા માટે જાય છે. મનુષ્યલોકમાં રહેલા તપસ્વી મહાત્માઓની વૈયાવચ્ચ કરવા માટે દોડાદોડ કરતાં હોય છે. તેમજ મનુષ્યલોકમાં જે જે મનુષ્યોને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી હોય તેનો મહોત્સવ કરવા માટે પણ દોડાદોડ કરતાં હોય છે. તેવીજ રીતે જે મહાત્માઓ ગુણોની પ્રાપ્તિ કરતાં કરતાં ગુણોની સ્થિરતા પ્રાપ્ત કરતાં જાય છે અને ચિત્તની પ્રસન્નતા પેદા કરતાં જાય છે એ મહાત્માઓને કોઇપણ પરિષહ કે ઉપસર્ગો પેદા થતાં હોય એનું નિવારણ કરી એમની રક્ષા કરતાં જાય છે. તેમજ મનુષ્યલોકને વિષે અને મનુષ્યલોકની બહાર જ્યાં જ્યાં શાશ્વત તીર્થો આવેલા હોય છે અને શાશ્વત મંદિરો પણ આવેલા હોય છે ત્યાં ત્યાં ભગવાનની ભક્તિ કરવા માટે દર્શન, પૂજનાદિ કરતાં કરતાં પોતાના સમ્યક્ત્વને નિર્મળ કરી કાળ પસાર કરતાં જાય છે. તેમજ મનુષ્યલોકને વિષે જ્યાં જ્યાં અશાશ્વત તીર્થો રહેલા હોય છે અને અશાશ્વત મંદિરો રહેલા હોય છે કે જે એ તીર્થો અને મંદિરો સો વર્ષની ઉપરના વર્ષોવાળા થયેલા હોય ત્યારે એ મંદિર તીર્થરૂપે ગણાય છે. એ તીર્થોને વિષે પણ દર્શન, વંદન, પૂજન કરવા માટે દોડાદોડ કરતાં હોય છે. આ રીતે ભગવાનની ભક્તિમાં સાધુની વૈયાવચ્ચમાં સમકીતી દેવો જેટલો પોતાનો કાળ પસાર થાય એ કાળનેજ કીમતી ગણીને પોતાના સમ્યક્ત્વને નિર્મળ કરતાં જાય છે. તેમજ જે જે મનુષ્યોને પોતાના જેવા ગુણવાળા અથવા પોતાનાથી અધિક ગુણવાળા જુવે છે અને અધિક ગુણોની પ્રાપ્તિ કરેલા મનુષ્યોને જોઇને આનંદ પામતા પામતા આવા ગુણોને ક્યારે હું જલ્દી પ્રાપ્ત કરીશ અને પુરૂષાર્થ કરીને મારા પોતાના સંપૂર્ણ શુધ્ધ સ્વરૂપને ક્યારે હું પેદા કરીશ એવી ભાવનામાં, એવી ઝંખાનામાં દેવલોકના અનુકૂળ પદાર્થોને વિષે રહેલા હોવાછતાંય એમાંજ પોતાનો કાળ પસાર કરે છે અને દેવલોકના સુખોને વિષે વૈરાગ્યભાવની દ્રઢતા પ્રાપ્ત કરીને પોતાના સમ્યક્ત્વને મજબૂત કરતાં જાય

છે અને આ રીતે વૈક્રીય શરીરથી દેવો સકામ નિર્જરા સાધતા જાય છે. પુણ્યાનુબંધી પુણ્યરૂપે મનુષ્યગતિ આદિ શુભ પ્રકૃતિઓનો સારા રસે બંધ કરતાં જાય છે અને બંધાયેલા જન્મ મરણની પરંપરા એનો નાશ કરતાં જાય છે.

નારકીમાં રહેલા નારકીના જીવો વૈક્રીય શરીરને પ્રાપ્ત કરી મિથ્યાદ્રષ્ટિ નારકીના જીવો બીજા અનેક પ્રકારના નાના મોટા વૈક્રીય શરીરોને બનાવીને એકબીજાને પરસ્પર મારવામાં, એકબીજાને પરસ્પર કાપવામાં, એકબીજાને પરસ્પર લઢાવવામાં પોતાનો કાળ પસાર કરે છે. તેમજ જે નારકીના જીવો શાંત બેઠેલા હોય એમને ગમે તે રીતે દુ:ખ અને વેદના આપીને લઢવા માટે તૈયાર કરવામાં એકબીજાના શરીરમાં તીક્ષ્ણ જીવજંતુઓ રૂપે વૈક્રીય શરીર બનાવીને આરપાર નીકળી વિશેષ રીતે વેદનાઓ પેદા કરવામાં પોતાના વૈક્રીય શરીરનો ઉપયોગ કરતાં જાય છે. આ રીતે અનેક પ્રકારની વેદનાઓ વૈક્રીય શરીરથી એકબીજાને આપી આપીને આનંદ પામતા પામતા પોતાનો કાળ પસાર કરતાં જાય છે અને પોતાનો આત્માનો સંસાર વધારતા જાય છે. જે સમકીતી નારકીના જીવો હોય છે એ નરકક્ષેત્રને વિષે ઉત્પન્ન થઇ વૈક્રીય શરીર પ્રાપ્ત કરીને પોતે જેટલું જ્ઞાન મનુષ્યપણામાં કે તિર્યંચપણામાં પ્રાપ્ત કરેલું હોય એમાંનું જેટલું સાથે લઇ ગયેલા હોય તે જ્ઞાનના ઉપયોગમાં પોતાના આત્માને સ્થિર કરવાનો પ્રયત્ન કરતાં કરતાં એ જ્ઞાનનો સ્વાધ્યાય કરતાં જાય છે. એટલે કે ભણેલા જ્ઞાનનું પરાવર્તન કરતાં કરતાં સકામનિર્જરા કરતાં જાય છે. તેમજ એવા મેં કેવા પાપ કર્યા કે જેના પ્રતાપે મારે આવી ભયંકર દુ:ખની વંદના વેઠવા માટે અહીં આવવું પડ્યું. આ રીતે વારંવાર વિચારણા કરતાં કરતાં જાતિસ્મરણજ્ઞાન પેદા કરીને પૂર્વભવમાં કરેલા પાપોને જાતિસ્મરણજ્ઞાનથી જોતાં જોતાં એ પાપોનો પશ્ચાતાપ કરીને સમતાભાવ પેદા કરવા માટે પ્રયત્ન કરતાં જાય છે અને એ સમતાભાવ પેદા કરીને વર્તમાનમાં નરકગતિમાં જે દુ:ખો પ્રાપ્ત થયેલા છે એને સારી રીતે વેઠવાનો પ્રયત્ન કરતાં જાય છે અને એ રીતે સારી રીતે વેઠતાં વેઠતાં પોતાનો કાળ નરકક્ષેત્રોને

વિષે પસાર કરે છે. એ સમતાભાવથી દુઃખોને વેઠતાં સકામનિર્જરા કરે છે અને મનુષ્યગતિ આદિ શુભ પ્રકૃતિઓને પુણ્યાનુબંધી પુણ્યરસ રૂપે બાંધતા જાય છે. તેમજ બંધાયેલા અનિકાચીત જન્મ મરણની પરંપરાનો નાશ કરતાં જાય છે અને ફરીથી આવી વેદનામાં મારા આત્માને આવવું ન પડે એ રીતે સતત કાળજી રાખતા જાય છે એટલે કે પાપભીરુતા ગુણને સંસ્કાર રૂપે મજબૂત કરતાં જાય છે.

આ નરક જીવની અપેક્ષાએ વિચારણા કરીએ તો આજે લગભગ મોટેભાગે દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરનારા જે પાપ કરવા પડે એ પાપ કરતાં કરતાં એને સફળતા મળતી જાય તો એમાં આનંદ પામતા પામતા પોતાના આત્મામાં રહેલા પાપના સંસ્કારોને પાપની રસિકતાથી મજબૂત કરતો જાય છે. તેને મળતી આ સફળતા પશ્ચાતાપ રૂપે બનતી નથી. પણ એ સફળતા આનંદ પેદા કરાવવામાં સહાયભૂત થતી જાય છે અને એ આનંદ એની પાપરસિકતા મજબૂત કરવામાં સહાયભૂત થતી જાય છે. જ્યાં પાપની સફળતાનો આનંદ અંતરમાં પેદા થતો હોય એવા જીવોની પાસે સમકિતની આશા રખાય ક્યાંથી ? પછી એવો જીવ ભગવાન પાસે આવી આવીને આપો આપોને મહારાજ બોલે એને આપીને હું કરું શું ? એમ ભગવાન પણ વિચારતા હોય છે. કારણ કે પાપરસિક જીવને જે કંઇ હું આપીશ એનાથી એ પોતેજ પોતાના આત્માનું અહિત કરતો થશે. માટે અરિહંત પરમાત્માઓને આપણી દયા આવે છે. ભલે આપણે એવા કાળમાં જન્મી ગયા કે તમે કો છો કે પાપ કર્યા વગર અત્યારે વર્તમાનકાળમાં પેટ ભરાય એમ નથી. ચલો અમે એ વાત તમારી માનીએ. ધર્મ કરનારો મોટો વર્ગ આ રીતે માને છે અને બોલે છે અમે એ વાતને ક્ષન્તવ્ય ગણીએ હકીકતમાં તો એવું નથી લાગતું છતાં પણ જો એ પાપનો પશ્ચાતાપ અથવા એનું દુઃખ પણ નહી રાખો અને આનંદ પેદા કરતાં જશો તો તમને કોણ બચાવી શકશે. અરિહંત પરમાત્માઓ બચાવી શકશે નહિ. ગુરૂ ભગવંતો પણ તમને શી રીતે બચાવી શકે ? અને આવો જીવ જે કંઇ ધર્મ કરે તેનાથી એને જે પુણ્ય બંધાય એ પુણ્યાનુબંધી પુણ્ય ઓછું

બંધાય ? એને તો પાપાનુબંધી પુણ્યજ બંધાતુ જાય છે. આજે લગભગ દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરનારાને પાપની સફળતાનો આનંદ એટલો બધો પેદા થતો જાય છે કે એને પશ્ચાતાપ આવવાનો કોઇ અવકાશજ જણાતો નથી. એના કારણે આજે ધર્મ કરનારો મોટો વર્ગ પાપ ને પાપ તરીકે સ્વીકારવા પણ તૈયાર થતો નથી. એ પાપોને પોતાના કર્તવ્ય અને ફરજ તરીકે ખતવી એનો પશ્ચાતાપ કે દુઃખ અથવા એનો ખટકો રાખતો નથી. આ સંસ્કાર લઇને દેવલોકમાં અહીંથી જાય તો ત્યાં વૈક્રીય શરીરને લઇને અનેક પ્રકારના તોફાનો મચાવે એમાં કંઇ આશ્ચર્ય છે ? સમકિતી જીવો કદિ અજ્ઞાની હોતા નથી. જઘન્યથી એ જીવોને અષ્ટપ્રવચન માતા એટલે કે ઇર્યાસમિતિ આદિ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એનું તો સામાન્યથી જ્ઞાન હોય છે અને એ સમકીતી જીવો ગમે તે સ્થાને ગયેલા હોય તો પણ એમના અંતરમાં પાપભીરૂતા ગુણતો રહેલો જ હોય છે.

પ્ર. અત્યારે વર્તમાનમાં આપણને જાતિસ્મરણજ્ઞાન કેમ પેદા થતું નથી ?

નથી થતું એનું કારણ એકચિત્તે, એકાગ્રતાપૂર્વક કોઇપણ પદાર્થનું ધ્યાન કરવામાં આવે તો અત્યારે અહીં પણ જાતિસ્મરણજ્ઞાન પેદા થઇ શકે છે. કારણ કે એક ચિત્તે એકાગ્રતા પૂર્વક ધ્યાન કરતાં કરતાં અંતરમાં વિચારણાનો ઓહાપો પેદા થતો જાય છે કે જેના પ્રતાપે મિથ્યાત્વની હાજરીમાં પણ આજે જાતિસ્મરણ જ્ઞાન પેદા થઇ શકે છે અને એ જાતિસ્મરણ જ્ઞાન પેદા થયેલાના દાખલા પણ ઘણા આવે છે. સમકિતીને પણ જાતિસ્મરણ જ્ઞાન પેદા થઇ શકે છે. આપણે જે ક્ષેત્રમાં આરાધના કરી રહેલા છીએ એ ક્ષેત્રમાં કોઇ સમકીતીને જાતિસ્મરણ જ્ઞાન પેદા થયાના દાખલા જોવા મળતા નથી. બોલો પાપભીરુતા ગુણ જીવનમાં કેળવ્યો છે ખરો ? જીવનમાં જે કંઇ પાપ થાય છે એની સફળતામાં આનંદ આવે છે કે પશ્ચાતાપ થાય છે ? આનંદ જ આવે છે. તો સમજી લેવાનું કે આવા જીવોને ધર્મ કરવા છતાંય પાપાનુબંધી પુણ્ય બંધાય છે.

ધર્મ સ્વયં કોઇકાળે કોઇપણ જીવને પાપનો પશ્ચાતાપ પેદા કરાવે નહિ. પાપભીરુતા ગુણ પુરુષાર્થથી જ સ્વયં પેદા કરવો જ પડે. પાપમાં પશ્ચાતાપ સહમતિથી પેદા કરવો જ પડે. ધર્મી જીવને પણ પાપમાં સફળતામાં જે આનંદ થાય છે તેવો કે તેનાથી અધિક આનંદ પુણ્યથી નથી. અરે કદાચ પુણ્ય બાંધવામાં આનંદ આવે તે પણ શેનો આનંદ છે એ પણ તપાસવું પડે એમ છે. એ પુણ્યના પ્રતાપે પાપમાં સફળતા મળશે એની આશાનો આનંદ છે ? હકીકતમાં તો પુણ્ય કરતાં કરતાં પુણ્યથી પણ છૂટવાનું છે એ ભાવના પેદા કરવાની છે.

સકામ નિર્જરા કરીને પુણ્ય બાંધીને મનુષ્યજન્મ મેળવેલો લાગતો નથી એમ તમારા વર્તન ઉપરથી કહી શકાય છે. નહિંતર તમારામાં પાપભીરુતા ગુણ હોયજ. અકામ નિર્જરા અથવા અનાયાસે મનુષ્યજન્મ પ્રાપ્ત થયો હોય અને ધર્મનું સેવન ભૂતકાળમાં એવી રીતે થઇ ગયું હોય તેનાથી વર્તમાનમાં મનુષ્યજન્મ પામ્યા હોય એવું લાગે છે કે જેના પ્રતાપે કચરા જેવી તુચ્છ સામગ્રી મળી છે છતાં તેમાં રાગાદિ પરિણામથી લેપાઇ જવાય છે. એને મેળવવા પાપો કરો છો છતાં તેનો કોઇ પશ્ચાતાપ તમારા જીવનમાં જણાતો નથી. બોલો પાપભીરુતા ગુણ આવે એવો છે ? સમકીતી જીવો વૈક્રીય શરીરમાં સાગરોપમ કાળ સુધી અનેક વિધ દુઃખોમાં સમતાભાવ કેળવી પોતાનો કાળ પાપભીરુતા ગુણને પ્રતાપે પસાર કરે છે. અહીં પાપને પાપ તરીકે સ્વીકારવાની તૈયારી ન હોય અને મજેથી તે પાપો કરતા હોય તો પછી દીર્ઘકાળ સુધી નરકાદિ દુર્ગતિઓમાં દુઃખો ભોગવવા માટે તૈયારી રાખજો. ઘર, મારા આત્માને પાપ કરાવી દુર્ગતિમાં લઇ જનારું છે એ પાપનું ચિંતન આવે તોજ પછી પોતાના સ્વરૂપની ઇચ્છા પેદા કરવાનું થશે.

એકથી ત્રણ નારકીને વિષે રહેલા નરકના જીવો કે જેમને વૈક્રીય શરીરનો ઉદય હોય છે. એ વૈક્રીય શરીરના ઉદયકાળમાં પુણ્યનો રસ ઓછો હોય છે અને પાપનો રસ તીવ્રરસે ઉદયમાં રહેલો હોય છે. આ રીતે વૈક્રીય શરીર ઉદયમાં રહેલું હોવાછતાંય એ વૈક્રીય શરીરથી જેટલી જેટલી વેદનાઓ

પ્રાપ્ત થતી જાય છે એ વેદનાઓને એ વૈક્રીય શરીરથી જે જીવો તીર્થંકર નામકર્મ નિકાચીત કરીને એકથી ત્રણ નરકને વિષે ગયેલા હોય છે એ સમકીતી નારકીના જીવો પોતાને પાપના ઉદયથી આવેલી વેદનાઓને એવા ઉંચી કોટિના સમતાભાવથી વેઠે છે કે જે વેઠતા વેઠતા ઔદારિક શરીર નામકર્મો બાંધતા જાય છે. એ ઉત્કૃષ્ટ રસવાળું, પુણ્યાનુબંધી પુણ્યના રસે ઔદારિક શરીરનો બંધ કરતાં જાય છે. જો આવી વેદનામાં તીર્થંકરના આત્માઓ ઔદારિક શરીર નામકર્મને ઉત્કૃષ્ટ પુણ્યાનુબંધી પુણ્યરસે બાંધી શકતા હોય એવો સમતાભાવ સ્થિર રૂપે રાખી શકતા હોય તો એ વેદનાની અપેક્ષાએ વર્તમાનમાં મનુષ્યજન્મની વેદના કેટલી ? જો વિચારણા કરીએ તો જરૂર જે વેદનાઓ પાપના ઉદયથી વર્તમાનમાં આપણને પેદા થાય છે એમાં સમતાભાવ પેદા કરવાનો પ્રયત્ન કરતા રહીએ અને સમતાભાવની સ્થિરતા કેળવવા પ્રયત્ન કરતા રહીએ તો જરૂર સમતાભાવ રાખી શકીએ એવી સામગ્રી વર્તમાનમાં આપણને મળેલી છે. પણ આપણું ધ્યેય સમતાભાવ પેદા કરીને પાપના ઉદયથી આવતી વેદનાઓને વેઠવા તરફનું લક્ષ છે ખરું ? આજ રીતે એકથી સાત નારકીમાં રહેલા વૈક્રીય શરીરના ઉદયવાળા કે જે વૈક્રીય શરીરનો ઉદય એમાં પુણ્યનો રસ અલ્પ હોય છે અને પાપનો રસ તીવ્ર હોય છે. એવા ઉદયકાળમાં રહેલા નારકીના જીવો સમકીત પામેલા હોય છે અથવા સમકીત પામતા હોય છે એ સમકીતી જીવોને પોતાની વેદનાના કાળમાં સમતાભાવ એવો સુંદર રાખી શકે છે કે સમતાભાવથી પોતાની વેદનાને સારી રીતે સહન કરતાં કરતાં ઔદારિક શરીર નામકર્મને પુણ્યાનુબંધી પુણ્યરસે બાંધતા જાય છે. આથી નિશ્ચિત એ થાય છે કે પુણ્યાનુબંધી પુણ્ય સારા રસવાળી પુણ્યપ્રકૃતિઓનો બંધ કરવો હોય તો અનુકૂળ પદાર્થો પ્રત્યે વૈરાગ્યભાવ પેદા થવો જ જોઇએ. તેમજ પ્રતિકૂળ પદાર્થો પ્રત્યે સમતાભાવ પેદા થવો જ જોઇએ. તોજ જીવો ગુણ પ્રાપ્તિના પુરૂષાર્થ માટે ગુણપ્રાપ્તિ કરવા માટે પ્રાપ્ત થયેલા ગુણોને સ્થિર કરવા માટે અને ગુણોને લાંબાકાળ સુધી ટકાવવા માટે તેમજ લાંબાકાળ સુધી ટકી રહેલા ગુણોનો આસ્વાદ પેદા કરવા

માટે અને એ આસ્વાદ પેદા કરતાં કરતાં અનુકૂળ પદાર્થો પ્રત્યે વૈરાગ્યની દ્રઢતા અને પ્રતિકૂળ પદાર્થો પ્રત્યે સમતાભાવની દ્રઢતા જીવ વધારતો વધારતો ચિત્તની પ્રસન્નતા પેદા કરતો જાય છે અને એ ચિત્તની પ્રસન્નતાનો અનુભવ પેદા કરવામાં વૈરાગ્યભાવ અને સમતાભાવ એ બે મુખ્ય કારણ બને છે. પુણ્યાનુબંધી પુણ્ય પ્રકૃતિઓ રસરૂપે બાંધતા જેટલો ઓછો રસ બંધાય એટલો ઉદયમાં ઓછો રસ આવતા ગુણોની પ્રાપ્તિ આદિને માટે એટલા ઓછા રસવાળો અનુભવ પેદા થતો જાય છે. એટલે કે વૈરાગ્યની દ્રઢતા અને સમતાભાવની દ્રઢતા જે રીતે પેદા કરવી જોઇએ તે રીતે પેદા થઇ શકતી નથી અને એ ન થવાથી ગુણોની પ્રાપ્તિ પણ જીવો સારી રીતે કરી શકતા નથી અને પ્રાપ્ત થયેલા ગુણોનો આસ્વાદ તીવ્રરસે અનુભવ કરી શકતા નથી.

દેવલોકમાં ગમે તેટલો ઉંચામાં ઉંચો શ્રેષ્ઠ કોટીનો વૈરાગ્યભાવ પેદા કરે એવીજ રીતે નારકીમાં ગમે તેટલી ઉંચામાં ઉંચી કોટિની શ્રેષ્ઠ સમતાભાવ પેદા કરે અને લાંબાકાળ સુધી ટકાવી રાખે તો પણ સંપૂર્ણ ગુણોને પેદા કરવામાં એ વૈરાગ્યભાવ અને એ સમતાભાવ ઉપયોગી થઇ શકતા નથી. માત્ર એ વૈરાગ્યભાવ અને સમતાભાવ જે ગુણો પેદા થયેલા હોય છે એનો આંશિક આસ્વાદ પેદા કરવામાંજ ઉપયોગી થાય છે. કારણ કે એ જીવો એટલે કે દેવતાના જીવો અને નારકીના જીવો ચોથા ગુણસ્થાનકથી આગળના ગુણસ્થાનકને પ્રાપ્ત કરી શકતા જ નથી. માટે જ જ્ઞાની ભગવંતોએ મનુષ્યજન્મની અને ઔદારિક શરીરનીજ કિંમત આંકેલી છે. મનુષ્યજન્મમાં સામાન્ય વૈરાગ્યભાવ પેદા કરતાં કરતાં જીવો ક્રમસર અનંતગુણ વિશુધ્ધિને પ્રાપ્ત કરતાં કરતાં પુરૂષાર્થમાં આગળ વધતાં જાય તો એક અંતર્મુહૂર્તમાં પોતાના આત્માના સંપૂર્ણ ગુણોને પ્રાપ્ત કરી શકે છે.

દેવલોકમાં વૈક્રીય શરીર સિવાય બીજા શરીરનો ઉદયજ હોતો નથી. એટલે કે ઔદારિક શરીર કે આહારક શરીર ઉદયમાં હોતું નથી. જ્યારે અહીં મનુષ્યજન્મમાં સમકિત સાથે ધર્મક્રિયા કરતો જાય તો દેવલોકનું આયુષ્ય અને દેવગતિનો બંધ કરતો જાય છે અને ઔદારિક શરીરને વિષે પુરૂષાર્થ

કરતો કરતો આગળ વધે તો છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનકના પરિણામોનો આસ્વાદ વર્તમાનમાં પણ જીવો કરી શકે છે. એ છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનકમાં એ પરિણામોનો આસ્વાદ કરતાં કરતાં પણ જીવ વૈક્રીય શરીરનો જ બંધ કરે છે અને વૈક્રીય શરીર ચોથા ગુણસ્થાનકથી આગળના ગુણસ્થાનકના પરિણામને આસ્વાદ રૂપે અનુભવી શકતા નથી. તો પછી આવા ઉંચા આસ્વાદવાળા જીવોને કાળ કર્યા પછી વૈક્રીય શરીરનીજ પ્રાપ્તિ કેમ થાય છે ? કારણ કે ધર્મની સાથે સાથે અવિરતિજન્ય રતિ, અરતિ આદિના ઉદયના કારણે એ રતિ અરતિનો બંધ કરતાં જાય છે અને એનો બંધ થતાં થતાં અવિરતિજન્ય કર્મનો બંધ કરે છે અને એના કારણે એને વૈક્રીય શરીરનોજ બંધ થાય છે.

વૈક્રીય શરીરને વિષે સંપૂર્ણ ગુણો પેદા કરવાની તાકાત નથી. ઔદારિક શરીરમાંજ એ શક્તિ રહેલી છે. તો વર્તમાનમાં આપણને જે ઔદારિક શરીરની પ્રાપ્તિ થઇ છે એનો આપણે શું ઉપયોગ કરીએ છીએ કે જેના કારણે સમકિતી દેવતાઓ ચોથા ગુણસ્થાનકના પરિણામની અનુભૂતિ કરે છે તો દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરતાં કરતાં આ શરીરથી સમકીતની પ્રાપ્તિ કરી રહેલા છીએ એવો અનુભવ છે ? જરૂર સમકીતની પ્રાપ્તિ કર્યા વગર મરણ પામવુંજ નથી આવો સંકલ્પ પણ અંતરમાં છે ? આ જન્મમાં જો સમકીતની પ્રાપ્તિ થઇ જાય અને તાકાત હોય તો પુરૂષાર્થ કરીને દેશવિરતિના પરિણામની અનુભૂતિ અથવા સર્વવિરતિના પરિણામની અનુભૂતિ કરવીજ છે એવો પણ વિચાર આવે છે ખરો ? આ શરીરથી આપણે શું કરી રહેલા છીએ એનો રોજ વિચાર કરતા થવું જ જોઇએ અને શરીર પાસેથી જે રીતે કામ લઇએ છીએ તે શરીરને સાચવી સાચવીને કરીએ છીએ, પરપદાર્થોનો રાગ મજબૂત કરતા કરતા કરીએ છીએ કે કેમ ? એ પણ વિચાર કરવા જેવો છે. આ શરીર રાગાદિ પરિણામને તોડવા માટે ઉત્તમ સાધનરૂપે કહેલું છે અને સંપૂર્ણ ગુણોને ખીલવી શકાય એવું ઉત્તમ સાધન પણ કહેલું છે. તેનો ઉપયોગ રાગાદિ પરિણામ વધારવા માટે કરતાં જઇએ તો દેવ, ગુરૂ અને ધર્મની સામગ્રી

પૂર્વકનું ઔદારિક શરીર આપણને જલ્દી પ્રાપ્ત થઇ શકે ખરું ? જ્ઞાનીઓએ આ શરીરની જે મહત્તા મૂકી છે તે રાગાદિ પરિણામોને મજબૂત કરવા કે ભૌતિક સુખોને ભોગવવા માટે મહત્તા મૂકેલી નથી. પણ આત્મિક ગુણોને ખીલવવામાં ઉપયોગી થઇ શકે એવું જો શરીર હોય તો ઔદારિક શરીર જ છે માટે એની ખીલવણીમાં આ શરીરની મહત્તા મૂકેલી છે. આ દ્રષ્ટિકોણ અંતરમાં રાખીને દેવ, ગુરૂ અને ધર્મની આરાધના કરીએ છીએ ખરા ? જો આ માટે આરાધના થતી દેખાતી ન હોય તો ચેતવા જેવું છે એવું પણ લાગે છે ખરું ? અને જો નહિ ચેતીયે તો મળેલી સામગ્રી અહીંથી ગયા પછી સંખ્યાતા કાળ સુધી, અસંખ્યાતા કાળ સુધી કે અનંતા કાળ સુધી દુર્લભ બનાવી દઇશું. તો એ દુર્લભ ન બને એની કાળજી રાખીને પ્રયત્ન કરતાં થવું જોઇએ.

વૈક્રીય શરીરનો બંધ દેવગતિ અને નરકગતિની સાથે થતો હોવાથી નરકગતિની સાથે પહેલા ગુણસ્થાનકે વૈક્રીય શરીરનો બંધ થઇ શકે છે. દેવગતિની સાથે વૈક્રીય શરીરનો બંધ પહેલા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી થઇ શકે છે. તેમાં પહેલા ગુણસ્થાનકે અસન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચો, સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચો અને સન્ની મનુષ્યો ચારેગતિની સાથે વૈક્રીય શરીર પરાવર્તમાનરૂપે બાંધી શકે છે. એટલે કે નરકગતિ કે દેવગતિ બેમાંથી કોઇપણ ગતિનો બંધ કરતા હોય ત્યારે વૈક્રીય શરીરનો બંધ કરે છે. જ્યારે બીજા ગુણસ્થાનકથી પાંચમા ગુણસ્થાનક સુધી સન્ની પર્યાપ્તા તિર્યંચો અને સન્ની અપર્યાપ્તા તિર્યંચો દેવગતિની સાથે વૈક્રીય શરીરનો બંધ કરે છે. તેમજ બીજા ગુણસ્થાનકથી સન્ની મનુષ્યો દેવગતિની સાથે વૈક્રીય શરીરનો બંધ કરે છે. બીજા ગુણસ્થાનકમાં રહેલા સન્ની તિર્યંચો અને મનુષ્યો વૈક્રીય શરીરનો બંધ પરાવર્તમાનરૂપે કરે છે. કારણ કે જ્યારે તિર્યંચગતિ કે મનુષ્યગતિનો બંધ કરતા હોય ત્યારે વૈક્રીય શરીરનો બંધ કરતા હોતા નથી અને જ્યારે દેવગતિનો બંધ કરતા હોય ત્યારે વૈક્રીય શરીરનો બંધ કરે છે માટે પરાવર્તમાન રૂપે કહેલ છે. જ્યારે ત્રીજા, ચોથા અને પાંચમા ગુણસ્થાનકમાં રહેલા સન્ની તિર્યંચો નિયમા દેવગતિનો બંધ

કરતા હોવાથી વૈક્રીય શરીરનો બંધ સતત કર્યાજ કરે છે. સન્ની મનુષ્યો ત્રીજા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધીમાં દેવગતિનો બંધ નિયમા કરતા હોવાથી એની સાથે વૈક્રીય શરીરનો બંધ નિયમા કરે છે.

વૈક્રીય શરીરનો ઉદય દેવગતિ અને નરકગતિને આશ્રયીને એકથી ચાર ગુણસ્થાનક સુધી સતત ઉદયમાં હોય છે. એ જીવો ભવપ્રત્યયથી વૈક્રીય શરીરનો ઉદય હોય છે તેમ જ્યારે ઉત્તર વૈક્રીય શરીર કરતા હોય ત્યારે પણ વૈક્રીય શરીરનો જ ઉદય હોય છે પણ બીજા કોઇ શરીરનો ઉદય હોતો નથી. સન્ની પર્યાપ્તા તિર્યંચોને આશ્રયીને મોટેભાગે ઔદારિક શરીરનો ઉદય નિયમા હોય છે. જ્યારે વૈક્રીય શરીરનો ઉદય જે જીવોએ વૈક્રીય લબ્ધિ પેદા કરેલી હોય અને એ લબ્ધિનો ઉપયોગ કરે તો પહેલા ગુણસ્થાનકે ઉત્તર વૈક્રીય શરીર વૈક્રીય લબ્ધિથી બનાવી શકે છે. ચોથા અને પાંચમા ગુણસ્થાનકમાં રહેલા સન્ની તિર્યંચો વૈક્રીય લબ્ધિનો ઉપયોગ કરીને વૈક્રીય શરીર પણ બનાવી શકે છે માટે વૈક્રીય શરીરનો ઉદય એકથી પાંચ ગુણસ્થાનક સુધી ગણાય છે અને આ વૈક્રીય શરીરવાળા સન્ની તિર્યંચો નિયમા સંખ્યાત વર્ષના આયુષ્યવાળાજ હોય છે અને સદા માટે જગતને વિષે અસંખ્યાતા વૈક્રીય શરીરી તિર્યંચો વિદ્યમાન હોય છે. કોઇકાળે એમનો વિરહકાળ હોતો નથી. એટલે કે તિર્છા લોકને વિષે વૈક્રીય શરીરવાળા તિર્યંચો સદા માટે રહેલા હોય છે. સન્ની પર્યાપ્તા મનુષ્યોને આશ્રયીને વૈક્રીય શરીરનો ઉદય એકથી સાત ગુણસ્થાનક સુધી હોય છે. તેમાં જ્યારે વૈક્રીય લબ્ધિ પ્રાપ્ત કરીને જે જીવો વૈક્રીય શરીર બનાવે ત્યારે વૈક્રીય શરીર એમને ઉદયરૂપે હોય છે. એવા વૈક્રીય શરીરવાળા મનુષ્યોપણ જગતને વિષે સદા માટે રહેલા હોય છે. કોઇકાળે એમનો વિરહકાળ હોતો નથી. આ વૈક્રીયશરીરવાળા મનુષ્યો નિયમા સંખ્યાતા જ હોય છે અને સંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યોને જ વૈક્રીય લબ્ધિ પ્રાપ્ત થઇ શકે છે. આ રીતે વૈક્રીય શરીર ઉદયમાં બનાવીને મનુષ્યો તિર્છા લોકમાં પણ રહેલા હોય છે અને તિર્છા લોકમાં અઢીદ્વીપને વિષે પણ હોય છે તેમજ અઢીદ્વીપની બહાર નંદીશ્વરદ્વીપ સુધી પણ રહેલા હોય છે. તેમજ રૂચક દ્વીપ

સુધી પણ વૈક્રીય શરીરથી જઇ શકે છે અને પાછા અઢીદ્વીપમાં આવી પણ શકે છે.

વૈક્રીય શરીરની સત્તા પહેલા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનકના ઉપાન્ત્ય સમયસુધી વૈક્રીય શરીરની સત્તા હોય છે. રામચંદ્રજીના વખતમાં વાલી રાજા થઇ ગયા એ વાલીરાજાને વૈક્રીયલબ્ધિ પ્રાપ્ત થયેલી હતી. એટલે કે પુરુષાર્થ કરીને વૈક્રીય લબ્ધિ પ્રાપ્ત કરેલી હતી. એ વૈક્રીય લબ્ધિનો ઉપયોગ રોજ પોતે એ રીતે કરતા હતા કે વૈક્રીય શરીર બનાવીને જંબૂદ્વીપ એકલાખ યોજનનો જે રહેલો છે એમાં જેટલા શાશ્વતા જૈનમંદિરો છે, અશાશ્વતા જેટલા મંદિરો છે તેમાં જેટલી જેટલી પ્રતિમાઓ રહેલી છે તે દરેક પ્રતિમાના દર્શન કરવા માટે એ વૈક્રીયલબ્ધિનો ઉપયોગ કરતાં હતાં. કારણ કે વાલીરાજા નિયમા સમકીતી હતા અને જ્યારે રાવણની સાથે યુધ્ધ થયું છે ત્યારે રાવણ કરતાં વાલીરાજાનું બળ વિશેષ રીતે રહેલું હોવાથી રાવણને પકડીને બગલમાં નાંખ્યો છે અને બગલમાં નાંખીને વૈક્રીય શરીર બનાવી જંબૂદ્વીપને એકવીશ વાર પ્રદક્ષિણા કરાવી છે અને છેલ્લે વાલીરાજાએ કહ્યું કે- લવણ સમુદ્રમાં ફેંકી દઉં ? ત્યારે રાવણે માફી માગી અને હવેથી હું આવુ નહીં કરું એમ કહ્યું ત્યારપછી વાલીરાજાએ એને છોડ્યો છે. આવા બળવાન જીવો પણ સમકીતના કારણે સમકીતની સ્થિરતા પ્રાપ્ત કરતાં કરતાં પોતાના જીવનમાં સંયમ લઇને આત્મકલ્યાણ કરવાનુંજ લક્ષ સતત અંતરમાં રહેતું હતું માટે વાલી રાજાએ સંયમ લઇ સુંદર રીતે સંયમનું પાલન કરતાં કરતાં અષ્ટાપદ તીર્થ ઉપર કાઉસગ ધ્યાને રહેલા હતાં. તે વખતે રાવણ મંદોદરીની સાથે ત્યાંથી પસાર થતો હતો. એ વિમાન ત્યાંથી પસાર થતું હતું તો તીર્થ ઉપર એ વિમાન સ્થિર થયું. રાવણે નીચે જોયું અને વાલી મુનિને જોયા એટલે અંતરમાં ગુસ્સો પેદા થયો છે અને એ ગુસ્સામાં ને ગુસ્સામાં નક્કી કર્યું કે આ મુનિને અને તીર્થની સાથે આ પહાડને ઉપાડીને લવણ સમુદ્રમાં નાંખી દઉં. માટે પહાડની નીચે પેઠો છે અને અષ્ટાપદ તીર્થને ઉપાડવાનો પ્રયત્ન કરે છે ત્યાં મંદિરો હાલવા માંડ્યા. જમીન હાલવા માંડી, આ બધું વાલી મુનિએ અવધિજ્ઞાનથી જોતાં

ઉપયોગ મૂક્યો કે આ વિઘ્ન કરનાર કોણ છે. તરત રાવણ દેખાણો અને આ રીતે તીર્થનો નાશ કરી રહેલો છે એમ જાણ્યું એટલે એને શિક્ષા કરવા માટે એ જમીન ઉપર અંગુઠો પગનો દબાવ્યો. એટલે પહાડ નીચે બેસી ગયો. રાવણ અંદર ભરાણો અને રાડો પાડવા માંડ્યો અને રોવા માંડ્યો. એટલે વાલી મુનિને દયા આવવાથી એને બહાર કાઢ્યો. રાવણ મહાત્મા પાસે આવીને માફી માંગી હવેથી હું આવો તીર્થનો નાશ નહીં કરું અને આમાં જે કંઇ મને પાપ થઇ ગયું હોય એનું પ્રાયશ્ચિત આપો એમ કહીને તીર્થની સ્તવના કરી, ભગવાનોને વંદન કરી પોતાના સ્થાને જાય છે. મહાત્માઓની આટલી આટલી શક્તિ હોવાછતાંય કોઇપણ જીવને જરાય દુ:ખ ન થાય એની કાળજી રાખીને પોતાનું જીવન જીવવાનો પ્રયત્ન કરતા હતાં અને એ રીતે જીવન જીવતાં જીવતાં પોતાના આત્માનું કલ્યાણ સાધી ગયા.

(૬) આહારક શરીર :- શરીર નામકર્મની અપેક્ષાએ શરીરનો ત્રીજો પ્રકાર છે અને નામકર્મની અપેક્ષાએ છઠ્ઠો પ્રકાર થાય છે. જગતમાં રહેલા આહારક વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને આહારક શરીર રૂપે પરિણમાવી વિસર્જન કરવાની શક્તિ પ્રાપ્ત થાય તેને આહારક શરીર નામકર્મ કહેવાય છે. આ આહારક શરીર ચૌદ પૂર્વભણેલા છઠ્ઠા ગુણસ્થાનકમાં રહેલા મહાત્માઓજ કરી શકે છે આ સિવાય બીજા કોઇપણ જીવો આહારક શરીર બનાવી શકતા જ નથી. આ જીવોને સાતમા ગુણસ્થાનકે આહાક શરીર નામકર્મ બંધાયેલું હોય છે અને એના પ્રતાપે આહારક લબ્ધિ પ્રાપ્ત કરે છે અને એ આહારક લબ્ધિ પ્રાપ્ત કરીને આહારક શરીર કરવા માટે છઠ્ઠા ગુણસ્થાનકનો પરિણામ અવશ્ય જોઇએ છે. કારણ કે કોઇપણ લબ્ધિનો ઉપયોગ પ્રમાદ અવસ્થામાંજ જીવ કરી શકે છે. અપ્રમત્ત અવસ્થામાં કોઇપણ લબ્ધિનો ઉપયોગ જીવ કરી શકતો જ નથી અને આ લબ્ધિઓ જેમ જેમ જીવને પેદા થતી જાય તેમ તેમ જ્ઞાનાવરણીય કર્મનો, દર્શનાવરણીય કર્મનો, મોહનીય કર્મનો અને અંતરાય કર્મનો એ ચારેય ઘાતી કર્મોનો ક્ષયોપશમ ભાવ જીવને વધતો જાય છે. આ લબ્ધિ પેદા કર્યા પછી દરેક ચૌદપૂર્વધર

મહાત્માઓ આહારક શરીર બનાવેજ એવો નિયમ હોતો નથી. જે મહાત્માઓને ચૌદપૂર્વનો સ્વાધ્યાય કરતાં કરતાં એકબીજા પદાર્થોનું ચિંતન કરતાં કરતાં અને એની અનુપેક્ષા કરતાં કરતાં જે કાંઇ શંકા પડે એ શંકાને દૂર કરવા માટે તીર્થંકર પરમાત્મા પાસે આહારક શરીર બનાવી અને સમવસરણમાં મોકલે છે. એ સમોવસરણમાં શરીર પહોંચે અને ભગવાનની દેશના ચાલતી હોય તો પણ એ દેશનામાંથી એને જવાબ મળી જતો હોવાથી જવાબ લાવીને તરતજ આહારક શરીરના પુદ્ગલોને વિસર્જન કરી નાંખે છે અને પોતે પોતાના મૂળ સ્વરૂપે ઔદારિક શરીરને પ્રાપ્ત કરે છે અને પછી જે પદાર્થનું ચિંતન કરતાં હોય એનું સમાધાન પ્રાપ્ત કરીને આગળ સ્વાધ્યાય કરતાં જાય છે. આખા સંસારને વિષે એટલે કે ભવચક્રને વિષે આહારક શરીર ચાર વખત પ્રાપ્ત કરી શકે છે. એથી અધિકવાર જીવો પ્રાપ્ત કરી શકતા નથી અથવા જે ચૌદપૂર્વધર મહાત્માઓએ ભગવાનનું સમવસરણ જોયેલું ન હોય અને એ સમવસરણ જોવાની ઇચ્છા થાય તો તે વખતે સમવસરણ જોવાની ઇચ્છાથી પોતાને પ્રાપ્ત થયેલી આહારક લબ્ધિનો ઉપયોગ કરી આહારક શરીર બનાવી, જ્યાં તીર્થંકર પરમાત્માઓ વિચરતા હોય ત્યાં એ શરીરને મોકલે છે અને સમોવસરણને જોઇને, આનંદ પેદા કરીને ત્યાંથી એ શરીર પાછું આવે અને વિસર્જન કરી દે છે. ત્યાર પછી મૂળ ઔદારિક શરીરમાં એ જીવો આવે છે. એક ભવમાં ઉત્કૃષ્ટથી આહારક શરીર બેવારજ થઇ શકે છે. આ આહારક શરીર એકહાથનું હોય છે અને સ્ફટિક જેવા નિર્મળ પુદ્ગલોનું બનેલું હોય છે અને એ મહાત્મા સિવાય બાકીના કોઇપણ જીવો એ શરીરને જોઇ ન શકે એવું અદ્રશ્ય રૂપે એ શરીર રહેલું હોય છે અને એ શરીર જ્યારે અહીંથી પસાર થાય ત્યારે વચમાં જે કંઇ ક્ષેત્રો આવે, પહાડો આવે તો પણ એ શરીરને કોઇપણ જાતનો પ્રતિઘાત કરી શકતા નથી. એટલે કે બધાને ભેદીને જે ક્ષેત્રમાં એ શરીરને મોકલવું હોય એ ક્ષેત્રમાં એ શરીર પહોંચી શકે છે અને એજ રીતે ત્યાંથી પાછું પણ પડી શકે છે. શંકાનુ સમાધાન મેળવવું એને પણ જ્ઞાની ભગવંતોએ પ્રમાદ કહેલો છે. તેમજ સમવસરણ જોવાની ઇચ્છા પેદા

કરવી એને પણ પ્રમાદ કહેલો છે. કોઇપણ લબ્ધિનો ઉપયોગ પ્રમાદમાંજ થઇ શકે છે. પ્રમાદ સિવાય અપ્રમાદ અવસ્થામાં જીવો લબ્ધિનો ઉપયોગ કરી શકતા જ નથી. માટે પ્રમત્ત અવસ્થા છઠ્ઠા ગુણસ્થાનક સુધીજ હોય છે માટે છઠ્ઠા ગુણસ્થાનકમાં એ લબ્ધિનો ઉપયોગ જીવો કરી શકે છે. એવીજ રીતે વૈક્રીય લબ્ધિ પેદા થયેલી હોય તો વૈક્રીય શરીર પણ પ્રમત્ત અવસ્થામાંજ પ્રાપ્ત કરી શકે છે. આહારક લબ્ધિથી આહારક શરીર બનાવી શકે અને વૈક્રીય લબ્ધિથી વૈક્રીય શરીર બનાવી શકે છે. એ વૈક્રીય શરીર અને આહારક શરીર બની ગયા પછી જીવ સાતમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરી શકે ખરો. એટલે કે સાતમા ગુણસ્થાનકના પરિણામને પ્રાપ્ત કરી શકે છે અને પછી તરતજ એ જીવો છઠ્ઠા ગુણસ્થાનકે આવે છે. આથી આહારક શરીર અને વૈક્રીય શરીરનો ઉદય એકથી સાત ગુણસ્થાનક સુધી કહેલો છે.

ચૌદપૂર્વધર મહાત્માઓ સંપૂર્ણ શ્રુતજ્ઞાની કહેવાય છે છતાં પણ એ મહાત્માઓને પદાર્થનું ચિંતવન કરતાં કરતાં કોઇપણ પ્રશ્ન પેદા થાય તો સામાન્ય રીતે કહેવાય છે કે સંપૂર્ણ જ્ઞાનીને કોઇ પ્રશ્ન પેદા થાય નહિ. પ્રશ્ન પેદા થાય તો અધૂરાજ્ઞાનવાળાને પેદા થાય. છતાં ચૌદ પૂર્વધરોને પ્રશ્ન થાય છે એ એક વિચારણીય લાગતું નથી ? પણ ચૌદપૂર્વધરોને જે પ્રશ્ન થાય છે એ પોતાના સ્વાધ્યાયમાં એકબીજા પદાર્થોની વિચારણા કરતાં કરતાં વિશેષ જાણવાની જિજ્ઞાસાથી પ્રશ્ન પેદા થાય છે. માટે એ જે સંશય પેદા થવો એને જ્ઞાનીઓએ પ્રમાદ કહેલો છે. દેવર્ધિગણી ક્ષમાશ્રવણ છેલ્લા થઇ ગયા એ એક પૂર્વધર હતા. ત્યારપછી પૂર્વના જ્ઞાનનો વિચ્છેદ થઇ ગયેલો છે. જ્ઞાનીઓ કહે છે કે છતી શક્તિએ જેટલો સાધનોનો ઉપયોગ કરે તેના કારણે ગાઢ વિર્યાંતરાય કર્મ બંધાય છે. પ્રમાદ કદી પ્રશસ્ત હોઇ શકતો જ નથી. મિથ્યાત્વ અવિરતિ કષાય અને યોગ એ ચારેની અંતર્ગત પ્રમાદ હોય છે. પ્રમાદના પાંચ ભેદો પણ છે અને આઠ ભેદો પણ કહેલા છે. વ્યસન સેવન, આત્માને ઇન્દ્રિયોમાં જોડવો, ક્રોધ, નિંદા, નિદ્રા એ પાંચ પ્રકારના પ્રમાદ કહેલા છે કે જેમકે કોઇપણ પ્રકારનું વ્યસન જીવને પેદા થયેલું હોય કે એ ચીજ લે તોજ એનું

મગજ ક્લેશ થાય. જ્યાં સુધી એ ચીજ ન મળે ત્યાંસુધી એનું મગજ એટલે મન કોઇપણ કામકાજમાં સ્થિર રહેતું નથી માટે એને પ્રમાદ કહેવાય છે. બીજે નંબરે પાંચે ઇન્દ્રિયોના અનુકૂળ વિષયોને વિષે ઇન્દ્રિયોને જોડવી અને પ્રતિકૂળ વિષયોથી ઇન્દ્રિયોને પાછી ખસેડવી એને બીજો પ્રમાદ કહેવાય છે, આ પ્રમાદ વિષયરૂપે કહેવાય છે. ત્રીજો વિષયોના પદાર્થોને મેળવવા આદિમાં ક્રોધાદિ કષાયો જે પેદા થાય તેને ત્રીજો પ્રમાદ કહેવાય છે. ચોથો એકબીજા ભેગા થાય તો પોતાના બે સિવાયની બીજાની વાતોચીતો કરતા હોય છે તે નિંદા રૂપે ગણાય છે એ નિંદા નામનો ચોથો પ્રમાદ ગણાય છે અને પાંચમો છેલ્લામાં છેલ્લો નિદ્રા એટલે ઉંઘવું તે આ પાંચે પ્રકારના પ્રમાદનો જીવ ત્યાગ કરે ત્યારે અપ્રમત્તગુણસ્થાનક રૂપે સાતમા ગુણસ્થાનકના પરિણામને પ્રાપ્ત કરે છે.

આહારક શરીરનો બંધ સાતમા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી હોય છે. આહારક શરીરનો ઉદય માત્ર છઠ્ઠા ગુણસ્થાનકે જ હોય છે અને આહારક શરીરની સત્તા પહેલા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનકના ઉપાંત્ય સમય સુધી અથવા દ્વિચરમ સમય સુધી હોય છે.

(૭) તૈજસ શરીર :- જગતમાં રહેલા તૈજસ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી તૈજસ શરીર રૂપે પરિણમાવી વિસર્જન કરવાની શક્તિ પેદા થાય તેને તૈજસ શરીર નામકર્મ કહેવાય છે અથવા તૈજસ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી જીવોએ આહારના પુદ્‌ગલો જે ગ્રહણ કરેલા હોય એ આહારના પુદ્‌ગલોને પચાવીને શરીર રૂપે પરિણમાવી એટલે કે સાત ધાતુરૂપે પરિણમાવી વિસર્જન કરવાની શક્તિ પેદા થાય તેને તૈજસ શરીર નામકર્મ કહેવાય છે અથવા તૈજસ શરીરના ઉદયથી તૈજસ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરીને તૈજસ લબ્ધિ પેદા કરીને તેજોલેશ્યા પ્રાપ્ત કરી તેને પણ તૈજસ શરીર નામકર્મ કહેવાય છે અથવા તૈજસ શરીરના ઉદયથી તૈજસ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરીને શીતલબ્ધિ પેદા કરીને શીતલેશ્યાને પ્રાપ્ત કરવી તેને તૈજસ શરીર નામકર્મ કહેવાય છે.

જેમકે સાતમા ગુણસ્થાનકથી આગળના ગુણસ્થાનકમાં રહેલા સઘળાય

જીવો મોટેભાગે પોતાને પ્રાપ્ત થયેલી લબ્ધિનો ઉપયોગ કોઇકાળે કરે નહિ છતાં પણ શ્રવણ ભગવાન મહાવીર મહારાજા કેવળજ્ઞાન પામ્યા પછી ગોશાળાએ એમને જે ઉપસર્ગ કર્યો એ ઉપસર્ગ વખતે ગોશાળાએ તેજોલેશ્યા ભગવાન ઉપર મૂકી એ તેજોલેશ્યા ભગવાનને ત્રણ પ્રદક્ષિણા આપીને સીધ્ધી ગોશાળાના શરીરમાં પેઠેલી છે. એ તેજોલેશ્યા મૂકતા પહેલાં સર્વાનુભૂતિ અને સુનક્ષત્ર નામના બે મહાત્માઓ ગોશાળો ભગવાનને ગમે તેવા શબ્દો બોલતો હતો એ એમનાથી ખમાયું નહિ અને ગોશાળાને વાળવા માટે સારા શબ્દોથી સમજાવવાનો પ્રયત્ન કર્યો. છતાં પણ ગોશાળો સમજ્યો નહિ અને ઉપરથી વિશેષ ગુસ્સો પેદા કરીને એ બે મહાત્મા ઉપર તેજોલેશ્યા મૂકી. એ બન્ને મહાત્માઓ તે વખતે સળગતા હતા અને એ સળગતા સળગતા પોતાનું અકલ્યાણ ન કરી નાંખે એ હેતુથી કેવળજ્ઞાની શ્રવણ ભગવાન મહાવીરમહારાજાએ તૈજસ શરીર નામકર્મના ઉદયથી તૈજસ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી શીતલેશ્યાને પ્રાપ્ત કરી અને બંન્ને મહાત્મા ઉપર શીતલેશ્યા મૂકેલી છે કે જેના કારણે એમની સમાધિ ટકી રહે. અસમાધિમાં મરણ ન થાય અને આત્મા દુર્ગતિનો ભાજલ ન બને એટલા માટે સદ્‌ગતિને સધાવવા અને સદ્‌ગતિમાં જઇને પોતાના આત્માનું વિશેષ રીતે કલ્યાણ સાધી શકે એ હેતુથી શીતલેશ્યા મૂકીને નિર્યામણા કરાવેલી છે. આથી શીતલેશ્યા પણ જીવને તૈજસ શરીરમાંથી પેદા થાય છે એમ જ્ઞાની ભગવંતો કહે છે. જ્યારે ગોશાળાએ ભગવાન ઉપર તેજોલેશ્યા મૂકી ત્યારે ત્રણ પ્રદક્ષીણા કરીને એજ તેજોલેશ્યા ગોશાળાના શરીરમાં પ્રવેશ કર્યો અને ગોશાળો રાડો પાડતો પાડતો પોતાના સ્થાને ગયો. ભગવાનને છ મહિના સુધી એ તેજોલેશ્યાની ગરમીના કારણે લોહીના ઝાડા થયેલા છે અને ગોશાળો તેજોલેશ્યાની અગ્નિથી બળતો બળતો સાત દિવસ સુધી વેદના વેઠીને વચમાં સમ્યક્ત્વને પ્રાપ્ત કરી એટલે કે ભગવાને ગૌતમાદિ મુખ્ય શિષ્યોને જણાવ્યું કે હવે ગોશાળાને જઇને કડકમાં કડક શબ્દો કહો કે જેથી એનું કલ્યાણ થશે. હવે એની તાકાત રહેલી નથી માટે ગૌતમાદિ મહાત્માઓએ જઇને એવા કડક શબ્દો કહેલા છે

કે જે શબ્દો સાંભળતા સાંભળતા ગોશાળાએ પોતાના જીવનમાં કરેલા પાપોનો પશ્ચાતાપ કરતાં કરતાં સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી અને એ સમકીત પામ્યા પછી પોતાના અનુયાયીઓને બોલાવીને કહ્યું કે હુંજ પોતે પાપી છું, મારા ગુરુ ભગવાન મહાવીરની મેં ભયંકર આશાતના કરેલી છે એનું ફળ અત્યારે વર્તમાનમાં ભોગવી રહેલો છું અને ભવાંતરમાં પણ મારે અવશ્ય ફળ ભોગવવું જ પડશે માટે જે મેં ગુરૂની આશાતના કરેલી છે એવી કોઇ ગુરૂની આશાતના ન કરે એ હેતુથી જ્યારે હું મરણ પામું એટલે મારૂં શરીર આખા ગામમાં કુતરુ મરી ગયું હોય અને દોરડાથી બાંધીને ઘસડીને જેમ ફેરવે અને ફેરવીને ગામ બહાર લઇ જાય એ રીતે મારા શરીરના શબને દોરડાથી બાંધીને આખા ગામમાં ફેરવજો અને તે વખતે કહેજો કે ગુરુની આશાતના જેઓએ કરેલી હોય તેનું આ પ્રત્યક્ષ ફળ આ ભોગવી રહેલો છે અને જે જે સ્થાનેથી મારા શબને લઇ જવામાં આવે એની પાછળ એ શબના પુદ્ગલો બીજાને દુ:ખરૂપે ન બને એટલા માટે એ બધી જમીન દૂધથી ધોવડાવજો. અનુયાયીઓએ જ્યારે આ વાત સાંભળી ત્યારે તે વખતે તો એમણે હા કહેલી છે. પણ જ્યારે ગોશાળો કાળ કરી ગયો ત્યાર પછી એમના અનુયાયીઓએ ભેગા થઇને વિચાર કરે છે કે આપણે આ રીતે જો એમના શબને કાઢીશું તો લોકોમાં અપકીર્તિ થશે અને એના કારણે આપણો ધર્મ નિંદાશે. તો શું કરવું ? તે વખતે બારણા બંધ કરીને એમના શબને મકાનમાંજ એ રીતે ફેરવીને પછી બહાર સારી રીતે શબને ફેરવ્યું છે. આ ગોશાળાનો જીવ ગુરૂની આશાતના કરવાથી સંસારમાં જેટલો કાળ પરિભ્રમણ કરશે એ બધો કાળ ભેગો કરતાં બરાબર અર્ધપુદ્ગલ પરાવર્ત જેટલો કાળ થાય છે. એટલે કે સમકીત પામેલો જીવ છે તે વખતે સમકીત પામીને બારમા દેવલોકનું આયુષ્ય બાંધીને બારમા દેવલોકે ગયેલો છે. ત્યાંથી મનુષ્યપણામાં આવી સાધુ ભગવંતોની નિંદા કરીને નરકમાં જશે અને પછી સંસારમાં પરિભ્રમણ કરશે. છેલ્લે અનુત્તરમાં જશે ત્યાંથી મનુષ્યમાં આવીને મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણું પામી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી મોક્ષે જશે. એ આત્મા જ્યારે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરશે તે વખતે અનેક જીવોને

પ્રતિબોધ કરવા માટે પોતાનુંજ જીવન એ કેવળી ભગવંત જણાવશે અને અનેક જીવોને પ્રતિબોધ કરીને મોક્ષે પહોંચાડશે તેમજ મોક્ષમાર્ગમાં દાખલ કરશે. એમ અનેક જીવોનો ઉપકાર કરી એ ભવે સિધ્ધિ ગતિને પામશે.

અનાદિકાળથી જગતમાં રહેલા જીવોનો આહાર ત્રણ પ્રકારનો હોય છે. પહેલું ઓજાહાર, બીજું લોમાહાર અને ત્રીજું કવલાહાર.

**(૧) ઓજાહાર :-** એક સ્થાનેથી બીજે સ્થાને જીવ મરીને ઉત્પન્ન થાય અને જે ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલો હોય છે તે ક્ષેત્રને વિષે જે પુદ્‌ગલોનો આહાર મળે એ પુદ્‌ગલોને કાર્મણ શરીરથી ગ્રહણ કરીને એક સમયમાંજ ગ્રહણ કરે છે અને એ સમયે પરિણામ પમાડે છે. એ આહારના પુદ્‌ગલોને પરિણામ પમાડે ત્યારે ખલ એટલે ખરાબ પુદ્‌ગલો અને રસવાળા એટલે સારા પુદ્‌ગલો એમ બે વિભાગવાળા કરે છે. એમાંથી ખલવાળા પુદ્‌ગલોનો નાશ કરી રસવાળા પુદ્‌ગલોનો સંગ્રહ કરતો જાય છે. આ રીતે પહેલા સમયે ઉત્પત્તિના ક્ષેત્રને વિષે આ ક્રિયા શરૂ કરતાં કરતાં બીજા સમયથી સમયે સમયે ત્યાં રહેલા આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરે છે, ખલ અને રસરૂપે પરિણામ પમાડે છે. ખલવાળા પુદ્‌ગલોનો નાશ કરતો જાય છે અને રસવાળા પુદ્‌ગલોનો સંગ્રહ કરતો કરતો અસંખ્યાત સમય સુધી આ ક્રિયા કરતો રહે છે અને એ અસંખ્યાત સમય પૂર્ણ થાય ત્યારે જીવને શરીર બનાવવાની શક્તિ પેદા થાય છે. એટલે કે અત્યાર સુધીમાં રસવાળા પુદ્‌ગલો સંગ્રહ રૂપે કરેલા છે એ સંગ્રહરૂપે રહેલા પુદ્‌ગલોમાંથી જે તાકાત પેદા થાય એ શક્તિમાંથી જીવ શરીર બનાવવા માટેની શક્તિ પેદા કરતો જાય છે. આ રીતે શરીર પર્યાપ્તિ પૂર્ણ કરે છે. આ રીતે જે જે જીવોને જેટલી જેટલી પર્યાપ્તિઓ કહેલી હોય છે એટલી પર્યાપ્તિઓ પૂર્ણ ન કરે ત્યાંસુધી સમયે સમયે આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરે છે અને એ પુદ્‌ગલોને ખલ અને રસરૂપે પરિણામ પમાડે છે. એ પરિણામ પમાડતાં પમાડતાં શરીર પેદા કરવાની શક્તિ, ઇંદ્રિય પેદા કરવાની શક્તિ, શ્વાસોશ્વાસના પુદ્‌ગલોને લઇને ઉચ્છવાસ અને નિઃશ્વાસ રૂપે પરિણમાવવાની શક્તિ, ભાષા વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરીને વચન

રૂપે પરિણમાવવાની શક્તિ અને મનરૂપે મનોવર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરીને વિચારરૂપે પરિણમાવવાની શક્તિ પેદા કરતો જાય છે. આ શક્તિઓ સંપૂર્ણ જ્યાંસુધી પેદા ન થાય ત્યાંસુધી સમયે સમયે જે જે આહારના પુદ્‌ગલો ગ્રહણ થાય એ સઘળાય પુદ્‌ગલોના આહારને ઓજાહાર કહેવાય છે. કેટલાક આચાર્યોના મતે શરીરપર્યાપ્તિ અને ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા પછી જીવોને લોમાહાર શરૂ થાય છે એમ પણ કહે છે.

**(૨) લોમાહાર :-** શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત થયા પછી અથવા જે જીવોને જેટલી પર્યાપ્તિઓ કહેલી છે એ સંપૂર્ણ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી શરીરને વિષે સાડાત્રણ કરોડ રોમરાજી પેદા થાય છે. એ રોમરાજી એટલે શરીરને વિષે છિદ્ર રૂપે ગણાય છે એટલે કે ઔદારિક શરીરને વિષે સાડાત્રણ કરોડ કાણા પડેલા હોય છે. એ રોમરાજીથી જે પુદ્‌ગલોને ગ્રહણ કરે અને એ પુદ્‌ગલોને ગ્રહણ કરી પરિણમાવે અને વિસર્જન કરે એટલે કે વિસર્જન કરવાની જે શક્તિ પેદા થાય એ આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરતાં કરતાં પરિણમાવવાથી એ શક્તિ પેદા થાય છે માટે તેને લોમાહાર કહેવાય છે. એટલે કે રોમરાજીથી જગતમાં રહેલા પુદ્‌ગલોને ગ્રહણ કરીને શરીરની સાથે પરિણમાવીને વિસર્જન કરવાની શક્તિ જે પેદા થાય તેને લોમાહાર કહેવાય છે. આ લોમાહાર પણ દરેક જીવોને રહેલો હોય છે. એટલે કે ઔદારિક શરીરને વિષે પણ આ આહાર હોય છે વૈક્રીય શરીરને વિષે પણ આ આહાર રહેલો હોય છે.

**(3) કવલાહાર :-** બેઇન્દ્રિય જીવોથી શરૂ કરીને પંચેન્દ્રિય સુધીના જીવો રસનેન્દ્રિયથી જે આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરે છે તેને કવલાહાર કહેવાય છે. એટલે કે જીભથી આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરી ખલ અને રસરૂપે પરિણમાવી ખલવાળા પુદ્‌ગલોને વિસર્જન કરતો જાય અને રસવાળા પુદ્‌ગલોને સાતધાતુરૂપે પરિણમાવતો જાય તેને કવલાહાર કહેવાય છે.

જૈનશાસનમાં કવલાહારના ત્યાગનું પચ્ચક્‌ખાણ કહેલું છે. રોમરાજીના પુદ્‌ગલોનો ત્યાગ જીવો કરી શકે એવી શક્તિ ન હોવાથી એનું પચ્ચક્‌ખાણ અપાતું નથી. કવલાહારના ત્યાગનું પચ્ચક્‌ખાણ કરતાં કરતાં જીવો

આહારસંજ્ઞાઓનો સંયમ કરતો કરતો આહારસંજ્ઞાઓનો નાશ કરી અણાહારી પદ મેળવવા માટે એટલે કે જીવનો પોતાનો સ્વાભાવિક ગુણ આહાર ન કરવો એ છે એ ગુણને પેદા કરવા માટે પુરૂષાર્થ કરતો કરતો તેરમા ગુણસ્થાનકના અંત સુધી પ્રયત્ન કરતો જાય છે અને તેરમા ગુણસ્થાનકના અંતે યોગનો નિરોધ કરે ત્યારે લોમાહારથી લેવાતા આહારના પુદ્ગલોનો સંપૂર્ણ નાશ થાય છે. એટલે કે કવલાહારના પુદ્ગલોનો ત્યાગ અને લોમાહારના પુદ્ગલોનો ત્યાગ કરીને જીવ પોતાનો અણાહારીપણાનો ગુણ સાદિ અનંતકાળ સુધીનો પ્રાપ્ત કરે છે અર્થાત્ પાંચરસાક્ષર જેટલા કાળ સુધી ચૌદમા ગુણસ્થાનકે રહીને જીવ સકળ કર્મથી રહિત થઇ સિધ્ધિગતિને પ્રાપ્ત કરે છે. ત્યાં જીવને શરીર ન હોવાથી અશરીરીપણું પ્રાપ્ત થયેલું હોવાથી સદા માટે એટલે કે સાદિ અનંતકાળ સુધી અનાહારીપણામાં રહીને પોતાનો કાળ પસાર કરતો જાય છે.

તપ એ તપ ત્યારેજ બને કે જો તપ કરતી વખતે આહારસંજ્ઞાને સંયમીત કરવાનું લક્ષ્ય રાખ્યું હોય. અનાહારીપદ પામવાની ઇચ્છા પૂર્વક તપ ત્યાગ કર્યો હોય તોજ એ તપ તપ કહેવાય છે. સંજ્ઞાનો નાશ કરવાનો પુરૂષાર્થ અને અનાહારીપદ પામવાનું ધ્યેય જોઇએ. આવા લક્ષ્ય અને ધ્યેય વગરનો તપ એ કાયક્લેશ રૂપે કહેવાય છે અને કાયક્લેશ રૂપે થયેલો તપ સંસારની વૃધ્ધિનું કારણ બને છે. એટલે કે જન્મ મરણની પરંપરા વધારવામાં સહાયભૂત થાય છે. જેમકે આયંબિલ કરતી વખતે પણ આયંબિલ કરવા બેસતા ગરમા ગરમ રસોઇ મળશે, પેટ ભરીને ખાઇ લઇશું, નવજ દિવસ આયંબિ છે એના પછી તો પારણું આવે છે. એટલે પછી પારણામાં સરખો ખોરાક સારી રીતે વાપરી શકીશ આવી વિચારણાઓ કરતાં કરતાં જો એ નવપદની ઓળીની આરાધના રૂપે તપ કરે તો એ તપ જૈનશાસનનો ગણાતો નથી. એટલે કે એ તપ સુસંગત રૂપે કહેવાતો નથી. એ તપ સુસંગત રૂપે ત્યારેજ ગણાય કે તપની સાથે આહારસંજ્ઞાને તોડવાની અંતરથી ભાવના જોઇએ અને શબ્દોથી પણ એજ વાત વચનમાં નીકળવી જોઇએ. ખાધા વગર

નથી ચાલતુ માટે ખાવું પડે છે એટલા માટે જમવા બેસું છું. પણ આ શરીર સારું રહે શક્તિ સારી ટકી રહે અને મહારે જે ધારી સફળતા કામ કરવા છે એ કામ હું સારી રીતે કરી શકું એ હેતુથી જમવાનું લક્ષ હોય નહિ, પણ એના અંતરમાં અનાહારીપદનીજ આરાધના કરવા માટે એ શરીરમાં નાખવું પડે માટે નાંખે છે. ગરમ ખાવાની ટેવ પડેલી છે એ ટેવ જલ્દી જતી નથી એનું દુઃખ રાખીને પણ જો એ કદાચ ખાતો હોય તો એના પરિણામ પરમપદની પ્રાપ્તિમાં સહાયક થતાં જાય છે. આથી નિશ્ચિત એ થાય છે કે અત્યારસુધી ખાવા પીવાની જે પ્રવૃત્તિ કરી રહેલા છીએ તેમાં જે બધી કુટેવો ખોટી પાડેલી છે એ બધી કુટેવોને તોડવાનો પ્રયત્ન અવશ્ય કરવો જોઇએ. એ કુટેવોને તોડવાનો જેટલે અંશે પ્રયત્ન કરતા જઇએ એટલે અંશે ખાવા-પીવાના પદાર્થો પ્રત્યેની આસક્તિ પણ તૂટતી જાય છે. જો તપ કરવા છતાં ખાવા-પીવાના પદાર્થોની આસક્તિ ઓછી ન થાય કદાચ ઓછી ન થાય એનું દુઃખ પણ અંતરમાં ન રહે તો એ તપ વાસ્તવિક રીતે અનાહારીપદ પેદા કરવામાં સહાયભૂત થનારો ગણાતો નથી. સજ્ઞાઓમાં આહારસંજ્ઞા ભયંકર કોટિની કહેલી છે. એને તોડવાના લક્ષ પૂર્વકનો પ્રયત્ન નહી કરીએ તો આખી જીંદગી તપ કરશો તો પણ સંજ્ઞાઓ તૂટશે નહિ. આહારસંજ્ઞા તૂટે એ તોડવાનું લક્ષ પેદા કરવા માટે અને ક્રમે ક્રમે આ કવલાહાર કાયમ માટે મારાથી છૂટી જાય તે પુરૂષાર્થ જોઇએ.

પ્રશ્નo આ લક્ષ પેદા થયું છે એનું લક્ષણ શું ?

પારણામાં જે સામગ્રી આવે તેમાં જે સૌથી વધારે ફાવતું હોય તે ચીજ ભાણામાંથી કાઢી નાંખે, એ ચીજ વગરજ ચલાવી લે. તપ નિમિત્તે જે મહોત્સવો યોજાય છે તે તપની પૂર્ણાહૂતી અખંડ રીતે પ્રાપ્ત થઇ એની અનુમોદના રૂપે હોય છે. તપના પારણાનો કે તપનો મહોત્સવ નથી. સૌથી પહેલા અખંડ રીતે પાણી પણ વાપર્યા વગર તપ કર્યો હોય તો વાસ્તવિક રીતે એ તપ ગણાય છે. એ રીતે કદિ તપ કર્યો છે ખરો ? અરિહંત પરમાત્માઓના આત્માઓએ એટલે કે તીર્થંકર પરમાત્માના આત્માઓ છેલ્લે ભવે સંયમનો સ્વીકાર કરી

જે પોતાના જીવનમાં તપનું આચરણ કરે છે એ તપ સદા માટે દરેક તીર્થંકરોનો પાણી વગરનો તપ હોય છે. એટલે કે ચોવીહારા ઉપવાસજ દરેક તીર્થંકરોના હોય છે. કોઇ જીવ પોતે પોતાના જીવનમાં તપ કર્યો હોય એના કોઇ વખાણ કરે તો એ વખાણથી ગર્વ પેદા ન થઇ જાય એ માટે અરિહંત પરમાત્માઓના તપને યાદ કરે અને એમની અપેક્ષાએ મારો તપ કોઇ વિસાતમાં નથી એમ માનતો જાય છે. આથી તપના વખાણ સાંભળતા સાંભળતા અંતરમાં જે ગર્વ પેદા થતો હોય એ ગર્વ નાશ પામતો જાય છે એટલે કે ગર્વ પેદા થઇ શકે નહિ. આથી જૈનશાસનમાં સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા પોતાના જીવનમાં જે કાંઇ તપ કરે એ તપ ગુપ્તપણે રાખવાનો કહેલો છે અને એ ગુપ્તપણે કરેલો તપ એજ નિર્જરામાં સહાયભૂત થતો જાય છે.

વર્ષોથી તપ કરનારને તેમજ શાશ્વતી ઓળીઓ વર્ષોથી કરતાં કરતાં ૮૪ લાખ પૂર્વવરસના આયુષ્યવાળા કાયમ બંન્ને ઓળીની આરાધના કરે તો પણ એ દરેકે પોતાના આત્મામાં એ વિચાર કર્યાજ કરવો પડે કે મારી આહારસંજ્ઞા કેટલી સંયમીત થઇ ? આહારના પદાર્થોની લાલસા મારા અંતરમાં કેટલી ઓછી થઇ ? આ રીતે રોજને રોજ તપાસ કરતાં કરતાં આહારસંજ્ઞાને સંયમીત કરવાનો પ્રયત્ન કરવોજ જોઇએ. તેમજ આહારના પદાર્થો પ્રત્યે જે લાલસા પેદા થાય છે એ લાલસાઓને પણ સંયમીત કરવાનો પ્રયત્ન કરવો જ જોઇએ. તોજ એનો એ તપ તપરૂપે ગણાય છે. જ્યાંસુધી આહારસંજ્ઞાને સંયમીત કરવાનું લક્ષ પેદા થાય નહી ત્યાંસુધી વાસ્તવીક રીતેનો તપ એ તપ ગણાતો નથી. અનાહારીપદ પેદા કરવા માટે જમતી વખતે, આયંબીલ કરતી વખતે અથવા નવકારશીનું પચ્ચકાણ કરતી વખતે પણ અંતરમાં આ ખાવું એ પાપ છે માત્ર ખાવા માટે ખઉં છું આમાં જો હું સ્વાદ કરીશ અને આહારસંજ્ઞાને પોષીને આહાર કરતો રહીશ તો ફરીથી મને આવા પ્રકારનો આહાર જલ્દી પ્રાપ્ત થશે નહીં. માત્ર આ શરીરથી આત્માનું કલ્યાણ વિશેષ રીતે કેમ થાય તેમજ આ શરીર આત્મકલ્યાણ કરવામાં વિશેષ રીતે ઉપયોગી કેમ બને એનું લક્ષ રાખીને આહાર કરવો પડે તે ટાઇમે આહાર કરી દે. તોજ જીવને

પુણ્યાનુબંધી પુણ્ય બંધાતુ જાય છે અને સાથે સાથે સકામ નિર્જરા પણ કરતો થાય છે. એ સકામ નિર્જરા થતી હોય ત્યારે પાપ પ્રકૃતિઓ અશુભ રસે એટલે કે અલ્પરસે બંધાય છે અને અણુબંધ વગર બંધાય છે જ્યારે પુણ્યપ્રકૃતિઓ જે બંધાય છે તે તીવ્રરસવાળી અને અનુબંધ સાથે બંધાય છે. એવી રીતે અત્યાર સુધી અશુભ કર્મો તીવ્રરસે બાંધેલા સત્તામાં, આત્મામાં રહેલા હોય એ જો અનીકાચીત હોય તો એ અશુભ રસવાળા પુદ્ગલો મંદરસવાળા થાય છે આને સકામ નિર્જરા કહેવાય છે. આથી તપ કરનારા જીવોને ભૌતિક વિઘ્નો નાશ પામે એ માટે જો કરતા હોય, શરીરમાં અનેક પ્રકારના રોગો પેદા થયા હોય એ રોગોને દૂર કરવા માટે આયંબિલ કરતા હોય તેમજ સંસારમાં સાવધ પ્રવૃત્તિના કામો ઇચ્છા મુજબ કરતાં કરતાં સફળતા પ્રાપ્ત થાય એ માટે જીવનમાં આયંબિલ કરતાં હોય તો સમજવું કે એનાથી પાપાનુબંધી પુણ્યજ બંધાય છે. પણ એનાથી આહારસંજ્ઞા તુટતી નથી ઉપરથી આહારસંજ્ઞા મજબૂત થતી જાય છે.

ચોથા આરામાં જીવો ૠજુ એટલે સરળ અને પ્રાજ્ઞ એટલે બુધ્ધિશાળી હતા એટલે એ જીવો જ્યારે જ્યારે તપ કરે ત્યારે મોટેભાગે પોતાના આત્મકલ્યાણના હેતુથી લક્ષ રાખીનેજ પ્રયત્ન કરતા હોય છે. જ્યારે વર્તમાનમાં પાંચમા આરામાં રહેલા જીવો વક્ર એટલે વાંકા સ્વભાવવાળા અને જડ એટલે અજ્ઞાન સ્વભાવવાળા હોવાથી એ એમણે જે પકડ્યું હોય એ જલ્દી છોડે નહિ અને જે રીતે પોતે કરતો હોય એ રીતે જ કરતો જાય. આનાથી શાસ્ત્રને શસ્ત્ર પણ બનાવી શકે છે. આથી ભગવાનની આજ્ઞા મુજબના ધ્યેય પૂર્વક આરાધના કરવાને બદલે ભગવાનની આજ્ઞાથી અવળા ધ્યેયથી આરાધનાઓ કરે છે અને એ આરાધનાઓ કરતા હોવાથી જે રીતે એ આરાધના ફળીભૂત થવી જોઇએ એ રીતે ફળીભૂત થતી નથી. માટે આરાધનાનું ફળ વર્તમાનમાં કાંઇ દેખાતું નથી.

દરેક જીવો ઉત્પત્તિના પહેલા સમયથી અપર્યાપ્ત અવસ્થામાં રહેલા હોય છે. એ જ્યાંસુધી શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત ન થાય અથવા સર્વ પર્યાપ્તિથી

પર્યાપ્ત ન થાય ત્યાંસુધી એ જીવોને ઓજાહાર હોય છે. જ્યારે સર્વપર્યાપ્તિથી પર્યાપ્ત થાય ત્યારપછી શરીરમાં રોમરાજી વિકસ્વર થતી હોવાથી અને રોમરાજીના સાડાત્રણ કરોડ શરીરમાં એકદમ સૂક્ષ્મ રૂપે કાણા પડેલા હોવાથી એને રોમરાજી રૂપે ગણાય છે. એ રોમરાજીથી જે પુદ્ગલોનો આહાર કરે છે તેને લોમાહાર આહાર કહેવાય છે. દેવતાના જીવોને નારકીના જીવોને અને એકેન્દ્રિય જીવોને કવલાહાર હોતો નથી. એ જીવોને લોમાહાર અને ઓજાહાર એ બે આહાર હોય છે અને મોટેભાગે પોતાનું જીવન લોમાહારથી પસાર કરે છે. બેઇન્દ્રિયાદિ તિર્યંચના જીવો અને મનુષ્યના જીવોને લોમાહાર અને કવલાહાર એ બંન્ને પ્રકારના આહાર પર્યાપ્ત થયા પછી શરૂ થાય છે. જૈનશાસનમાં મનુષ્યોને એટલે કે પુરુષોને કૌવલાહાર રૂપે ઉત્કૃષ્ટથી ૩૨ કોળીયા આહાર કહેલો છે અને સ્ત્રીયોને ૨૮ કોળીયા આહાર કીધેલો છે. એ ૩૨ કોળીયા આહાર સંપૂર્ણ પોતે કરે ત્યાંસુધી એને ઉણોદરી તપનો લાભ મળતો નથી. ૩૨ કોળીયામાંથી જેટલો આહાર ઓછો કરે એટલો એને ઉણોદરી તપનો લાભ પણ સાથે મળે છે. એવીજ રીતે સ્ત્રીયો એમનો જે ૨૮ કોળીયાનો આહાર કહેલો છે એમાંથી જેટલા કોળીયા આહાર ઓછો કરે એટલો ઉણોદરી તપનો એમને લાભ મળે છે. પણ એ ઉણોદરી તપ કરવાના હેતુથી અને અણાહારીપદ પ્રાપ્ત કરવાના હેતુથી એ ત્યાગ કરતો જાય તોજ એને એ લાભની પ્રાપ્તિ થઇ શકે છે. બાકી આહાર ન મળે અને ઓછો આહાર કોળીયાનો કરે અને ભૂખ્યો રહે એટલા માત્રથી ઉણોદરી તપનો એને લાભ મળતો નથી. જૈનશાસનમાં નવકારશીથી માંડીને ઉપવાસ આદિ જે તપો કહેલા છે એ કવલાહાર ત્યાગનું પચ્ચક્ખાણ કહેલું છે. એટલે કે નવકારશી કરનારને પણ કવલાહારના ત્યાગનું લક્ષ અંતરમાં રહેવુંજ જોઇએ અને સાથે સાથે નવકારશી કરું તોજ દેવ, ગુરૂ અને ધર્મની આરાધનામાં હું સમાધિ રાખી શકું છું, મારી એકાગ્રતા ટકી રહે છે માટે મારે આ કરવી પડે છે માટે કરું છું એવી વિચારણા અંતરમાં હોય તોજ એ કવલાહારનો ત્યાગ ધીરે ધીરે કરતાં કરતાં સંપૂર્ણ અણાહારીપણાના પદને પ્રાપ્ત કરાવવામાં

સહાયભૂત થઇ શકે છે. એટલે કે પોતાનું સંપૂર્ણ શુધ્ધ સ્વરૂપ પેદા કરવામાં નવકારશીનો તપ ઉપયોગી થઇ શકે છે. નવકારશીનું પચ્ચક્ખાણ વાસ્તવિક રીતે જૈનશાસનમાં શુધ્ધ ત્યારેજ ગણાય કે સૂર્યોદય પહેલાં નવકારશીનું પચ્ચક્ખાણ ધારેલું હોય તો. જો સૂર્યોદય પછી નવકારશીનું પચ્ચખાણ લે અને નવકારશીનો ટાઇમ ના આવે ત્યાં સુધી એ કવલાહાર રૂપે કોઇપણ ચીજ મોઢામાં ન મૂકે તો પણ એને નવકારશીનો લાભ મળતો નથી. માત્ર એની સાથે મૂઠશી પચ્ચકાણ બોલવામાં આવે છે એનો લાભ મળે. એવી જ રીતે પોરશી પચ્ચક્ખાણ કરનારે નવકારશી પચ્ચખાણના ટાઇમ પહેલા પોરશી ધારી લેવી જોઇએ. સાઢ પોરષી કરનારને પોરષીના પચ્ચખાણ પહેલા સાઢ પોરષીનું પચ્ચખાણ ધારી લેવું જોઇએ. જ્યારે પરીમૂઢ અને અવઢ પચ્ચખાણ એ બે પચ્ચખાણ એવા છે કે એનો ટાઇમ થઇ ગયો હોય અને પછી પણ એ પચ્ચખાણ લે તો એને પચ્ચખાણનો લાભ મળી શકે છે કારણ કે વાસ્તવિક રીતે બે પ્રહર પછીજ મોઢામાં આહાર-પાણી નાખવાનું જૈનશાસનમાં વિધાન છે. આથી શુધ્ધ નવકારશી કરનારને પચ્ચખાણ પણ સૂર્યોદય પહેલા લેવું જોઇએ. સાથે સાથે કવલાહારથી જેટલું છુટાય એટલું છુટવાનું લક્ષ રાખીને અણાહારીપદ ક્યારે જલ્દી પ્રાપ્ત થાય એ લક્ષપૂર્વક નવકારશી કરવી જોઇએ.

ઉણોદરીની શરૂઆત પુરુષને માટે ૩૨ કોળીયાથી ઓછો આહાર લે ત્યારથી ગણાય છે. જો આખા દિવસના થઇને ૩૨ કોળીયા આહારથી ચલાવે તો તો સારું ગણાય. આજે ૩૨ કોળીયાથી ચાલે છે ખરું ? જૈનશાસનમાં ચતુર્વિધ સંઘને એક ટંક ભોજન લેવાનો વિધિ કહેલો છે. પણ અત્યારે તમને પ્રેક્ટીશ પાડવા માટે આખા દિવસના ૩૨ કોળીયા કહીયે છીએ. એમ કરતાં કરતાં કવલાહાર ઓછો થાય એનો પ્રયત્ન કરવો જોઇએ. એવીજ રીતે જૈનશાસનમાં વાસ્તવિક રીતે ઉપવાસ એ ત્યારે ગણાય કે ઉપવાસના આગલે દાડે એકાસણું જોઇએ અને ઉપવાસના પારણે પણ એકાસણું જોઇએ. એટલે કે ચોથ ભક્ત રૂપ ઉપવાસ થાય તોજ એ વાસ્તવિક રીતે ઉપવાસ ગણાય છે કારણ કે એ ઉપવાસમાં ચાર ટંક છોડવાના હોય છે. આગલા દિવસે એકાસણું

કરે એટલે બે ટંકમાંથી એક ટંકનો ત્યાગ થયો. ઉપવાસના દિવસે બે ટંકનો ત્યાગ થયો અને પારણાના દિવસે એકાસણું કરવાથી એક ટંકનો ત્યાગ થયો એમ ચાર ટંકનો ત્યાગ થાય ત્યારે એ વાસ્તવિક રીતે ઉપવાસ કહેવાય છે. આજે અત્તરવાયણું કરીને જે રીતે ઉપવાસ કરીએ છીએ અને પારણું પણ નવકારશીમાં કરીએ છીએ એ ચોથ ભક્ત ઉપવાસ કરવાના અભ્યાસ રૂપે કરી રહેલા છીએ એવી માન્યતા અંતરમાં રહેવી જોઇએ. ઇન્દ્રિયોનો સંયમ કરતો કરતો આહારના ત્યાગનો આનંદ માનતો જાય તોજ એને અણાહારી પદનું લક્ષ અંતરમાં પેદા થતું જાય.

તૈજસ શરીર આહાર પચાવવાનું કામ કરતું હોવાથી જે જીવને જેવા જેવા રસવાળું પુણ્યપ્રકૃતિ રૂપે તૈજસ શરીર નામકર્મ બાંધેલું હોય એ રસના ઉદયવાળું તૈજસ શરીર પ્રાપ્ત થાય છે અને એના પ્રતાપે એની પાચન શક્તિ પણ એજ રીતે જીવને પ્રાપ્ત થતી જાય છે. તૈજસ શરીરની ગરમી એટલી બધી હોય છે કે જો એ તેજોલેશ્યા રૂપે એ ગરમી બહાર નીકળે તો એક સાથે મોટા એવા ૧૬ દેશોને બાળીને ભસ્મીભૂત કરી શકે છે. એટલે કે ૧૬ દેશોને બાળી નાંખવાની તાકાત તૈજસ શરીરની ગરમીમાં રહેલી હોય છે આથી કવલાહારના પુદ્ગલોનો આહાર કરતાં કરતાં તરતજ એ પુદ્ગલો સાત ધાતુરૂપે પરિણામ પામતાં જાય છે. એ ગરમીથી સાત ધાતુરૂપે પરિણામ પામતાં પામતાં આહારના પુદ્ગલો સંપૂર્ણપણે સાત ધાતુ રૂપે પરિણમાવતા ત્રણ કલાક જેટલો ટાઇમ જાય છે. એટલે કે એકવાર આહાર લીધા પછી ત્રણ કલાક સુધી ફરીથી આહાર લેવો જોઇએ નહિ અને સાત ધાતુમાં પૂર્ણ પરિણમન પામતાં ૪૯ દિવસ લાગે એવું જૈનશાસન કહેતું નથી. કારણ કે પરિણમન તરતજ ચાલુ થાય છે અને ત્રણ કલાકે આહાર પચી જાય છે. કોઇ જીવે પા કલાક પહેલા આહાર લીધો હોય અને કાળધર્મ પામી જાય ત્યારે તૈજસ શરીર એને એ આહારને સંપૂર્ણપણે પચાવી શકતું નથી. કારણ કે જીવ તૈજસ શરીર અને કાર્મણ શરીરને સાથે લઇને ત્યાંથી ચાલ્યો જાય છે. માટે આહારના પુદ્ગલો અંદર રહેલા હોય એ જ્યારે એના મૃતકને અગ્નિનો સંસ્કાર કરવામાં આવે ત્યારે અગ્નિના દાહથી

જેઓ આહાર કરેલો હોય એવા આહારના પુદ્‌ગલો બહાર નીકળતા જોઇ શકાય છે.

તૈજસ શરીર નામકર્મનો ઉદય દરેક જીવોને એક સરખો હોતો નથી. પુણ્યપ્રકૃતિ હોવાછતાં જે જે જીવોએ જેવા રસે એ પ્રકૃતિનો બંધ કર્યો હોય તે પ્રમાણે તેઓ રસ ઉદયમાં રહેતો હોય છે. એટલે કે મંદરસ પણ ઉદયમાં હોય, મંદતરપણ રસ ઉદયમાં હોય, મંદતમ રસ પણ ઉદયમાં હોય એવીજ રીતે તીવ્રરસ ઉદયમાં હોય, તીવ્રતર રસ ઉદયમાં હોય, અને તીવ્રતંગ રસ પણ ઉદયમાં હોઇ શકે છે. આથી એક એક રસના અનંતા અનંતા ભેદો થઇ શકે છે. એ રસના ઉદયના કારણે જીવોને લોમાહારથી લીધેલો આહાર અને કવલાહારથી લીધેલો આહાર પાચન થવામાં એટલે કે પચાવીને સાત ધાતુ રૂપે પરિણમન કરવામાં ગડબડ પેદા થતી જાય છે. એટલે કે એક સરખી રીતે આહારનું પાચન થઇ શકતું નથી. જેમકે કવલાહારથી લીધેલો આહાર તૈજસ શરીર નામકર્મનો ઉદય તીવ્રરસે ચાલતો હોય તો એ આહાર સારી રીતે થોડાકાળમાં પાચન થઇ જાય છે અને એવોને એવો આહાર થોડાક દિવસો પછી લેવામાં આવે અને તે વખતે તૈજસ શરીર નામકર્મનો ઉદય મંદરસે ચાલતો હોય તો એજ આહારના પુદ્‌ગલોને જલ્દીથી પચાવી શકાતા નથી. એટલે પાચન થઇ શકતો નથી અને શરીરમાં બીજી અનેક પ્રકારની વિકૃતિઓને પેદા કરે છે. આથી તૈજસ શરીર નામકર્મના ઉદયને વિષે પાપાનુબંધી પુણ્યનો ઉદય ચાલતો હોય તો એ રસ એક સરખી રીતે ભોગવાતો નથી. પુણ્યાનુબંધી પુણ્યરૂપે રસનો બંધ કરેલો હોય અને એ રસ ઉદયમાં ચાલતો હોય તો એક સરખી રીતે એ ભોગવાય છે. આથી તૈજસ શરીર નામકર્મનો બંધ રસની તરતમતાના કારણે અનંતા ભેદરૂપે બંધાય છે. શાસ્ત્રોમાં પણ વાત આવે છે કે ચક્રવર્તીનો એક ટંકનો આહાર એ ચક્રવર્તીજ પચાવી શકે. ચક્રવર્તી સિવાયના બીજા કોઇ પણ મનુષ્યો એ કાળમાં એ આહાર કરે તો એ આહારના પુદ્‌ગલો એ જીવને સાત ધાતુ રૂપે પરિણમન થવાને બદલે શરીરમાં ઉન્માદ પેદા કરીને અનેક પ્રકારની વિકૃતિઓને પેદા કરે છે. માટે

ચક્રવર્તીઓને તૈજસ શરીર નામકર્મનો ઉદય આહાર પચાવવા માટે ઉત્કૃષ્ટ રસવાળો ઉદય હોય છે.

સર્વજ્ઞ પરમાત્માઓને સંપૂર્ણ જ્ઞાન પેદા થયેલું હોવાથી એટલે કે કેવળજ્ઞાન પ્રાપ્ત થયેલું હોવાથી એમને વિચારવાનું કાંઇ જ રહેતું નથી. કારણ કે ભાવમનનો પણ નાશ કરેલો હોય છે. એ સઘળું જાણે છે માટે કાંઇ વિચારવાનું રહેતું નથી જ્યારે જે જીવો છદ્મસ્થ હોય છે એ જીવોનેજ વિચારવાનું હોય છે એટલે એમ કહેવાય છે કે વિચારવાનું અજ્ઞાનીઓને હોય છે. આજના વૈજ્ઞાનિકોએ અણુબોમ વિગેરે બધી મારણ શક્તિ ઉભી કરી પણ તેના વારણની કોઇ શક્તિ એમની પાસે નથી. અણુબોમ બનાવ્યા છે તેનો ઉપયોગ થતાં એટલે કે બનાવતી વખતે અણુબોમ બનાવતા બનાવતા એનો જે કચરો પડે એ કચરાની કરચોને નાશ કરવા માટે કેવી રીતે નાશ કરવી એની ચિંતા દરેક વૈજ્ઞાનીકોના અંતરમાં આજે રહેલી છે. જ્યારે આપણે ત્યાં સાધનાથી અને આરાધનાથી જે શક્તિઓ અને લબ્ધિઓ પેદા થાય તેની સાથે એની વારણશક્તિ પણ પેદા થતી હોય છે કે જેના કારણે કદાચ એનાથી નુકશાન થતું દેખાય તો વારણશક્તિથી એને પાછી પણ વાળી દે છે એટલે કે નુકશાન થવા દેતા નથી. જ્યારે આજે અણુબોમનો કચરો એને ક્યાં નાશ કરવો કેવી રીતે નાશ કરવો અને ક્યાં નાંખવો એની ચિંતા લગભગ મોટેભાગે કોરી ખાય છે.

તૈજસ શરીર ધ્રુવબંધી પ્રકૃતિ હોવાથી એનો બંધ પહેલા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી સતત હોય છે. આ પ્રકૃતિ ધ્રુવોદયી હોવાથી એકથી તેર ગુણસ્થાનક સુધી સતત ઉદયમાં રહેલી હોય છે અને તૈજસ શરીરની સત્તા ધ્રુવસત્તા રૂપે રહેલુ હોવાથી એકથી ચૌદમા ગુણસ્થાનકના ઉપાન્ત્ય સમય સુધી સત્તામાં રહેલું હોય છે.

આપણે જ્યાં ભરતક્ષેત્રમાં રહીએ છીએ ત્યાં એવા કેટલાય દેશો છે કે જ્યાં મનુષ્યો ઝાડના મૂળીયા ખાઇને પોતાનું જીવન જીવે છે. એકવાર એ મૂળીયુ ખાધેલું હોય તે જલ્દી પચી ન જાય એ માટે પેટે પાટા બાંધે છે અને

એક અઠવાડીયા સુધી ભૂખ ન લાગે એવી રીતે પોતાનું જીવન જીવી રહેલા હોય છે. જીવોને ભૂખ લાગે એ અશાતાવેદનીયનો ઉદય ગણાય છે. આપણો જઠર અગ્નિ અત્યારે મંદરૂપેજ છે. પરિપક્વ પુદ્‌ગલોને પચાવતાં પણ આપણને ફાંફા પડે છે. જેને કારણે તપ કરવો હોય તો તપ પણ આપણે કરી શકતા નથી. જો કે આ કાળમાં સાતમા ગુણસ્થાનક સુધીના પરિણામને જીવો પ્રયત્ન કરીને પ્રાપ્ત કરી શકે એ શક્ય છે. એટલે કે અપ્રમત્ત સંયમ સુધીના શુધ્ધ ભાવને પેદા કરી શકીએ એટલી શક્તિ આજે આપણી પાસે છે પણ શુધ્ધ ભાવમાં જવાનું લક્ષ આપણને છે ખરું ? તમારે તો આખો દિવસ અશુભ પરિણામ અને શુભ પરિણામ વારંવાર અશુભ પરિણામ વધારે અને શુભ પરિણામ ઓછો ટાઇમ આમજ ચાલ્યા કરે છે. તેમાંય પાછું ક્યારેક સ્વાર્થ વગરનો શુભ ભાવ થોડોક સમય આવી જાય એવું પણ બને છે ખરું ? કેમકે મોટેભાગે શુભ પરિણામ સ્વાર્થપૂર્વકનોજ રહેલો હોય છે અને તમારી આસપાસમાં રહેલા સ્વાર્થી જીવો આ પરિણામને બગાડે છે એવું તમને લાગે છે ખરું ? આજે મોટેભાગે સ્વાર્થપૂર્વકનો શુભભાવ ચાલે છે. નિઃસ્વાર્થપૂર્વકનો શુભભાવ આજે દુર્લભ બનેલો છે. પોતાનું અને બીજાનું બગાડવાનો ભાવ એ અશુભ ભાવ ગણાય છે. કોઇ આપણું બગાડે છતાં આપણે તેનું બગાડવાનું મન ન થાય ને ? મારા પાપનો ઉદય હશે માટે તેને મારું બગાડવાનું મન થયું. ભૂતકાળમાં મેં તેનું આવું કાંઇક બગાડ્યું હશે માટે તેને વર્તમાનમાં મારું બગાડ્યું છે. એમ વિચારનારા આજે કેટલા મળે ? આવા બધા મલીન ભાવમાં આપણે જીવતા હોઇએ તો પછી આપણને પુણ્યાનુબંધી પુણ્યરૂપે તૈજસ શરીર નામકર્મ તીવ્રરસથી બંધાય ક્યાંથી ?

## નામકર્મની આઠમી પ્રકૃતિ - કાર્મણ શરીર નામકર્મ

કાર્મણશરીર નામકર્મના ઉદયથી જગતમાં રહેલી ગ્રહણ કરવા યોગ્ય આઠ વર્ગણાઓના પુદ્‌ગલોમાંથી છેલ્લી કાર્મણ ગ્રહણયોગ્ય વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરીને કે જે પુદ્‌ગલો અતિ સૂક્ષ્મ રૂપે રહેલા હોય છે. એ પુદ્‌ગલોને

ગ્રહણ કરી સાત કર્મરૂપે અથવા આઠ કર્મરૂપે પરિણમાવી વિસર્જન કરવાની શક્તિ પેદા થાય તેને કાર્મણશરીર નામકર્મ કહેવાય છે. અનાદિકાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવોને આઠ કર્મના ઉદયરૂપે શરીર જે રહેલું હોય છે તે કાર્મણ શરીર નામકર્મ કહેવાય છે. એકથી દશ ગુણસ્થાનક સુધીમાં રહેલા જીવોને આઠે કર્મોના સમુદાય રૂપે કાર્મણશરીરનો ઉદય હોય છે. અગિયારમા અને બારમા ગુણસ્થાનકમાં રહેલા જીવોને મોહનીય કર્મના ઉદય સિવાય બાકીના સાત કર્મના ઉદયરૂપે કાર્મણશરીર રહેલું હોય છે અને તેરમા અને ચૌદમા ગુણસ્થાનકમાં રહેલા જીવોને ચાર ઘાતીકર્મ એટલે કે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતીકર્મો સિવાય ચાર અઘાતી કર્મના ઉદયરૂપે એટલે કે વેદનીય કર્મ, આયુષ્ય કર્મ, નામકર્મ અને ગૌત્રકર્મ રૂપે કાર્મણ શરીરનો ઉદય ગણાય છે. ચૌદમા ગુણસ્થાનકના અંત સમયે એટલે કે ચૌદમા ગુણસ્થાનકમાં રહેલા જીવોને કાર્મણશરીર નામકર્મ હોય છે પણ ઉદયરૂપે હોતું નથી. એ શરીરનો ઉદય તેરમા ગુણસ્થાનકના અંતે યોગ નિરોધ કરતાં નાશ પામે છે. માત્ર જેમ એરંડામાંથી બીજ છુટુ પડે અને જેમ ફેંકાય છે એમ ચૌદમા ગુણસ્થાનકમાં એ કર્મો સત્તામાં રહેલા હોવાથી એટલે કે બાકીના કર્મો ઉદયમાં રહેલા હોવાથી જીવ એનો એરંડાની જેમ છુટીને સિધ્ધો સિધ્ધિ ગતિને વિષે એટલે કે ચૌદરાજલોકના અંતે ઉર્ધ્વલોકે પહોંચે છે. એટલે કે જીવ સકલકર્મથી રહિત થયેલો ગણાય છે.

તૈજસ શરીર અને કાર્મણ શરીર આ બંન્ને શરીર દરેક જીવોને અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી અવગાહના રૂપે રહેલું હોય છે. જીવ એક સ્થાનેથી મરણ પામીને બીજે સ્થાને જતો હોય ત્યારે છેલ્લે મરણ પામતી વખતે બધા જ આત્મપ્રદેશો અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી અવગાહનામાં દાખલ થાય એટલે કે એટલી અવગાહનાને પ્રાપ્ત કરે ત્યારેજ એ જીવ મરણ પામી શકે છે. તે વખતે એની સાથે તૈજસ શરીર અને કાર્મણ શરીર સાથેને સાથેજ રહેલું હોય છે. એ તૈજસ શરીર અને કાર્મણ શરીર તેરમા ગુણસ્થાનકના

અંત સમય સુધી દરેક જીવોને રહેલું હોય છે. કોઇકાળે કોઇપણ જીવને એ શરીરનો ઉદય ન હોય એવું બનતું નથી. એ મરણ પામીને બીજે સ્થાને જીવ ઉત્પન્ન થાય તે વખતે તૈજસ શરીર અને કાર્મણ શરીર સાથે રહેલું હોવાથી સમયે સમયે બાંધતો જાય છે અને જ્યાં ઉત્પન્ન થાય તે સ્થાનમાં જે પુદ્ગલોનો આહાર મળે તે પુદ્ગલોને તેજ સમયના કાળમાં તૈજસ શરીરથી પચાવવાનું કામ એટલે કે ખલ અને રસરૂપે પરિણમાવવાનું કામ શરૂ કરે છે. ખલવાળા પુદ્ગલોનો નાશ કરે છે અને રસવાળા પુદ્ગલોનો સંગ્રહ કરે છે. આ રીતે સમયે સમયે આહારના પુદ્ગલોને ગ્રહણ કરતો કરતો ખલ અને રસરૂપે પરિણમાવતો જો તિર્યંચ અને મનુષ્યના જીવો હોય તો ઔદારિક વર્ગણાના પુદ્ગલોને અને ઔદારિક આહારના પુદ્ગલોને ગ્રહણ કરીને ઔદારિક શરીર બનાવે છે અને જે દેવ અને નારકીના જીવો હોય તો વૈક્રિય વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને તેમજ વૈક્રીય શરીરના પુદ્ગલોને ગ્રહણ કરીને વૈક્રીય શરીર બનાવે છે.

અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું તૈજસ અને કાર્મણ શરીર સૂક્ષ્મ નિગોદના અપર્યાપ્તાના શરીરની પર્યાપ્તિ પૂર્ણ ન હોય તેટલું સમજવું અને ઉત્કૃષ્ટથી એકલાખ યોજનથી કાંઇક અધિક ચાર અંગુલ પ્રમાણ હોય છે. મરણ સમુદ્ઘાત વખતે જીવ મરણ પામવાનો છે તે સ્થાનથી જ્યાં ઉત્પન્ન થવાનો છે તે સ્થાન સુધી અવગાહના વાળું હોય છે અને કેવળી સમુદ્ઘાત વખતે લોકાકાશ પ્રમાણ એટલે કે ચૌદ રાજલોક પ્રમાણ અવગાહનાવાળું હોય છે. આ બંન્ને શરીરો જીવને ભવાન્તરમાં જવા માટે સહાય કરતા બને છે. આ બંન્ને અનાદિ સંબંધવાળા સાથેજ હોય છે. ભવ્યજીવોને તેરમા ગુણસ્થાનકના અંતે આ બંન્ને શરીરોનો નાશ થતો હોવાથી અનાદિ શાંત રૂપે શરીરો ગણાય છે. જ્યારે જાતિભવ્ય અને અભવ્ય જીવોને આ બંન્ને શરીરનો અંત થતો ન હોવાથી અનાદિ અનંત સ્થિતિના ગણાય છે અને આ બંન્ને શરીરોની સંખ્યા જગતમાં જેટલા જીવો રહેલા છે એ સર્વ સંસારી જીવો જેટલી આ બંન્ને શરીરોની સંખ્યા ગણાય છે. કારણ કે દરેક જીવોને ભિન્ન ભિન્ન રૂપે તૈજસ શરીર અને

કાર્મણ શરીર બંન્ને શરીર રહેલા હોય છે. આ બંન્ને શરીરો એટલા સૂક્ષ્મ હોય છે કે ચર્મચક્ષુથી જોઇ શકાતા નથી. એટલે કે આંખેથી દેખી શકાતા નથી.

સકામ નિર્જરા એટલે સમયે સમયે બંધાયેલા અશુભ કર્મો સત્તામાં રહેલા છે એ તીવ્રરસે રહેલા હોય એને મંદરસે કરવા અને શુભકર્મો સત્તામાં મંદરસે રહેલા હોય એને તીવ્રરસે કરવા એને સકામ નિર્જરા કહેવાય છે.

કાર્મણ શરીરમાંથી સમયે સમયે પરિણામ પામેલા પુદ્ગલો અનંતા અનંતા બહાર નીકળે છે અને એના કરતાં અનંતગુણા અધિક પુદ્ગલો સમયે સમયે જીવ ગ્રહણ કરે છે. આથી નિશ્ચિત એ થાય છે કે જ્યાંસુધી જીવ કર્મને પરવશ થઇને જીવન જીવતો હોય છે ત્યાંસુધી કર્મના પુદ્ગલોનું વિસર્જન ઓછું થાય છે અને કર્મના પુદ્ગલોનો પ્રવેશ જેટલા નીકળે છે એના કરતાં અનંતગુણા અધિક પુદ્ગલોનો પ્રવેશ થાય છે. જ્યારે એ જીવ કર્મની પરાધીનતાને ઓળખીને એ પરાધીનતાને દૂર કરવાનો પ્રયત્ન કરતો જાય છે અને જેટલે અંશે દૂર થતાં જાય છે એટલે અંશે કર્મના પુદ્ગલોનું નીકળવું વિશેષ બને છે અને કર્મના પુદ્ગલોનો પ્રવેશ ઓછો થતો જાય છે. અહીં સામાન્ય રીતે એમ સમજવું કે કર્મના પુદ્ગલોનું નીકળવું વિશેષ બને છે એનો અર્થ એ છે કે અશુભ કર્મો બંધાયેલા અનિકાચીત રૂપે સત્તામાં રહેલા હોય એ પુદ્ગલો વિશેષ રીતે નીકળતાં જાય છે અને શુભ પુદ્ગલો સત્તામાં રહેલા હોય છે એ વિશેષ રીતે અનંતગુણા અધિક પુદ્ગલો શુભરૂપે પેદા થતાં જાય છે. એટલે કે અશુભ પ્રકૃતિઓનો તીવ્રરસ અથવા તીવ્રરસવાળા પુદ્ગલો ઓછા થતાં જાય છે અને શુભ પ્રકૃતિઓના તીવ્રરસવાળા પુદ્ગલો અધિક પ્રાપ્ત થતાં જાય છે. કારણ કે શુભ પ્રકૃતિઓના ઉદયકાળમાં જીવ ગુણોની પ્રાપ્તિ સહેલાઇથી કરી શકે છે. તેમજ કર્મની પરાધીનતાનો નાશ શુભ પ્રકૃતિઓના ઉદયકાળમાં સારી રીતે કરી શકે છે. જો અશુભ પ્રકૃતિઓનો તીવ્રરસ ઉદયમાં હોય તો જીવ એનીજ વિચારણામાં અને એ દુઃખોને દૂર કરવાના પ્રયત્નમાં એવો ગળાબુડ થાય છે કે એને પોતાના આત્માનું ભાન રહેતું નથી એટલે કે એ જીવ જલ્દીથી કર્મની પરાધીનતાને વશ બની જાય છે.

અશુભ કર્મનું જોર એટલે કે અનુકૂળ પદાર્થોમાં સુખની બુધ્ધિ પેદા કરીને જીવન જીવવું તે. તે ઓછું કરવાનું લક્ષ આવે પછીજ જીવને સકામ નિર્જરાની શરૂઆત થાય છે. આ લક્ષ સાથે પોતાના જીવનમાં સાવદ્યક્રિયા ચાલતી હોય તો પણ કર્મબંધ ઓછો થતો જાય છે. એટલે કે અશુભ કર્મનો રસબંધ અલ્પ થતો જાય છે એને અલ્પકર્મબંધ કહેવાય છે. આ રીતે કર્મોની પરાધીનતાને ઓળખવા માટે અને ઓળખીને અશુભ કર્મોનો અલ્પરસ કરવા માટે જ્ઞાની ભગવંતોએ મુખ્યતયા આ પરિણામોની જરૂર કહેલી છે. જેને ક્ષયોપશમ ભાવે ધર્મની પ્રાપ્તિ કહેલી છે. જ્યાંસુધી આ પરિણામ પેદા થતા નથી ત્યાં સુધી અને આ પરિણામ પેદા કરવાનું લક્ષ પેદા થતું નથી ત્યાંસુધી જીવો ગમે તેટલી ધર્મની પ્રવૃત્તિ કરે તો પણ એને ક્ષયોપશમ ભાવે ધર્મની પ્રાપ્તિ થઇ શકતી નથી. એટલે કે અશુભ કર્મનો અલ્પરસબંધ થઇ શકતો જ નથી. એ ન થતો હોવાથી શુભકર્મોનો પણ તીવ્રરસબંધ કરી શકતો જ નથી. એટલે નિશ્ચિત થાય છે કે પુણ્યાનુબંધી પુણ્યનો બંધ જીવો કરી શકતા નથી. જ્યારે આઠમા ગુણસ્થાનકમાં રહેલા જીવો ક્ષપકશ્રેણીની શરૂઆત કરે ત્યારે ક્ષયોપશમ ભાવે રહેલા ધર્મોનો નાશ કરવા માટે પ્રયત્ન કરે છે. એટલે કે કર્મોના નાશ કરવાની શરૂઆત કરવા માટે એ પ્રયત્ન કરે છે. અત્યારે આપણી એ તાકાત નથી માટે આપણે એ કરી શકીએ એવી શક્તિ નથી. બહુ બહુ તો પ્રયત્ન કરતાં જઇએ તો સાતમા ગુણસ્થાનક સુધીના પરિણામને પ્રાપ્ત કરી શકીએ એટલી સામગ્રી આપણને વર્તમાનમાં મળેલી છે. માટે અત્યારે આપણે તો અશુભ કર્મોનું જોર ઘટાડી શુભ કર્મોનું જોર કેમ વધારવું એ જ પ્રયત્ન કરવા જેવો છે. આ પ્રયત્ન જીવ જેમ જેમ કરતો જાય તેમ તેમ એને શુધ્ધ પરિણામની અનુભૂતિ પેદા થતી જાય છે અને શુભ પુદ્‌ગલોના ઉદયના સહાયથી એટલે કે શુભ પ્રકૃતિઓના ઉદયથી આંશિક આત્મિક સુખની અનુભૂતિ પ્રાપ્ત કરી શકે છે. એને એટલે અંશે કર્મની પ્રરાધીનતા છૂટી એમ કહેવાય છે. જ્યારે આપણી પરાધીનતા ઓછી થાય છે ત્યારે સમજવું કે એ જીવને જ્યાં રાગ કરવો હોય ત્યાંજ રાગ થાય. રાગનો ઉદય હોવા છતાંય

રાગ પેદા કરે એવી સામગ્રીઓ હોવા છતાંય જો એને રાગ ન કરવો હોય તો એ સામગ્રીઓમાં રાગ પેદા થઇ શકતો નથી. એવીજ રીતે દ્વેષની સામગ્રી હાજર હોવાછતાંય અંતરમાં દ્વેષનો ઉદય પેદા થતો હોવાછતાંય એને દ્વેષ ન કરવો હોય તો દ્વેષ થઇ શકતો નથી. એટલે કે જ્યાં દ્વેષ કરવો હોય ત્યાંજ એ દ્વેષ પેદા થઇ શકે છે. આથી શુભ પ્રકૃતિઓનો તીવ્રરસ ઉદયરૂપે જીવને પેદા થયેલો હોય તો આવા પરિણામ પેદા કરવામાં અને એટલે અંશે કર્મની પરાધીનતાથી છુટવામાં સહાયભૂત થાય છે. માટે જો વિચાર કરીએ તો હવે આપણે પુણ્યાનુબંધી પુણ્ય બાંધવુ જ જોઇએ એવું આપણને અંતરમાં પેદા થવું જોઇએ. અત્યાર સુધી જે કંઇ ધર્મપ્રવૃત્તિ કરી એનાથી આવું પુણ્યાનુબંધી પુણ્ય બંધાયેલું છે અને બંધાતુ જાય છે એવો વિશ્વાસ પેદા થાય છે ખરો ? જો એ વિશ્વાસ પેદા થયેલો ન હોય અને પેદા થતો દેખાતો ન હોય તો સમજવું કે હજી પુણ્યાનુબંધી પુણ્ય આપણે બાંધી શક્યા નથી અને જે રીતે વર્તમાનમાં ધર્મપ્રવૃત્તિ કરી રહેલા છીએ એનાથી એ પુણ્ય બંધાતુ પણ લાગતું નથી. માટે આપણને રાગાદિ પરિણામ ઉદયમાં હોવાછતાંય એને ઉદયને આધીન થઇને જીવન જીવી રહેલા છીએ એમ ગણાય છે. બોલો રાગ અને દ્વેષ આપણને આધીન છે ખરા ? કે આપણે જ રાગ-દ્વેષને આધીન થઇને જીવીએ છીએ ?

જ્યાં સુધી અશુભ કર્મોનું જોર રહેલું હોય છે ત્યાંસુધી શુભ કર્મોનું આવવું વિશેષ બનતું નથી. અશુભ કર્મોનું જોર ઘટે એટલે કે અશુભ કર્મનો રસ ઉદયમાં મંદ થતો જાય તોજ અનુકૂળ પદાર્થો દુઃખરૂપ લાગે. જો આપણને અનુકૂળ પદાર્થો સુખરૂપ લાગતા હોય તો સમજવું કે હજી અશુભ કર્મોનો રસ ઘટ્યો નથી એમ માનવું પડે અને આટલો ધર્મ કરવા છતાં પદાર્થોનો રાગ ખોટો લાગતો નથી તે દુઃખરૂપ લગાડવાનું લક્ષ પણ આવતું નથી માટે એટલે અંશે આપણે જરૂર ભારેકર્મી છીએ એમ કહેવું પડે. આ કાર્મણશરીર નામકર્મ આપણા આત્મામાં રહેલો અશરીરીપણાનો ગુણ એને ડગાવે છે અને એ કાર્મણશરીરના ઉદયથી આઠે કર્મોના ઉદય આપણને ગમે છે માટે મિથ્યાત્વ આપણામાં બેઠેલું છે એમ કહી શકાય. એ મિથ્યાત્વ કાર્મણ શરીર પેદા

કરાવતો જાય છે અને એજ ખરેખરું મારું સ્વરૂપ છે એવું મનાવતો જાય છે અને એના કારણે એ શરીરના ઉદયવાળું જે જીવન એજ ખરેખરું મારું જીવન છે આવી બુધ્ધિ રહેલી હોવાથી એને પોતાનો સ્વભાવરૂપ જે ગુણ અશરીરીપણા રૂપે રહેલો છે એને યાદજ આવવા દેતો નથી. આ કાર્મણ શરીરથી છૂટવાનો પરિણામ અંતરમાં પેદા થાય એને અપુર્નબંધક દશાનો પરિણામ પણ કહેવાય છે. આવા પરિણામવાળા જીવોને સુખ દુઃખરૂપ લાગે એટલે કે અનુકૂળ પદાર્થો દુઃખરૂપ લાગ્યા કરે. પણ પાપના ઉદયથી આવેલું દુઃખ દુઃખના પદાર્થો એને દુઃખરૂપ લાગતા નથી. એ દુઃખમાં વેદના થાય તો પણ સુખ દુઃખરૂપ લાગતું હોવાથી એ દુઃખને સમતા પૂર્વક અને સમાધિ પૂર્વક ભોગવવા માટેનો પ્રયત્ન કરવાનું મન થાય છે અને એ રીતે શક્તિ મુજબ ભોગવવાનો પ્રયત્ન કરતો જાય છે. એટલે કે પાપના ઉદયથી આવેલા દુઃખોને સમતા અને સમાધિપૂર્વક એજ જીવો ભોગવી શકે કે જે જીવોને અનુકૂળ પદાર્થોનું સુખ દુઃખરૂપ લાગ્યું હોય. જ્યાંસુધી આપણને સુખ દુઃખરૂપ લાગતું નથી ત્યાંસુધી વાસ્તવિક રીતે કોઇ ઠેકાણું પડતું નથી.

દેવ, ગુરૂ અને ધર્મની આરાધના બીજા કરતાં નથી કરવા માટે આવતા નથી એના કરતાં તમે આવો છો અને આરાધના કરો છો એટલા પુરતું વ્યવહારથી તમે સારા ગણાવ એમ અમે કહીએ છીએ. પણ જો આજ્ઞાન મેળવવા, મેળવીને પંડિત થવા, બીજાને ભણાવવા, બીજાને ઉપદેશ આપવા એ માટે અહીં આવતા હોવ તો આ જ્ઞાન એના આત્માને માટે કોઇપણ રીતે ઉપયોગી થઇ શકતું નથી એટલે કે જ્ઞાન ભણવા છતાં પણ પોતાના આત્મામાં પરિણામ પામતું નથી. આ જ્ઞાનને પોતાના આત્મામાં પરિણામ પામે એવી તાલાવેલી એવી તાલાવેલી પેદા થાય એવી ઇચ્છા પણ પેદા થતી નથી. એને જ જ્ઞાની ભગવંતો ભારેકર્મીપણું કહે છે. આવા ભારેકર્મી જીવોનું કલ્યાણ થતું નથી. અને આવા ભારેકર્મી જીવોનું પોતાના આત્માને ઠેકાણે પાડવાની ઇચ્છા પણ પેદા થતી નથી.

સભા૦ સુખ દુઃખરૂપ લાગતું ન હોય એવા જીવોએ ઉપધાન કર્યા હોય

અને ઉપધાન કર્યા પછી જીંદગીભર રાત્રિ ભોજનનો ત્યાગ કરે તો શું સમજવું ?

આવા જીવો રાત્રિભોજનનો જીંદગીભર સુધી ત્યાગ કરે છે માટે સદ્‌ગતિમાં જશે એથી વિશેષ એને માટે કહી શકાય નહિ. કારણ કે કાર્મણ શરીરથી છૂટવાનું મન, રાગાદિથી છૂટવાનું મન, મિથ્યાત્વ મોહનીયથી છૂટીને સમકીત પામવાનું મન અને પોતાની અશરીરીપણાની દશા રૂપે એ ગુણને પ્રાપ્ત કરવાનું મન એને પેદા થઇ શકતું નથી અને પેદા થયેલું પણ નથી. માટે કદાચ સદ્‌ગતિમાં જશે તો સદ્‌ગતિમાં જે સુખની સામગ્રી મળશે એ સુખમાં રાગાદિ પરિણામ કરીને પોતાના આત્માનો સંસાર વધારતો જશે. પણ કર્મની પરાધીનતાથી એને છૂટવાનું મન થવાનું નહિ.

આરાધના કરતાં કરતાં ભગવાનને પ્રાર્થના કરો કે આ પરાધીનપણાથી સાવચેત થઇ એની પરવશતા ઘટાડનારો બનું એવી મને શક્તિ આપો. હંમેશા દરેક સ્થિતિમાં રાગાદિ પરિણામોને તોડવાની મહેનત કરો. જેમાં વિશેષ રાગ થતો હોય એ પદાર્થોનો ત્યાગ કરી દો તેમાં રાગને તોડવાના પ્રયત્ન કરતાં જાવ. દાખલા તરીકે ગરમા ગરમ ચા પીતા ટેસ આવતો હોય, આનંદ આવતો હોય તો એ ચાને ઠંડી કરીને પીવાનો પ્રયત્ન કરો. અથવા સ્વાદ આવતો હોય અને સ્વાદનો આનંદ પોષાતો હોય તો એમાં પાણી નાંખીને પીવાનો પ્રયત્ન કરતા જાવ. તોજ સંજ્ઞા તુટતી જશે અને સંજ્ઞા તુટશે તોજ આપણને આંશિક આત્મિક ગુણની અનુભૂતિ પેદા થશે. જેમ ચક્રવર્તીઓ સંયમ ન લે ત્યાં સુધી આગલા દિવસ સુધી જે આહારને ગ્રહણ કરીને આહારનો ઉપયોગ કરે છે, સંયમ લેતાની સાથેજ પારણામાં અંત, પ્રાંત અને તુચ્છ આહારનો ઉપયોગ કરે છે. એ આહારનો ઉપયોગ કરતા એમણે પોતે ચક્રવર્તીનું ભોજન જે કરેલું છે એ યાદ પણ આવતું નથી. હવે વિચાર કરો કે ચક્રવર્તીના ભોજનની અપેક્ષાએ આપણું ભોજન સ્વાદિષ્ટ કેટલું ? જો ચક્રવર્તીઓ પણ પોતાના સ્વાદિષ્ટ ભોજનોની આસક્તિ તોડી શકતા હોય તો આપણે આપણા આહારાદિ ભોજનોની આસક્તિ કેમ તોડી

ન શકીએ ? આપણા માટે આસક્તિ તોડવી સહેલી કે ચક્રવર્તીઓને આસક્તિ તોડવી સહેલી ? જે આવી રીતે આહારાદિમાં આસક્તિ તોડતા જાય એટલે કે આહારસંજ્ઞાનો નાશ કરતા જાય તેને જ આહારના પુદ્ગલોનો આનંદ આવે. આને જ્ઞાની ભગવંતોએ ઇચ્છાનિરોધ ગુણ કહેલો છે અને આવા જીવોને ભગવાનની આજ્ઞા મુજબ જીવવાનો આનંદ પેદા થતો જાય.

ખાવાના પદાર્થો મળ્યા કે ન મળ્યા એની લલોપતા એને માટેના ઝઘડા, એને માટેની ઇર્ષાભાવ, એને માટેની ફરિયાદો આ બધા તુચ્છ વિચારો છે એને જ્ઞાની ભગવંતોએ આહારના પદાર્થોની વાતો-ચીતો કરવી એ પ્રમાદની વાતો કહેલી છે. એનાથી અશુભ કર્મો તીવ્રરસે બંધાતા જાય છે. એટલે કે એ બધી વાતોચીતો અશુભ કર્મ તીવ્રરસે બાંધવાનું કામ કરે છે. દુર્લભ મનુષ્યજન્મ પ્રાપ્ત થયો, મુલ્યવાન મનુષ્યજન્મને પામ્યા એ મનુષ્યજન્મમાં આવી તુચ્છ વાતોચીતો કરીને અને આવા તુચ્છ પદાર્થો માટે વેડફી નાખવાનું કામ આપણને પોષાય એમ છે ? આથી જ્ઞાની ભગવંતો કહે છે કે આપણી વાતોચીતો પણ એવી હોવી જોઇએ કે સાંભળનાર માણસ એમાંથી કાંઇક પામે અને બોધ પામીને પોતાના આત્માને કલ્યાણના માર્ગે જોડતો જાય એવી હોવી જોઇએ. જો આપણો અને સામેનાનો સંસાર વધે એવી વાતોચીતો હોય તો પછી આપણે સંસારનો નાશ અને કર્મની પરાધીનતાથી ક્યારે છૂટી શકીશું ? બોલો કર્મની પરાધીનતાથી છૂટવાની ઇચ્છા છે ? કે જે રીતે જીવીએ છીએ એ રીતેજ જીવવું છે ? જેમકે અહીં પ્રતિક્રમણ પૂર્ણ થાય અને સામાયિકનો થોડોક ટાઇમ બાકી હોય તો શ્રાવકો જે વાતોચીતો ચાલુ કરે છે એ એની વાતોચીતો કઇ હોય ? જાણે કે શાક માર્કિટ હોય એવું લાગે. એક મિનિટ શુભ વિચારને જીવ સ્થિર કરતો નથી. પ્રતિક્રમણ કરીને ઉભો થાય તો લાગે કે હાશ છૂટ્યો. હવે આવા જીવોનું ઠેકાણું શી રીતે પડે ? વાસ્તવિક રીતે આવા જીવોને અહીં પેસવા દેવાય જ નહિ કારણ કે બીજાને બગાડે છે. તૈજસ શરીર અને કાર્મણ શરીર એક સાથે છે છતાં બંન્ને સ્વતંત્ર રૂપે છે, એક બીજા મિશ્રણ રૂપે થયેલા નથી. બધાનો આધાર આપણા અધ્યવસાય ઉપર રહેલો છે.

જીવનું પોતાનું સ્વરૂપ અશરીરીપણું છે. અનાદિકાળથી જીવ કાર્મણ શરીરથી યુક્ત હોવાથી અને કાર્મણ શરીરને પુષ્ટ કરતો હોવાથી ધર્મક્રિયા સારામાં સારી રીતે કરવા છતાં સુંદરમાં સુંદર રીતે વ્રત, નિયમ પચ્ચક્ખાણનું પાલન કરવા છતાં અને તપ કરવાનો અભ્યાસ કરીને સારામાં સારો જીવનમાં તપ કરવા છતાં પોતાનું અશરીરીપણું યાદ આવતું નથી કારણ કે કર્મને પરવશ થઇને જીવન જીવતાં જીવ એની પરવશતામાં તાણાવાણાની જેમ એવો વણાઇ ગયેલો છે કે આ પરવશપણાથી છૂટીને હું સ્વતંત્રપણે જીવતો થાઉં એવો વિચાર પણ પેદા થતો નથી. આવી વિચારણા જ્યાંસુધી જીવને પેદા ન થાય ત્યાંસુધી જીવ લઘુકર્મીપણામાં આવી શકતો નથી. એ જીવ ભારેકર્મી રૂપે ગણાય છે. જ્યારે એ વિચારણા અંતરમાં પેદા કરતો થશે. એ પેદા કરવા માટેની અશુભ કર્મોનો તીવ્રરસ ઉદયમાં ઓછો થતો જશે ત્યાર પછીજ જીવ લઘુકર્મીપણાને પ્રાપ્ત કરશે.

ચૌદરાજલોક જગતને વિષે ઔદારિક શરીરની સંખ્યા અસંખ્યાતી હોય છે કારણ કે એક ઔદારિક શરીરને વિષે અનંતા અનંતા જીવો રહેલા હોય છે. જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે- જગતને વિષે ઔદારિક શરીર અસંખ્યાતા હોય છે એક એક શરીરમાં અસંખ્યાતી નિગોદ હોય છે એ અસંખ્યાતી નિગોદ એટલે એ અસંખ્યાતા શરીર ગણાય છે. એક એક નિગોદને વિષે અનંતા અનંતા જીવો રહેલા હોય છે. આથી ઔદારિક શરીરની સંખ્યા સદા માટે અસંખ્યાતી ગણાય છે. સામાન્યથી વિચારણા કરીએ તો પૃથ્વીકાયના અસંખ્યાતા શરીરો એક એક શરીરને વિષે એક એક જીવ રહેલા હોય છે એવા અસંખ્યાતા શરીરાત્મક અસંખ્યાતા પૃથ્વીકાયના જીવો હોય છે. એવીજ રીતે અપ્કાયના અસંખ્યાતા શરીરો હોય છે, તેઉકાયના અસંખ્યાતા શરીરો હોય છે, વાઉકાયના અસંખ્યાતા શરીરો હોય છે, પ્રત્યેક વનસ્પતિકાયના અસંખ્યાતા શરીરો હોય છે અને સાધારણ વનસ્પતિકાયના અસંખ્યાતા શરીરો હોય છે. પણ એ શરીરને વિષે એટલે કે સાધારણ વનસ્પતિકાયના શરીરને વિષે એક એક શરીરમાં અનંતા અનંતા જીવો રહેલા હોય છે. બેઇન્દ્રિય જીવોના

અસંખ્યાતા શરીરો હોય છે, તેઇન્દ્રિય જીવોના અસંખ્યાતા શરીરો હોય છે, ચઉરીન્દ્રિય જીવોના અસંખ્યાતા શરીરો હોય છે, અસન્ની પંચેન્દ્રિય તિર્યંચના અસંખ્યાતા શરીરો હોય છે, અસન્ની પંચેન્દ્રિય સમુર્ચ્છિમ મનુષ્યના અસંખ્યાતા શરીરો હોય છે, સન્ની પંચેન્દ્રિય તિર્યંચોના અસંખ્યાતા શરીરો હોય છે અને સન્ની પંચેન્દ્રિય મનુષ્યોના સદા માટે સંખ્યાતા ઔદારિક શરીરો હોય છે. આ બધા શરીરો ભેગા કરીએ તો પણ એનો સરવાળો અસંખ્યાતા રૂપે થાય છે. માટે જગતને વિષે ઔદારિક શરીરોની સંખ્યા અસંખ્યાતી કહેલી છે.

**વૈક્રીય શરીરની સંખ્યા :-** નરકગતિમાં રહેલા નારકીના જીવોને વૈક્રીય શરીર હોય છે. નારકીઓ સાત કહેલી છે એક એક નારકીને વિષે અસંખ્યાતા અસંખ્યાતા જીવો રહેલા હોય છે. એક એક નરકગતિમાં રહેલા જીવોને એક એક શરીર વૈક્રીય રૂપે રહેલું હોવાથી વૈક્રીય શરીર અસંખ્યાતા ગણાય છે. આ વૈક્રીય શરીરથી નારકીના જીવો પોતે ભૂતકાળમાં કરેલા પાપના ફળ સ્વરૂપે ભયંકર કોટીની વેદનાઓને વેઠી શકે છે કે જે વૈક્રીય શરીરના અસંખ્યાતા ટુકડા કરવામાં આવે તો પણ એ બધા ટુકડાઓ પારાની જેમ તરત જ ભેગા થઇ જાય છે. આટલા ટુકડા કરેલા હોવાછતાં પણ એ જીવનું મરણ થઇ શકતું નથી. કારણ કે એ શરીરમાં રહેલા જીવોનું આયુષ્ય નિરુપક્રમ અને અનપવર્તનીય હોય છે. માટે જેટલું આયુષ્ય એ શરીરમાં ભોગવવા યોગ્ય હોય એ સંપૂર્ણ આયુષ્ય જ્યાંસુધી પૂર્ણ ન થાય ત્યાંસુધી એ શરીરથી એ જીવ છૂટી શકતો નથી. એવીજ રીતે નરકગતિમાં રહેલા નારકીના જીવોને વૈક્રીય લબ્ધિ પ્રાપ્ત થયેલી હોવાથી એકબીજા નારકીને પરસ્પર વેદના પેદા કરવા માટે ભયંકર કોટીની વેદનાઓ આપવા માટે એ વૈક્રીય લબ્ધિથી બીજા વૈક્રીય શરીરો અસંખ્યાતા પેદા કરી શકે છે. એ સૂક્ષ્મ જંતુ જેટલા ભયંકર તીક્ષ્ણ ભાલા જેવા અણીદાર શરીરો બનાવીને એકબીજાના શરીરમાં પ્રવેશ કરાવી એના શરીરને ચારણીની જેમ આખુ ખલાસ કરી નાંખે છે. આવી એકબીજાને વેદનાઓ પેદા કરવા માટે વૈક્રીય શરીરથી બીજા અસંખ્યાતા વૈક્રીય શરીરો પ્રાપ્ત કરી શકે છે અને ભયંકર કોટિની વેદનાઓ એકબીજા

પરસ્પર પેદા કરીને વેઠતા જાય છે.

દેવલોકમાં રહેલા દેવતાઓની સંખ્યા અસંખ્યાતી છે. એ અસંખ્યાતા દેવોને એક એક દેવને એક એક વૈક્રીય શરીર પ્રાપ્ત થયેલું હોય છે માટે દેવલોકમાં પણ વૈક્રીય શરીરની સંખ્યા અસંખ્યાતી ગણાય છે. આ રીતે અસંખ્યાતી વૈક્રીય શરીરની સંખ્યા હોવાછતાં પણ દેવલોકમાં રહેલા દેવોને વિષયવાસનાની તીવ્રતા એટલી જોરદાર પેદા થયેલી હોય છે કે પોતાની દેવીઓનો ભોગવટો અસંખ્યાતા વર્ષો સુધી ભોગવવા છતાં પણ સંતોષ થતો નથી. એટલા માટે એ વિષયવાસનાની ભૂખને સંતોષનો અનુભવ પેદા કરવા માટે કેટલાક દેવતાઓ વૈક્રીય લબ્ધિથી પોતાની દેવી જેવા અસંખ્યાતા દેવીઓના રૂપોને વિકુર્વીને એકબીજી દેવીઓની સાથે પરસ્પર ભોગવટો કરતાં કરતાં પોતાનો કાળ નિર્ગમન કરે છે એટલે કે પસાર કરે છે. તો પણ એ જીવોને વિષયવાસના સંતોષાતી નથી અને એમાં ભયંકર ચીકણા કર્મો બાંધીને સંસારને વિષે પરિભ્રમણ કરવા માટે ચાલતા થાય છે. એટલે કે એ દેવો પણ પોતાના એક શરીરમાંથી સંખ્યાતા વૈક્રીય શરીરો, અસંખ્યાતા વૈક્રીય શરીરો અનેક પ્રકારની ક્રીડાઓ કરવા માટે બનાવતા જાય છે અને ક્રીડાઓ કરતાં થાય છે. વૈક્રીય લબ્ધિ બારમા દેવલોક સુધીના દેવોને હોય છે. નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તરવાસી દેવોને પોતાની સચ્યામાંથી ઉભુ થવાનું ન હોવાથી વૈક્રીય લબ્ધિનો ઉપયોગ કરી શકતા નથી.

સન્ની પંચેન્દ્રિય તિર્યંચો સંસારને વિષે અસંખ્યાતા હોય છે એમાં ઔદારિક શરીરવાળા જેટલા તિર્યંચો હોય છે તેના અસંખ્યાતમા ભાગ જેટલા વૈક્રીય શરીરવાળા તિર્યંચો સદા માટે જગતને વિષે રહેલા હોય છે. એટલે કે સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચો વૈક્રીય શરીરી અસંખ્યાતા હોય છે. એ જીવો પણ વૈક્રીય લબ્ધિના કારણે પોતાના એક વૈક્રીય શરીરમાંથી બીજા અનેક અસંખ્યાતા વૈક્રીય શરીરો બનાવી શકે છે અને એ શરીરોથી પણ કર્મબંધ કરતાં કરતાં પોતાનો સંસાર વધારતા જાય છે.

સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા મનુષ્યો જગતને વિષે નિયમા સંખ્યાતા હોય

છે માટે વૈક્રીય લબ્ધિવાળા મનુષ્યો સંખ્યાતા જ હોય છે. એ વૈક્રીય લબ્ધિવાળા મનુષ્યો વૈક્રીય શરીર બનાવીને અનેક પ્રકારની ક્રીડાઓ કરતાં કરતાં પોતાનો સંસાર વધારતા જાય છે. આથી મનુષ્યોને વિષે વૈક્રીય શરીરવાળા મનુષ્યો સદા માટે સંખ્યાતા જ હોય છે. આ રીતે ચારે ગતિમાં વૈક્રીય શરીરવાળા જીવો રહેલા હોય છે. એ ચારેગતિમાં રહેલા વૈક્રીય શરીરવાળા જીવોની સંખ્યા ભેગી કરવામાં આવે તો પણ સરવાળાથી અસંખ્યાતા શરીરોજ પ્રાપ્ત થાય છે. પણ અનંતા થઇ શકતા નથી.

**૩. આહારક શરીર :-** આ આહારક શરીર ચૌદ પૂર્વધર છટ્ઠા ગુણસ્થાનકમાં રહેલા મનુષ્યો જ કરે છે. આ સિવાય બીજા કોઇપણ જીવો આહારક શરીર બનાવી શકતા નથી માટે આ આહારક શરીર જગતને વિષે સદા માટે હોતું નથી. કોઇકાળે હોયે ખરું અને કોઇકાળે ન પણ હોય. જ્યારે આહારક શરીર બનાવે તો કોઇ એક જીવ બનાવતો હોય તો એક શરીર પણ જઘન્યથી પ્રાપ્ત થઇ શકે છે. બે જીવો બનાવતા હોય તો બે શરીરો પણ પ્રાપ્ત થઇ શકે છે. એ રીતે ક્રમસર સંખ્યાતા જીવો આહારક શરીર કરતા હોય તો ઉત્કૃષ્ટથી સંખ્યાતા આહારક શરીરો પ્રાપ્ત થઇ શકે છે. આ આહારક શરીર બનાવતી વખતે તેજોલેશ્યા, પદ્મલેશ્યા કે શુક્લલેશ્યા આ ત્રણ લેશ્યામાંથી કોઇપણ લેશ્યા હોય છે. આહારક શરીર બનીને તૈયાર થાય અને એક અંતર્મુહૂર્ત સુધી એ શરીર રહે ત્યાંસુધીમાં જીવોના પરિણામ વિશેષથી છએ લેશ્યામાંથી કોઇપણ લેશ્યા એ શરીરવાળા જીવોને હોઇ શકે છે. એટલે કે આ જીવોને કૃષ્ણલેશ્યા પણ પ્રાપ્ત થઇ શકે છે. નીલ લેશ્યા પણ પ્રાપ્ત થઇ શકે છે અને કાપોત લેશ્યા પણ પ્રાપ્ત થઇ શકે છે પણ આ ત્રણે અશુભ લેશ્યાઓ મંદ પરિણામવાળી હોય છે.

**૪. તૈજસ શરીર :-** જગતમાં જેટલા સંસારી જીવો રહેલા છે એ દરેક જીવોને સ્વતંત્ર રૂપે એક એક તૈજસ શરીર અનાદિકાળથી રહેલું હોય છે માટે તૈજસ શરીરની સંખ્યા જગતમાં રહેલા સંસારી જીવોની જેટલી સંખ્યા છે એટલી ગણાય છે એટલે કે તૈજસ શરીર અનંતા હોય છે. જ્યાં સુધી જીવો

તેરમા ગુણસ્થાનકના અંતે યોગ નિરોધ ન કરે ત્યાં સુધી સદા માટે દરેક જીવોને તૈજસ શરીર કાયમ માટે રહેલું હોય છે. કોઇકાળે સંસારી જીવ તૈજસ શરીર વગરનો હોતો નથી. એક માત્ર ચૌદમા ગુણસ્થાનકમાં રહેલા જીવોને શરીર નામકર્મનો ઉદય ન હોવાથી ત્યાં તૈજસ શરીર હોતું નથી. તેમજ એ જીવો સકલ કર્મથી રહિત થઇને સિધ્ધિ ગતિને પ્રાપ્ત કરે છે માટે સિધ્ધિ ગતિમાં પણ એ જીવોને સદાકાળ માટે તૈજસ શરીર હોતું નથી. કારણ કે સિધ્ધિ ગતિના જીવો અશરીરી હોય છે.

**૫. કાર્મણ શરીર :-** જગતમાં રહેલા જેટલા સંસારી જીવો છે તે દરેક જીવોને પોતપોતાના સ્વતંત્ર રૂપે **કર્મ** સમુદાયથી યુક્ત થયેલું કાર્મણ શરીર રહેલું હોય છે માટે કાર્મણ શરીરની સંખ્યા અનંતી હોય છે. આથી જગતને વિષે કાર્મણ શરીરના ઉદયવાળા અનંતા જીવો જે રહેલા હોય છે એના અનંતમા ભાગ જેટલા જ જીવો પુરૂષાર્થ કરીને કાર્મણ શરીર રહિત થયેલા એટલે કે અશરીરી બનેલા જગતને વિષે જીવો સદા માટે રહેલા હોય છે કે જેને મોક્ષના જીવો કહેવાય છે અને એ સંસારી જીવોમાંથી અનંતમા ભાગ જેટલા જ જીવો પુરૂષાર્થ કરીને કાર્મણ શરીર રહિત બનશે. આ રીતે કાર્મણ શરીરની સંખ્યા સદા માટે અનંતી જગતને વિષે રહેલી હોય છે.

આ રીતે શુભ પ્રકૃતિઓ રૂપે પાંચ શરીરની વિચારણાઓ કરતાં કરતાં જેમ બને તેમ શરીરનો રાગ ઘટે, શરીરની આસક્તિ ઘટે અને શરીરનું મમત્વ ઘટે એવો પ્રયત્ન કરતાં કરતાં શરીર પ્રત્યેનું ભેદજ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. જેટલે અંશે શરીર પ્રત્યેનું ભેદજ્ઞાન પેદા થતું જાય એટલે અંશે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી જે જ્ઞાનની પ્રાપ્તિ થયેલી છે તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન રૂપે બનતું જાય છે. શરીર પ્રત્યેનું ભેદજ્ઞાન એટલે શરીર એ હું નથી પણ આ શરીર મારૂં માના પેટમાં પેદા થયેલું છે, એને અહીં મૂકીને જવાનું છે અને તે વખતે લોકો એને ઉપાડીને લઇ જઇ ક્યાં બાળી નાંખશે અને ક્યાં દાટી દેશે. માટે શરીર એ હું નથી અને શરીરે મારું નથી પણ શરીરની અંદર રહેલો આત્મા કે જે શરીરી કહેવાય છે. તે હું છું એટલે

મારી ચીજ અનંત જ્ઞાન અનંત દર્શન ઇત્યાદિ આત્મામાં રહેલા જે ગુણો છે એ ચીજ મારી છે પણ શરીરને માટે જે જે બાહ્ય સાધનો છે એ પણ મારા નથી. આવી વિચારણાની સ્થિરતા પેદા થવી અને એનું રટણ વારંવાર કર્યા કરવું એને ભેદજ્ઞાન કહેવાય છે. આ ભેદજ્ઞાનને જેટલે અંશે લાંબા કાળ સુધી સ્થિરતા પેદા થતી જાય તો જીવ એની એકાગ્રતા પ્રાપ્ત કરતો કરતો સમ્યગ્જ્ઞાનને પ્રાપ્ત કરી મોહનીય કર્મનો ક્ષયોપશમ ભાવ પેદા કરતો કરતો મિથ્યાત્વનો નાશ કરી સમ્યક્ત્વની પ્રાપ્તિ કરે છે. એનાથી આગળ વધીને શરીરને સાચવવાની ક્રિયાઓને દૂર કરી આત્મિક ગુણ પેદા કરવા માટેની જે જે ક્રિયાઓ જ્ઞાની ભગવંતોએ કહેલી છે એને આચરવાનો પ્રયત્ન કરતાં કરતાં જે કંઇ કષ્ટ પડે તે કષ્ટને સમતા પૂર્વક સહન કરતાં કરતાં જીવ શરીરના ભેદજ્ઞાનને સ્થિર કરતો કરતો જો સારોકાળ હોય અને કોઇ નિકાચીત કર્મ બાંધેલા નડતા ન હોય તો તેજ ભવને વિષે ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરી મોહનીય કર્મનો સંપૂર્ણ નાશ કરી વીતરાગ દશાને પામી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મનો સંપૂર્ણ નાશ કરીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે છે અને એ કેવળજ્ઞાનની અવસ્થામાં પોતાનું જેટલું આયુષ્ય હોય ત્યાંસુધી રહી છેલ્લા અંતર્મુહૂર્તે યોગનો નિરોધ કરી મન, વચન અને કાયાનો સંપૂર્ણ નિરોધ કરીને અયોગીપણાને પ્રાપ્ત કરી વેદનીય કર્મ, આયુષ્ય કર્મ, નામકર્મ અને ગૌત્રકર્મનો સંપૂર્ણ નાશ કરી સિધ્ધિ ગતિને પામે છે. એટલે કે અશરીરી ગુણને સાદી અનંતકાળ સુધી રહેવા માટે પ્રાપ્ત કરે છે. જો આ રીતે મનુષ્યપણામાં પ્રયત્ન કરવામાં ન આવે તો શરીરને મારું માનીને અને શરીરના સુખાકારી સાધનોને મારા માનીને જીવન જીવવાનો પ્રયત્ન કરતાં કરતાં એ શરીરના રાગના કારણે શરીરની આસક્તિના કારણે, અને એ શરીરનું મમત્વ વધારીને બીજા અસંખ્યાતા શરીરો અનુબંધ રૂપે બાંધતો બાંધતો એ શરીરોને પ્રાપ્ત કરવાના અનુબંધ રૂપે કર્મબંધ કરતો કરતો અથવા અનંતા અનુબંધ કર્મના બાંધીને અનંતીવાર એ શરીરોને પ્રાપ્ત કરવાના કર્મબંધ બાંધીને સંસારને વિષે જન્મ મરણ કરતો કરતો પરિભ્રમણ કરતો થાય છે. આ ઉપરથી આપણને

મળેલા શરીરથી આપણે શુ પ્રાપ્ત કરવું એનો વિચાર સૌએ કરવા જેવો છે.

## અંગોપાંગ નામકર્મ

અંગોપાંગ ત્રણ છે. ઔદારિક અંગોપાંગ, વૈક્રીય અંગોપાંગ અને આહારક અંગોપાંગ.

અંગોપાંગને વિષે અંગ, ઉપાંગ અને અંગોપાંગ એમ ત્રણ પદાર્થોનો સમાવેશ થયેલો હોય છે. આ અંગોપાંગ પાંચ શરીરમાંથી પહેલા ત્રણ શરીરને વિષે હોય છે. તૈજસ શરીર અને કાર્મણ શરીરને વિષે અંગોપાંગ હોતા નથી આનો અર્થ એ થાય છે કે જે ગતિને વિષે જે શરીરથી પોતાનું જીવન જીવાતું હોય છે એ શરીર જીવ એના આહારના પુદ્ગલોને ગ્રહણ કરીને નવું બનાવતો જાય છે અને એને વિષે જીવન જીવવા માટે જોઇતા અંગોપાંગની રચના પણ પ્રાપ્ત કરતો જાય છે. એ અંગોપાંગની રચનામાં જીવોએ જેવા રસવાળું અંગોપાંગ નામકર્મ બાંધેલું હોય એવા રસના ઉદયવાળા અંગોપાંગ જીવોને પ્રાપ્ત થતા જાય છે. જૈનશાસનને વિષે અનાદિકાળથી જ્ઞાની ભગવંતોએ જે વાતો કહેલી છે એમાં કોઇપણ જાતની શંકા રહેતી નથી કારણ કે વર્તમાનમાં પણ ઘણાખરા જીવો વિચિત્ર અંગોપાંગવાળા ઉત્પન્ન થયેલા જોવા મળે છે. કોઇનો કાન દબાયેલો હોય, એક કાન ખુલ્લો હોય, કોઇનું નાક ચીબુ હોય, કોઇની એક આંખ ઝીણી હોય એક આંખ મોટી હોય, કોઇનો એક હાથ લાંબો હોય કોઇને ઓક હાથ ટૂંકો હોય, કોઇનો પગ લાંબોટૂંકો હોય એવું પણ બને છે, કોઇની છાતી વિશાળ હોય અને પેટ નાનું હોય, કોઇની પીઠ નાની હોય અને પેટ મોટું હોય, આવા અનેક પ્રકારના વિચિત્રતાવાળા અંગોપાંગ નામકર્મના ઉદયવાળા જગતને વિષે અનેક પ્રકારના જીવો જોવા મળે છે. આ જીવોએ ભૂતકાળમાં કર્મબંધ કરતાં કરતાં જેવા પ્રકારે અંગોપાંગ નામકર્મનો રસ બાંધેલો હોય છે તેવા પ્રકારના રસનો ઉદય પેદા થતાં એ પ્રમાણે લક્ષણથી રહિત અંગોપાંગની પ્રાપ્તિ થતી જાય છે.

## અંગ

જૈનશાસનમાં આઠ અંગ કહેલા છે. બે હાથ, બે પગ, એક પેટ, એક પીઠ, એક છાતી અને એક મસ્તક એટલે માથું. આ આઠ અંગ કહેવાય છે. આ આઠેય અંગો લક્ષણથી યુક્ત જે જીવોને પ્રાપ્ત થાય તે જીવોને પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય ગણાય છે અને જે જીવોને આઠે અંગોમાંથી કોઇને કોઇ અંગો લક્ષણથી રહિત પ્રાપ્ત થયેલા હોય તેને પાપાનુબંધી પુણ્યના ઉદયવાળા કહેવાય છે. પૂર્વે કોઇપણ જીવને અંગોપાંગ રહિત કર્યા હોય, અંગોપાંગ તોડી નાખ્યા હોય, અંગોપાંગને તકલીફ આપેલી હોય તો તેનાથી ભવિષ્યમાં આવી અંગોપાંગની ખામીઓ પેદા થતી જાય છે. જેમકે રાજાને ત્યાં પેદા થયેલો ગર્ભજ મનુષ્ય રૂપે ઉત્પન્ન થયેલો દિકરો માંસના પીંડ જેવો પ્રાપ્ત થયેલો છે. એ જીવને અંગોપાંગની જગ્યાએ માત્ર બાકોરા એટલે ખાડા પ્રાપ્ત થયેલા છે. એને રાજમહેલમાં ભોંયરામાં રાખવામાં આવેલો છે અને એ જીવ એ શરીરને વિષે ૨૬ વર્ષ સુધી જીવ્યો છે. જ્યારે એને ભૂખ લાગે ત્યારે જમવાનો ટાઇમ થાય ત્યારે, એની મા ખીર લઇને ખવડાવવા માટે જાય છે. એ બાકોરા ઉપર ખીર નાંખે ત્યારે મોટી રાડ પાડે છે અને તે વખતે એ ખીર પાચન થઇને શરીરમાંથી અત્યંત દુર્ગંધવાળા પુદ્ગલો રસી થઇને એટલે કે રસી રૂપે બહાર નીકળે છે. એ દુર્ગંધવાળા પુદ્ગલોને જોઇ શકાતા નથી અને એ પુદ્ગલોની વાસ નાકમાં પેસી ન જાય માટે એની માં મોઢુ બાંધીને ખીર ખવડાવવા જાય છે. આટલી બધી ભયંકર કોટીની વેદના ભોગવવા છતાં પણ એ જીવને પોતાના શરીરનું મમત્વ પણ ભયંકર રીતે પજવે છે અને એ શરીરના મમત્વના કારણે ચીકણા કર્મો બાંધીને મરીને નરકગતિમાં જાય છે. જો આવા શરીરવાળા જીવને પણ એનું મમત્વ આસક્તિ અને એનો રાગ પજવતો હોય તો આજે એના કરતા કંઇ ગણુ આપણું સારું શરીર વર્તમાનમાં છે તો આપણને રાગાદિ પરિણામ પજવે છે ખરા ? કે આરાધના કરતાં કરતાં રાગાદિ પરિણામનો નાશ કરવાનું અને શરીરનું મમત્વ કેમ ઓછું થાય એવો પ્રયત્ન કરી રહેલા છીએ એવું

લાગે છે ખરું ? જો મૃગાપુત્ર જેવા શરીરવાળા જીવોને એ શરીરમાં પણ મરવાની ઇચ્છા ન થાય અને જીવવાનુંજ મન થયા કરે તો પછી આપણા જેવા શરીરવાળા જીવોની કઇ દશા ? અને એ શરીરના રાગાદિ કરતાં કરતાં આપણે ક્યાં જવાના એનો કોઇ દિ' વિચાર કરીએ છીએ ખરા ? એ મૃગા પુત્રના જીવે ભૂતકાળમાં અનેક જીવોના અંગોપાંગો કાપી નાંખેલા કંઇકના હાથ કાપી નાંખ્યાતા કંઇકના પગ કાપી નાંખ્યાતા, કંઇકની આંખો ફોડી નાંખીતી, કંઇક જીવોને કાનની બહેરાશ પેદા કરી દીધેલી અને કંઇકના નાક છેદીને ચીબા બનાવી દીધા હતા એના પ્રતાપે અંગોપાંગ નામકર્મનો રસ એવો અલ્પ બાંધ્યો કે જેના પ્રતાપે મનુષ્યપણું મળ્યું, રાજાને ત્યાં જન્મ મળ્યો છતાં પણ એ પોતાના ભોંયરામાંથી કદિ બહાર ન નીકળી શકે એવી રીતે જીવન જીવવું પડ્યું અને ત્યાં રહે રહે પણ એ જીવે એ શરીરનું પણ મમત્વ કરતાં કરતાં અને સંજ્ઞાઓને પુષ્ટ કરતાં કરતાં નર્કાદિ દુર્ગતિમાં ભટકવા માટેનું કર્મ બાંધ્યું અને બાંધીને ત્યાંથી નરકગતિમાં ભટકવા માટે ચાલ્યો ગયો. આ રીતે જાણતાં જાણતાં જો આપણે પણ શરીરનું મમત્વ કર્યાજ કરીશું તો પછી આપણે પણ આપણા શરીરથી સંખ્યાતા જન્મ મરણનો, અસંખ્યાતા જન્મ મરણનો અથવા અનંતા જન્મ મરણનો સંસાર વધારીને સંસારને વિષે પરિભ્રમણ કર્યા કરીશું. જો પરિભ્રમણ ન કરવું હોય તો મળેલા અંગોપાંગનો કેમ સદ્ઉપયોગ કરતો થાઉં અને એનાથી આત્મકલ્યાણમાં આગળ વધતાં વધતાં અંગોપાંગ પ્રત્યેના રાગાદિ પરિણામને નાશ કરીને અશરીરીપણાને જલ્દી કેમ પ્રાપ્ત કરું આજ વિચારણામાં જીવન જીવવા જેવું છે. આ રીતે વિચારણા કરીને જીવન જીવતા થઇશું તો જો કોઇ નિકાચિત કર્મ બંધાયેલું નઇ હોય તો થોડાકાળમાં જરૂર આપણે અશરીરીપણાને પ્રાપ્ત કરી શકીશું.

મળેલા અંગોપાંગથી એટલે કે જેને હાથ મળેલા હોય છતાં પણ ચમચીથી ખાવાની ટેવ પાડીને ચમચીથીજ ખાતો થાય તો અંગોપાંગનો દુરૂપયોગ કર્યો કહેવાય છે. માટે એને ભવિષ્યમાં આવા હાથ પણ મળશે કે કેમ એ વિચારણીય છે. એટલે કે આવા પણ હાથ ન મળે એવું કર્મ એનાથી બંધાય છે. એવીજ

રીતે પગ મળવા છતાં પણ ચાલવાનું મન નથી થતું અને ગાડી વગેરેના સાધનોનો ઉપયોગ કરીનેજ પોતાનું જીવન જીવવાનું મન થાય છે અને જેટલો વિશેષ ઉપયોગ એ ગાડી વગેરે સાધનોનો કરતો થાય છે એનાથી ભવાંતરમાં પગ ન મળે એવું કર્મ બાંધતો જાય છે. આગળના કાળમાં ચમચી ગરમ વસ્તુને ઠંડી કરવા માટે ઉપયોગમાં લેવાતી હતી. ગરમ ચીજને ઠંડી કરવા ફૂંક મારીને ઠંડી કરે તેમાં છ કાયની વિરાધનાનો દોષ લાગે છે. ચમચી શરીરની સુખાકારી માટે વાપરો છો કે જ્ઞાનીઓએ કહ્યું તે માટે ઉપયોગ કરો છો. આયુર્વેદમાં ગમે તેવું જણાવેલું હોય તો પણ આયુર્વેદ કરતાં જૈનશાસન એ ઉંચી કોટિનું છે. આયુર્વેદમાં જે બધુ બતાવવામાં આવ્યું છે તે શરીરની સુખાકારી માટે બતાવેલું છે. એટલે એ શરીરની સુખાકારી સુધી જ આયુર્વેદ ઉભુ રહેલું છે. જ્યારે જૈનશાસન એનાથી આગળ વાત કરીને શરીરની સુખાકારીનો નાશ કેમ થાય એ બતાવી રહેલું છે. માટે જૈનશાસન જગતને વિષે ઉંચું છે. આઠ અંગમાંથી લક્ષણ વગરનું જે અંગ પ્રાપ્ત થાય એને પાપાનુબંધી પુણ્યનો ઉદય ગણાય છે.

## ઉપાંગ

હાથ અને પગને વિષે આંગળીઓ પ્રાપ્ત થાય તે આંગળીઓને ઉપાંગ કહેવાય છે. લક્ષણથી યુક્ત આંગળીઓનું પ્રાપ્ત થવું તે પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય કહેવાય છે અને લક્ષણથી રહિત આંગળીઓનું પ્રાપ્ત થવું તે પાપાનુબંધી પુણ્યનો ઉદય કહેવાય છે.

## અંગોપાંગ

હાથમાં અને પગમાં એટલે કે હથેળીમાં અને પગના તળીયામાં રેખાઓની પ્રાપ્તિ થવી તેમજ કપાળમાં પણ રેખાઓની પ્રાપ્તિ થવી, પેટમાં પણ રેખાઓની પ્રાપ્તિ થવી એ અંગોપાંગ કહેવાય છે. એ રેખાઓ બત્રીશ લક્ષણમાંથી કોઇને કોઇ લક્ષણથી યુક્ત પ્રાપ્ત થાય એટલે અંશે પુણ્યાનુબંધીપુણ્ય રસ

કહેવાય છે અને લક્ષણથી રહિત રેખાઓની પ્રાપ્તિ થવી અથવા રેખાઓ રહિત હથેળી અને પગના તળીયા પ્રાપ્ત થવા એને પાપાનુબંધી પુણ્યનો ઉદય કહેવાય છે. મનુષ્યપણામાં ઘણાખરા જીવોને હથેળીમાં રેખાઓ પણ હોતી નથી, પગના તળીયામાં પણ રેખાઓ હોતી નથી, એ જીવો મોટેભાગે આખો દિવસ મજૂરી કરી કરીને પોતાનું જીવન પસાર કરતા હોય છે. એ જીવોને ખાવા-પીવાની સામગ્રી પણ મેળવવા માટે લાભાંતરાયનો ઉદય એટલો જોરદાર હોય છે કે જલ્દીથી પ્રાપ્ત થઇ શકતી નથી. એવીજ રીતે ભોગાંતરાય અને ઉપભોગાંતરાય કર્મનો ઉદય એવો જોરદાર રૂપે હોય છે કે મળેલી સામગ્રીને પોતે ભોગવી શકતા નથી. કદાચ લાભાંતરાયના ક્ષયોપશમથી સામગ્રી પ્રાપ્ત થયેલી હોય તો પણ ભોગાંતરાય આદિના ઉદયના કારણે ભોગવટો કરી શકે એવી તાકાત રહેતી નથી અને એની સાથે સાથે મોહનીય કર્મનો ઉદય પણ એવો તીવ્રરૂપે હોય છે કે જેના કારણે એનીજ આસક્તિમાં એ પદાર્થોના રાગાદિમાં અને એ પદાર્થોના મમત્વમાં પોતાનું જીવન પસાર કરતા જાય છે અને એનાથી પોતાના આત્માનો દુઃખમય સંસાર જન્મ મરણ રૂપ વધારતા જાય છે એટલે કે મળેલા મનુષ્યજન્મને હારી જાય છે.

આ ત્રણે પદાર્થો એટલે કે અંગ, ઉપાંગ અને અંગોપાંગ ઔદારિક શરીરને વિષે વિચિત્ર પ્રકારે જે જે જીવોએ જેવા રસે અંગોપાંગ નામકર્મ બાંધેલું હોય એવા રસે પ્રાપ્ત થતા જાય છે. વૈક્રિય શરીરને વિષે લક્ષણથી યુક્ત અંગોપાંગની પ્રાપ્તિ થતી જાય છે. નરકગતિમાં રહેલા વૈક્રિય શરીરવાળા નારકીના જીવોને લક્ષણથી રહિત અંગોપાંગની પ્રાપ્તિ થતી જાય છે અર્થાત્ પ્રાપ્તિ થાય છે. મોટાભાગના તિર્યંચોને વિષે લક્ષણથી રહિત અંગોપાંગની પ્રાપ્તિ થાય છે અને કેટલાક તિર્યંચોને વિષે પુણ્યાનુબંધી પુણ્યના ઉદયના કારણે લક્ષણથી યુક્ત ઔદારિક શરીરને વિષે અંગોપાંગ નામકર્મની પ્રાપ્તિ થાય છે. આહારક શરીરને વિષે સઘળાય અંગોપાંગ લક્ષણથી યુક્ત પ્રાપ્ત થાય છે.

**૯. ઔદારિક અંગોપાંગ નામકર્મ :-** ઔદારિક શરીરને વિષે

અંગોપાંગ નામકર્મના ઉદયથી અંગ, ઉપાંગ અને અંગોપાંગની પ્રાપ્તિ થવી તે ઔદારિક અંગોપાંગ નામકર્મ કહેવાય છે. આ ઔદારિક અંગોપાંગ નામકર્મ એકથી ચાર ગુણસ્થાનક સુધીમાં રહેલા જીવો બાંધી શકે છે એમાં દેવતાના જીવો અને નારકીના જીવો એકથી ચાર ગુણસ્થાનકમાં રહેલા હોય એ આ અંગોપાંગને સતત બાંધ્યા કરે છે. જ્યારે મનુષ્ય અને તિર્યંચો પહેલા અને બીજા ગુણસ્થાનકે મનુષ્યગતિનો બંધ કરતા હોય અથવા તિર્યંચગતિનો બંધ કરતા હોય ત્યારે ઔદારિક અંગોપાંગ નામકર્મનો બંધ કરે છે. તિર્યંચગતિના બંધની સાથે એકેન્દ્રિય જાતિનો બંધ કરતા હોય ત્યારે ઔદારિક અંગોપાંગ નામકર્મ બંધાતુ નથી. ત્રીજા ગુણસ્થાનકથી મનુષ્ય અને તિર્યંચો ઔદારિક શરીર બાંધતા ન હોવાથી ઔદારિક અંગોપાંગ નામકર્મનો બંધ કરતા જ નથી.

ઔદારિક શરીરનો ઉદય એકથી તેર ગુણસ્થાનક સુધી હોય છે. તેરમા ગુણસ્થાનકના અંતે આત્મા યોગ-નિરોધ કરે છે ત્યારથી ઔદારિક શરીરનો ઉદય નાશ પામે છે. એટલે કે ચૌદમા ગુણસ્થાનકે અયોગી કેવળી ગુણસ્થાનકમાં રહેલા જીવોને ઔદારિક શરીરનો ઉદય હોતો નથી.

ઔદારિક શરીરની સત્તા એની સાથે ઔદારિક અંગોપાંગ નામકર્મની સત્તા એકથી ચૌદમા ગુણસ્થાનકના ઉપાંત્ય સમય સુધી હોય છે. કારણ કે ચૌદમા ગુણસ્થાનકના ઉપાંત્ય સમય સુધી ૮૫ પ્રકૃતિઓ સત્તમાં રહેલી હોય છે. એ ઉપાંત્ય સમયના અંતે ૭૨ અથવા ૭૩ પ્રકૃતિઓનો સત્તામાંથી અંત થાય ત્યાર પછી ચૌદમા ગુણસ્થાનકના અંત સમયે બાર અથવા તેર પ્રકૃતિઓ સત્તામાં રહેલી હોય છે. એટલે ૭૨ પ્રકૃતિઓ અથવા ૭૩ પ્રકૃતિઓનો જ્યારે અંત થતો જાય છે એ અંતમાં ઔદારિક અંગોપાંગનો પણ અંત થાય છે. માટે ચૌદમા ગુણસ્થાનકના ઉપાંત્ય સમય સુધીજ એની સત્તા ગણાય છે.

ઔદારિક અંગોપાંગ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિય જીવોને વિષે ઔદારિક અંગોપાંગ નામકર્મનો ઉદય નિયમા પાપાનુબંધી પુણ્યના ઉદયવાળો ગણાય છે. અસન્ની પંચેન્દ્રિય તિર્યંચને વિષે ઔદારિક અંગોપાંગનો ઉદય પણ

નિયમા પાપાનુબંધી પુણ્યના ઉદયવાળો ગણાય છે. કારણ કે આ જીવોને પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય હોતો જ નથી અને મોટાભાગના સન્ની પંચેન્દ્રિય તિર્યંચોને ઔદારિક અંગોપાંગનો ઉદય પાપાનુબંધી પુણ્યના ઉદયવાળો જ હોય છે માટે આ જીવોને સદા માટે અંગોપાંગ નામકર્મનો ઉદય લક્ષણથી રહિતજ હોય છે. એવીજ રીતે મોટાભાગના સન્ની મનુષ્યોને ઔદારિક અંગોપાંગ નામકર્મનો ઉદય પાપાનુબંધી પુણ્યના ઉદયવાળોજ હોય છે કે જેના કારણે લક્ષણથી રહિત અંગોપાંગની પ્રાપ્તિ થયા કરે છે. યુગલીક તિર્યંચોને, યુગલીક મનુષ્યોને ઔદારિક અંગોપાંગ નામકર્મનો ઉદય નિયમા પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળો હોય છે. એવીજ રીતે કેટલાક સંખ્યાત વર્ષના આયુષ્યવાળા સન્ની તિર્યંચો અને મનુષ્યોને પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય ચાલતો હોય ત્યારે અંગોપાંગ નામકર્મ લક્ષણથી યુક્ત પ્રાપ્ત થાય છે.

**૧૦. વૈક્રીય અંગોપાંગ :-** જગતને વિષે રહેલા વૈક્રીય પુદ્‌ગલોને ગ્રહણ કરીને વૈક્રીય શરીરને વિષે અંગ, ઉપાંગ અને અંગોપાંગની રચના કરે એને વૈક્રીય અંગોપાંગ કહેવાય છે. આ વૈક્રીય શરીરને વિષે હાડકા વગેરે હોતું નથી. સાત ધાતુ રૂપે પુદ્‌ગલો પરિણામ પામતા નથી છતાં પણ નામકર્મના ઉદયથી જે પ્રમાણે અંગોપાંગ નામકર્મ બાંધેલું હોય તે પ્રમાણે અંગ, ઉપાંગ અને અંગોપાંગ રૂપે પુદ્‌ગલોની રચના ગોઠવાય છે. દેવગતિમાં રહેલા દેવો વૈક્રીય વર્ગણાના શુભ પુદ્‌ગલોને ગ્રહણ કરીને વૈક્રીય શરીર બનાવે છે એમાં વૈક્રીય અંગોપાંગ નામકર્મના ઉદયથી એ શુભ પુદ્‌ગલોને અંગ, ઉપાંગ અને અંગોપાંગ રૂપે ગોઠવીને વૈક્રીય અંગોપાંગ શુભરૂપે બનાવે છે. જ્યારે નારકીના જીવો વૈક્રીય અશુભ પુદ્‌ગલોનેજ ગ્રહણ કરે છે અથવા વૈક્રીયના અશુભ પુદ્‌ગલોને ગ્રહણ કરીને પાપાનુબંધી તીવ્ર પુણ્યના ઉદયના કારણે એ શુભ પુદ્‌ગલો વૈક્રીય શરીર રૂપે અશુભ રૂપે પરિણામ પામે છે. એ ગમે તેટલું શુભ શરીર બનાવવા માટે પ્રયત્ન કરે તો પણ શુભરૂપે થઇ શકતું જ નથી પણ અશુભ રૂપેજ પરિણમન થાય છે. આના કારણે એ શરીરને વિષે એ વૈક્રીય શરીરના પુદ્‌ગલોમાંથી અંગ, ઉપાંગ અને અંગોપાંગ રૂપે પુદ્‌ગલોની

ગોઠવણ કરવા માટે વૈક્રીય અંગોપાંગ બનાવે છે એ પણ અશુભ રૂપેજ પરિણામ પામે છે પણ શુભરૂપે વૈક્રીય અંગોપાંગની પ્રાપ્તિ કરી શકતા નથી અને ઉત્તર વૈક્રીય શરીર એટલે કે પોતાના મૂળ શરીરથી બીજુ વૈક્રીય શરીર સારૂ બનાવવાની ઇચ્છાથી ગમે તેટલો પ્રયત્ન કરે તો પણ એ બીજું શરીર મૂળશરીર કરતાં વધારેને વધારે ખરાબ થતું જાય છે અને એ જોતાની સાથે જ તરત જ એ પુદ્‌ગલોને વિસર્જન કરી નાંખે છે. એવી જ રીતે એ વૈક્રીય શરીરને વિષે અંગોપાંગ ગમે તેટલા સારા બનાવવા માટે પ્રયત્ન કરતો જાય તો પણ એ અંગોપાંગ વધારેને વધારે ખરાબ બનતા જાય છે. માટે એ જીવો તરત જ એ શરીર અને અંગોપાંગને વિસર્જન કરી નાંખે છે. આવી રીતે સારા શરીરની આશાથી વારંવાર ઉત્તર વૈક્રીય શરીર કરતાં કરતાં સારા શરીરની પ્રાપ્તિ કરી શકતા નથી. એવી રીતે સારા અંગોપાંગની પણ પ્રાપ્તિ કરી શકતા નથી આથી નિશ્ચિત એ થાય છે કે નારકીના જીવો લોભવૃત્તિથી પોતાને મળેલી વૈક્રીય લબ્ધિનો ઉપયોગ પોતાના પુણ્યથી અધિકરૂપે મેળવવા માટે શક્તિમાન થઇ શકતા નથી. ઉપરથી વધારેને વધારે ખરાબની પ્રાપ્તિ થતી જાય છે અને એનાથી નારાજ થતાં થતાં અનેક પ્રકારના વૈક્રીય શરીરો પ્રત્યે દ્વેષબુદ્ધિ પેદા કરતાં કરતાં દુઃખી થઇને પોતાના આત્માનો જન્મમરણ રૂપ સંસાર વધારતા જાય છે. નરકગતિમાં રહેલા જીવોને પણ જો સમજણ શક્તિ પેદા થયેલી ન હોય તો આવી રીતે અનેક પદાર્થોમાં દ્વેષબુદ્ધિ પેદા કરતાં કરતાં પોતાના આત્માનો સંસાર દુઃખ વેઠતાં વેઠતાં પણ વધારતા જાય છે. માટે એમ કહેવાય કે પાપના ઉદયથી આવેલું દુઃખ દરેક જીવો ભોગવે તો પણ દરેક જીવો પોતાનો સંસાર કાપી શકતા નથી. મોટાભાગના જીવો પાપના ઉદયથી આવેલા દુઃખને હાયવોય કરીને ભોગવતા નારાજી કરતાં કરતાં ભોગવતાં અને ક્યારે આ દુઃખ જાય એવી વિચારણા કરતાં કરતાં ઉપરથી વિશેષ જે ભોગવે છે એના કરતા અધિક દુઃખ પ્રાપ્ત થાય એવો કર્મબંધ કરતાં કરતાં પોતાનું જીવન પસાર કરીને દુઃખમય સંસાર પોતાના આત્માનો વધારતા જાય છે. આ બધું શરીરના રાગનું કારણ, શરીરના અંગોપાંગના રાગનું

કારણ, એની આસક્તિ અને મમત્વનું કારણ જણાય છે અને શરીર અને અંગોપાંગને વિષે દ્વેષબુધ્ધિના કારણથી પણ જીવો પોતાનો સંસાર વધારતા જાય છે. અહીં મનુષ્યપણામાં રહેલા પણ ઘણાખરા જીવો પોતાનું શરીર દર્પણમાં જોતાં જોતાં જો એના મુખ ઉપર મસો વગેરે એટલે કે મસા પેદા થયેલા હોય તેને જોઇ જોઇને દુ:ખી થતાં જાય છે. કારણ કે એ મસો એવી જગ્યાએ રહેલો હોય છે કે જેના કારણે એને મુખ જોઇને આનંદ આવવાને બદલે અંતરમાં દુ:ખ પેદા થતું જાય છે. એ મસો કઢાવીને પ્લાસ્ટિક સર્જરી કરાવે તો પણ સ્વાભાવિક મુખની આકૃતિ જેવી હોય એવી રીતની એની આકૃતિ રહેતી નથી માટે એ જોઇને પણ જીવો દુ:ખી થતાં જાય છે એના કારણે આ બધુંજ સંસાર વધારવામાં સહાયભૂત થતું જાય છે.

તિર્યંચગતિમાં ઉત્પન્ન થતાની સાથે પક્ષીઓને ઉડવા માટે પાંખનો ક્ષયોપશમ ભાવ પેદા થાય છે તેમ નારકીના જીવોને નરકમાં ઉત્પન્ન થવા માત્રથી બીજુ ઉત્તર વૈક્રીય શરીર બનાવવા માટેની વૈક્રિય લબ્ધિ અને અવધિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત થાય છે એ અવધિ કર્મનો ક્ષયોપશમ ભાવ મર્યાદિત હોય છે. એટલે કે થોડાક ક્ષેત્રવાળોજ હોય છે. નારકીમાં રહેલા જીવોને જે જીવોને જાતિસ્મરણજ્ઞાન પ્રાપ્ત થયેલું હોય એ જીવો પોતાનો પૂર્વભવ દેખી શકે છે, પણ અવધિજ્ઞાનથી પોતાનો પૂર્વભવ જોઇ શકતા નથી. એ અવધિજ્ઞાનનો ક્ષયોપશમ ભાવ મિથ્યાત્વના ઉદયની સાથે હોય તો એને વિભંગજ્ઞાન કહેવાય છે અને સમકિતની સાથે એ અવધિજ્ઞાનનો ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત થયેલો હોય તો તેને અવધિજ્ઞાન કહેવાય છે. જે નારકીમાં જેટલો અવધિજ્ઞાનનો ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત થતો હોય એટલોજ થાય છે પણ અધિક થઇ શકતો નથી. દેવલોકમાં પણ એજ રીતે અવધિજ્ઞાનનો ક્ષયોપશમભાવ જે જે દેવલોકમાં જેટલો જેટલો પ્રાપ્ત થતો હોય એટલો જ પ્રાપ્ત થાય છે પણ અધિક પ્રાપ્ત કરી શકતો નથી. જ્યારે દેવલોકમાં રહેલા દેવો પુરૂષાર્થ કરીને જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. દેવલોકમાં જાતિસ્મરણજ્ઞાન પણ સહજ રીતે હોતું નથી એ પુરૂષાર્થથી જ પ્રાપ્ત થાય છે. પરમાધામી દેવો

નરકમાં રહેલા જીવોને જાતિસ્મરણજ્ઞાનથી એનો પૂર્વભવ જોઇ એને જે જેપાપો કરેલા હોય તે દેખીને એને ત્યાં યાદ કરાવે છે. તો પણ એ નારકીના જીવો મિથ્યાત્વના ઉદયવાળા રહેલા હોય તો એ બધું માનવા તૈયાર થતા નથી. ઉપરથી એ સાંભળતા સાંભળતા પરમાધામી દેવોને મારવા દોડે છે અને વધારેને વધારે દુઃખી થતાં જાય છે. જો એ આત્મા સમજણના ઘરમાં દાખલ થાય અથવા સમકિતની પ્રાપ્તિ કરે તો એવા એ નારકીના જીવો પરમાધામી દેવોની સામે થતા નથી, પણ પોતાના કરેલા પાપોને સાંભળતા સાંભળતા પશ્ચાતાપ કરીને કર્મની નિર્જરા કરવામાં એ દેવોને ઉપકારી માની અને સકામ નિર્જરા કરતાં જાય છે.

જાતિસ્મરણજ્ઞાનથી જીવો સંખ્યાતા ભવો જોઇ શકે છે. અહીંયા સંખ્યાતા ભવો એટલે ઉત્કૃષ્ટથી નવભવ જોઇ શકે છે. એ પણ નવ ભવો સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તાપણાના થયેલા હોય તોજ દેખી શકાય છે. પહેલો ભવ સન્ની પર્યાપ્તનો હોય, બીજો ભવ સન્ની પર્યાપ્તાનો હોય તો બે ભવ જુવે અને પછી ત્રીજો ભવ અસન્નીપણાનો પ્રાપ્ત થયેલો હોય તો ત્યાંથી જાતિસ્મરણજ્ઞાન નાશ પામે છે. કારણ કે અસન્નીપણાના ભવોને જાતિસ્મરણજ્ઞાનમાં જોવાની શક્તિ હોતી નથી. આવી રીતે ઉત્કૃષ્ટથી સન્ની પર્યાપ્તાના નવભવ સળંગ કરેલા હોય તોજ એ નવભવ સુધીનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. નરકગતિમાં જાતિસ્મરણ જ્ઞાન અને વિભંગજ્ઞાન બંન્ને સાથે રહી શકે છે. વિભંગજ્ઞાન ઉત્કૃષ્ટથી એક યોજનનું હોય છે પણ દરેક નારકીનું એક યોજનનુંજ હોય એવો નિયમ નથી. એ વિભંગજ્ઞાનથી કોઇ પોતાને મારવા આવતું હોય, કાપવા આવતું હોય, હેરાન કરવા આવતું હોય તો એને હેરાન કરવા માટે એ પોતે દોડતો દોડતો સામે જાય અથવા એ સ્થાનેથી બીજે ભાગી જાય એ માટે વિભંગજ્ઞાન ઉપયોગી બને છે. પણ આત્મકલ્યાણમાં એ જીવોને એ વિભંગજ્ઞાન ઉપયોગી થઇ શકતો નથી. આજે આપણે પણ દુઃખમાં સુખ માનીનેજ જીવીએ છીએને ? નારકીના જીવો દુઃખમાં ટેવાઇ જાય તો એ વેદના ભોગવવા છતાં પણ ટેવાયેલા જીવને ઓછી લાગે છે. મિથ્યાદ્રષ્ટિ જીવોને જાતિસ્મરણ જ્ઞાનથી પૂર્વભવો જોતાં કરેલા

પાપો ઉપર પશ્ચાતાપ થવાને બદલે એ પાપોથી વધારે કરવાની વિચારણા અંતરમાં પેદા થતી જાય છે. આનાથી વધારે પાપ કરીને વધારે અનુકૂળ પદાર્થોને કેમ મેળવું અને કેમ સારામાં સારો સુખી બનું આ જ વિચારણા એમના અંતરમાં ચાલતી હોય છે. આવા વિચારોમાં એ જીવો રહેલા હોવાછતાં પણ પાપ કરવાની આશામાં ને આશામાં તીવ્રરસ પૂર્વક કર્મબંધ કરતા હોવાછતાં પણ એકેન્દ્રિયપણાને લાયક વિકલેન્દ્રિયપણાને લાયક અને અસન્ની પંચેન્દ્રિયપણાને લાયક કર્મબંધ કરતા જ નથી. કારણ કે આવા તીવ્રપરિણામની આશામાં પાપના ઉદયથી આવેલા દુઃખોને પણ જે ભોગવે છે એના કારણે અકામ નિર્જરા વિશેષ થતી હોવાથી એકેન્દ્રિયાદિનો કર્મબંધ થઇ શકતો જ નથી. સન્ની પંચેન્દ્રિયપણાનો કર્મબંધ એ પણ મનુષ્યગતિ અને તિર્યંચગતિને લાયક કર્મબંધ એ પણ સંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચ અને મનુષ્યને લાયક કર્મબંધ જ કર્યા કરે છે. એટલે કે એમાં એમ વિચારણા કરી શકાય કે પાપની આશામાં નરકગતિમાં રહેલા જીવો સન્નીપણાને લાયક તીવ્રરસવાળા કર્મોનો બંધ કરતો હોય તો એની સાથે આયુષ્યના અનુબંધો અલ્પ આયુષ્યવાળા ભવો બાંધતો જાય. એટલે કે નરકગતિમાંથી નીકળીને તિર્યંચગતિમાં એક અંતર્મુહૂર્તના આયુષ્યવાળો થાય અને ત્યાં પાપનો અનુબંધ ઉદયમાં ચાલુ થતા નરકગતિનું આયુષ્ય બાંધીને લાંબા આયુષ્યવાળો નરકગતિમાં ઉત્પન્ન થાય છે. જેમકે સાતમી નારકીમાં રહેલો જીવ તેત્રીશ સાગરોપમના આયુષ્યવાળો પાપ કરવાની આશાઓમાં ને આશાઓમાં તિર્યંચગતિ રૂપે તંદુલીયા મસ્ય રૂપે ઉત્પન્ન થાય, અને ત્યાં એક અંતર્મુહૂર્ત તિર્યંચનું આયુષ્ય ભોગવીને પાછુ સાતમી નારકીનું આયુષ્ય બાંધી અને તેત્રીશ સાગરોપમવાળો સાતમી નારકીના જીવરૂપે ઉત્પન્ન થાય છે. એ તંદુલીયો મત્સ્ય શરીરથી કોઇ પાપ કરતો નથી, વચનથી પણ કોઇ પાપ કરતો નથી પણ મનના પરિણામથી એ જીવ પાપ કરીને સાતમી નારકીમાં જવાલાયક કર્મોનો બંધકરી શકે છે કારણ કે સામે એક હજાર યોજન શરીરની કાયાવાળા મઘરનો જીવ રહેલો હોય છે. એ મોઢુ ફાડીને બેઠેલો હોય છે. એના મોઢામાં

કેટલાય માછલાઓ પ્રવેશ કરે છે અને નીકળે છે એને એ જુવે છે અને એ જોતાની સાથેજ અંતરમાં વિચારણા પેદા થાય છે કે આવા શરીરની મને પ્રાપ્તિ થાય તો હું મોઢું બંધ કરીને આ બધા જીવોને મારી નાંખું અથવા ખાઇ જાઉં. આ વિચારણાથી ત્યાં સાતમી નારકીનું આયુષ્ય બંધાય છે અને પોતાનું તિર્યંચનું આયુષ્ય પૂર્ણ કરી સાતમી નારકીમાં ઉત્પન્ન થાય છે.

છઠ્ઠા ગુણસ્થાનકમાં રહેલો જીવ આયુષ્યનો બંધ કરે તો નિયમા દેવલોકનું આયુષ્ય બાંધે છે એમ કહેવાય પણ છઠ્ઠા ગુણસ્થાનકના પરિણામવાળા જીવો બધા દેવલોકમાંજ જાય એમ કહેવાય નહિ. કારણ કે જે જીવોએ છઠ્ઠા ગુણસ્થાનકને પામતા પહેલાં પહેલે ગુણસ્થાનકે નરકનું આયુષ્ય બાંધેલું હોય તો એ જીવો પુરૂષાર્થ કરીને એ ભવમાં છઠ્ઠા ગુણસ્થાનકના પરિણામને પ્રાપ્ત કરી શકે છે અને છેલ્લે જ્યારે પોતાનું આયુષ્ય પૂર્ણ થવા આવે ત્યારે એ જીવ ક્યાં ક્ષયોપશમ સમકિત સાથે અથવા પડીને પહેલે ગુણસ્થાનકે આવી નરક ગતિમાં જાય છે.

દેવલોકમાં રહેલા દેવો વૈક્રીય શરીર અને વૈક્રીય અંગોપાંગથી સન્ની પંચેન્દ્રિયપણાને લાયક કર્મબંધ કરે એવો નિયમ હોતો નથી. કારણ કે ભવનપતિના દેવો વ્યંતરના દેવો જ્યોતિષના દેવો અને વૈમાનિકના પહેલા-બીજા દેવલોકના દેવો પુણ્યના ઉદયથી જે સામગ્રી પ્રાપ્ત થયેલી છે એમાં અત્યંત આસક્તિ રાગાદિ પરિણામ અને પોતાના શરીર પ્રત્યે પણ અત્યંત આસક્તિ અને રાગાદિ પરિણામ કરતાં કરતાં એકેન્દ્રિયમાં જવાલાયક કર્મબંધ પણ કરી શકે છે કારણ કે એ જીવોને જે કાંઇ સામગ્રી પ્રાપ્ત થયેલી હોય છે તે સચિત્ત પૃથ્વીકાયની, સચિત્ત અપ્‌કાયની અને સચિત્ત પ્રત્યેક વનસ્પતિકાયની મળેલી હોય છે. એ પદાર્થોમાં જ્યાં જ્યાં જેવી આસક્તિ પેદા થતી જાય અને મમત્વ બુધ્ધિ પેદા થતી જાય તે પ્રમાણે તે જીવો બાદર પર્યાપ્તા પૃથ્વીકાય, બાદર પર્યાપ્તા અપ્‌કાય અને બાદર પર્યાપ્તા પ્રત્યેક વનસ્પતિકાય જીવોને વિષે ઉત્પન્ન થતા જાય છે. માટે આ જીવો એકેન્દ્રિયમાં જવાલાયક કર્મબંધ પણ કરી શકે છે. પણ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિય અને

અસન્નીપંચેન્દ્રિયપણા રૂપે ઉત્પન્ન થવા લાયક કર્મ કરતા નથી કારણ કે ત્યાં એવી સામગ્રી નથી અને એને યોગ્ય કર્મબંધ કરવાનો વિચાર પણ પેદા થઇ શકતો નથી. પંચેન્દ્રિયપણાને લાયક કર્મબંધ કરે તો સન્ની પંચેન્દ્રિયપર્યાપ્તાપણે તિર્યંચરૂપે અથવા મનુષ્ય રૂપે કર્મબંધ કરી શકે છે. વૈમાનિકના ત્રીજા દેવલોકથી આઠમા દેવલોક સુધીના દેવો એકેન્દ્રિયપણામાં જવાલાયક કર્મબંધ પણ કરી શકતા જ નથી. એ જીવો સન્ની પર્યાપ્તા તિર્યંચો અને મનુષ્યોને લાયક કર્મબંધ કરે છે. વૈમાનિકના નવમા દેવલોકથી નવમા ગ્રૈવેયક સુધીના દેવો મનુષ્યગતિમાં જવાલાયક કર્મબંધ કરે છે અને પાંચ અનુત્તરમાં રહેલા દેવો નિયમા સમકિતિ હોવાથી સન્ની પર્યાપ્તા મનુષ્યને લાયક કર્મબંધજ કરે છે.

આપણા શરીરમાંથી એટલે કે મનુષ્ય અને તિર્યંચના શરીરમાંથી નીકળતા દુર્ગંધવાળા પુદ્‌ગલો ૫૦૦ યોજન ઉંચે જાય છે. આથી વૈમાનિકના દેવોને એ દુર્ગંધવાળા પુદ્‌ગલોની દુર્ગંધ એટલી તીવ્ર લાગે છે કે મનુષ્યલોક નરકગતિ જેવો લાગે છે. આના કારણે મોટાભાગના દેવો મનુષ્યલોકમાં આવતા નથી. અત્યારે આપણે શરીરમાંથી દુર્ગંધના પુદ્‌ગલોમાં ટેવાઇ ગયેલા હોવાથી એ દુર્ગંધ દુર્ગંધ લાગતી નથી અને આપણા કરતાં વધારે ભયંકર દુર્ગંધવાળા પુદ્‌ગલો નરકગતિમાં રહેલા હોવાથી આપણને નરકગતિના જીવોની દયા આવે છે, પણ આપણા આત્માની આપણને દયા આવે છે ખરી ? નીચેના દેવલોકમાં રહેલા દેવો આ મનુષ્યલોકને વિષે આવીને હરે છે ફરે છે અને અનેક પ્રકારની ક્રીડાઓ કરી રહેલા છે. કારણ કે એ દેવતાઓ આ દુર્ગંધથી ટેવાયેલા હોય છે. જ્યારે વૈમાનિકના દેવો દુર્ગંધવાળા પુદ્‌ગલોથી ટેવાયેલા ન હોવાથી મોટેભાગે મનુષ્યલોકમાં આવતા નથી, છતાં પણ વૈમાનિક દેવો મનુષ્યપણાને દુર્લભ કેમ ગણે છે ? આટલી દુર્ગંધ મનુષ્યલોકમાં રહેલી હોવાછતાંય મનુષ્યપણું દુર્લભ લાગે છે એનું કારણ કે મનુષ્યપણામાં ચારિત્રની પ્રાપ્તિ થાય છે. જ્યારે દેવલોકમાં ચારિત્રની પ્રાપ્તિ થઇ શકતી જ નથી માટે મનુષ્યપણાને ઝંખે છે. મિથ્યાદ્રષ્ટિ વૈમાનિક દેવો મનુષ્યલોકમાં આવીને ગમે ત્યાં ભટકે, પોતાની સુખ-સાહ્યબી સંપત્તિ માટે પણ ભટકે એને માટે કોઇપણ

પ્રકારની નવાઇ નથી. જ્યારે સમકિતી દેવોને મનુષ્યભવની દુર્લભતા, ચારિત્રની પ્રાપ્તિની બુધ્ધિ એ જ થાય છે.

દરેક દેવલોકમાં રહેલા દેવોને પોતાના વિમાનની ધજાથી ઉપરનું જ્ઞાન પ્રાપ્ત થતું નથી. એ જીવોને અવધિજ્ઞાનનો ક્ષયોપશમભાવ પણ પોતાના વિમાનની ધજા સુધી જ હોય છે આથી સિધ્ધશીલાનું જ્ઞાન પણ જોવાનું પ્રાપ્ત થઇ શકતું નથી. અનુત્તરવાસી દેવોને પણ પોતાના વિમાનની ધજાથી ઉપરનું અવધિજ્ઞાન પ્રાપ્ત થયેલું ન હોવાથી સિધ્ધશિલાને પણ જોઇ શકતા નથી. કારણ કે સિધ્ધશીલા અનુત્તર વિમાનથી બાર યોજન ઉંચે રહેલી છે. જ્ઞાનથી જાણી શકે ખરા પણ અવધિજ્ઞાનથી જોવાની તાકાત નથી. એ અનુત્તરવાસી દેવોને વેદનો ઉદય હોવાછતાં પણ વિષયવાસનાના વિચારો એટલા મંદ કોટીના હોય છે કે જેના કારણે જ્ઞાનીઓએ એમને અવેદી કહેલા છે. વૈક્રીય અંગોપાંગ ઉચામાં ઉંચી કોટિનું લક્ષણથી યુક્ત અનુત્તરવાસી દેવોને હોય છે.

વૈક્રીય અંગોપાંગનો બંધ પહેલા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી બંધાય છે. વૈક્રીય અંગોપાંગનો ઉદય દેવ અને નારકીના જીવોની અપેક્ષાએ એકથી ચાર ગુણસ્થાનક સુધી હોય છે અને સન્ની તિર્યંચની અપેક્ષાએ એકથી પાંચ ગુણસ્થાનક સુધી ઉદય હોય છે. સન્ની મનુષ્યોની અપેક્ષાએ એકથી સાત ગુણસ્થાનક સુધી ઉદય હોય છે અને વૈક્રીય અંગોપાંગની સત્તા પહેલા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનકના ઉપાંત્ય સમય સુધી હોય છે.

**૧૧. આહારક અંગોપાંગ :-** જગતમાં રહેલા આહારક વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને આહારક શરીરને વિષે અંગ, ઉપાંગ અને અંગોપાંગની રચના કરવી તેને આહારક અંગોપાંગ કહેવાય છે. આ આહારક અંગોપાંગનો બંધ સાતમા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધીમાં રહેલા મનુષ્યો કરી શકે છે. આહારક અંગોપાંગનો ઉદય છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનકે જ હોય છે અને આહારક અંગોપાંગની સત્તા પહેલા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનકના ઉપાંત્ય સમય સુધી જ હોય છે.

આહારક અંગોપાંગનો બંધ સાતમા થી આઠમા ગુણસ્થાનકમાં રહેલા કોઇપણ મનુષ્યો કરી શકે છે. જ્યારે એનો ઉદય ચૌદપૂર્વધ મહાત્માઓજ પેદા કરી શકે છે.

## સંઘયણનું વર્ણન

સંઘયણ એટલે હાડકાની રચના વિશેષ, જે શરીરને વિશે હાડકાની રચના રહેલી હોય એને સંઘયણ કહેવાય છે. જે પ્રમાણે હાડકાની રચના વિશેષ પ્રાપ્ત થયેલી હોય તે પ્રમાણે તેના શરીરનો બાંધો નિશ્ચિંત થાય છે. એ હાડકાની રચના નબળી હોય, રસકસ વગરની હોય તો શરીરનો બાંધો નબળો થાય છે અને શરીરના બાંધાની સાથે એના મનની નબળાઇ એટલે કે ચંચળતા, મજબૂતાઇ અને નિશ્ચલ મન એ શરીરના બાંધાને આધારે બને છે. કેટલીક વાર નબળા શરીરવાળાનું પણ મન નિશ્ચલ મન કેટલીક જગ્યાએ દેખાય છે.

જેનું મનોબળ મજબૂત હોય તેમજ જે જીવોને પોતાનું મનોબળ મજબૂત કરવું હોય તેને પોતાના હાડકાની મજબૂતાઇ કરવી પડે. એ હાડકામાં રસ ન પડે તો પણ મહેનત કરીને રસ પાડવો પડે, અને એ પ્રયત્ન કરવાની વૃત્તિ નબળા મનવાળાને જલ્દીથી પેદા થતી નથી. કારણ કે એ જીવોનું મન અનેક જગ્યાએ એટલે કે સત્તર જગ્યાએ ભટકતુ જ રહે છે અને પૂછીએ કાલે કેમ નહોતો આવ્યો તો કહે કે બીજી જગ્યાએ વાંચના ચાલે છે ત્યાં ગયો હતો. અહીં રસ ન પડ્યો એટલે ત્યાં ભાગ્યો. કલિકાળ સર્વજ્ઞ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ ચાર મનના ભેદ પાડ્યા છે. એમાંનુ ચોથું મન નિશ્ચલ મન આવે છે. આપણને જે સંઘયણ મળ્યું છે તેમાં પણ જે પ્રવૃત્તિ કરીએ છીએ તો એ પ્રવૃત્તિ કરતાં કરતાં ધારીએ તો ચંચળતા દૂર કરી શકીએ એટલી સામગ્રી આપણને મળેલી છે. આજે ધર્મની આરાધના મોટેભાગે ચંચળ મનથી થતી દેખાય છે. આપણે પણ આટલા વખતથી જે કંઇ ધર્મની આરાધનાના અનુષ્ઠાનો કરીએ છીએ એ અનુષ્ઠાનોમાં મનની એકાગ્રતા રાખીને કરીએ છીએ ખરા

? કે એક ક્રિયામાંથી બીજી ક્રિયામાં આપણુ મન વારંવાર જતુ રહે છે ? અત્યારે વર્તમાનમાં પણ છેલ્લુ સંઘયણ હોવાછતાંય આપણો શરીરનો બાંધો સાવ કંઇ ફેંકી દેવા જેવો નથી.

હાડકાની રચના વિશેષ મનુષ્યને તિર્યંચના શરીરમાંજ હોય છે. એકેન્દ્રિય જીવોના શરીરમાં અને નારકી તેમજ દેવોના શરીરમાં હાડકાની રચના હોતી નથી. બેઇન્દ્રિય જીવોથી શરૂ કરીને સન્ની પર્યાપ્તા તિર્યંચો અને સન્ની પર્યાપ્તા મનુષ્યોને વિષે હાડકાની રચના વિશેષ હોય છે. તે હાડકાની રચના વિશેષમાં તરતમતા ભેદે છ ભેદ પાડેલા છે. તેમાંથી પહેલો ભેદ પુણ્યપ્રકૃતિ રૂપે કહેવાય છે કારણ કે પહેલા ભેદવાળા જીવો પુરૂષાર્થ કરીને અનુત્તર વિમાનમાં જઇ શકે છે અને એનાથી અધિક પુરૂષાર્થ કરે તો સિધ્ધિ ગતિમાં પણ જઇ શકે છે અને જો એ પહેલા સંઘયણનો દુરૂપયોગ કરવામાં આવે અને એનાથી તીવ્ર પાપ કરવામાં આવે તો એ જીવો સાતમી નારકીમાં પણ જઇ શકે છે. સાતમી નારકીમાં જવાને વિષે અનુત્તર દેવોમાં જવાને વિષે, તેમજ સિધ્ધિ ગતિમાં જવાને વિષે પહેલુ સંઘયણ જ જોઇએ. આ ત્રણ જગ્યાએ જવા માટે પહેલા સંઘયણવાળા જીવોજ જઇ શકે છે આનો અર્થ એવો નથી કે આ ત્રણ સિવાય બીજે પહેલા સંઘયણવાળા ન જ જાય એવું નઇ પણ આ ત્રણને વિષે જઉ હોય તો પહેલું સંઘયણ અવશ્ય જોઇએ.

## વજ, ઋષભ, નારાચ સંઘયણ

વજ એટલે ખીલો, ઋષભ એટલે પાટો અને નારાચ એટલે મરકટબંધ. જેમ વાંદરું એના બચ્ચાને છાતી ઉપર લગાડીને ગમે તેટલી કુદાકુદ કરે તો પણ બચ્ચુ પડતું નથી એ જે રીતે બંધનમાં રહેલું હોય તે બંધનને મરકટ બંધ કહેવાય છે. આ ત્રણે ચીજો પહેલા સંઘયણવાળા જીવોને હાડકાની રચના એવી રીતે જ ગોઠવાયેલી હોય છે. જેમકે બે હાડકા ભેગા થાય એ બંન્ને હાડકા મરકટ બંધની જેમ રહેલા હોય છે અને એની બરોબર મધ્યમાં હાડકાના જેટલી લંબાઇવાળો વજ જેવો હાડકાનો ખીલો હોય છે અને એ

હાડકા ઉપર હાડકાનો પાટો રહેલો હોય છે. આવા સંઘયણની રચના જે શરીરને વિષે પ્રાપ્ત થાય એને પહેલું સંઘયણ કહેવાય છે. આ સંઘયણ એટલુબધું મજબૂત હોય છે કે એ સંઘયણ ઉપર ગમે તેટલા ઘાણના ઘાણ મારવામાં આવે તોપણ તેમાંથી કરચ જેટલું પણ હાડકુ ખરતું નથી, પણ એના ઉપર જેટલો માર પડે અથવા એને પછાડવામાં આવે તો તે જીવને હાડકાના મૂઢ મારની વેદનાની અનુભૂતિ થાય છે. આત્મામાં રહેલા કર્મોનો સંપૂર્ણ નાશ કરવા માટે જીવોને આ સંઘયણની રચના પ્રાપ્ત થાય તો જ એ સંઘયણના બળથી એનું મનોબળ એટલું મજબૂત બને છે કે જીવ એ મનોબળથી શુક્લ ધ્યાનને પ્રાપ્ત કરીને પોતાના એક એક આત્મપ્રદેશો ઉપર સર્વજીવો કરતાં અનંત ગુણ અધિક રસવાળા પુદ્ગલોને કર્મરૂપે બનાવીને તેમજ એ રસની સાથે ભોગવવા યોગ્ય તીવ્રરસવાળા પુદ્ગલો એકમેક કરેલા હોય છે અને અનાદિકાળથી એકમેક કરતાં કરતાં અનંતા અનંતા રસના સ્પર્ધકો રૂપે અનંતી અનંતી વર્ગણાઓ આત્મપ્રદેશની સાથે એકમેક કરેલી છે એ સઘળાય સ્પર્ધકોની વર્ગણાઓને અને એ સ્પર્ધકોની વર્ગણાઓના રસાણુઓને શુક્લધ્યાનના અગ્નિથી દરેક આત્મપ્રદેશો ઉપરથી ખેંચી ખેંચીને, ભોગવી ભોગવીને સંપૂર્ણ નાશ કરવાની તાકાત આ સંઘયણવાળા જીવોને પ્રાપ્ત થાય છે. એવીજ રીતે આ સંઘયણવાળા જીવો કર્મોને ખપાવવા માટે શુક્લધ્યાનને પ્રાપ્ત ન કરી શકે તો પહેલા ગુણસ્થાનકમાં રહેલા એ જીવો ઉત્કૃષ્ટ કોટીના રૌદ્ર ધ્યાનના પરિણામોને પ્રાપ્ત કરીને અતિ તીવ્રરસવાળા અશુભ પુદ્ગલોના એટલે કે અશુભ કર્મોને અનંતા સ્પર્ધકો રૂપે અનંતી વર્ગણાઓ રૂપે અને અનંતા રસાણુઓ રૂપે પ્રાપ્ત કરતાં કરતાં એટલે કે અશુભ કર્મના પુદ્ગલો અનંતા રસાણુ આદિ રૂપે બનાવીને સંસારને વિષે પરિભ્રમણ કરવા માટે અનંતા જન્મ મરણોનો અનુબંધ તીવ્રરસે કરતો જાય છે અને સાતમી નારકીનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાંધી સાતમી નારકીમાં ઉત્પન્ન થાય છે. ત્રસપણાના એટલે કે ત્રસકાયની સ્થિતિ બે હજાર સાગરોપમની હોય છે એ બે હજાર સાગરોપમ કાળ સુધીમાં સાતમી નારકીમાં જાય, પાછો પંચેન્દ્રિય તિર્યંચ થાય પાછો

સાતમી નારકીમાં જાય પાછો પંચેન્દ્રિય તિર્યંચ થાય એમ વારંવાર નારકી અને તિર્યંચના ભવોની પરંપરા કરતો કરતો ત્રસપણાના બે હજાર સાગરોપમ કાળને પૂર્ણ કરે છે અને પછી તિર્યંચમાં આવીને એકેન્દ્રિયપણામાં ઉત્પન્ન થાય છે. આ રીતે પહેલા સંઘયણવાળા જીવો શુક્લધ્યાનને પ્રાપ્ત ન કરી શકે તો રૌદ્રધ્યાનના પરિણામથી પોતાના આત્માની દુઃખની પરંપરા સર્જતો જાય છે. તેવીજ રીતે કેટલાક લઘુકર્મી આત્માઓ પહેલા સંઘયણને પ્રાપ્ત કરીને આરાધના કરતા કરતા શુક્લ ધ્યાનને પ્રાપ્ત ન કરી શકે તો સાતમા ગુણસ્થાનકે ધર્મધ્યાનને પ્રાપ્ત કરી એ ભવે મોક્ષે જવાના ન હોય તો છઠ્ઠા ગુણસ્થાનકના અંતે ધર્મધ્યાનથી અનુત્તરનું આયુષ્ય બાંધીને તેત્રીસ સાગરોપમ કાળ સુધી અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થાય છે. એકવાર અનુત્તર વિમાનમાં જીવ ઉત્પન્ન થાય એટલે જીવોનો સંસાર પરિભ્રમણ કરવાનો દુઃખનો કાળ ભોગવવાનો નાશ પામે છે. જ્યાંસુધી એ જીવ મોક્ષમાં ન જાય ત્યાંસુધી મનુષ્યગતિ અને દેવગતિમાં વૈમાનિક દેવલોક આ બે ગતિ સિવાય બીજી ગતિમાં એ જીવો જતા નથી. જ્યારે એ જીવ પુરૂષાર્થ કરતાં કરતાં અનુત્તર વિમાનમાં બીજીવાર ઉત્પન્ન થાય તો મનુષ્યપણામાં આવીને નિયમા મોક્ષે જાય છે. આ રીતે લઘુકર્મી આત્માઓ ધર્મધ્યાનથી આરાધના કરતાં કરતાં પોતાનો દુઃખનો કાળ ભોગવવાનો નાશ કરી, સુખનો કાળ ભોગવવાનો ચાલુ રાખી ઉત્કૃષ્ટથી ચોવીસ ભવ કરી શકે છે એટલે કે છેલ્લે ચોવીશમા ભવે મનુષ્યગતિને પામીને પહેલા સંઘયણને પ્રાપ્ત કરીને આરાધના કરતાં કરતાં શુક્લ ધ્યાનને પામી ક્ષપક શ્રેણી માંડી મોહનો નાશ કરી વીતરાગ દશાને પામી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મોનો નાશ કરી કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી યોગ-નિરોધ કરી અયોગીપણાને પામીને ચાર અઘાતી કર્મોનો નાશ કરી સિધ્ધિ ગતિને પામે છે. આ રીતે સકલ કર્મથી રહિત થઇ શકે છે.

આમ પહેલું સંઘયણ જીવોને સિધ્ધિ ગતિમાં પણ મોકલી શકે છે, સાતમી નારકીમાં પણ મોકલી શકે છે અને અનુત્તર વિમાનમાં પણ મોકલી શકે છે. સાતમી નારકીનું આયુષ્ય પહેલે ગુણઠાણે જ બંધાય છે. અનુત્તર

વિમાનનું આયુષ્ય નિયમા છઠ્ઠા ગુણસ્થાનકના અંતે સાતમા ગુણસ્થાનકની સન્મુખ થયેલા જીવોજ બાંધી શકે છે. શુક્લ ધ્યાનમાં રહેલા જીવો આયુષ્યનો બંધ કરે જ નહિ, છઠ્ઠા ગુણસ્થાનકમાં ધર્મધ્યાનમાં રહેલા હોય તોજ આયુષ્યનો બંધ કરી શકે છે અને છઠ્ઠાના અંતે આયુષ્ય કર્મને બાંધતો બાંધતો સાતમા ગુણસ્થાનકે જાય તો તે વખતે ધર્મધ્યાનજ હોય છે. શુક્લધ્યાન આવે એટલે જીવને શ્રેણીની પ્રાપ્તિ થાય જ. ક્યાં એ જીવો ક્ષપકશ્રેણિ માંડે અને ક્યાં ઉપશમ શ્રેણી પ્રાપ્ત કરે.

અત્યારે આવા જીવો મહાવિદેહ ક્ષેત્રમાં પ્રાપ્ત થઇ શકે છે. પાંચ ભરતક્ષેત્રને વિષે અને પાંચ ઐરવત ક્ષેત્રને વિષે અત્યારે છેલ્લું સંઘયણ હોય છે. મહાવિદેહ ક્ષેત્રમાં સદા માટે ચોથો આરો હોય છે માટે ત્યાં મોટાભાગના જીવો પહેલા સંઘયણવાળા હોય છે, પણ બધા જ જીવો પહેલા સંઘયણવાળા હોય જ એવું નિશ્ચિત હોતું નથી અને પહેલા સંઘયણવાળા જીવોને બધાનું બળ શરીરનું કે મનનું એક સરખું હોતું નથી. એમાં પણ અનેક પ્રકારની તરતમતા પ્રાપ્ત થાય છે. એ પહેલા સંઘયણવાળા જીવોને જેવો વીર્યાંતરાય કર્મનો ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત થયેલો હોય એ પ્રમાણે એનું કાયાનું બળ અને મનનું બળ પ્રાપ્ત થયેલું હોય છે. જેમકે અહિંયા છેલ્લા સંઘયણવાળા જીવોમાં બધાજ જીવોનો એ સંઘયણથી બળ એક સરખું હોતું નથી. અનેક પ્રકારની તરતમતા અને અનેક પ્રકારના ફેરફારો જોવા મળે છે. વજસ્વામીજી પછી પાંચમા આરામાં આ ભરતક્ષેત્રને વિષે છેલ્લા સંઘયણની શરૂઆત થયેલી છે. જંબુસ્વામીજી મોક્ષે ગયા એટલે પહેલા સંઘયણનો વિચ્છેદ થયેલો છે. વજસ્વામીજી ગયા પછી વચલા ચાર સંઘયણ વિચ્છેદ થયેલા છે. એટલે અત્યારે છેલ્લુ સંઘયણ ઉદયમાં ચાલે છે. એની તાકાત જેમ જેમ કાળ પસાર થતો જાય છે તેમ તેમ બળ ઘટતું જાય છે. છઠ્ઠા આરામાં છેલ્લા સંઘયણવાળા મનુષ્યો છ વર્ષે ગર્ભને ધારણ કરશે, વીશ વર્ષનું ઉત્કૃષ્ટથી આયુષ્ય એ જીવોનું રહેશે. આના કરતા ભયંકર કાળ છઠ્ઠા આરામાં રહેશે. તે વખતે સૂર્યની ગરમી વધારે પડવાની, દિવસે કોઇ બહાર નીકળવાનું નહી, મરી ગયેલા માણસની

ખોપરીમાં માછલા પકાવીને મૂકીને ખાશે, ધીરે ધીરે વર્તમાનમાં જે જે સામગ્રી છે એ બધી નાશ પામતી જશે. જેમકે વર્તમાનમાં જૂઓ તો થોડા વર્ષો પહેલા ચાંદીના સિક્કાનું ચલણ હતું, ત્યાર પછી તાંબાના સિક્કાઓનું ચલણ ચાલુ થયું, એના પછી લોખંડના સિક્કા આવ્યા અને ધીરે ધીરે કરતાં કરતાં પ્લાષ્ટિકના સિક્કા પણ આવશે અને એનું ચલણ ચાલુ થશે. આગળનું કાંસુ અને આજના કાંસામાં પણ કેટલો બધો ફેર પડી ગયો છે આગળનું કાંસુ જે તાકાત આપતું હતું તે આજનું કાંસુ એવી તાકાત આપી શકતું નથી. શાથી ? સંઘયણ બળ નબળું પડતું ગયું એના કારણે આગળના કાળની ગુણવત્તાવાળી ચીજો અત્યારે પચી શકે નહિ.

અત્યારે આપણને શુભ પરિણામ લાંબાકાળ સુધી ટકતા નથી અને એના કારણે શુધ્ધ પરિણામના દર્શન થતા નથી. કારણ કે અશુભ પ્રકૃતિઓનો રસ તીવ્રરૂપે ઉદયમાં ચાલુ છે, જે પદાર્થો આપણને ગમતા હોય છે તો એ પદાર્થો પ્રત્યે આપણી પાસેથી ગયા પછી એના રાગના કારણે ક્યાં ગયા હશે ? કોણ લઇ ગયું હશે ? મને પાછા મળશે કે નહિ ? એવી વિચારણાઓ વારંવાર કર્યા કરીએ છીએ અને જે લઇ ગયો હોય અથવા જેનાથી એ પદાર્થો નાશ પામ્યા હોય એના પ્રત્યે ક્રોધાદિ કષાયો જોરદાર પેદા થતા જાય છે. આથી રાગવાળા પદાર્થો સચેતન હોય કે અચેતન હોય એનો વિયોગ આપણે જીરવી શકતા નથી. એટલે કે સ્વજનનો વિયોગ પણ આપણે જીરવી શકતા નથી. એ સ્વજન ગયા પછી આપણને રાગાદિ પરિણામથી અંતરમાં અનેક પ્રકારના વિચારો પેદા થતા એ પદાર્થોને યાદ કરી કરીને વારંવાર હેરાન થતા જઇએ છીએ અને આર્તધ્યાન પેદા કરતા જઇએ છીએ અને એ આર્તધ્યાનપૂર્વકના રાગાદિ પરિણામ સાથે લઇને આવેલા છીએ માટે નિમિત્ત મળતાની સાથેજ રાગાદિની અસર આપણને તરત પેદા થતી જાય છે. તેની સામે ભૂતકાળમાં ધર્મની આરાધના કરીને આવેલા હોવાછતાંય ધર્મના સંસ્કારો આર્તધ્યાનપૂર્વકના રાગાદિના જેવા સંસ્કાર છે એવા પેદા કરેલા ન હોવાથી ધર્મની પ્રવૃત્તિઓમાં અનુષ્ઠાનોમાં, શુભ પરિણામની તીવ્રતા અને સ્થિરતા

પેદા થઇ શકતી નથી અને શાસ્ત્રે કહ્યું છે કે જે સ્વજન આદિનો વિયોગ થયેલો હોય એ વિયોગ થતા પહેલા એ જીવ પોતાની કરેલી સુકૃતોની અનુમોદના કરતો કરતો જાય અને એની પાસે પાછળ જે કંઇ ધર્મના અનુષ્ઠાનો કરવાનું નક્કી રહેલું હોય એને જણાવેલા હોય અને એ અનુમોદના કરતો કરતો મરણ પામે તો એની પાછળ જે કંઇ અનુષ્ઠાનો કરવામાં આવે અનું પુણ્ય એને બંધાય છે. પણ જો એને અનુમોદના કરેલી ન હોય અને પાછળથી ગમે તેટલા સારા અનુષ્ઠાનો કરવામાં આવે તો પણ એને કોઇપણ પ્રકારનું પુણ્ય બંધાતુ નથી પણ એ અનુષ્ઠાન કરનારાને પુણ્ય બંધાય છે. પુણ્યબંધમાં જ્ઞાની ભગવંતોએ આ રીતે જણાવેલું છે જ્યારે એ જીવના અંતરમાં પાપનો પરિણામ અનાદિકાળથી બેઠેલો છે, આર્તધ્યાનના પરિણામો પણ અંતરમાં ચાલુને ચાલુ હોય છે, અને રાગાદિ પરિણામ સાથે લઇને જતો હોય છે માટે એ જીવના ગયા પછી પાછળથી રાગાદિ પરિણામ કરતાં કરતાં એમને યાદ કરીને આર્તધ્યાન કરતાં કરતાં જે કંઇ પાપ આર્તધ્યાન અને રાગાદિ પરિણામ કરવાવાળા જીવો બાંધે છે એનું ૫૦ ટકા પાપ જે જીવનો અહીંથી વિયોગ થયેલો હોય એ જીવોને પણ સમયે સમયે લાગ્યા જ કરે છે. એટલે કે એ જીવ જે સ્થાનમાં ગયો હોય, જ્યાં ઉત્પન્ન થયો હોય તે સ્થાનમાં પણ આપણા પોતાના રાગાદિ પરિણામને કારણે ત્યાં પણ અશુભ કર્મો તીવ્રરસે બાંધતા જાય છે. એ જીવનો વિયોગ થયો એટલે તમારી સાથેનો સંબંધ પુરો થયો કારણ કે જીવોની સાથે સંબંધો આ ભવ પૂરતા જ છે આટલું રોજ સતત યાદ રાખવાનું છે. એકબીજા સાથે વખતો વખત એની વાતો કરવાની એવા વેવલા વેડા કરવાના નહીં. રાગને બદલે વાત્સલ્ય ગુણ જો પેદા કરતા આવડે તો વાત્સલ્ય ગુણ પેદા કરીને એનામાં જે ગુણો રહેલા હોય એ ગુણોને યાદ કરતાં કરતાં એવા ગુણો મારામાં નથી તો હું એવા ગુણો ક્યારે પેદા કરતો થાઉં એમ યાદ કરીને ગુણોની પ્રાપ્તિ કરવાનો પ્રયત્ન કરતા જાવ તો કર્મબંધ થવાને બદલે કર્મની નિર્જરા થતી જાય. વાત્સલ્ય ગુણ આવે તોજ સંબંધમાંથી સ્વાર્થભાવ દૂર થઇ જાય. જ્ઞાની ભગવંતો કહે છે કે સંયોગ છે ત્યાં વિયોગ

અવશ્ય આવવાનો જ છે એમ સતત યાદ રાખવાનો પ્રયત્ન કરતા જાવ. એકબીજાને આત્મકલ્યાણમાં સહાયક થતા હોવાછતાંય સંયોગ હોય ત્યાં વિયોગ આવવાનો જ છે એ નક્કી જ છે. માટે ત્યાં રાગ કરવાનો કીધો નથી, ત્યાં સુધી એ જીવ સાથે રહેલો હોય ત્યાં સુધી ઔચિત્ય મુજબ એને સારી રીતે સાચવવાનો પ્રયત્ન કરે અને જે જરૂર હોય તે બધું પુરુ પાડે. સમાધિ આપવા માટે બધું કરવાની છૂટ છે અને પછી જેવો વિયોગ થાય કે તરત જ બધુ ભૂલી જવાનું છે, પછી તેનો વિચાર પણ કરવાનો કીધેલો નથી. રાગી જીવો કરતાં વાત્સલ્ય ગુણવાળા જીવો વિશેષ રીતે અને સારી રીતે સેવા કરી શકે છે. એવીજ રીતે ભક્તિ પણ વાત્સલ્ય ગુણથીજ કરવાની કહેલી છે. વાત્સલ્ય ગુણથી થતી ભક્તિ અને સેવા તેમજ રાગથી થતી ભક્તિ અને સેવા બંન્નેમાં ઘણો ફરક છે: આમ ગણીએ તો ભેદરેખા એકદમ સામાન્ય છે અને એવી પાતળી ભેદરેખા છે કે જલ્દીથી આપણે એને ઓળખી શકીએ નહિ. વાત્સલ્ય ગુણથી થતી ભક્તિ અને સેવા એ પ્રશસ્ત રૂપે ગણાય છે અને એ સેવા દોષો નો નાશ કરી ક્ષયોપશમ ભાવે ગુણોને પ્રાપ્ત કરવામાં સહાયભૂત થાય છે. જ્યારે રાગથી થતી ભક્તિ અને સેવા સ્વાર્થ માટે થતી હોવાથી અપ્રશસ્ત રૂપે ભક્તિ ગણાય છે અને એ ભક્તિથી ગુણોનો નાશ થાય છે, પેદા થયેલા ગુણો પણ નાશ પામે છે, દોષોને દૂર કરીને ગુણોને પેદા કરવાનું મન થતું નથી અને પેદા થયેલા દોષો મજબૂત થતાં થતાં એના સંસ્કાર દ્રઢ થતા જાય છે. માટે રાગપૂર્વકની ભક્તિ અને સેવા સંસાર વૃધ્ધિનું કારણ કહેલું છે.

પહેલા સંઘયણવાળા જીવોના શરીરને વિષે શરીરનું બળ મજબૂત હોય છે. તેમજ હાડકા પણ એટલા બધા મજબૂત હોય છે કે કોઇકાળે કોઇ હાડકુ ઉતરતું નથી એટલે કે ફ્રેક્ચર પણ થતું નથી, ગમે તેટલો ભાર ઉપાડવામાં આવે, ગમે તેટલો ભાર એમના શરીર ઉપર નાંખવામાં આવે તો પણ હાડકા રહેલા હોવાથી મૂઢ માર રૂપે વેદના પેદા થાય પણ હાડકુ તૂટતું નથી અને ઉતરતું નથી. કારણ કે હાડકાની રચના મરકટ બંધ રૂપે રહેલી હોય છે.

એની વચમાં બરાબર હાડકાનો મજબૂત ખીલો રહેલો હોય છે અને એના ઉપર હાડકાનો મજબૂત પાટો રહેલો હોય છે આથી આવા હાડકાની રચના વિશેષ જે શરીરને વિષે રહેલી હોય તેને પુણ્યપ્રકૃતિ કહેવાય છે. આ સંઘયણનો બંધ સામાન્યથી એકથી ચાર ગુણસ્થાનકમાં રહેલા જીવો કરે છે.

પહેલા ગુણસ્થાનકમાં રહેલા મનુષ્ય અને તિર્યંચો મનુષ્યગતિને લાયક કે તિર્યંચગતિને લાયક પ્રકૃતિઓનો બંધ કરતા હોય ત્યારે છએ સંઘયણમાંથી કોઇપણ એક સંઘયણનો બંધ કરતા હોય છે. આ જીવો બીજા ગુણસ્થાનકમાં રહેલા હોય ત્યારે છેલ્લા સંઘયણ સિવાયના પાંચ સંઘયણમાંથી કોઇને કોઇ એક સંઘયણનો બંધ કરતા હોય છે. ત્રીજા અને ચોથા ગુણસ્થાનકમાં રહેલા મનુષ્ય અને તિર્યંચો મનુષ્યગતિ અને તિર્યંચગતિનો બંધ કરતા ન હોવાથી કોઇપણ સંઘયણનો બંધ કરતા નથી. દેવતા અને નારકીના જીવો પહેલા ગુણસ્થાનકે રહેલા હોય ત્યારે છ સંઘયણમાંથી કોઇપણ સંઘયણ મનુષ્યગતિનો બંધ કરતા હોય ત્યારે અને તિર્યંચગતિનો બંધ કરતા હોય ત્યારે કરે છે. બીજા ગુણસ્થાનકમાં રહેલા દેવતા અને નારકીના જીવો છેલ્લા સંઘયણ સિવાયના બાકીના પાંચ સંઘયણમાંથી કોઇને કોઇ એક સંઘયણનો બંધ મનુષ્યગતિના બંધની સાથે અથવા તિર્યંચગતિના બંધની સાથે કરે છે. ત્રીજા અને ચોથા ગુણસ્થાનકમાં રહેલા દેવતા અને નારકીના જીવો નિયમા મનુષ્યગતિનો બંધ કરતા હોવાથી એ પહેલું સંઘયણ જ બાંધે છે. આમાં દેવગતિને વિષે એટલું વિશેષ સમજવું કે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ અને પહેલા-બીજા દેવલોકના દેવો પહેલે ગુણસ્થાનકે રહેલા હોય અને એકેન્દ્રિયમાં જવાલાયક કર્મબંધ કરતા હોય તે વખતે સંઘયણનો બંધ કરતા જ નથી.

પહેલા સંઘયણનો ઉદય એકથી તેર ગુણસ્થાનકમાં રહેલા જીવોને હોય છે. આ સંઘયણની સત્તા એકથી ચૌદમા ગુણસ્થાનકના ઉપાંત્ય સમય સુધી હોય છે. તિર્યંચગતિમાં રહેલા પંચેન્દ્રિય તિર્યંચોને પણ આ સંઘયણ ઉદયમાં હોય છે એની તાકાત એટલી જોરદાર હોય છે કે જેના કારણે એનું મનોબળ રૌદ્ર ધ્યાનમાં તીવ્રરૂપે પેદા થઇ શકે છે. તંદુલ્યા મત્સ્યને નિયમા

આવુ પહેલું સંઘયણ જ હોય છે. એ તંદુલ્યા મત્સ્યનું શરીર ચોખાના દાણા જેટલી કાયાવાળું હોય છે. એક અંતર્મુહૂર્તનું આયુષ્ય હોય છે તો પણ એ અંતર્મુહૂર્તના કાળમાં દુર્ધ્યાન આ સંઘયણના બળે એટલું તીવ્ર કરે છે કે સાતમી નારકીનું આયુષ્ય બાંધીને નિયમા સાતમી નારકીમાંજ જાય છે. અત્યારે વર્તમાનમાં જીવો ગમે તેટલા પાપ કરે, ગમે તેટલું તીવ્ર રૌદ્ર ધ્યાન પેદા કરે તો પણ સાતમી નારકીમાં જવા લાયક કર્મબંધ કરી શકતા નથી એટલે કે અત્યારે આપણે સાતમી નારકીનું આયુષ્ય બાંધી શકતા જ નથી. જો કે એ તીવ્ર રૌદ્રધ્યાનના પરિણામે બીજી નારકીથી ઉપરની નારકીઓ ત્રીજીથી શરૂ કરીને સાતમી નારકી સુધીના દુઃખોને ભોગવવા લાયક કર્મબંધ અનુબંધ રૂપે અત્યારના રૌદ્રધ્યાનથી બાંધી શકાય છે. એટલે કે જ્ઞાની ભગવંતો કહે છે કે અત્યારે બીજી નારકીનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્યાંસુધી જીવો નરકનું આયુષ્ય બાંધી શકે છે. જ્યારે રૌદ્રધ્યાનના પરિણામથી ત્રીજી આદિ નારકીઓના દુઃખને ભોગવવા લાયક કર્મ અનુબંધ રૂપે બાંધી શકે છે. હવે જે જીવોએ ત્રીજી આદિ નારકીનું દુઃખ ભોગવવા લાયક કર્મ નિકાચીત રૂપે બાંધેલું હોય તો એ જીવોને અત્યારે નરકનું આયુષ્ય બંધાતુ નથી પણ તિર્યંચનું આયુષ્ય બંધાય છે એ તિર્યંચગતિમાં જઇને એજ રૌદ્રધ્યાનના પરિણામથી એ જીવો ત્રીજી આદિ નારકીમાં જવાલાયક આયુષ્યનો બંધ કરીને તિર્યંચમાંથી સીધ્ધોજ એ ત્રીજી આદિ નારકીને વિષે દુઃખ ભોગવવા માટે જઇ શકે છે. આ પાંચમા આરામાં છેલ્લા સંઘયણમાં રહેલા વસ્તુપાળ-તેજપાળ શ્રાવકો થઇ ગયાં. તેજપાળના ધર્મપત્ની અનુપમા દેવી હતાં એમને એવી સુંદર આરાધના કરી, સાધુઓની ભક્તિ પણ એવી સુંદર રીતે કરી, ભગવાનની ભક્તિ પણ એવી સુંદર રીતે કરી અને ધર્મની આચરણા પણ એવી રીતે કરી કે જેના પ્રતાપે એ આત્માએ મોટાભાગના કર્મોનો નાશ કરીને મહાવિદેહ ક્ષેત્રનું આયુષ્ય બાંધી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થયા. અત્યારે અનુપમા દેવીનો આત્મા જ્યાં સીમંધર સ્વામિ આદિ ભગવાન વિચરે છે ત્યાં ઉત્પન્ન થયેલા છે. આઠ વર્ષની ઉંમરે સંયમનો સ્વીકાર કર્યો છે અને નવમા વર્ષે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરીને વર્તમાનમાં

કેવળી તરીકે વિચરી રહેલા છે અને ત્યાં અનેક જીવોને પ્રતિબોધ કરી રહેલા છે. આના ઉપરથી એ નિશ્ચિત થાય છે કે અત્યારે વર્તમાનમાં પાંચમા આરામાં ભગવાનનું શાસન આપણને પ્રાપ્ત થયું છે એ શાસન અનુપમા દેવીને પણ પ્રાપ્ત થયેલું હતું. તે વખતે તીર્થંકર પરમાત્મા કે કોઇ કેવળી ભગવંતો પણ વિચરતા ન હતા. અત્યારના જેવુંજ જ્ઞાન તે વખતના કાળમાં હતું તો પણ આપણા જેવી ધર્મસામગ્રીને પ્રાપ્ત કરીને અનુપમા દેવીએ એવી સુંદર આરાધના કરી કે જેના પ્રતાપે મહાવિદેહ ક્ષેત્રમાં જઇ અને એ જ ભવે મોક્ષમાં જશે એ રીતનો કર્મબંધ આ મનુષ્યપણામાં પ્રાપ્ત કર્યો. તો વર્તમાનમાં આપણને એ જ શ્રવણ ભગવાન મહાવીર ભગવાન મહારાજાનું શાસન પ્રાપ્ત થયેલું છે. દેવ, ગુરૂ અને ધર્મની સામગ્રી પણ એમના જેવી જ આપણને પ્રાપ્ત થયેલી છે. વિચારણા કરો કે - આપણે જે આરાધના કરી રહેલા છે એ આરાધનાથી એવી નિર્જરા કરી શકીએ છીએ ખરા ? કે જે કર્મોની નિર્જરાથી બંધાયેલા કેટલાય કર્મો આપણા નાશ થતા હોય. દેવ, ગુરૂ, ધર્મ પ્રત્યેનો રાગ આપણો અંતરથી વધતો જતો હોય, અને સંસારના પદાર્થો પ્રત્યેનો રાગ અંતરથી આપણો ઘટતો જતો અનુભવાતો હોય કે જેના પ્રતાપે સંસારના કોઇપણ પદાર્થો સારામાં સારા મનગમતા આઘા પાછા થઇ જાય, નાશ પામી જાય તો પણ આપણને અંતરમાં એનું જરાય દુઃખ પેદા ન થાય. પણ ઉપરથી અંતરમાં એમ વિચાર આવે કે જવાવાળી ચીજ હતી ગઇ. હાશ ! ઉપાધી ઓછી થઇ. જો રહી હોત તો કર્મબંધ કરીને સંસાર વધારવામાં સહાયભૂત થાત. આવી વિચારણા આવે ખરી ? આ નથી આવતી એનું કારણ કે વર્તમાનમાં દેવ, ગુરૂ અને ધર્મની જે સામગ્રી મળેલી છે એની આરાધના કરતાં કરતાં પણ અરિહંત પરમાત્મા પ્રત્યે જે રીતે શ્રધ્ધા પેદા થવી જોઇએ એ રીતે હજી સુધી શ્રધ્ધા પેદા થયેલી નથી અને આવી શ્રધ્ધા પેદા કર્યા વગર જો કદાચ મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઇએ અને જ્યાં ભગવાન વિચરતા હોય એ નગરીમાં નજીકના સ્થાનમાં મનુષ્ય રૂપે પેદા થઇએ તો ત્યાં સાક્ષાત વિચરતા તીર્થંકર પરમાત્માઓને જોતાં અંતરમાં કંઇ શ્રધ્ધા પેદા થવાની છે ખરી ? અહીં સ્થાપના

રૂપે રહેલા તીર્થંકર પરમાત્મામાં શ્રધ્ધા પેદા નથી થતી તો ત્યાં તો વિચરતા શ્રી તીર્થંકર પરમાત્માઓનું પુણ્ય એવું પ્રચંડ કોટીનું હોય છે કે એ ચાલે તો સોનાના કમળ ઉપર ચાલે. આજુ બાજુ બે ચામરો વિંઝાતા હોય, માથે છત્ર હોય, સાથે કરોડ દેવતાઓ હાજર હોય અને પોતે જ્યાં બેસવા ઇચ્છે ત્યાં સિંહાસન પણ સાથેને સાથે જ હોય. આવી રિધ્ધિ-સિધ્ધિ ભોગવવા પૂર્વક તીર્થંકર પરમાત્મા છે એમ આપણને કોઇ કહે તે તીર્થંકર સ્વરૂપે અંતરમાં શ્રધ્ધા થાય ખરી ? આ બહુજ વિચારણીય છે. ઉપરથી એમ લાગે કે અહીંયા સ્થાપના તીર્થંકર પરમાત્મામાં શ્રધ્ધા નથી થતી તો ત્યાં આવી રિધ્ધિ-સિધ્ધિ ભોગવવાવાળા તીર્થંકર હોય એવું અંતરમાં લાગે ખરું ? માટે આરાધના કરતાં કરતાં એવી રીતના પ્રયત્ન કરતા બનો કે ભગવાને જે છોડ્યું એ પદાર્થો પ્રત્યે મારી આશક્તિ રાગાદિ પરિણામ અને મમત્વ બુધ્ધિ અંતરમાંથી નાશ પામતું જાય અને તીર્થંકર પરમાત્માના ગુણો પ્રત્યે એવી શ્રધ્ધા મજબૂત થતી જાય કે અહીંથી મરીને કોઇપણ ભવમાં જઇએ તોય એ શ્રધ્ધા આપણા અંતરમાંથી નાશ પામે નહિ. તોજ આપણે આરાધના કરતાં કરતાં લઘુકર્મી બની શકીશું. જ્ઞાની ભગવંતો કહે છે કે દરેક તીર્થંકરના કાળમાં તીર્થંકર પરમાત્માની દેશનામાં ૩૬૩ પાખંડીઓ હાજર જ હોય છે. તીર્થંકર પરમાત્માઓ સવારના ત્રણ કલાક દેશના આપે અને સાંજે ત્રણ કલાક દેશના આપે એમ છ કલાક સુધી એ ૩૬૩ જીવો દેશના સાંભળે તો પણ એ જીવોનું મિથ્યાત્વ જરાય નબળું પડતું નથી, ઉપરથી એમનું મિથ્યાત્વ ગાઢ બનતું જાય છે. અનંતાનુબંધી કષાયોનો ક્ષયોપશમ ભાવ પેદા થયેલો હોય છે માટે દેશના સાંભળવા આવવાનું મન થાય છે. પણ એ દેશના સાંભળીને પોતાને ફાવતું ગ્રહણ કરીને ફાવતું પકડીને જાય છે, પણ ભગવાન જે પ્રમાણે કહે તે પ્રમાણે એમને મેળવવાની ઇચ્છા પેદા થતી નથી.

# પૂજ્ય આચાર્યશ્રીના પ્રકાશિત થયેલા પ્રકાશનો

| ક્રમ | પુસ્તક | | રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧ | જીવવિચાર (ત્રીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૩૦-૦૦ |
| ૨ | દંડક ★ | પ્રશ્નોત્તરી | ૪-૦૦ |
| ૩ | નવતત્વ (ત્રીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૪ | કર્મગ્રંથ-૧ ★ | પ્રશ્નોત્તરી | ૬-૦૦ |
| ૫ | કર્મગ્રંથ-૨ ★ | પ્રશ્નોત્તરી | ૭-૦૦ |
| ૬ | કર્મગ્રંથ-૩ (ત્રીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૩૬-૦૦ |
| ૭ | કર્મગ્રંથ સત્તાપ્રકરણ ★ | પ્રશ્નોત્તરી | ૧૦-૦૦ |
| ૮ | ઉદય સ્વામિત્વ★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૯ | કર્મગ્રંથ-૪ ભાગ-૧★ | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૧૦ | કર્મગ્રંથ-૪ ભાગ-૨ ★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૧ | કર્મગ્રંથ-૫ ભાગ-૧★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૨ | કર્મગ્રંથ-૫ ભાગ-૨★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૩ | લઘુ સંગ્રહણી ★ | પ્રશ્નોત્તરી | ૬-૦૦ |
| ૧૪ | જીવવિચાર-દંડક-લઘુ સંગ્રહણી ★ (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૧૫ | કર્મગ્રંથ-૫ ભાગ-૩ ★ | પ્રશ્નોત્તરી | ૪૫-૦૦ |
| ૧૬ | કર્મગ્રંથ-૫ ભાગ-૪★ | પ્રશ્નોત્તરી | ૧૮-૦૦ |
| ૧૭ | કર્મગ્રંથ-૧ તથા ૨ (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૩૮-૦૦ |
| ૧૮ | કર્મગ્રંથ-૬ ભાગ-૧★ | પ્રશ્નોત્તરી | ૨૧-૦૦ |
| ૧૯ | કર્મગ્રંથ-૬ ભાગ-૨★ | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૨૦ | કર્મગ્રંથ-૬ ભાગ-૩★ | પ્રશ્નોત્તરી | ૩૧-૦૦ |
| ૨૧ | કર્મગ્રંથ-૬ ભાગ-૪★ | પ્રશ્નોત્તરી | ૩૫-૦૦ |
| ૨૨ | કર્મગ્રંથ-૬ ભાગ-૫★ | પ્રશ્નોત્તરી | ૩૮-૦૦ |
| ૨૩ | કર્મગ્રંથ-૬ ભાગ-૬★ | પ્રશ્નોત્તરી | ૩૫-૦૦ |
| ૨૪ | કર્મગ્રંથ-૬ ભાગ ૭ +૮★ | પ્રશ્નોત્તરી | ૨૪-૦૦ |
| ૨૫ | કર્મગ્રંથ-૪ ભાગ ૧+૨ | પ્રશ્નોત્તરી | ૭૦-૦૦ |

| ક્રમ | પુસ્તક | | રૂાં. પૈસા |
|---|---|---|---|
| ૨૬ | કર્મગ્રંથ-૫ ભાગ ૩+૪ | પ્રશ્નોત્તરી | ૬૫-૦૦ |
| ૨૭ | કર્મગ્રંથ-૫ ભાગ ૧+૨ | પ્રશ્નોત્તરી | ૭૫-૦૦ |
| ૧. | જીવવિચાર (બીજી આવૃત્તિ)★ | વિવેચન | ૧૬-૦૦ |
| ૨. | નવતત્વ (બીજી આવૃત્તિ)★ | વિવેચન | ૨૦-૦૦ |
| ૩. | કર્મગ્રંથ-૧ | વિવેચન | ૧૫-૦૦ |
| ૪. | ચૌદ ગુણસ્થાનક | વિવેચન | ૧૬-૦૦ |
| ૫. | શ્રી જ્ઞાનાચાર★ | | ૧૬-૦૦ |
| ૬. | શ્રી જંબૂસ્વામિ ચરિત્ર ★ | | ૨૧-૦૦ |
| ૭. | દુર્ધ્યાન સવરૂપ દર્શન (બીજી આવૃત્તિ)★ | | ૨૬-૦૦ |
| ૮. | શ્રી જિનપૂજા | | ૪-૦૦ |
| ૯. | શ્રી શત્રુંજય માહાત્મ્ય-સર્ગ-૧ | | ૧૦-૦૦ |
| ૧૦. | આંતરશત્રુઓ ★ | | ૧૪-૦૦ |
| ૧૧ | ધર્મને ભજો આશાતના તજો ★ | | ૭-૦૦ |
| ૧૨ | અનુભવવાણી સૂરિરામની ભાગ-૧★ | | ૩૮-૦૦ |
| ૧૩ | અનુભવવાણી સૂરિરામની ભાગ-૨★ | | ૩૮-૦૦ |
| ૧૪ | કલિકાળના કોહીનુર (જૈનેતરની દ્રષ્ટિએ)★ | | ૧૪-૦૦ |
| ૧૫ | કર્મગ્રંથ-૬ વિવેચન ભાગ-૧ | | ૪૮-૦૦ |
| ૧૬ | બાસઠ માર્ગણાને વિષે નામકર્મ સંવેધ વર્ણન ભાગ-૧ | | ૫૦-૦૦ |
| ૧૭ | બાસઠ માર્ગણાને વિષે નામકર્મ સંવેધ વર્ણન ભાગ-૨ | | ૫૦-૦૦ |
| ૧૮ | શ્રી અરિહંત પરમાત્માનું સ્વરૂપ | | ૧૨-૦૦ |
| ૧૯ | કર્મગ્રંથ-૨ | વિવેચન | ૨૦-૦૦ |
| ૨૦ | કર્મગ્રંથ-૩ | વિવેચન | ૧૮-૦૦ |
| ૨૧ | કર્મગ્રંથ-૪ | વિવેચન | ૩૨-૦૦ |
| ૨૨ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-ઉપદેશામૃત ★ | | ૩૮-૦૦ |
| ૨૩ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-ઉપદેશામૃત પ્રત-૧ | | -- |
| ૨૪ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૧ પ્રત-૨ | | -- |
| ૨૫ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૧ ★ | | ૪૫-૦૦ |

| ક્રમ | પુસ્તક | રૂાં. પૈસા |
|---|---|---|
| ૨૬ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૨-પ્રત-૩ | -- |
| ૨૭ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-પુસ્તક-૩ તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૨★ | ૪૨-૦૦ |
| ૨૮ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૧-પ્રત-૪ | -- |
| ૨૯ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૨-પ્રત-૫ | -- |
| ૩૦ | કર્મગ્રંથ-૧ વિવેચન (નવી આવૃત્તિ) | ૫૦-૦૦ |
| ૩૧ | સૂરિરામની વાણી જ્ઞાનરત્નોની ખાણી શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૩ પ્રત-૬ | |
| ૩૨ | શ્રી જિનનું દર્શન-વંદન-પૂજન | ૩૦-૦૦ |
| ૩૩ | શ્રી કલ્પસૂત્રના વ્યાખ્યાનો પ્રત-૭ | -- |
| ૩૪ | શ્રી પર્યુષણાષ્ટાન્હિકાના વ્યાખ્યાનો પ્રત-૮ -- | |
| ૩૫ | શ્રી કલ્પસૂત્રના વ્યાખ્યાનો (હિન્દી લીપી) પ્રત-૯★ | -- |
| ૩૬ | શ્રી પર્યુષણાષ્ટાન્હિકાના વ્યાખ્યાનો (હિન્દી લીપી) પ્રત-૧૦★ | -- |
| ૩૭ | કર્મગ્રંથ-૫ વિવેચન | ૫૫-૦૦ |
| ૩૮ | જીવવિચાર વિવેચન (નવી આવૃત્તિ)★ | ૪૦-૦૦ |
| ૩૯ | નવતત્વ વિવેચન (નવી આવૃત્તિ) | ૧૫૦-૦૦ |
| ૪૦ | ચૌદ ગુણસ્થાનક ભાગ-૧ (નવી આવૃત્તિ) | ૯૦-૦૦ |
| ૪૧ | ચૌદ ગુણસ્થાનક ભાગ-૨ (નવી આવૃત્તિ) | ૮૫-૦૦ |
| ૪૨ | ચૌદ ગુણસ્થાનક ભાગ-૩ (નવી આવૃત્તિ) | ૯૦-૦૦ |
| ૪૩ | દંડક વિવેચન | ૭૫-૦૦ |
| ૪૪. | જીવતત્વ-અજીવ તત્વ વિવેચન | ૩૫-૦૦ |
| ૪૫. | નમસ્કાર મહામંત્રનું સ્વરૂપ | ૨૦-૦૦ |
| ૪૬. | જીવવિચાર વિવેચન | ૮૦-૦૦ |
| ૪૭. | શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારનો પ્રભાવ | ૨૦-૦૦ |
| ૪૮. | પુણ્યતત્વનું સ્વરૂપ | ૩૦-૦૦ |
| ૪૯. | શ્રી અષ્ટપ્રકારી પૂજાનું વર્ણન★ | ૪૦-૦૦ |

| ક્રમ | પુસ્તક | રૂાં. પૈસા |
|---|---|---|
| ૫૦. | છ આવશ્યકના રહસ્યો★ | ૩૦-૦૦ |
| ૫૧. | ૫૬૩ જીવભેદને વિશે જ્ઞાનદ્વારનું વર્ણન | ૨૦-૦૦ |
| ૫૨. | અઢાર દોષોથી રહિત શ્રી અરિહંત પરમાત્મા | ૩૫-૦૦ |
| ૫૩. | આવશ્યક ક્રિયાના સૂત્રોનાં રહસ્યોનું વર્ણન | ૩૫-૦૦ |
| ૫૪. | મુહપત્તિ (મુખવસ્ત્રિકા)ના પચાસ બોલોનું વર્ણન | ૮૦-૦૦ |
| ૫૫. | કર્મબંધ વિવેચન વર્ણન | ૨૦-૦૦ |
| ૫૬. | પાપતત્વ | ૫૫-૦૦ |
| ૫૭. | શાશ્વતગિરિ મહિમા | ૧૨-૦૦ |
| ૫૮. | શ્રાવક દિનચર્યા | ૩૦-૦૦ |
| ૫૯. | અકબર પ્રતિબોધક શ્રી હીરવિજયસૂરિજી | ૪૫-૦૦ |
| ૬૦. | કુમારપાળ પૃચ્છા | ૧૦-૦૦ |
| ૬૧. | કલિકાળ સર્વજ્ઞનો કુમારપાળને ઉપદેશ | ૨૦-૦૦ |
| ૬૨. | કુમારપાળ રાજાના રાસનું રહસ્ય ભાગ-૧ | ૪૫-૦૦ |
| ૬૩. | કુમારપાળ રાજાના રાસનું રહસ્ય ભાગ-૨ | ૪૦-૦૦ |
| ૬૪. | સૂરિરામની વાણી જ્ઞાનરત્નોની ખાણી<br>શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૪ પ્રત-૭ | |
| ૬૫. | પ્રવચન પ્રશ્નોત્તરી પુસ્તક-૧ | ૮૦-૦૦ |
| ૬૬. | શ્રી અષ્ટપ્રકારીપૂજાનું વર્ણન (બીજી આવૃત્તિ) | ૪૦-૦૦ |
| ૬૭. | દુર્ધ્યાન સ્વરૂપ દર્શન (ત્રીજી આવૃત્તિ) | ૪૦-૦૦ |
| ૬૮. | છ આવશ્યકના રહસ્યો (બીજી આવૃત્તિ) | ૩૦-૦૦ |
| ૬૯. | નવપદ માહાત્મ્યવર્ણન પ્રશ્નોત્તરી ભાગ - ૧ | ૭૫-૦૦ |
| ૭૦. | નવપદ માહાત્મ્યવર્ણન પ્રશ્નોત્તરી ભાગ - ૨ | ૬૫-૦૦ |
| ૭૧. | શ્રી આચારાંગ ધૂતાધ્યયન પ્રશ્નોત્તરી ભાગ-૧ | ૮૦-૦૦ |
| ૭૨. | મિથ્યાત્વ શલ્ય | ૪૫-૦૦ |
| ૭૩. | નવતત્વ ચિંતન ભાગ-૧ (જીવતત્વ-અજીવતત્વ ચિંતન) | ૧૫૦-૦૦ |
| ૭૪. | નવતત્વ ચિંતન ભાગ-૨ (પુણ્યતત્વ ચિંતન ભાગ-૧) | ૮૦-૦૦ |
| ૭૫. | નવતત્વ ચિંતન ભાગ-૩ (પુણ્યતત્વ ચિંતન ભાગ-૨) | ૮૦-૦૦ |

**★ આ નિશાનીવાળા પુસ્તકો અલભ્ય છે.**

પદાર્થ દર્શન ટ્રસ્ટ

અમદાવાદ